ધર્મ અને [illegible]

[illegible]

લતા અને લલિતા.

ભાગ ૩ જો.

[સચિત્ર સાંસારિક નવલકથા]

લખનાર

ચુનીલાલ વર્ધમાન શાહ

વઢવાણનિવાસી.

પ્રસિદ્ધ કરનાર

બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણ દરવાજા-અમદાવાદ.

આવૃત્તિ ૧ લી   પ્રત ૧૨૦૦

ઈ. સ. ૧૯૧૫   વિ. સં. ૧૯૭૧

અમદાવાદઃ પાંચકુવા, નવે દરવાજે આવેલા 'સત્યવિજય'
પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ સાંકળચંદ હરિલાલે છાપ્યું.

મૂલ્ય ૧૨ આના.

ચુનીલાલ વર્ધમાન શાહકૃત પુસ્તકો.

ઐતિહાસિક નવલકથાઓ.

પાટણની પડતીનો પ્રારંભ....	રૂા. ૧—૪—૦
સોમનાથનું શિવલિંગ	રૂા. ૧—૪—૦
સિંધ ઉપર સ્વારી.	રૂા. ૧—૪—૦
ધારાનગરીના મુંજ.	રૂા. ૧—૪—૦
અઢારમી સદીનુ મહારાષ્ટ્ર.	રૂા. ૧—૪—૦
કાશ્મીર અને કેસરી.	રૂા. ૧—૦—૦
પ્રમોદા યાને દિલેર દિલારામ.	રૂા. ૦—૧૨—૦

સામાજિક નવલકથાઓ.

સુધરેલી સંગીતા.	રૂા. ૧—૪—૦
વિમળા.	રૂા. ૧—૦—૦
લતા અને લલિતા ભાગ ૧ (સચિત્ર). ...	રૂા. ૦—૧૨—૦
લતા અને લલિતા. ભાગ ૨ „	રૂા. ૦—૧૨—૦
લતા અને લલિતા. ભાગ ૩ „	રૂા. ૦—૧૨—૦
વિદ્યાસાગર. ભાગ ૧	રૂા. ૦—૪—૦
વિદ્યાસાગર. ભાગ ૨	રૂા. ૦—૮—૦
બાદશાહ બારૈઆદર.	રૂા. ૦—૨—૦

નાટકો.

ચાંપરાજ હાડો અને સતી સોનરાણી (પંચાંકી.)	રૂા. ૦—૧૨—૦
બંગજાગૃતિ (ત્રિઅંકી.)	રૂા. ૦—૬—૦
કાન્તા (ત્રિઅંકી.)	રૂા. ૦—૨—૦

પ્રકીર્ણ.

કામરૂ દેશની કામિની (ડિટેકટીવ વાર્તા.) ...	રૂા. ૧—૦—૦
કર્ત્તવ્ય-કૌમુદી (પં. મુ. શ્રી. રત્નચંદ્રજી કૃત)	રૂા. ૦—૮—૦
ભૂતળ વિદ્યા..	રૂા. ૦—૩—૦
સુબોધક કથાપંચક.	રૂા. ૦—૫—૦

મળવાનું ઠેકાણું:—

બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે—ત્રણ દરવાજા—અમદાવાદ.

પ્રસ્તાવના.

"લતા અને લલિતા" નો ત્રીજો ભાગ ધાર્યા કરતાં વધારે મોડો બહાર પડે છે અને તેનું ખાસ કારણ લેખકની શારીરિક અસ્વસ્થતા જ છે. બીજો ભાગ બહાર પડ્યાને બે વર્ષ વીતી ગયાં છે અને તેટલા વખતમાં એટલું જણાઈ આવ્યું છે કે આ નવલકથાની ગુજરાતી વાચક વર્ગ તરફથી સારી કદર થઈ છે. ગુજરાતી પુસ્તકાલયોને માટેના ૧૦૦૦ પુસ્તકોમાં આ નવલકથાની પસંદગી થઇ છે અને કેટલાક વાચકો તથા વિચારકોના અભિપ્રાય પ્રમાણે ગુજરાતી ભાષાની ૧૦ ઉત્તમ નવલકથાઓમાં આ નવલકથાને પણ સ્થાન મળી શકે છે. આ પ્રકારનું ઉત્તેજન લેખકના ઉત્સાહને પ્રેરનારૂં થઈ પડે એ સ્વાભાવિક જ છે.

ચિત્રોના સંબંધમાં પહેલા બે ભાગો કરતાં આ વખતે વધારે શ્રમ લેવામાં આવ્યો છે અને એ શ્રમ ચિત્રોની વધારે યથાસ્થિત આલેખનાને માટે જ લીધો છે. ચિત્રકારની સમક્ષ વર્ણન રજુ કરવાને બદલે તેને રૂબરૂમાં મળી વધારે વિસ્તારથી સમજૂતી આપી તેની કાચી રૂપરેખાઓ તૈયાર કરાવી પછીથી ચિત્રો દોરાવ્યાં છે અને તેથી કથાના વસ્તુ સાથેનું ચિત્રોનું મળતાપણું વિશેષ રોચક થઇ પડે છે.

પુનરૂક્તિ કરવાની જરૂર છે કે 'લતા અને લલિતા'ના કોઈ ચોક્કસ સંખ્યા જેટલા ભાગો લખવાની ધારણા લેખકે રાખી જ નથી. ચોક્કસ અને મર્યાદિત વસ્તુસંકલના પૂરી થાય એટલા ભાગો તૈયાર થશે અને ભવિષ્યમાં તેના બે કરતાં વધુ ભાગો નહિ થાય એવું અનુમાન છે. આ ભાગ સંબંધે કશું વિશેષ કહેવાનું પ્રાપ્ત થતું નથી.

સારંગપુર, અમદાવાદ.
તા. ૧ લી માર્ચ સને ૧૯૧૫. } ચુનીલાલ વર્ધમાન શાહ.

અનુક્રમણિકા.

લતા અને લલિતા.

ભાગ ૩ જો.

પ્રકરણ ૧ લું.

આકસ્મિક વ્હાર.

દેહ છે જૂઠડી, કરમ છે જૂઠડાં;
ભીડભંજન તારૂં નામ સાચું.

નરસિંહ મહેતા.

રાત્રિનાં ત્રીજા પ્રહરનો અમલ ચાલી રહ્યો છે. નજીક આવતા પ્રાતઃસમયનો શીતળ વાયુ આરંભાય છે. કૃષ્ણ પક્ષ ચાલતું હોવાથી સર્વત્ર અંધકારનો પટ પ્રસરી રહેલો દૃષ્ટિગોચર થાય છે. પૂર્વ દિશામાં ચંદ્રલેખાના ઉદ-યને સૂચવતો આછો આછો પ્રકાશ ડોકિઉં કરી રહ્યો છે. નિદ્રા-

ભંગને અંતે શીતલ વાયુના સુખદ સ્પર્શથી લોકો પુનઃ મધુરી નિદ્રામાં ઘેરાતા જાય છે. સંયોગી જનો સુખમાં વિહરે છે, વિયોગી જનો દુઃખમાં નિઃશ્વસે છે, અઘોરી જનો ઉંઘમાં ઘોરે છે, અને જે કોઇ જાગે છે તેમાં કોઇ સુખી છે તો કોઈ દુઃખી પણ છે, છતાં તેવાઓમાં દુઃખી જનોની સંખ્યા વિશેષ જોવામાં આવે છે. અત્યારે ભદ્રપુરમાં નગરચર્ચા જોવા નીકળેલો રાજા સૂર્યસિંહ શોભનાને સાથે લેઈને જનચર્ચાનું નિરીક્ષણ કરે છે અને કોઇ કોઈ સ્થળે તક મળતાં લોકો વચ્ચેના સંવાદ-વિવાદને પણ શ્રવણ કરે છે. એક સ્થળે તેણે એક નાના ઘરમાં સ્ત્રી-પુરૂષની ધીમી વાતચીત સાંભળી:

" પ્રિયા ! હવે તો તું લોકોના ડરને ત્યજી દે અને કાંતો મને તારા ઘરમાં રહેવા આવવા દે, અથવા તો તું મારા ઘરમાં આવીને રહે ! "

" અંહ ! એમ ઉઘાડાં પડવાની શી જરૂર છે ? રોજ રાત્રિએ આ સ્થળે મળતાં આપણને કોણ અટકાવી શકે તેમ છે ? તો પછી એકદમ લાજ છોડી દેવાનું સાહસ શામાટે કરવું જોઇએ ?"

" ઘેલી ! આવી આનંદી મધુર અને શીતળ રાત્રિઓ આવી રીતે ચોરી છુપીથી પારકે ઘેર રહીને અંધારામાં ગાળવી એમાં તો શું મજાહ છે ? માટે હવે હિંમત રાખીને તું મારે ત્યાં આવી જા. લોકો બે દિવસ બોલીને રહેશે, અને પછી તો કોઇએ સંભારશે નહિ. "

શોભના પોતાની સાથે હોવાથી આ સંવાદ વધારે વખત સાંભળવા માટે ઊભાં રહેવાનું સૂર્યસિંહને ગમ્યું નહિ, તોપણ એ

સ્ત્રી–પુરૂષના આનંદવિનોદનો પ્રકાર તેને કાંઇક વિલક્ષણ લાગવાથી તે વિચારમાં પડી ગયો. તેની એ વિચાર–મગ્નતાનો શોભનાના પ્રશ્ને ભંગ કર્યો:–"બાપુ ! આપણે હમણાં જે વાત સાંભળી તે બે જણ કોણ હશે ? "

આ પ્રશ્નના ઉત્તરમાં શોભનાને શું કહેવું તેનો સૂર્યસિંહને મોટો વિચાર પડ્યો. કાંઈ ભળતો જ ઉત્તર આપવાથી એ વિચક્ષણ બાળાના મનનું સમાધાન નહિ થાય અને તેથી પુનઃ પુનઃ નવા પ્રશ્નો કરશે એવું પણ સૂર્યસિંહ સમજતો હતો. આ કારણથી સૂર્યસિંહે ખરો ઉત્તર આપવાની જ અગત્ય વિચારતાં કહ્યું: " એ ઘરમાં કોઇ પુરૂષ કોઈ વિધવા સ્ત્રીની સાથે રહેતો હશે એમ તેની વાતચીત ઉપરથી જણાય છે; પણ આજસુધી તેઓ લોકોથી ગુપ્ત રહેતાં હોય તેમ સમજાય છે, તેમાં પુરૂષનો વિચાર હવે ખુલ્લી રીતે રહેવાનો જણાય છે. "

" વિધવા સાથે ખુલ્લી રીતે નાતરૂં કરીને કેમ તેઓ નહિ રહેતાં હોય ? અમારી ન્યાતમાં તો એવાં નાતરાં બહુએ થાય છે."

" ઉંચી કોમોમાં નાતરાં થતાં નથી, તેથી તેમાંના જેઓ હલકી બુદ્ધિનાં હોય છે તેઓ આવી છાની રીતે રહે છે. "

" ઉંચી કોમોમાં નાતરાં કેમ નહિ થતાં હોય ? "

એક નાના પ્રશ્નમાંથી આટલી ચર્ચાનો ઉદ્ભવ થશે એવું સૂર્યસિંહે ધાર્યું નહોતું. શોભનાના છેલ્લા પ્રશ્નનો કાંઇ પણ ઉત્તર સૂર્યસિંહ આપે તે પહેલાં તો જે ગલીમાંથી તેઓ પસાર થતાં હતાં તેમાં એક ઘરની અર્ધ ઉઘાડી બારીમાંથી કોઇ ધીમાં ડુસકાં ભરતું કાંઇ બોલતું હોય તેવો ધ્વનિ શ્રવણગોચર થયો અને બ-

ન્ને તે તરફ આકર્ષાયાં. બારી પાસે ઊભાં રહેવાથી અંદરના માણુસો પોતાને જોઇ જશે એવા હેતુથી બન્ને જણુ નીચે બેસી ગયાં અને લપ્પાઇને ઉત્કંઠ બની સાંભળવા લાગ્યાં:

" મેના ! હું મરી જઇશ એ તો નક્કી છે. રોગ એવો કપરો છે કે બોલતાં ચાલતાં મારાં પ્રાણુ ઉડી જશે એવી મને ખાત્રી છે. મરવાની તો મને કાંઇએ ચિંતા નથી, પણુ વ્હાલી ! મારા મરણુ પછી તારી શી સ્થિતિ થશે ? અરેરે ! તારા દુઃખમાં તને કોણુ ધીરજ આપશે અને તારો નિભાવ શી રીતે થશે ? " એટલું બોલતાંમાં તે રોગી રડી પડ્યો અને તેનો ધીમો ડુઠવો સૂર્યસિંહ તથા શોભનાના સાંભળવામાં આવ્યો.

" નાથ ! " ડુસકાં ભરતી સ્ત્રી બોલી: " એક માતુશ્રી જો જીવતાં રહ્યાં હોત તોએ મને ધીરજ મળત, પણુ મારાં દુર્ભાગ્યે તે તો ગયાં. પિત્રાઇઓની સાથે મારા દિવસ જવાના નથી; જુઓને, તમોને આટલી વ્યાધિ ગઇ પણુ મને તમારી સાથે વાતચીત કરવાની તક પણુ તેમણે આપી છે ? આજે જ્યારે વ્યાધિમાં વધારો થયો ત્યારે થોડી એકાંત આપી; નહિતો મારા મનનું દુઃખ મારા મનમાં રહી જાત અને તમારા મનનું દુઃખ તમારા મનમાં રહી જાત ! હશે, જેવું આપણું નસીબ ! નાથ ! તમે જરાએ દુઃખ આણુશો નહિ. હું અભાગણી આજસુધી માંદી રહી તેથી તમારી સેવા કરાઈ નહિ અને તમને વ્યાધિ ઉત્પન્ન થઇ ત્યારે પણુ આ રીતે લોકોની લાજ શરમ અને કુટુંબની રીતોને લેઇને સેવા કરી શકાઈ નહિ ! હું તો એટલું ઇચ્છું છું કે હે પ્રભુ ! આ ભવે નહિ તો આવતે ભવે પણુ મને તમારી જ સેવા કરવાની તક મળજો !

અને મારી સ્થિતિની ચિંતા હવે તમે કરશો નહિ; જુઓને, ચિંતા અને વ્યાધિમાં જ તમારૂં શરીર બગડયું છે; હજી પણ ચિન્તા છોડી દો અને ઇશ્વરનું નામ લીધા કરો તો એ પરમકૃપાળુ દેવ મારી અને તમારી બન્નેની વ્યાધિ હરી લે !"

"ના, ના, ના. હવે તો હું બચવાની આશા રાખી શકતો જ નથી ! બીજું તો કાંઇ નહિ, પણ તારા ભાવી પોષણને માટે મારી પાસે થોડું દ્રવ્ય હોત તોએ હું સંતોષથી મરત, પરન્તુ હું દુર્ભાગી તને દુ:ખી કરવાને જ સરજાયો છું." એટલું બોલતાંમાં તેને સખ્ત ઉધરસ ચડી. સ્ત્રીએ તેને બિછાનામાં બેઠો કર્યો, પીઠપર તે હાથ ફેરવવા લાગી, અને મ્હોં આગળ ગળફો કાઢવાને વાસણ ધરી રાખ્યું. પાએક કલાક સુધી ઉધરસ ચાલી અને ગળફો નીકળ્યો ત્યારે પુનઃ તે સૂતો. સ્ત્રીએ થોડું દૂધ રોગીની રૂચિ નહિ હોવા છતાં આગ્રહ કરીને પાયું. ફરીથી તે ખાટલાની ઇસ ઉપર બેઠી અને તેનું હૃદય ભરાઇ આવ્યું. તે ગળગળે અવાજે બોલી:

"અરેરે ! તમારી પીડા મારાથી જોઇ જતી નથી ! હે પ્રભુ ! એમની પીડા મને આવજો અને એમને સાજા કરજો. તમારી પાસે ધન નથી તો શું થઇ ગયું ? મારા હાથમાં બળ છે ત્યાંસુધી હું ભૂખી મરવાની નથી; અને એમ શાથી જાણ્યું કે તમારી પાછળ હું જીવતી રહીશ ? ! ઇશ્વર સૌની ઉપર દયા કરે છે તો તમારી પાછળ મને પણ તેની હજુરમાં બોલાવી લેવાની દયા કરશે !"

"મેના ! હવે ફરીથી તો મારો અને તારો મેળાપ નહિ થાય, માટે તારે મને કહેવું હોય તે કહી લે."

"એવું અશુભ શું બોલો છો ? તમને કાંઇએ થવાનું નથી,

ધીરજ રાખો. રોગ જરાક વધ્યો છે તેથી જરા લંબાણ ચાલશે, પણ છેવટે તો તમને સારૂં જ થશે. તમારી જે કાંઇ ઇચ્છા હોય તે મને કહો."

"મારી ઇચ્છા કાંઇ જ નથી. ઈશ્વર સૌને સુખદુઃખ આપે છે. આજે દુઃખ છે તો કાલે સુખ મળશે. મારી પાછળ તારે બહુ દુઃખી થઇને કલ્પાંત કરવું નહિ. દેહમાં પ્રાણ હોય છે તે કાંઈ પતિની પાછળ કાઢી નંખાતા નથી, તેથી જ્યાંસુધી જીવન હોય ત્યાંસુધી દેહનો નિભાવ કરવો; વિશેષ શું કહું ? તારા જેવી સ્રીથી હું ગરીબ હોવા છતાં સુખેથી મરીશ." એટલું બોલતાંમાં રોગીની આંખમાં આંસુ આવી ગયાં.

સ્રીએ આંસુ લૂછતાં કહ્યું: "ગભરાશો નહિ અને મારી ચિંતા પણ કરશો નહિ. જુઓ, પાછો દમ ચડયો, માટે હમણાં જરા ઉંઘી જાઓ, આરામ લ્યો. તમે કહો તો પગ દાબું અને કહો તો જઉં."

"તું પાસે હોય તો મને જરા ઠીક લાગે છે, પણ વખત બહુ થયો છે તેથી બહાર બધાં કકળતાં હશે, માટે તું જા; અરેરે! આપણી આ છેલ્લી ભેટ—" એટલું બોલતાં પતિ આવેશમાં આવીને પત્નીને વળગી પડયો અને બન્નેએ રડતાં રડતાં પોતાનાં હૃદય ખાલી કર્યાં.

શોભનાથી આ દુઃખી દશ્ય જોઇ શકાયું નહિ. તેણે ધીમેથી સૂર્યસિંહને કહ્યું: "બાપુ! હવે સત્વર ચાલો–અહીંથી; મારાથી તો આ દુઃખ જોઈ શકાતું નથી." શોભનાની આંખોમાં પણ આંસુ ઝમી આવ્યાં અને કંઠ રૂદ્ધ થઈ ગયો હોય તેવી રીતે કેટલાક વખત સુધી તે કશું બોલી નહિ.

આ દુઃખદૃશ્યે સૂર્યસિંહને પણ દુઃખ ઉપજાવ્યું હતું, તેથી બન્ને ત્યાંથી ચાલી નીકળ્યાં. આ દુઃખના વિચારમાં શોભના એટલી મૂઢ બની ગઇ હતી કે તેણે તે સંબંધે અથવા પહેલાં ચાલતા સંવાદ સંબંધે સૂર્યસિંહને કાંઇ પણ પ્રશ્ન કર્યો નહિ. તે મુંગી મુંગી ચાલવા લાગી. સૂર્યસિંહે જ એ મૌન્ય તોડયું અને કહ્યું: "શોભના! આ લોકોનું દુઃખ જોઈને તને બહુ દુઃખ થઈ આવ્યું શું?"

"બાપુ!" શોભના ગદ્દગદ્દ કંઠે બોલી: "જો હું વૈદ્ય હોઉં તો હરકોઈ ઉપાયે એ રોગીને સાજો કરૂં અને બિચારી સ્રીને વિધવા થવાના દુઃખમાંથી બચાવું."

"અને તું રાજા હોય તો?"

"તો વિલાયતમાંથી પણ ડાકતરને બોલાવું અને તેને સાજો કરાવું; કદાચ તે મરી જાય, તોપણ હું એટલી ધીરજ તો તેને આપું કે તું તારી સ્રીના ભરણપોષણને માટે દુઃખી થઇશ નહિ, જ્યાંસુધી તારી સ્રી જીવશે ત્યાંસુધી હું તેને જીવાઇ બાંધી આપીશ."

સૂર્યસિંહ આ ઉત્તર સાંભળીને જરા ચમકયો. ચમકવાનું કારણ એ હતું કે શોભનાના એ ઉત્તરમાં ગરીબ પ્રજા પ્રતિના રાજાના ધર્મનું સૂચન થએલું હતું. જે કલ્પના પોતાના ચિત્તમાં ઉદ્દભવી નહોતી તે શોભનાના હૃદયમાં ઉદ્દભવી અને તેથી પોતાનો ધર્મ તેને સૂઝી આવ્યો. સ્હવારમાં જ એ રોગીની સારવારને માટે તજવીજ કરવી અને કદાચ દર્મ્યાનમાં તેનું મરણ થાય તો તેની વિધવાના પોષણને માટે રાજ્યમાંથી જીવાઇ બાંધી આપવી એવો તેણે મનથી નિશ્ચય કર્યો. શોભનાની સહૃદયતાની તે પોતાના મનથી પ્રશંસા કરવા લાગ્યો. "રાજાના ધર્મોનું શિક્ષણ આ બાલિકાને આપવામાં

આવ્યું નથી, છતાં પ્રજાપતિના આ ધર્મોનું સ્ફુરણ તેના હૃદયમાં થઈ આવ્યું તે સ્વાભાવિક જ હોવું જોઇએ. અહો! એક માત્ર સહૃદયતા મનુષ્યના સ્વભાવમાં કેટલો મોટો ફેરફાર કરે છે! ખરે-ખર, રાજનીતિના અભ્યાસથી રાજા થવાતું નથી, તેમજ રાજકુળમાં જન્મ પામવાથી પણ કાંઈ રાજધર્મોનું ભાન થતું નથી; માત્ર એક સહૃદય અને બુદ્ધિમાન્ મનુષ્ય હરકોઈ કાર્યને સમજી શકે છે અને હરકોઇ કાર્યને સફળતા સાથે બજાવી શકે છે......"

આ વિચારોમાં સૂર્યસિંહ એક મહેલ્લામાંથી નીકળી બીજા મહેલ્લામાં પેઠો અને શોભના પણ તેની સાથે ચાલી. એ મહેલ્લા-માં પેસતાં જ તેઓએ કોઇ એકાદ બે જણ રડતાં હોય અને બે ચાર જણ લડતાં હોય તેવું સાંભળ્યું. સૂર્યસિંહ સ્વગત વિચારોમાં-થી નિવૃત્ત થઇને તે દિશાએ ચાલ્યો, તો જણાયું કે એ અવાજ "હજામશેરી"માંથી આવતો હતો. બન્ને તે તરફ વળ્યાં. એક નાના ઘરનું દ્વાર અર્ધું ઉઘાડું હતું અને તેમાં ઝાંખો દીવો બળતો હતો. સૂર્યસિંહ અને શોભના તે દ્વારની બાજુએ અંદરનાં માણસો પો-તાને ન જોઇ શકે તેવી રીતે ઊભાં, અને અંદર શું પ્રકાર ચાલી રહ્યો છે તે સાંભળવા લાગ્યાં, તો જણાયું કે ચાળીસેક વર્ષના એક પુરૂષનું મુડદું ભોંયપર લીધેલું પડ્યું હતું અને તેની પાસે મરનાર પુરૂષની બે જુવાન પુત્રીઓ "ઓ બાપ!" કહીને રડતી હતી, ત્યારે બીજી બાજુએ મરનારની સ્ત્રી, તેનાં પીયેરવાળાં અને મરના-રની વૃદ્ધ માતા વચ્ચે મોટી લડવાડ જાગી હતી! મરનારની સ્ત્રીના શરીરપર થોડાં સોના રૂપાનાં ઘરેણાં હતાં તે તેની વૃદ્ધ સાસુ અ-ત્યારે ને અત્યારે જ ઉતારી લેવા માંગતી હતી, ત્યારે પેલી સ્ત્રી તે

ઘરેણાં આપતી નહોતી અને બોલતી'તી કે "મરનારનું નખ્ખોદ જાય, તેણે જીવતાં–જીવત કશો ખુલાસો કર્યો નહિ અને મને રઝ-ળતી મેલી! મારા અવતારમાં અંગીઠી મેલાઇ! રડ્યાએ પલ્લું કર્યું તે પણ મારી પાસે ન રહે તો પછી પરણવા શીદ આવ્યો, તો?"

ડોસી બોલી: "એ રાંડ! પરણનાર તો મરી ગયો, હવે એને ગાળો શીદ ભાંડે છે? તું તો નવી છે, જુવાન છે અને છોકેલી છે; કાલ ઉઠીને બીજા સાથે ઘર માંડીશ, પછી પલ્લું તારી પાસે શેનું રહેવા દે?"

એટલામાં તો પોતાના બાપના મુડદા પાસે રડતી પુત્રીઓમાંની મોટી સફાળી ઉઠી અને એકદમ ઘુરકી કરતી નવીને ગળે બાઝી પડી અને બોલી: "રાંડ! ઝટ દાગીના ઉતારી આપ, નહિતો હર-ડીયો દાબી દઇશ; મારા બાપનું બધું ઘર ઉછાળી નાંખ્યું તોપણ ધરાઇ નહિ?" આથી તોફાન વધી પડ્યું અને વિધવાનાં પીયેરીયાં તથા સાસરીયાંમાં માંહોમાંહે લડવાડ ચાલી, બોલાબોલીમાંથી મારા-મારી થઇ અને મુડદાની સંભાળ લેવાનું તો કોઇને ભાન પણ રહ્યું નહિ!

સૂર્યસિંહને તથા શોભનાને આ ઉપર એટલો તિરસ્કાર ઉપ-જ્યો કે તેઓ ત્યાંથી સત્વર ચાલ્યાં ગયાં. બન્ને પક્ષમાંથી કોઈની પણ દયા આવે તેમ નહિ હોવાથી એ લડવાડનું સમાધાન કરાવવાની તેમણે કશી અગત્ય જોઈ નહિ. શોભનાએ પ્રશ્ન કર્યો: "બાપુ! આ કઈ જાતના લોકો હશે?"

"હજામ લોકો જણાય છે. તેઓમાં નાતરાં થાય છે."

"અને બ્રાહ્મણોમાં?"

" તેઓમાં નાતરાં થતાં નથી. " રાજાએ ઉત્તર આપ્યો, અને હવે શોભનાની બુદ્ધિ શું તારતમ્ય કાઢે છે તે જાણવાની જિજ્ઞાસાથી તે મૌન રહ્યો.

શોભના બોલી: " બ્રાહ્મણોમાં નાતરાં નથી થતાં તેથી પેલો ગરીબ બ્રાહ્મણ મરવા પડ્યો હતો તેને આપણે શાંતિમાં જોયો અને તેની સ્ત્રી ઉપર આપણને દયા આવી; પણ આ હજામ ઉપર તો કંટાળો જ ઉપજે છે; બિચારો મરનાર મરી ગયો તેને નનામીમાં બાંધવાનું કોઇને ભાન નથી અને અત્યારથી નાતરાંની વાતો ચાલી રહી છે ! બળ્યું, નાતરાંવાળાઓમાં તો મરનાર સુખમાં મરી પણ ન શકે ! "

" બસ, શોભના ! તેં મને પ્રશ્ન કર્યો હતો કે ઉંચી કોમોમાં નાતરાં કેમ નહિ થતાં હોય તેનો ઉત્તર તો તેં પોતે જ આપી દીધો છે. નાતરાંવાળી કોમોનો સંસાર સુખી નથી અને નહિ નાતરાં કરનારી ઉંચી કોમોનો સંસાર સુખી છે એ તેં જોયું. હલકી કોમમાં સ્ત્રીની પતિભક્તિ જોવામાં આવતી નથી તેથી પતિને યથેષ્ટ સુખ મળતું નથી; ઉંચી કોમમાં સ્ત્રીની પતિભક્તિથી પતિ સંતુષ્ટ અને સુખી રહે છે."

" તે ખરૂં. બિચારી પેલી બ્રાહ્મણની સ્ત્રીની પતિભક્તિ જોઇને અને અત્યારનું તેનું દુઃખ જોઇને હજી પણ મને કંપારી છૂટે છે ! બાપુ ! એ બિચારા બ્રાહ્મણને તમે કાંઇ મદદ કરજો હોં ! "

" જરૂર મદદ કરીશ, શોભના ! શામાટે તેના ઉપર તને બહુ દયા આવે છે ? "

"તેની ગરીબડી સ્ત્રીનું દુઃખ જોઈ ને ! પતિના મરણ સાથે પોતા ઉપર એકાએક મોટું દુઃખ આવી પડશે એ વિચારથી તેના

૫૫૩૪

મનમાં શુંનું શું થઇ જતું હશે, નહિ બાપુ ? "

" હા; પરંતુ જોયું પેલા હજામને ત્યાં ? ત્યાં વિધવા થએલી સ્રીને પતિ મરી જવાથી જરાએ દુઃખ થયું છે ? "

" શેનું થાય ? એવી સ્રીને પતિઓની કયાં ખોટ છે ? ખરેખર, પતિભક્તિ જ સ્રીને સુખ આપે છે–વિધવા હોય છતાં પણ તેથી તેને સુખ છે, તેનું મન પવિત્ર છે તે જ તેને સુખરૂપ છે." શોભનાએ છેવટનો નિશ્ચય દર્શાવ્યો, તેની પૂર્વોકત શંકાનું હવે સંપૂર્ણતઃ સમાધાન થયું.

એક ઠેકાણે એક પહેરેગીર નજીક આવતા પ્રભાતની શીતલ વાયુલહરીમાં નિદ્રાધીન થઇ ગયો હતો તે તરફ શોભનાની નજર ગઇ અને તે હસતી હસતી બોલી: " બાપુ ! જુઓ તો, તમે પોતે નગરચર્ચા જોવા માટે ફરો છો, ત્યારે આ પહેરેગીર તો ઉંઘમાં ઘોરે છે ! "

સૂર્યસિંહનું ધ્યાન તે તરફ ખેંચાયું અને તે આગળ ચાલતો અટકીને ત્યાં જ સ્થિર થઈ ગયો. શોભના ધીમે પગલે પેલા પહેરેગીર તરફ ગઇ. પહેરેગીર બેઠો બેઠો જ ઉંઘી ગયો હતો. તેના હાથમાં તલવાર હતી પણ હાથ ઢીલો પડી ગયો હોવાથી શોભનાએ જરા પણ સંચાર થવા દીધા વિના તેના હાથમાંથી તલવાર સેરવી લીધી અને સૂર્યસિંહ પાસે જઇ તેના હાથમાં તલવાર આપતાં કહ્યું: " લ્યો, રાજાધિરાજ ! ચોર પકડનાર પહેરેગીરની જ મેં ચોરી કરી ! " એટલું બોલતાં તે ખડખડ હસી પડી. સૂર્યસિંહને પહેરેગીર ઉપર બહુ ગુસ્સો આવ્યો. તેણે ઉતાવળે પગલે પહેરેગીરની પાસે જઇને તેને એક લપાટ ચોડી દીધી ! પહેરેગીર જાગી

ગયો અને "કોણ!" એમ બોલતો ઊભો થઇ ગયો. તે સાથે સૂર્યસિંહે તેને બીજી લપાટ ચોડી દીધી એટલે તે તુરત ભાનમાં આવી ગયો અને પોતાની સામે રાજાને જોતાંજ તે ગભરાઇ ગયો તથા બોલ્યો: "મહારાજ! માફ કરો, જરા ઉંઘ આવી ગઇ!"

"પહેરામાં ઉંઘ આવતી હોય તો નોકરી છોડી દેવી. તારી તલવાર ક્યાં છે?"

પહેરેગીર આમ તેમ જોવા લાગ્યો અને તલવાર નહિ જોતાંજ વિશેષ ગભરાયો. સૂર્યસિંહ બોલ્યો: "તલવાર આ છોકરી ચોરી ગઈ તેનું તને ભાન ન રહ્યું, તો તું બીજા લોકોની ચોરીઓ કેવી રીતે પકડીશ? બસ, તું તલવાર રાખવાને લાયક નથી, માટે સ્હવારે તે અધિકારપરથી દૂર થઈ જવું."

સૂર્યસિંહ અને શોભના ત્યાંથી ચાલ્યાં ગયાં અને પહેરેગીર પોતાના દુર્ભાગ્યને રડતો બેસી રહ્યો! રાજાએ એ પહેરેગીરને નોકરીમાંથી દૂર કર્યો તેથી શોભનાને કિંચિત્ ખેદ થયો અને તેણે કહ્યું: "બાપુ! એ બિચારાપર આટલો બધો ક્રોધ ન ઘટે; વળી એની નોકરી તૂટી તેમાં નિમિત્તરૂપ હું છું, કારણકે આપનું ધ્યાન મેં જ તે તરફ ખેંચ્યું હતું."

"શોભના! અહીં તારી દયાળુતા ગેરવાજબી છે. લાયક માણસો ઉપર દયા કરવી એ ઠીક છે પણ નાલાયક ઉપર દયા કરવી એ તો દુર્ગુણને ઉત્તેજન આપ્યું લેખાય."

શોભના આ સાંભળીને ચૂપ થઇ ગઇ. તે મનથી તુરતજ સમજી ગઈ કે એવા પહેરેગીર ઉપર દયા કરવી એ વાજબી નથી. દયા બતાવવામાં પણ વિવેક રાખવો જોઇએ અને તોજ દયા પૂરી રીતે ફળદ્રૂપ થવા પામે, એમ સમજતાં તે વિચક્ષણ બાળાને જરા

પણ વાર થઈ નહિ. આ સંબંધે શોભનાએ વિશેષ વિવાદ ચલાવ્યો નહિ કે કશો નવીન તર્ક પણ કર્યો નહિ, એ તેની બુદ્ધિમત્તા પણ સૂર્યસિંહની નજરમાં આવ્યા વિના રહી નહિ.

એક બારી પાસે સૂર્યસિંહ એકાએક થોભી ગયો. તેણે કોઇના મુખમાંથી "હું જઉં છું, પ્રભુ તને સુખી કરો !" એ શબ્દો સાંભળ્યા અને તત્ક્ષણ નજર કરી તો જણાયું કે એક યુવક પોતાની નિદ્રાધીન સ્ત્રીના વદનની તરફ નજર કરી રહેતો, આંખોમાંથી અશ્રુ સારતો, હાથમાં પ્યાલો રાખી કશું પી લેવાની તૈયારી કરી રહ્યો છે! યુવક હાથમાંનો પ્યાલો મ્હોંની નજીક લાવ્યો અને આંખમાંનાં આંસુ પ્યાલાની અંદર પડ્યાં તે સાથે જ સૂર્યસિંહનાં મુખમાંથી બોલી જવાયું: "કોણ છે એ ?"

એકાંતમાં ગુપ્ત રીતે કશું પાપ કરતાં એકાએક કોઇ આવી ચડે તેથી જેમ ભયભીત થઇ જવાય તેવી રીતે સૂર્યસિંહના એ શબ્દો સાંભળતાં એ યુવક ચમકી ગયો અને ચમકતાંની સાથે જ હાથમાંથી વિષનો પ્યાલો નીચે પડી ગયો. આંખો એકદમ બારી તરફ ખેંચાઇ, પરન્તુ બહાર અંધકાર હોવાથી કશું દેખાયું નહિ. "એ બોલનાર કોણ હશે ? તે શબ્દો મારા પ્રત્યે જ કોઇએ કહ્યા હશે કે બીજા કોઇ પ્રત્યે કહ્યા હશે, અને હું તે મારા પ્રત્યે બોલાએલા જાણીને ભયભીત થઇ ગયો હોઇશ ?" આ વિચારમાં દિઙ્મૂઢ બની જઈને તે યુવક ઊભો હતો એટલામાં ઘરનું બીજી બાજુનું દ્વાર ખખડ્યું અને કોઇ "ઉઘાડો, જલ્દી ઉઘાડો" એવા શબ્દો બોલવા લાગ્યું. યુવક વિશેષ આશ્ચર્યમાં પડ્યો અને હાથમાં દીવો પકડતો દ્વાર ઉઘાડવા દોડ્યો. દ્વાર ઉઘાડીને જોતાં

જ તેને જણાયું કે રાજા સૂર્યસિંહ પોતાની સામે ઊભો છે !

" મહારાજ ! આપ-આપ-અહીં..........." યુવકથી વધારે બોલાયું નહિ. તેનું હૃદય ભરાઇ ગયું. આંખમાં આંસુ ઝમી આવ્યાં. ગભરાટથી આખે શરીરે પ્રસ્વેદ છૂટચો. મગજ ભ્રમવા લાગ્યું અને જો પાસેની દિવાલનો ટેકો તેના શરીરને ન મળ્યો હોત, તો કદાચ તે પડી જાત. એ યુવક લતાનો પતિ ચંદ્રમણિશંકર હતો તે વાચકને કહેવાની જરૂર નથી.

સૂર્યસિંહ કાંઈ પણ નહિ બોલતાં ઘરમાં પેઠો. ચંદ્રમણિશંકર ગભરાટમાં પણ રાજાનો યથાયોગ્ય સત્કાર કરવાનું વિસર્યો નહિ. તેણે ઓરડામાંથી એક ખુરશી બહાર આણી. રાજાએ તે પર બેસીને વખત ગાળવાની કશી જરૂર જોઇ નહિ. તેણે ચંદ્રમણિશંકરને પૂછ્યું: " તમારા શબ્દો ઉપરથી મને એમ લાગ્યું છે કે હમણાં તમે કશું પીને આપઘાત કરવાની તૈયારીમાં હતા ! "

" ના, ના......મહારાજ ! હું કાંઈ આપઘાત કરતો ન હો...તો. પ...પ...ણ "-કંઠ રૂંધ થઇ જવાથી ચંદ્રમણિશંકરથી આગળ બોલાયું નહિ.

"જરાએ ગભરાશો નહિ. સાચો જ ઉત્તર આપજો. તમે કોઇ મોટા દુઃખને લીધે આપઘાત કરતા હો તોપણ સ્પષ્ટ એમ જ કહેજો. તમે કોઇ ખાનદાન માણસ દેખાઓ છો. હું તમને વચન આપું છું કે આપઘાત કરવાને માટે હું તમને ગુન્હેગાર નહિ લેખું, માટે જે સત્ય હોય તે જ કહેજો. હું મારી પ્રજાનાં સુખદુઃખ જાણવાને જ નગરચર્ચા જોવા માટે અત્યારે નીકળ્યો છું, તો જરા પણ સંકો-

ચાયા વિના તમે સઘળું કહી દો."

હવે ચંદ્રમણિશંકરના હૃદયમાં હિંમત આવી. તેણે કહ્યું: "મહારાજ! ખરેખર, પ્રભુએ જ આપને મારી વ્હારે મોકલ્યા હોય તેમ જણાય છે; હું સંસારનાં અનેક દુઃખોથી અને નિરાશાથી ઘેરાઇ જવાથી આપઘાત કરવાની તૈયારીમાં જ હતો, એટલામાં આપે અચાનક આવી પહોંચીને મને ઉગાર્યો છે! ઓ ભીડ ભંજન પ્રભુ! નિર્દોષની વ્હાર તારા સિવાય બીજું કોણ કરે?" ચંદ્રમણિશંકરે આકાશ સામે જોઇને હાથ જોડ્યા.

"આપઘાત કરવા જેવું મોટું દુઃખ તમારે માથે શું આવી પડ્યું છે?" સૂર્યસિંહે પ્રશ્ન કર્યો.

"મહારાજ! તન, મન અને ધન એ ત્રણે પ્રકારનાં દુઃખો મારે શિરે એકીસામટાં આવીને પડ્યાં છે. તનથી માંદો છું, મનથી અનેક પ્રકારની વ્યાધિઓ વેઠું છું અને ધનથી કેવળ હીન થઇ ગયો છું. ચારે દિશાએ હવે મને સુખને માટે નિરાશા જ દેખાય છે અને તેથી આત્મઘાત કરવા તરફ મારી વૃત્તિ ખેંચાઇ હતી."

"શું ઉદ્યમ કરો છો?"

"કશો નહિ. અહીંની અંગ્રેજી નિશાળમાં નોકરી હતી, પરન્તુ તે અકસ્માત્ તૂટી ગઇ. તુરત જ લાંબી માંદગી મારે શિરે આવી પડી અને અત્યારે હું મારી સ્થિતિના પ્રમાણમાં મોટો કરજદાર છું. લ્હેણદારોના કડવાં વચનો પૂર્વે કોઇ વાર મેં સાંભળ્યાં નહોતાં તેથી હવે તેવાં વચનો મને અસહ્ય લાગે છે અને તેથી મરણ મને વધારે પ્રિય લાગે છે."

"નોકરી તૂટી જવાનું કારણ શું?"

" તે કારણ હું જણાવવા ઇચ્છતો નથી, મહારાજ !" પોતાના શ્વસુરની અને દીવાનની મિત્રાચારી, તથા પોતાના શ્વસુરનો લતા ઉપરનો ક્રોધ, તેના કારણથી પોતાની થયેલી હીન સ્થિતિ વગેરે ઈતિહાસ ખુલ્લો કરીને પોતાના શ્વસુરરૂપી વડીલની નિંદા થાય એવી ચંદ્રમણિશંકરની ઇચ્છા નહોતી તેથી તેણે સૂર્યસિંહને આ પ્રમાણે જવાબ આપ્યો.

" કારણ જણાવવામાં શી હરકત છે ? તમારે હાથે કાંઇ મોટો અપરાધ થવા પામ્યો'તો ? "

" મહારાજ ! મને ક્ષમા કરો. એ વિગત હું આપને કહીશ તો હું પાપમાં પડીશ ! આપ પ્રજાના પિતારૂપ છો, પિતા પાસે પુત્રે પોતાના સુખ દુઃખની વાત કહેવી જોઇએ, એ હું સમજું છું, પરન્તુ કૃપાનિધાન ! એ વાત હું ખુલ્લી કરવા નથી ઇચ્છતો તે માટે હું આપની માફી માંગું છું. " એટલું બોલતાં ચંદ્રમણિશંકર ગળગળો થઇ ગયો. સૂર્યસિંહ એ કુળવાન્ યુવકની મનઃસ્થિતિ કાંઇક અંશે સમજી ગયો; તે કારણ ખુલ્લું કરવા માટે તેણે તેને વિશેષ આગ્રહ કર્યો નહિ; પરન્તુ તેને આત્મઘાતમાંથી નિવારવા માટે તેણે કહ્યું: " તમે એ કારણ ન કહેવા માંગતા હો તો હું કાંઇ વિશેષ આગ્રહ કરતો નથી, પરન્તુ ભાઈ ! આત્મઘાત કરવાથી કાંઈ દુઃખમાંથી મુક્ત થવાતું નથી, દુઃખ એ મનનો વિષય છે અને આત્મઘાત કર્યા પછી પણ એ મનોદુઃખ આત્માને સાલ્યાં કરે છે, એટલું જ નહિ પણ આત્મઘાતરૂપી પાપથી આત્મા મલીન થાય છે અને ઐહિક કષ્ટો કરતાં વધારે મોટાં કષ્ટો પરલોકમાં તેને ભોગવવાં પડે છે એવું શાસ્ત્રમાં કહેલું છે. માટે તમે કેળવાયેલા, સમજુ અને

કુળવાન્ થઇને આ શી મૂર્ખતા કરો છો ? દુઃખને દૂર કરવા માટે પ્રયત્ન સેવવો, ઉદ્યમ કરવો, પણ દુઃખથી હારી જવું નહિ. न नित्यं लभते दुःखं न नित्यं लभते सुखम्. જેવી રીતે સુખ ચિરકાળ રહેતું નથી તેવી રીતે દુઃખ પણ લાંબો કાળ ટકતું નથી, માટે ધીરજથી દુઃખ સહન કરી લેવું. દુઃખની રાત્રિનો અંધકાર પૂરો થતાં સુખનો પ્રકાશ આવે છે જ, માટે ધૈર્ય રાખો અને આત્મઘાતનું મહાપાપ કરવાનો વિચાર ત્યજી દો ! કેમ, મારૂં કથન તમને રૂચે છે કે ?"

ચંદ્રમણિશંકર પોતાના પાલક રાજાના મુખમાંથી આવાં નમ્ર, ઉપદેશક અને આશ્વાસનદાયક વચનો સાંભળીને દુઃખને એકાએક ભૂલી ગયો એટલું જ નહિ પણ તેની આંખોમાં પોતાની મૂર્ખતાને માટે થતા પશ્ચાત્તાપથી આંસુ ઝમી આવ્યાં. તે એકદમ રાજાના પગમાં પડીને બોલ્યોઃ " કૃપાવંત ! આજે આપે એક પામર પ્રાણી પ્રતિ સદ્‌ગુરૂ તરીકેનું કાર્ય કર્યું અને મને પાપ તથા દુઃખની ખાડીમાં ગબડી પડતો અટકાવ્યો. આજે મારૂં સઘળું કષ્ટ દૂર થઇ ગયું અને તે સાથે મારૂં આંગણું આપનાં પગલાંથી પાવન પણ થયું. મહારાજ ! હવે હું સુખી છું—અત્યંત સુખી છું ! મારામાં હવે આત્મબળનું ઝરણુ સ્ફુરે છે અને ઉજ્જડ હૃદયપ્રદેશ તેથી સિંચિત થતાં નિરાશાની જડતા દૂર થાય છે તથા આશાના નવાંકુરો ફૂટતા જતા અનુભવાય છે. "

" તેમ જાણીને મને પણ આનંદ થયો. આજના મારા નગર માંહેના પરિભ્રમણથી મારી પ્રજાનો એક માણસ મરણમાંથી બચ્યો તેથી હું કૃતાર્થ થયો. ભાઈ ! તમે જરા પણ ગભરાશો નહિ.

મારા નગરમાં તમે ભૂખે નહિ મરો. કાલે જ હું દીવાનને સૂચવીને તમારે માટે કોઈ નોકરીની ગોઠવણ કરાવીશ. " એમ કહેતાં સૂર્યસિંહ ત્યાંથી ચાલ્યો ગયો. શોભના પણ તેની સાથે ચાલી. ચંદ્રમણિશંકરને હર્ષના અતિરેકથી રાજાને ખડકી સુધી વળાવવા માટે જવાનું પણ ભાન ન રહ્યું !

સૂર્યસિંહ અને શોભના બહાર નીકળ્યાં. અત્યારસુધી શોભનાનું મુખ બંધ હતું તે હવે ઉઘડ્યું. તે બોલી: "બાપુ ! આવો દુ:ખી માણસ મરવા તૈયાર થયો હતો તેને તમે વચનથી તો ધીરજ આપી, પણ વચનથી કાંઇ ગરીબાઇનું દુ:ખ ટળી જતું નથી."

"ત્યારે કેવી રીતે ગરીબાઇ ટળે ?"

"કાંઇ ધન આપવાથીસ્તો ! હું જો રાજા હોઉં તો અત્યારે ને અત્યારે મારી પાસે જેટલાં ઘરેણાં હોય તેટલાં ઉતારી આપું !"

"ઘેલી ! એવાં તો ઘણુંએ ગરીબ હોય !"

"નહિ, આવા ભણેલા, ડાહ્યા અને ઉંચા કુળના કાંઇ ઘણા ગરીબ ન હોય. બીજા ગરીબો તો ભીખ પણ માગે પણ આવાઓથી ભીખ ન મંગાય એટલે જ તેઓને મરી જવાનું ગમે. રાજા પોતે તેવાને બારણે જાય અને તેનું ગરીબાઇનું દુ:ખ ન ટળે તો પછી તમે રાજા શાના ?"

આ કટાક્ષ સાંભળીને સૂર્યસિંહ હસ્યો. શોભનાનું બાલીશ પણ ડહાપણભર્યું કથન તેને આનંદ ઉપજાવનારૂં થઈ પડ્યું. પોતાની આંગળીમાંથી વીંટી ખેંચી કાઢીને તે તેણે શોભનાના હાથમાં

મૂકી અને કહ્યું: " જા, આ વીંટી તે માણુસને આપી આવ અને કહેજે કે તે સ્વીકારવાને રાજાજીએ આગ્રહ કર્યો છે."

શોભનાએ આનંદભેર એ વીંટી લીધી અને ચંદ્રમણિશંકરના ઘર તરફ તે પાછી ફરી. અંધારામાં ઉતાવળે પગલે ચાલતી એ બાલિકાના હૃદયમાં અત્યારે હર્ષ માતો નહોતો ! આ ભેટ કાંઇ શોભના પોતે પોતાના તરફથી આપવાની નહોતી, છતાં તે આપવામાં પોતે કારણુભૂત તેમ જ સાધનભૂત થતી હોવાથી જ અત્યારે તેને હર્ષ થતો હતો. એક અંગ્રેજ કવિએ સત્ય કહ્યું છે કે દાન આપનારને તેમ જ લેનારને ઉભયને અત્યંત હર્ષ થાય છે. શોભના વીંટી આપીને પાછી ફરી ત્યાંસુધી સૂર્યસિંહ શોભનાના દયાળુ હૃદય સંબંધી વિચાર કરતો જ અંધકારમાં ઊભો રહ્યો.

થોડી વારે શોભના પાછી ફરી અને બોલી: " મહારાજ ! મહારાજ ! બિચારાં બહુ ગરીબ માણુસો છે હોં ! જેવાં સ્થિતિનાં ગરીબ છે, તેવાં જ સ્વભાવનાં પણુ ગરીબ છે. હું ગઇ, ત્યારે તો તેની સ્રી પણુ ત્યાં હતી. તે પણુ બિચારી પોતાના પતિ જેવી જ સુશીલ અને નમ્ર જણુાતી હતી. આપની વીંટી મેં તેના જ હાથમાં મૂકી અને તે રડતાં રડતાં બોલી: ' ઓ પ્રભુ ! હું અભાગણી નિદ્રામાં રહી અને મારાથી રાજાનાં દર્શન પણુ ન થયાં. રાજાજીએ આકસ્મિક વ્હાર કરી અને મારૂં સૌભાગ્ય જાળવ્યું; ઓ ઇશ્વર ! એવા રાજાને તું અમારે શિરે અમર રાખજે ! ' એમ આશીર્વાદ આપતી હતી છતાં તેની આંખમાં આંસુ માતાં નહોતાં. મેં તેને ધીરજ આપી અને આપનો સંદેશો કહ્યો. ઉપકારના ભારથી દબાએલાં માણુસોને ઉત્તર આપવાનું સૂજતું નથી, તેવી રીતે એ પતિપત્ની

બન્ને મુંગાં જ બેસી રહ્યાં અને હું સત્વર અહીં ચાલી આવી. બાપુ! આવાં દુઃખી માણસો આ રાજ્યમાં બીજાં નહિ હોય ?"

સૂર્યસિંહે ઉંડો નિઃશ્વાસ નાંખ્યો. પોતે પ્રજાપતિની પોતાની ફરજ સંપૂર્ણ રીતે બજાવી શકતો નથી એવું તેને લાગ્યું અને તેથી ચિત્તમાં કાંઇક અસંતોષ પ્રકટ થયો.

" અમે આ રાજકુળ વંશે, જનમ પામી ગયા તો શું ?
" પ્રજાએ માન આપીને, ' મહારાજા ' કહ્યા તો શું ?
" બધી આ રાજ્યસંપત્તિ, પિતા આપી ગયા તો શું ?
" પુરોહિતો બધા સિંહાસને સ્થાપી ગયા તો શું ?
" ભણીને રાજનીતિ એ, અમે ડાહ્યા થયા તો શું ?
" બજાવ્યા રાજધર્મો ના, અમે રાજા થયા તો શું ? "

એ ગઝલનાં પદોને પુનઃ પુનઃ ગણગણતો અને ધીમે સ્વરે ગાતો સૂર્યસિંહ રાજમહેલમાં જઇ પહોંચ્યો. શોભનાના પ્રશ્નનો ઉત્તર ન અપાયો.

પ્રકરણ ૨ જું.

" આ રત્નને કયા હંસની કોટે બાંધવું ? "

અરે વ્હાલા ! સાચું ! મમ હૃદયમાં જે નવ મળે,
નકી તે તે શોધે ! હૃદય નવ ક્યાંએ પણ મળે !

*　　*　　*

પ્રભુ ! તે તે શોધે ! રસ નિજ બળે તે રસ બીજે-
ધટે તેને દેવો ! નિકર પિયુ ! એ તો ગળી જશે !

કલાપી.

રાત્રિના છેલ્લા પ્રહરમાં સૂર્યસિંહે શોભનાની સાથે નગરચર્યાનું નિરીક્ષણ કરીને રાજમહેલમાં પ્રવેશ કર્યો તે વખતે રાજમહેલમાં સર્વત્ર શાન્તિ તથા નીરવતાનું દર્શન થતું હતું. પરોઢની ગુલાબી ઠંડમાં સૌ કોઇ વધારે ગાઢ નિદ્રામાં પડેલાં હતાં. ચંદ્રલેખાનો ઉદય થઇ ગયો હતો અને તેનો ઝાંખો પ્રકાશ રાજમહાલય તથા તેની ફરતા ઉદ્યાનનાં વૃક્ષો અને છોડવાઓ ઉપર પડીને સૂર્યસિંહના હૃદયમાં કવિતાની જાગૃતિ કરતો હતો. ધીમે ધીમે છૂટતો વાયુ જાગ્રત થએલી કવિતાને ઉચકતો હતો અને નવવિકાસ પામેલાં પુષ્પોનો પરાગ નાસિકાને પરિતૃપ્ત કરી હૃદયને આનંદમુગ્ધ કરી તથા વદનને ઉત્તેજીત કરી તે દ્વારા કવિતાના સ્રોતનું વહન કરાવતો હતો. ઉજાગરાથી કલાન્ત

થઇ ગએલી શોભનાએ રાજમહાલયમાં પેસતાં જ કહ્યું: "બાપુ ! મને તો ઉંઘ આવે છે માટે હવે હું સૂઇ જવા જઉં છું."

"ક્યાં સૂઇશ ?" સૂર્યસિંહે પ્રશ્ન કર્યો.

"રોજ સૂઉં છું ત્યાં જ."

"મહેલની અગાશીપર ચાલ; હું ત્યાં બેસીશ અને તું મારી બાજુએ સૂઇ જજે."

શોભનાએ રાજાની આજ્ઞાને માન આપ્યું. તે સૂર્યસિંહની સાથે અગાશીપર ચડી. વિલાસપ્રિય સૂર્યસિંહને રાત્રિસમયે ચાંદનીમાં કોઇ વાર રમાની સાથે આનંદ વિનોદ કરવાની ટેવ હતી, તેથી અગાસીમાં ગાદી, કોચ, આરામ ખુરશી વગેરે સુખાસનો હમેશાં રાખવામાં આવતાં હતાં. એક કોચ ઉપર સૂર્યસિંહ પોતાનાં ભારે વસ્ત્રો ઉતારી નાંખીને આડો પડ્યો અને તેની આજ્ઞાથી બાજુએ પડેલી ગાદીપર શોભના સૂઈ રહી. સૂર્યસિંહની વિચાર-તરંગમાળા ફરવા લાગી:

"આજે નગરચર્યાનું નિરીક્ષણ ઘણું જ ઉપયોગી નીવડ્યું. પ્રજામાંનો ગરીબ વર્ગ બે પ્રકારનો છે. એક પ્રકારના ગરીબો હરકોઇ રીતે પોતાનું પોષણ કરે છે અને બીજા પ્રકારના ગરીબો ધનને અભાવે દુઃખ સહન કરે છે ખરા, પરન્તુ કુલીન હોઇને તેઓ પોતાની તે અવસ્થા બીજાઓની પાસે જણાવતા નથી. આવા વર્ગને રક્ષણ આપવાની અગત્ય છે એવું આજે જણાયું. પેલા ગરીબ બ્રાહ્મણ જેવાને તથા પેલા ઝેર પીવા તૈયાર થએલા યુવક જેવાને હરકોઇ રીતે દુઃખમુક્ત કરવા એ એક રાજા તરીકે મારી ફરજ પણ ખરી, પરન્તુ એ ફરજ પ્રત્યે આજસુધી મારૂં લક્ષ નહોતું

તેથી જ હું શોભનાના છેલ્લા પ્રશ્નનો ઉત્તર આપી શક્યો નહિ. તે બિચારીએ મને પૂછયું કે આવાં દુઃખી માણસો આ રાજ્યમાં બીજાં નહિ હોય ? બીજાં ઘણાંએ હશે, પરન્તુ મેં પ્રજાના એ વર્ગ ઉપર લક્ષ જ આપ્યું નથી, તો એ બાલિકાના પ્રશ્નનો ઉત્તર હું શું આપી શકું ? ખરેખર, પોતાની જાતે દુઃખ સહન કર્યા વિના તે દુઃખ કેવું હશે તેની કલ્પના કોઇથી કરી શકાતી નથી. महदपि परदुःखं शीतलं सम्यगाहुः એ સત્ય છે. પારકાં દુઃખની કલ્પના કોઇને આવી શકતી જ નથી, અને વળી વૈભવમાં ઉછરેલા રાજાઓને તો તે આવવી શકય પણ નથી. બીજા રાજાઓને માટે તેવું હશે—છે પણ ખરૂં, પરન્તુ મારા સંબંધમાં તેવું બને એ હું કેમ જોઈ શકું ? શું હું રાજા છું ? અને રાજા હોઉં તો બીજા કહેવાતા રાજાઓના જેવો છું ? અત્યારસુધી કદાચ એવો રહ્યો હોઇશ, પરન્તુ હવે તેવો રહી શકીશ નહિ ! "

આંખો મીંચાઇ ગઈ પણ હૃદય તો જાગ્રત જ રહ્યું. શીતળ વાયુ મગજ ઉપર બળાત્કાર કરીને તેમાં તંદ્રાનો પ્રવેશ કરાવવા મથતો હતો પરન્તુ હૃદયની પ્રબળ જાગૃતિ પાસે તેનો તે પ્રયત્ન ફાવી શકતો નહોતો. " શોભનામાં આજે એક વિશેષ ગુણ દેખાઇ આવ્યો. તેનો બુદ્ધિવિકાસ તો ઘણા વખતથી અનુભવાય છે, પરન્તુ તેના હૃદયની અત્યંત દયાળુતા તો આજે જ દેખાઈ. પારકું દુઃખ જોઇને તેની આંખોમાં આંસુ આવે છે અને તેના હૃદયમાં એકાએક દયા સ્ફુરી આવે છે. મનુષ્યની પ્રકૃતિમાં જ કુદરતે દયા મૂકેલી છે એ ખરૂં, પરન્તુ શોભનાની દયામાં તે સ્વાભાવિક દયા કરતાં કાંઇક વિશેષતા રહી છે. તે ગરીબ છે એ ખરૂં, પરન્તુ

ગરીબો પોતાની દયાજનક સ્થિતિને લીધે બીજાઓ ઉપર દયાળુ રહે છે એવું કાંઈ હમેશાં હોતું નથી. એક કારણ સંભવે છે. તે દુઃખમાં ઉછરી છે તેથી પારકા દુઃખને માટે પણ તેને બહુ લાગી આવે છે! એમ જ હોવું જોઇએ. જન્મ થતાંની સાથે જ માતા અને પિતાનું સંરક્ષણ ખોઈ બેસનાર એ દુઃખિની બાળાને પારકાં દુઃખોનું દશ્ય પણ દુઃખજનક થઇ પડે એ સ્વાભાવિક છે. તેના હૃદયમાં જે સદયતા કુદરતે મૂકી છે તેને તેનાં દુઃખોના અનુભવે ઉછેરી છે અને યોગ્ય સ્થળ તથા પ્રસંગો પ્રાપ્ત થતાં અત્યારે એ સદયતા ફળદ્રૂપ થવા લાગી છે ! શોભના ! મધુરી શોભના ! તારી એ સદયતા ચિરંજીવી રહો અને તું બુદ્ધિ તથા સંપત્તિને પામીને પરદુઃખ ભંજન કરનારી બનો એવી મારા હૃદયની આશીષ્ છે. ”

તે જ ક્ષણે ચંદ્રલેખાનો પ્રકાશ આગળ વધતો વધતો સૂતેલી શોભનાના કપાળના પ્રદેશને ઉજ્જવલ કરી રહ્યો અને સૂર્યસિંહની આશીષની સાક્ષી આપવા લાગ્યો. થોડીએક વધુ પળોમાં સમસ્ત વદન ચંદ્રલેખાના પ્રકાશમાં ચળકી રહ્યું. સૂર્યસિંહ આનંદપૂર્વક એ તેજસ્વી તથા સદ્ભાગ્યશીલ વદનને નિહાળી રહ્યો અને તેની મધુરતાનું નેત્રોદ્વારા પાન કરતાં–પુનઃ પુનઃ પાન કરતાં તે ન જ ધરાતો હોય તેવી રીતે અનિમેષ લોચને તે તેમાં મુગ્ધ બની રહ્યો.

ચિત્તમાં કાંઇક નવીન વિચારની જાગૃતિ થઇ હોય તેવી રીતે સૂર્યસિંહ એકાએક ચમકયો અને તે કોચમાં બેઠો થઈ ગયો. નેત્રો શોભનાના વદનને જ તાકી રહ્યાં હતાં પરન્તુ ચિત્તવૃત્તિના વ્યાપારમાં ફેરફાર થયો હતો. સ્વાભાવિક રીતે જ ચિત્તની ચંચળ ગતિ અનેકાનેક વ્યાપારો ઉપર દોડી જાય છે તેવી રીતે અત્યારે સૂર્યસિંહનું ચંચળ

ચિત્ત એ વિચારમાં ખેંચાવા લાગ્યું હતું કે:-" આ ચતુર અને નિર્દોષ બાલિકા દિવસે દિવસે વયમાં અને શરીરના તથા મનના વિકાસમાં ત્વરા સાથે આગળ વધતી જાય છે, તો હવે **આ રત્નને કયા હંસની કોટે બાંધવું ?** "

એ પ્રશ્ન હૃદયને પૂછીને એકાદ ક્ષણ પછી તેણે ઉંડો નિઃશ્વાસ નાંખ્યો. પોતે પોતાના વિચારમાં નિરાશાને અનુભવતો હોય એ જ પ્રકારનો એ નિઃશ્વાસ હતો. તે વિચારવા લાગ્યો: "હા, **શોભના** એક અમૂલું રત્ન છે ખરૂં, અને તેને કાગડાની કોટે નહિ પણ હંસની કોટે જ બાંધવું જોઇએ, પરન્તુ તેવો હંસ હું કયાં શોધું ? જગતમાં તો ઘણાએ હંસો છે પરંતુ તેઓ આ રત્નને માટે નકામા છે. ખરેખર, **શોભના** એક ઉકરડામાંથી જ હાથ લાગેલું રત્ન છે. અધમ વિચારો અને અધમ આચારોથી પોષાએલી તદ્દન અભણ અને મૂર્ખ કોમરૂપી ઉકરડામાં તેનો જન્મ થયો છે અને તેથી તેને માટે જે હંસ મારે શોધવો જોઇએ તે પણ તેવા જ ઉકરડામાંનો અથવા તો ઉકરડામાં ઉછરતો હોવો જાઇએ ! પ્રભુ ! પ્રભુ ! ઉકરડામાંથી રત્ન તો હાથ લાગ્યું પરન્તુ ઉકરડામાં હંસ કયાંથી હોય ? ત્યાં તો ગીધ કે કાગડા મળી આવશે. તેમાંના કોઈ પક્ષીની કોટે આ રત્નને હું બાંધીશ તો તે મૂર્ખ પક્ષી અવશ્ય એ રત્નનું મૂલ્ય સમજી શકશે નહિ અને પોતાની ચંચૂવડે તેને છિન્ન ભિન્ન કરી, વિકૃત બનાવી દઇ, તેના તેજ ઉપર અંધકારની છાયા નાંખી, પોતાની કોટેથી કાઢીને ફેંકી દેશે ! ઓ રત્ન ! રત્ન ! તેં આ ઉકરડામાં શાને જન્મ લીધો ? તારામાં તેજ છે-કુદરતી તેજ છે, તે તેજને ઓપ ચડાવવાથી તેમાં બીજો વધારો પણ કરી શકાય તેમ છે, પરન્તુ તે તેજનો ભોક્તા

કોણ મળી શકે ? તારા તેજને સમજે, તેને સાચવે, ઓપ ચડાવે, અને તેના વૃદ્ધિંગત થએલા પ્રકાશમાં વિધિના ગુપ્ત મંત્રોને ગાઢ અંધકારમાં પણ ઉકેલી શકે તેવો હંસ જોઇએ તે ક્યાં છે ? આ ઉકરડામાં તેવો હંસ કેવી રીતે મળશે ? ! અહો ! વિદ્વાનોએ ખરૂં જ કહ્યું છે કે—

" जातेति कन्या महती हि चिन्ता।
" कस्मै प्रदेयेति महान्वितर्कः ॥
" दत्ता सुखं यास्यति वा न वेति।
" कन्यापितृत्वं खलु नाम कष्टम् ॥"

વિચારો પૂરા થયા નહોતા છતાં શોભનાના વદનના દૃશ્યે હૃદયને જડવત્ બનાવી મૂકયું હતું. શાન્ત અને સુખી નિદ્રાને અનુભોગતી એ નિર્દોષ બાળા એક જ અવસ્થામાં પડી રહીને સૂર્યસિંહનાં નેત્રોનું આકર્ષણ કરી રહી હતી. તેના સુકોમળ બાહુદંડપરની કાચની બંગડીઓમાં પ્રતિબિંબિત થતી ચંદ્રલેખા ચમકી રહી હતી અને હાથપર માથું મૂકીને સૂતેલી બાલિકાની મીંચેલી આંખની બાજુમાં એ ચમત્કાર તેની આંખમાંથી ઝરતી જ્યોતિરૂપી અમૃતધારાનું ભાન કરાવતો હતો. તેના કેશગુચ્છની છૂટી પડી ગએલી લટો કપોલ ઉપર નૃત્ય કરતી ગુલાબના પરાગનું હરણ કરવાને ભ્રમણ કરતી ભમરપંકિતના જેવી દીસતી હતી. આ અલૌકિક દૃશ્ય સૂર્યસિંહના હૃદયનું ગાન જગાવવાને બસ હતું, પરન્તુ ચિત્તમાં વ્યાપેલી ચિન્તાએ એ

*કન્યા જન્મ પામી ત્યારથી મોટી ચિન્તા, પછી કોને આપવી એવો મોટો વિતર્ક થયા કરે, અને કોઇને આપ્યા પછી એ સુખ પામશે કે નહિ પામે એવી ફીકર રહ્યાં કરે, તેથી કન્યાપિતૃત્વ ઘણું કષ્ટપ્રદ છે.

ગાનનું સ્ફુરણ થતું અટકાવ્યું અને વિચારતરંગો પુનઃ પુનઃ નીચા ઉંચા ઉછળવા લાગ્યાઃ

" શોભનાને માટે કોઇ હંસ શોધી કાઢવો તો જોઇએ જ; પણ તે કેવી રીતે બને ? હા, દિવાનને કહું તો તે શોધી કાઢશે ? અથવા તો માજીને પૂછું તો તે કાંઇ સલાહ આપશે ? પણ—પણ આ હું શું વિચારૂં છું ! શોભનાના હૃદયને અને તે હૃદયમાં રહેલા તત્ત્વને યોગ્ય સ્વરૂપમાં સમજનાર મારા સિવાય બીજું કોઇ પણ હોય એમ હું જોઇ શકતો નથી. દિવાન બિચારો એ હલકા વર્ણની છોકરીને માટે કેવી લાયકાતવાળાને શોધી કાઢે એ હું સારી પેઠે સમજું છું. માજી—તેમની વૃદ્ધ વય અને પરિપક્વ વિચારો છતાં—કેવી સલાહ આપશે ? હું ધારૂં છું કે તેની વય ઉપર લક્ષ આપીને તે મને સલાહ આપશે, અને તેવી સલાહ મને શા ઉપયોગની ? કદાચ વયનું કે શરીરનું કજોડું થાય તો તેની ચિંતા હું નહિ રાખું, પરન્તુ હૃદય-તત્ત્વનું અને ગુણનું કજોડું થાય એ મારાથી કેમ સહાય ?! વિષમ તત્ત્વવાળાં હૃદયોનું એકીકરણ સુખપ્રદ નથી નીવડતું એવું સમજ્યા પછી હું તેવું એકીકરણ મારે હાથે કરૂં અને પછી એ રત્નને અંધ-કારમાં વિલીન થઇ જતું જોઇ હું અહર્નિશ સંતપ્ત રહું તે કરતાં તો એ રત્નને કોઇની કોટે ન બાંધું એ જ વધારે સારૂં ! અરે ! ત્યારે હું શું કરૂં ? હંસ ક્યાંથી લાવું ? શોભના ! શોભના !—" છેવટના શબ્દો મુખમાંથી ઉતાવળે બોલાઇ ગયા.

"બાપુ ! જુઓ, જુઓ, આ હંસ મારાં મોતી ચરે છે !" સ્વપ્ન-વિવશ શોભના સૂર્યસિંહના મુખમાંથી ઉચ્ચરાએલા શબ્દોને શ્રવણ કરવાથી જાણે જવાબ આપવાને જાગ્રત થઇ ન હોય, એટલું જ નહિ પણ સૂર્યસિંહના પ્રશ્નનો જાણે ઉત્તર જ આપતી ન હોય, તેવી રીતે એકાએક નિદ્રામાં જ બોલી ઉઠી.

સૂર્યસિંહ આ આકસ્મિક શબ્દોથી આશ્ચર્ય પામ્યો અને જરા હસી કોચપરથી ઉઠ્યો. તે વખતે નિદ્રાધીન શોભના સ્વપ્નાવસ્થામાં હતી. પોતે એક રમણીય વાટિકામાં વિહાર કરી રહી હતી અને એક મનોહર સરોવરને કિનારે રમતા હંસજૂથની ક્રીડા જોઇ રહી હતી. તેમાંથી એક હંસ પોતાની સમીપે આવીને ઊભો રહ્યો અને શોભનાએ પોતાના કંઠમાં પહેરેલી મોતીની માળાને જોઇને આનંદથી નાચવા લાગી ગયો ! શોભના ત્યાંની દૂર ગઈ પણ હંસ તેની પાછળ ને પાછળ જ રમત કરતો ચાલવા લાગ્યો. હંસને રીઝાવવાને શોભનાએ એક હંસીને પકડી તેને સમર્પણ કરી, પરન્તુ તેથી એ હંસ રીઝ્યો જણાયો નહિ ! શોભના હવે મુંઝાઈ, અને આ હંસ કેવી રીતે પોતાનો પીછો છોડે તે વિચારવા લાગી. તે ઘણીએ ઉતાવળે ઉતાવળે નાસવા લાગી પણ હંસ જરાએ દૂર પડ્યો નહિ. તે જ ક્ષણે આકાશમાંથી અવાજ થયો કે તારી મોતીની માળા તેને આપ. શોભનાએ પોતાના કંઠમાંથી મોતીની માળા કાઢી અને તેને તોડીને તેનાં મોતી નીચે વેર્યાં એટલે હંસ તે મોતી ચરી જતો આનંદિત થવા લાગ્યો. તે જ ક્ષણે શોભના સ્વપ્નમાં સૂર્યસિંહને સંબોધીને બોલી હતી કે “ બાપુ ! જુઓ, જુઓ, આ હંસ મારાં મોતી ચરે છે ! ” શોભના સ્વપ્નમાં ભય પામે નહિ તેટલા માટે વત્સલ સૂર્યસિંહ ઉઠીને તેની પાસે જઇ બેઠો અને તેના મસ્તકપર હાથ ફેરવવા લાગ્યો. એ સમયે અરૂણ સૂર્યદેવને બિરાજવા માટે રથને ઘોડા જોડી તૈયાર થઇ ઊભો હતો અને રાત્રિ પશ્ચિમ દિશાના ઉંડાણમાં સમાઇ જતી હતી. ચંદ્રલેખા નિસ્તેજ થવા લાગી હતી, પરન્તુ શોભનાના વદનની તેજસ્વીતા તો સૂર્યસિંહને અખંડિત જ લાગતી હતી.

પ્રકરણ ૩ જું.

વિષમ હૃદયો.

સંસારસ્વાર્થ અભિન્ન થાતાં ભેદનું કારણ નહિ;
સ્ત્રી પુરૂષની તેથી જ સૌમાં મિત્રતા ઉત્તમ કહી.
એ મિત્રતા વા સ્નેહ કહો, તે હાર્દ દમ્પતીભાવનું—
રસ ઐક્યથી ઉત્પન્ન થઇ રસ ઐક્યને જ વધારતું.
રસ ઐક્ય તો નહિ હોય ત્યાં કયમ મિત્રતાએ સંભવે ?
રસ ઐક્ય વળી વિધિ વણુ નહિ કદિ ઈતર કો સરજી શકે.

શ્રીયુત ગોવર્ધનરામ.

કેટલાક દિવસ સુધી સૂર્યસિંહના ચિત્તમાં શોભનાને માટે કોઇ લાયક યુવકને શોધી કાઢવાની અગત્ય સંબંધે વિચારો ઘોળાતા જ રહ્યા. જે હલકી કોમમાં એ બાળા જન્મ પામી હતી તે કોમમાં તેના હૃદયને, તેના ડહાપણને અને તેના બુદ્ધિવિકાસ તથા ચાતુર્યને ન્યાય આપી શકે તેવો કોઇ યુવક હોવાનો સંભવ જ નહોતો. દીવાન શાંતિપ્રસાદની કે વૃદ્ધ રાજમાતાની સલાહ લેઇને શોભનાને કોઇ પણ ઠેકાણે આપી દેવી એ વિચાર પણ તેને પસંદ નહોતો, કારણકે તેમની સલાહને અનુસરીને વર્તન કરવાથી શોભના સુખી થાય એવું સૂર્યસિંહ માનતો નહોતો. તેને સાંભર્યું કે જો આ સમયે રસિકલાલ પોતાની પાસે હોત તો તે આ મુશ્કેલીનો કાંઇ નિકાલ આણી શકત. છેવટે એ બાબતમાં રમાને કાંઇક પૂછવું એવો વિચાર તેના ચિત્તમાં

ઉદ્ભવ્યો. શોભના રમાની જ દાસી હતી અને વળી શોભનામાં કેવા પ્રકારનું તત્ત્વ ભરેલું છે તે તે કાંઇક અંશે સમજતી હતી. ‘ પ્રેમ ’ નો અનુભવ તાજો જ હોવાથી રમા એટલું પણ સમજવા લાગી હતી કે શોભના જેવી સુકુમાર દેહ તથા સરલ હૃદયની બાલિકાનું પોષણ નિર્મળ પ્રેમ વિના થઇ શકે નહિ અને તેથી એવા પ્રેમનું પાણી જેનામાં હોય તેની જ સાથે એ બાલિકાનો યોગ સાંધવાથી તે સુખાનુભવ કરી શકશે એમ પણ તે જાણતી હતી. આ રીતે સૂર્યસિંહને પોતાની નવોઢા પત્નીની સલાહ આ સંબંધે લેવાનું ઉચિત જણાયું.

એક રાત્રિએ જે વખતે શોભના ઉંઘી ગઈ હતી તે વખતે સૂર્યસિંહે રમાને શોભના સંબંધી પોતાના હૃદયની ચિંતા જણાવી. તેમ કરતાં તેણે શોભનાના ચાતુર્યનું, તેના દયાળુ, નિર્મળ તથા સરલ હૃદયનું અને તેની તર્ક બુદ્ધિનું પણ વર્ણન કર્યું. પોતે જૂદે જૂદે પ્રસંગે શોભનામાં જે કાંઇ નવીન તત્ત્વ જોએલું તે પણ રમાની પાસે તેણે ખુલ્લે હૃદયે કહ્યું અને છેવટે જણાવ્યુંઃ “ ખરેખર, વિધાતાએ એ બાલિકાને એક હલકી કોમમાં જન્મ આપીને મોટો અન્યાય કર્યો છે. તેના હૃદયને આરામ આપે એવો પતિ હું એ કોમમાં ક્યાં શોધીશ ? ”

અત્યારસુધી શોભનાને માટે કેવો પતિ જોઇએ તે સંબંધી વિચાર પણ રમાના ચિત્તમાં જન્મ પામ્યો નહોતો. જ્યારે સૂર્યસિંહે શોભનાને માટે પતિ શોધી કાઢવાની વાતની શરૂઆત કરી ત્યારે સ્વાભાવિક રીતે રમાના ચિત્તમાં એવો વિચાર આવ્યો હતો કે “આ ગામમાંથી જ શોભના કરતાં બેચાર વર્ષે મોટો કોઇ છોકરો મળી

રહેશે અને તેની સાથે શોભનાને પરણાવી દેવાશે;" પરન્તુ સૂર્યસિંહના મનોવિચારોનો જેમ જેમ રમાને વધુ પરિચય થવા લાગ્યો તેમ તેમ તેના સમજવામાં આવતું ગયું કે "મારા સ્વામી એકલું વયનું જોડું નહિ પણ વય સાથે હૃદયનું અને સ્વભાવનું જોડું જોડી આપીને શોભનાને સુખી કરવા ચાહે છે." તે જ ક્ષણે નવોઢા રમાના વિચારો પોતાની જાત તરફ વળ્યા. સમવયસ્ક દમ્પતી કરતાં સમ હૃદયવાળાં દમ્પતી વધારે સુખી નીવડે છે તેવો પોતાની જાતનો જ અનુભવ મગજમાં ઉભરાઇ આવ્યો. શોભના એક હલકા કુટુમ્બમાં જન્મ પામેલી છોકરી છે તેથી તેને પરણાવવામાં બેદરકાર બનીને હરકોઇને સોંપી દેવી અને એક રાજપુત્રી ઉંચા કુટુંબમાં જન્મ પામેલી હોઇને તેને માટે પતિ શોધતાં વય, ગુણ, સ્વભાવ, વિદ્યા ઇત્યાદિ સંબંધી પૂરી તજવીજ કરવી એવો ભેદભાવ ન જોઇએ, કારણકે દાસપુત્રી કે રાજપુત્રી ઉભયને હૃદય હોય છે, તો શામાટે બન્નેનાં હૃદયોના સુખનો વિચાર એકસરખી રીતે કરવામાં ન આવવો જોઇએ ? એ વિચાર પણ હવે રમાના હૃદયમાં જાગૃત થયો. શોભનાને માટે પતિ શોધવામાં જેટલી કાળજી સૂર્યસિંહના હૃદયમાં હતી તેટલી જ અને તેવી જ કાળજી રમાના હૃદયમાં પણ ઉત્પન્ન થઇ.

રાજાના પ્રશ્નનો ઉત્તર આપતાં રમા બોલી: "કોમની બહાર તો શોભનાને આપી શકાય તેમ નથી જ, તો પછી જેમ બને તેમ વધુ પ્રયત્ને વધુ લાયકાતવાળો વર તેને માટે શોધી કાઢવો જ જોઇએ. એ નિરાધાર બાળા આપણને માતાપિતારૂપ લેખીને જીવે છે તો આપણે માતાપિતા તરીકે તેને સુખી કરવાને પૂરતી તજવીજ સાથે પરાયા હાથમાં સોંપવી એ આપણો ધર્મ છે."

" હા, એ ધર્મ હું સમજું છું. તેથી જ મને તેને માટે વધારે ચિંતા થવા લાગી છે. જો હું તેના જન્મ આપનાર માતા પિતા જેવો અભણ અને મૂર્ખ હોત તો તેને હરકોઇના હાથમાં સોંપી દેતાં દુઃખ પામત નહિ, પરંતુ તેને સુખી કરવાનો ધર્મ મારા હૃદયમાં નિવસે છે તેથી હું મોટી ચિન્તાનો ભોગ થઈ પડ્યો છું. અવિદ્યા, વહેમ અને કુસંસ્કારોમાં ઉછરતી એ કોમમાં આ ભણેલી અને ચતુર બાલિકાને હું કોના હાથમાં સોંપું ?"

" નાથ ! ત્યારે હું કહું એમ કરો ! " રમા ઉત્સાહમાં આવી જતાં બોલીઃ " મારા ચિત્તમાં એક નવો વિચાર જન્મ પામ્યો છે. શોભનાના જેવા જ કોઇ એક ગરીબ સ્વભાવનો છોકરો શોધી કાઢો અને એને પણ શોભનાની પેઠે જ આપણે રાજમહેલમાં ઉછેરીશું તથા ભણાવીશું. આપણા સહવાસમાં રહેવાથી જે સરલતા, તરલતા ઇત્યાદિ ગુણો શોભનામાં આવ્યા છે તેવા જ ગુણો એ છોકરામાં પણ આવશે અને વળી શોભનાના થોડા વધુ પરિચયને લીધે ઉભયમાં પ્રીતિના અંકુરો પણ ફૂટશે એટલે આપણે બન્નેને પરણાવી દઇશું. બસ, કેમ આ ગોઠવણ તમને રૂચે છે ? "

સૂર્યસિંહે થોડો સમય મૌન રહીને રમાની આ યોજના ઉપર વિચાર કર્યો. શોભનાને માટે વધારે યોગ્ય પતિ શોધી કાઢવાનાં અન્ય સાધનોને અભાવે રમાની આ યોજના તેને પસંદ પડી. એ યોજના પ્રમાણે વર્તવામાં નડતી મુશ્કેલીનો સ્વલ્પ વિચાર ઉદ્ભવ્યો પરન્તુ તેને ગણકારીને બેસી રહેવામાં સમય ગાળવો એ હવે નિરર્થક હતું. છેવટે સૂર્યસિંહે રમાની યોજનાને સંમતિ આપતાં કહ્યુંઃ " બહુ સારૂં; કાગડાના ટોળામાંથી એકાદ કાગડો ખોળી કાઢીને તેને

વિદ્યાનાં પીછાં ઘાલી હંસ બનાવવાનો પ્રયત્ન કરવા જેવી આ યોજના છે, તથાપિ નિરૂપાયે તે યોજનાનો લાભ લેઇને પણ એવા તૈયાર કરેલા હંસની કોટે રત્ન બાંધી પોતાને કૃતકાર્ય થયેલાં માન્યા વિના આપણો છૂટકો નથી." એમ કહેતાં સૂર્યસિંહે એક ઉષ્ણ નિઃશ્વાસ નાંખી, અચેતન થઇ ગયાની પેઠે રમાના ખોળામાં મસ્તક નાંખ્યું. તે બેભાન બની ગયો નહોતો, પરન્તુ તેના હૃદયમાં શોભના સંબંધી વિચારોને લીધે દર્દ થયાં કરતું હતું. એ નિર્દોષ આનંદી રમકડાને પરાયા હાથમાં સોંપીને પોતે સદાને માટે તેનાથી દૂર રહે તેવી યોજના પોતાને હાથે જ રચાઇ હતી અને તેનો અમલ પણ પોતાને હાથે જ કરવાનો હતો !

એ જ અવસ્થામાં સૂર્યસિંહ નિદ્રાધીન થઇ ગયો. સ્વામીના હૃદયમાં થતું દર્દ રમાના જાણવામાં આવ્યું નહોતું. સ્વામીને નિદ્રાધીન થએલા જોઇને તે પણ ઉંઘી ગઇ. શોભના સંબંધી અનેક સ્વપ્નોથી નિદ્રાભંગ અનુભવતો સૂર્યસિંહ જે વખતે પલંગમાં અકળાતો હતો તે વખતે રમા તેની બાજુમાં નિરૂપદ્રવી નિદ્રાનો અનુભોગ કરતી હતી ! નિદ્રાભંગને અન્તે સૂર્યસિંહ શોભના સંબંધી વિચારોમાં ચડી જતો ત્યારે તેની નિદ્રા બિલકુલ ઉડી જતી અને જો વાયુલહરિની કૃપા હોય તો દૂર નાસી ગએલી નિદ્રાનું પુનઃ આગમન થતું; અને નહિતો એ જ અવસ્થામાં પ્રભાત થઇ જતું. આજે પણ સૂર્યસિંહની એ જ દશા થઇ. જ્યારથી શોભનાને પારકા હાથમાં સોંપવા સંબંધી વિચારોએ તેના ચિત્તમાં જન્મ લીધો હતો, ત્યારથી જ તેના ચિત્તની આવી અવસ્થા થવા પામી હતી અને શોભનારૂપી રમકડાનો વિરહ અત્યારથી જ જાણે કે પોતાને સાલતો ન હોય તેવા પ્રકારની દુરવસ્થા તેના ચિત્તની થઇ ગઇ હતી. પુનઃ નિદ્રા નહિ આવવાને લીધે તે શયન-

ગૃહમાંથી બહાર નીકળી ગયો અને અગાસી ઉપર ખુલ્લા સમીરણના સ્પર્શથી ચિત્ત શાન્ત થશે એવી આશાથી તે ત્યાં ગયો. સમીરણના વહનથી ત્વચા શીતલ થઇ પણ ચિત્ત ન થયું. તે અગાશીપરથી નીચે ઉતર્યો અને શય્યામંદિર તરફ ચાલ્યો. વચમાં એક ઓરડાની બારી પાસે પથારી કરી બારીને ખુલ્લી મેલી નિર્ભય રીતે સૂતેલી શોભના ઉપર તેની દૃષ્ટિ ગઇ. તે શોભના જ છે એમ જોતાં, જાણતાં અને છેવટે ખાત્રી થતાં તેનાથી એક્કેક ડગલું આગળ વધી શકાયું નહિ. શોભનાના સૌંદર્યમાધુર્યામૃતનો તૃષાતુર સૂર્યસિંહ ઓરડામાં ગયો. એક ખૂણામાં બળતું 'વૉલશીટ' તેમાંની મીણબત્તી ખૂટી જવાથી હોલવાઈ જવાની તૈયારીમાં હતું તોપણ તેનો મંદ પ્રકાશ શોભનાના વદનના સૌંદર્યનું નિરીક્ષકને ભાન કરાવવા માટે બસ હતો. એ વદનને સૂર્યસિંહ કેટલીક વારસુધી નિહાળી રહ્યો. અજ્ઞાતયૌવના શોભના શરીરના અને વસ્ત્રોના ભાનવિના નિર્ભય રીતે ચત્તીપાટ સૂતી હતી. એક હાથ પથારીપર પડેલો હતો અને બીજો હાથ સ્વલ્પ ઉન્નત દેખાતા સ્તનપ્રદેશ ઉપર પડેલો હતો. મસ્તકપરનો કેશગુચ્છ કસકસીને બાંધેલો હતો છતાં તેમાંની કેટલીક લટો છૂટી પડી ગએલી હતી અને બારીમાંથી ચાલ્યા આવતા પવનને લીધે ઉડતી હતી. ઓઢેલો ચોરસો શરીરના અવયવો ઉપરથી ખસી ગયો હતો અને માત્ર તેની પાટલીનો થોડો ભાગ ચણીયાપર ખોસાએલો રહી બાકીની પાટલી ફરફર ઉડતી હતી અને ચણીયાનો નીવીબન્ધ સ્થાનભ્રષ્ટ થઇ ગયો હોવાનું દર્શન આપતી હતી. ક્ષણભર એ દૃશ્ય જોઇ રહીને સૂર્યસિંહ ત્યાંથી પાછો ફરવા જતો હતો એવામાં હોલવાઇ જતો દીવો બમણા જોરથી પ્રકાશ્યો. તે જ ક્ષણે છાતીપર પડેલા હાથને લીધે રૂધિરાભિસરણમાં ક્ષતિ થતાં શોભના નિદ્રામાં ને નિદ્રામાં ગભરાઇ, તેના વદ-

નપરના વિકારે દીવાના પ્રકાશમાં તે ગભરાટનું સૂચન કર્યું અને ગભરાટમાં ને ગભરાટમાં “ઓ નાથ !” એવું તેનાથી લવી જવાયું ! સૂર્યસિંહના કાને અને હૃદયે તે શબ્દો બરાબર પકડી લીધા. તેની આંખોમાંથી અશ્રુધારા વહી નીકળી અને તુરત જ તે તે સ્થળને ત્યજી નીકળ્યો. શોભના નિદ્રામાં જ હતી.

* * * *

બીજે જ દિવસે સૂર્યસિંહે ભદ્રપુરમાં શોભનાને માટે તેની ન્યાતના કોઇ છોકરાની તજવીજ કરવા માંડી. સૂર્યસિંહની તેમ જ રમાની ઇચ્છા એવી હતી કે જેવી રીતે શોભના માતાપિતા વિનાની નિરાધાર હતી અને દુઃખમાં ઉછરી હોવાને લાધે ગરીબ સ્વભાવની નમ્ર તથા દયાળુ બની હતી, તેવી જ રીતે તેને માટે જે વર શોધી કાઢવામાં આવે તે પણ માતાપિતા વિનાનો અથવાતો ગરીબ સ્વભાવનો હોય તો વધારે સારૂં, પરન્તુ તપાસ કરતાં જણાયું કે તેવો કોઇ કુંવારો છોકરો મળી શકે તેમ નહોતું. છેવટે જેના ઉપર રાજારાણી ઉભયની પસંદગી ઊતરી તે પંદરેક વર્ષની વયનો એક છોકરો હતો જેનું નામ સામન્ત હતું.

સામન્ત એક વિધવાનો પુત્ર હતો અને જોકે ધનસંપત્તિહીન ગરીબ કુટુંબમાં ઉછર્યો હતો તોપણ કુદરતે તેનામાં ચાંચલ્ય મૂક્યું હતું. ભદ્રપુરની દાસજ્ઞાતિમાંથી વિદ્યા રીસાઇને ચાલી ગઇ હતી, તોપણ સામન્ત ભાગ્યું—તૂટયું વાંચી લખી શકાય તેટલું ભણ્યો હતો. સામન્તના નાનપણમાં તેનો પિતા મરણ પામ્યો હોવાથી અને તેની વિધવા માતાને તે એકનો એક પુત્ર હોવાથી સામન્ત જરા લાડમાં ઉછર્યો હતો તેથી તે કાંઇક આકરા સ્વભાવનો, કાંઇક મીજાજી અને હઠીલો થયો હતો ખરો, તોપણ તેના તે સ્વભાવની અજમાયશ બહુધા

તેની મા ઉપર જ થતી હતી અને અજાણ્યાઓ પાસે તે હમેશાં દબાતો હતો. તેની આ ખાસીયતો સંબંધે સૂર્યસિંહે જાણવાયોગ્ય સઘળું જાણી લીધું હતું અને તેને વિદ્યાના સંસ્કારવડે સુધારી શકાશે એવી સૂર્યસિંહને હિંમત હતી. તે જ દિવસથી ગામમાં રખડીને દિવસો ગુમાવતો સામંત રાજમહાલયનો વાસી થયો ! સૂર્યસિંહે તેને પોતાની દેખરેખ હેઠળ રાખ્યો, તેને આગળ વિદ્યાભ્યાસ કરાવવા માટે એક શિક્ષક રાખ્યો અને વિશેષમાં તેના રખડાઉ મિત્રોની સંગતિમાંથી તેને મુક્ત કર્યો.

સામંતને રાજમહાલયમાં લાવીને રાખવાનું કારણ શું હશે તે સૂર્યસિંહ અને રમા સિવાય બીજું કોઇ જાણતું નહિ. રાજમહેલમાંનાં દાસદાસીઓ તે વિષે ચિત્રવિચિત્ર અનુમાનો કરતાં પરન્તુ ખરી વાત શું હશે તે વિષે કોઇ કાંઈ ચોક્કસ રીતે કહી શકતું નહિ. સામંતને તેને ઘેરથી લાવીને રાજમહાલયમાં રાખવામાં આવ્યો તેનું ખરૂં કારણ તેની વિધવા માતાને જણાવવું પડયું હતું ખરૂં, પરન્તુ સૂર્યસિંહની આજ્ઞાથી તેણે તે વાત અન્ય કોઈને જણાવી નહોતી. આ હેતુ ગુપ્ત રાખવાનુ કારણ લોકોની ચિત્રવિચિત્ર ટીકાઓનો અટકાવ કરવાનું તથા સામંત અને શોભનાનાં હૃદયો એક બીજા પ્રત્યે અગાઉથી કોઈ પણ રીતે કલુષિત ન થઇ જાય અથવા તો ઉભય લજ્જાને લીધે એક બીજાને જોઇને ક્ષુબ્ધ ન થઈ જાય તે પણ હતું.

ત્રણેક માસમાં સામંતે પોતાના ચાંચલ્યથી અભ્યાસમાં ઠીક પ્રગતિ કરી, તેમ જ રાજમહાલયમાં અને બહુધા રાજાના જ પરિચયમાં રહેવાથી તેની રીતભાતમાં પણ કેટલોક સુધારો થવા પામ્યો. સૂર્યસિંહના હૃદયમાં હવે શોભના સુખી થશે એવી આશા બંધાવા પામી. રાજમહાલયમાં જેવાં બીજાં દાસદાસીઓ હતાં તેવો જ

સામંત પણ છે એવું શોભના સમજતી હતી અને તેથી પ્રસંગ પડ્યે તે સામંતની સાથે સામાન્ય રીતે વાતચીત પણ કરતી. શોભના રમાકુંવરની માનીતી દાસી છે અને સૂર્યસિંહનું તે એક રમકડું છે એવું સામંત સમજતો. સામંત અને શોભના બન્ને સૂર્યસિંહના પરિચયમાં વિશેષ રહેતાં હોવાથી તેઓ એક બીજાના સમાગમમાં વિશેષ વખત વીતાડતાં હતાં ખરાં અને સૂર્યસિંહની એવી ઇચ્છા હતી કે તેઓ એ રીતે પરસ્પર મિત્રરૂપ બની જાય તો સારૂં, પરન્તુ કેટલાક વખત સુધી સૂર્યસિંહની એ ઇચ્છા ફળીભૂત થએલી જણાઇ નહિ; છતાં સૂર્યસિંહની આશાનો એટલેથી અંત આવી જાય તેમ નહોતું.

'શ્રીવિહારોદ્યાન'ને સુશોભિત, ઉપયોગી અને ખરેખરૂં વિરામસ્થાન બનાવવા પાછળ સૂર્યસિંહે પોતાની જાતના પરિશ્રમની કે ધનના વ્યયની જરા પણ કસર કરી નહોતી. દિવસે દિવસે અવનવા પ્રકારનાં પુષ્પવૃક્ષો અને ફળવૃક્ષો મંગાવીને તે સઘળાં શ્રીવિહારોદ્યાનમાં રોપવામાં આવતાં હતાં. ફૂવારા, પુષ્પકુંજો, હીંચકા, સુખાસનો, લતામંડપો ઇત્યાદિની ગોઠવણ એવી તો મનોહર કરવામાં આવી હતી કે ક્ષણભર દૈવી ઉપવનોને પણ વિસરી જવાય. બાગમાં ફરવા માટેની પગથીઓ જળના છંટકાવવડે હમેશાં શીતળ ને શીતળ જ રાખવામાં આવતી હતી અને તેની બન્ને બાજુઓની કોરણો છીપો તથા શંખલાથી સુશોભિત કરવામાં આવી હતી. તે ઉપરાંત પક્ષીઓ માટેનું એક ગૃહપિંજર બનાવીને તેમાં વિધવિધ જાતિનાં પક્ષીઓ રાખવામાં આવ્યાં હતાં. આ પક્ષીઓની ક્રીડા અને કર્ણપ્રિય મિશ્રિત નાદ સૂર્યસિંહની કવિતાના તથા રમા અને શોભનાની રમતીયાળ વૃત્તિઓનાં પોષકરૂપ હતાં. કેટલાક વખતથી એક હરિણ

અને હરિણીને લાવીને એ ઉદ્યાનમાં રાખવામાં આવ્યાં હતાં અને તુરતમાં જ હરિણીએ એક સુકોમળ બચ્ચાને જન્મ આપ્યો હતો. આ બચ્ચું રમા તથા શોભનાનું એક મજાનું રમકડું થઇ પડયું હતું. સ્હવારે અથવા સાંજે જ્યારે જ્યારે રમા તથા શોભના એ ઉદ્યાનમાં ફરવા નીકળતી ત્યારે હરિણી ઉદ્યાનના હરકોઈ ભાગમાંથી છલંગો મારતી દોડી આવતી અને તેની પાછળ તેનું બચ્ચું પણ આવતું. રમા તે બચ્ચાને તેડી લેઈને તથા રમાડીને હરિણીને આનંદ આપવા યત્ન કરતી પરન્તુ હરિણીનો આનંદ પોતાનું બાલક છૂટથી હરે ફરે તેમાં જ સમાએલો હોવાથી આથી તેને આનંદ પડતો નહિ અને જ્યાંસુધી રમા બચ્ચાને છૂટું મૂકતી નહિ ત્યાંસુધી હરિણી ગરીબડું વદન કરીને તેની બાજુએ બાજુએ ચાલી આવતી. બાલહરિણને રમા તેડતી તેથી હરિણીને થતું દુઃખ શોભના સમજતી અને તેથી તે ઘણી વાર કહેતીઃ "બાસાહેબ, એ બિચારા બચ્ચાને છૂટું મૂકી દોને! ભલેને બિચારૂં છૂટથી હરે ફરે ને રમે! હરિણીનું ઓશીયાળું મ્હોં જોઇને તમને દયા પણ નથી આવતી?" રમા બચ્ચાને છોડી દેતી એટલે શોભના થોડું લીલું ઘાસ ચુંટી લાવીને તેને નીરતી અને માતા પુત્ર ઉભય તે ચરીને આનંદિત થતાં.

એક વાર એ બાલહરિણ રમતું રમતું શ્રીવિહારોદ્યાનના દરવાજામાંથી બહાર નીકળી ગયું અને રાજમહાલયની આસપાસના મોટા બાગમાં આવી ગયું. આ દરવાજો બહુધા બંધ જ રહેતો અને જો કાંઈ કામ માટે ઉઘાડવામાં આવતો, તો તે તુરત પાછો બંધ કરી દેવામાં આવતો. બાલહરિણ ઉદ્યાનના દરવાજામાંથી નીકળી ગયું હોવાની ખબર કોઇને રહી નહિ અને માળીએ દરવાજો

બંધ કરી નાંખ્યો. અજાણ્યા બાગમાં આવી ચડવાથી અને પોતાની પાસે પોતાની માતાને નહિ જોવાથી એકાએક બચ્ચું ગભરાયું અને આકુળ વ્યાકુળ થતું આમ તેમ દોડવા લાગ્યું. જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ તે વધારે ભયભીત થવા લાગ્યું અને ફૂલની વેલો, વાડ, છોડવા વગેરે ઉપર થઇને કૂદતાં–દોડતાં તેણે ભારે તોફાન મચાવી મૂક્યું. કેટલીએ વેલો તૂટી પડી, છોડવાઓ નમી ગયા, ફૂલ ખરી પડ્યાં, વાડો ખંડિત થઈ અને માળીઓ તેને પકડવાને દોડાદોડ કરવા લાગ્યા. એક બાજુએથી પકડવા જતાં તે બીજી બાજુએ ભરાઇ જવા લાગ્યું અને એ રીતે કેટલાક વખત સુધી તેનું એ તોફાન ચાલુ રહ્યું. એક વાર તે મેંદીની વાડમાં ભરાયું અને બાજુએ થઇને સામંત નીકળ્યો. તે વખતે તે કાંઈ કામમાટે રાજ-મહાલયમાંથી બહાર જતો હતો. માળીએ તેને દૂરથી બૂમ મારીને વાડમાં ભરાએલા બચ્ચાને પકડી લેવા કહ્યું. સામંતે તેને પકડવા માંડ્યું પરન્તુ તે સાથે જ તેણે પાણીથી ભરેલા એક ક્યારામાં થઈને છલંગ મારી અને સામંતના અંગરખાપર કાદવના છાંટા ઉડાડતાં તે કેટલેક દૂર ગુલાબના છોડવાઓપર પડ્યું. ગુલાબમાં જોરથી પડવાને લીધે તેના શરીરે કાંટા ભોંકાયા અને છોડવાઓનું જાળું તેનાપર ફરી વળ્યું તેથી તે બહાર નીકળવા કે નાસી જવા પામ્યું નહિ અને સામંતના હાથમાં પકડાઇ ગયું. પોતાના અંગરખાપર હરિણે કાદવના છાંટા ઉડાડ્યા હોવાથી સામંત તે બચ્ચા ઉપર બહુ જ ગુસ્સે થયો હતો. બચ્ચું તેના હાથમાં આવતાં જ તેણે તેને મારવા માંડ્યું. પાસે પડેલી સૂકી ડાંખળી લેઈને તેણે તેને ખૂબ માર્યું. ગુલાબના કાંટા વાગવાથી તેની કોમળ ચામડીમાંથી કેટલેક ઠેકાણે લોહી નીકળ્યું હતું અને તે ઉપર આ માર પડવાથી બચ્ચું

હાંફવા લાગ્યું અને સામંતના હાથમાંથી છૂટવાને તરફડીયાં મારવા લાગ્યું.

બાલહરિણની આ દુર્દશા શોભનાએ રાજમહાલયની બારીમાંથી જોઈ અને તુરત જ તે નીચે દોડી આવી. સામંતે બચ્ચાને ક્રૂરતા-પૂર્વક પકડેલું જોઇને તથા તે ઉપરાંત તેના પર સામંતને હાથે માર પડતો જોઈને શોભનાને તેના ઉપર દયા આવી, પરન્તુ તે સાથે ઘાતકી સામંત ઉપર ક્રોધ ચડ્યા વિના રહ્યો નહિ. તે બોલી: "અરે, સામંતસિંગ! સામંતસિંગ! તમે આ શું કરો છો? એ બિચારૂં ભૂલું પડી ગયું છે તેથી ગભરાએલું છે અને તે ઉપર તમે એને માર મારો છો?"

"મારે નહિ ત્યારે શું કરે? જો તો ખરી, મારૂં અંગરખું તેણે બગાડ્યું અને આખા બાગમાં તોફાન કરીને સેંકડો છોડવા-ઓનું સત્યાનાશ વાળી નાંખ્યું; માટે એને તો મારવું જ જોઇએ!" એમ કહીને નિર્દય સામંતે બચ્ચાના મ્હોંપર મુક્કી મારી.

પોતાની નજર સામે પોતાના એ માનીતા હરિણને માર પડતો જોવાનું શોભનાથી સહેવાયું નહિ. તેણે સામંતના હાથમાંથી હરિ-ણને છોડાવવાનો યત્ન કરવા માંડ્યો અને કહ્યું: "પણ તેટલા માટે શું તમારે એ બચ્ચાને મારી નાંખવું છે? બાસાહેબનું એ માનીતું હરિણ છે, હું તેને માર ખાવા નહિ દઉં, આપી દો મને; તમારૂં અંગરખું બગડ્યું, પણ એ બિચારૂં પશુ કાંઇ સમજે છે? તેના ઉપર તો દયા કરવી ઘટે."

"ચાલ દયાવાળી! મારૂં અંગરખું બગાડ્યું તે બદલની શિક્ષા તો તેને હજી કરવાની બાકી રહી છે."

આ સાંભળીને શોભના ક્રોધથી ગાંડી બની. તેણે સામંતના હાથમાંથી હરિણને ઝુંટવી લેવા માંડ્યું, પણ સામંતે તેને છોડ્યું



"અરે, સામંતસિંહ! સામંતસિંહ! તમે આ શું કરો છો?"

પૃષ્ઠ ૪૦

નહિ. શોભનાની આંખમાં રતાશ ચડી આવી. ક્રોધની રતાશ આજે પહેલવહેલી જ તેની આંખોમાં દેખાઇ હતી. તે બોલી: "જે અંગરખું બગડ્યું તે કાંઇ તમારૂં નથી, પણ મહારાજા સૂર્યસિંહનું છે અને હરિણ પણ મહારાજા સૂર્યસિંહનું છે. તમારૂં અંગરખું બગડ્યું તો મહારાજા તે તમને બીજું આપશે, પરન્તુ તે ખાતર તમને તે બચ્ચાને શિક્ષા કરવાનો અધિકાર નથી, સમજ્યા કે ?"

પોતાનું આ અપમાન આકરા સ્વભાવના સામંતથી ખમી શકાયું નહિ. તેની આંખોમાં ોધ એકાએક ચડી આવ્યો અને તે બોલ્યો: "...., ..., દોઢડાહી ! મારા અધિકારને સમજાવનારી તું વળી કોણ છે ?"

એટલામાં એકાદ બે માળી ત્યાં આવી ચડ્યા અને તેમણે સામંતને ટાઢો પાડીને બચ્ચાને છોડી દેવા કહ્યું. સામંતે ક્રોધમાં ને ક્રોધમાં બચ્ચાને છોડીને લાત મારી. બિચારૂં હરિણ અધમૂઆ જેવું થઇ ગયું હતું અને તે ઉપર લાત વાગવાથી તેને કળ ચડી. સામંત તો ત્યાંથી બેદરકાર રીતે ચાલ્યો ગયો. થોડી વાર સુધી બચ્ચું બેભાન બની ગયાની પેઠે પડી રહ્યું અને શોભનાએ કેટલીક આસનાવાસના કરી એટલે તે શુદ્ધિમાં આવ્યું. તેની આ દશાથી દયાળુ શોભનાના હૃદયમાં અત્યંત દુ:ખ થવા લાગ્યું અને તેણે સજળ નેત્રે તેને તેડી લીધું. શ્રીવિહારોદ્યાનમાં પુત્રવિરહથી ઘેલી બનેલી હરિણી આમ તેમ ગાભરી ગાભરી દોડતી હતી. શોભનાએ બચ્ચાને એક ઝાડ તળે મૂક્યું કે તુરત જ હરિણી દોડી આવી અને બચ્ચાને દુ:ખી જોઇને દુ:ખી થતી તેને ચાટવા તથા નિરીક્ષવા લાગી. બાળહરિણના દુ:ખના સ્મરણે શોભનાનાં નેત્રોમાંથી અશ્રુ વરસાવવા માંડ્યાં. તે વિચારવા લાગી: "અરેરે ! આ બિચારા હરિણે ગયા

ભવમાં **સામંતસિંગ**નો શું અપરાધ કર્યો હશે કે આ ભવે **સામં-તસિંગે** તેના ઉપર વૈર લીધું ? ઓ પ્રભુ ! મને તું બીજું કાંઈ ન આપવું હોય તો ન આપીશ, પરન્તુ મારૂં દયાળુ હૃદય તો મારી પાસે દરેક ભવમાં રહેવા દેજે ! " એમ બોલતી **શોભના** બાલહરિણને પંપાળતી હતી એવામાં સાંજનો સમય હોવાથી **સૂર્યસિંહ** તથા **રમા** ફરતાં ફરતાં ત્યાં આવી પહોંચ્યાં.

શોભનાને આંખમાં આંસુ સમેત જોઇને તથા તેની પાસે બાલહરિણને મૃતપ્રાય અવસ્થામાં જોઇને **સૂર્યસિંહ** ત્યાં થોભ્યો. **સૂર્યસિંહ**ને જોઇને **શોભના**ને વધારે રડવું આવવા લાગ્યું અને તે ડુસકાં ભરવા લાગી ! **રમા**એ પોતાની બાલ સખીને છાતી સરસી ચાંપીને શાન્ત કરી અને પછી તેના રડવાનું કારણ પૂછ્યું. **શોભના**એ ડુસકાં ખાતાં ખાતાં બાલહરિણને માથે વીતેલાં વીતકની અને **સા-મન્ત**ની ઉદ્ધતાઈની વાત યથાસ્થિત કહી સંભળાવી. **સૂર્યસિંહ** તથા **રમા**એ મૌન રહીને એ સઘળો વૃત્તાન્ત સાંભળ્યો. વૃત્તાંત પૂરો થયો એટલે **રમા**એ **શોભના**ને આશ્વાસન આપતાં કહ્યું: " બિચારા બ-ચ્ચાને આટલો બધો માર મારવા માટે **સામંત**ને ઠપકો આપવો જોઇએ; તું હવે છાની રહે, હું **સામંત**ને વઢીશ. "

રમાના આશ્વાસનથી **શોભના** શાન્ત રહી પરન્તુ તેના મનનું દુઃખ જરા પણ ઓછું થયું નહિ. બાલહરિણ પુનઃ સ્વસ્થ થઇને પહેલાંની પેઠે રમવા–કૂદવા લાગે તો જ **શોભના**નું દુઃખ દૂર થાય તેમ હતું, પરન્તુ તુરતમાં તેની સ્વસ્થતાની આશા નહોતી. આ સઘળો વખત **સૂર્યસિંહ** કાંઈ જૂદા જ વિચારમાં ગુંથાયો હતો. ક્ષણભર તે **શોભ-ના**ના શોકાર્ત્ત વદનને જોતો તો ક્ષણભર બાલહરિણને જોતો તે મૌન ઊભો હતો.

હરિણુની બરદાસ્ત કરવાનું એક માળીને સોંપીને ત્રણે જણ મહાલયમાં આવ્યાં. તે રાત્રિએ **શોભનાએ** ખાધું નહિ—ખાવાનું તેને ગમ્યું જ નહિ. પ્રભાત થતાં પહેલાં—પરોઢના અંધારામાં જ **શોભના** એકાએક જાગી ગઈ અને તુરત બાલહરિણુની ખબર કાઢવા માટે શ્રીવિહારોદ્યાનમાં દોડી. ત્યાં જઇને જોતાં જ **શોભનાના** હોશકોશ ઉડી ગયા! બિચારૂં બચ્ચું મરણ પામ્યું હતું, તેનું મૂડદું તે જ ઝાડ તળે પડ્યું હતું અને મૂડદા તરફ જોઇ રહીને અશ્રુ સારતાં હરણુ તથા હરિણી તેની પાસે બેઠાં હતાં. **શોભનાને** જોતાં જ હમેશાં આનંદમાં આવી જઈને રમતી—કૂદતી હરિણી આજે શોકાર્ત હૃદયે ત્યાં જ બેસી રહી અને **શોભનાનો** સત્કાર પણ તેણે કર્યો નહિ. "હાય, હાય ! બિચારૂં બચ્ચું છેવટે મરી જ ગયું ! ઓ ઘાતકી હૃદયના **સામંતસિંગ** ! આ નિર્દોષ બાલહરિણુ તારી નિર્દયતાનો ભોગ થયું ! અરેરે ! બિચારી હરિણીને હવે આ ઉદ્યાનમાં રહેવું કેમ ગમશે ? અત્યારથી જ તે કેવી શોકાર્ત થઇને બેઠી છે ! હવે ફરીથી તે રમશે નહિ, કૂદશે નહિ અને તેથી આ ઉદ્યાન હમેશાં ગમગીન જ જણાશે ! ઓ પ્રભુ ! તું મારા ખોળીયામાંથી જીવ લેઇને એ બચ્ચાના ખોળીયામાં મૂક !" એટલું બોલતાં તેનાથી રડી જવાયું. ઓશીયાળા બની ગએલા વદનવાળી હરિણીને જોતાં તો **શોભનાના** હૃદયમાં દયા મોટા વેગથી વહન કરવા લાગી, પરન્તુ હવે તે નિરર્થક થઇ પડી હતી. એટલામાં તેણે **સૂર્યસિંહને** પોતા ભણી આવતો જોયો, તેથી આંસુ લૂછીને તે સ્વસ્થ થઇને ઊભી. **સૂર્યસિંહ** ત્યાં આવી પહોંચતાં જ તે બોલી: "બાપુ ! બિચારૂં બચ્ચું તો રાત્રે મરી ગયું !"

"બસ, મરી ગયું કે ? ત્યારે તો **સામંતે** બિચારાને બહુ

માર્યું હશે. " સૂર્યસિંહે દયા બતાવી.

" મહારાજ ! આજે આપનો બાગ ગોઝારો થયો. આપના બાગમાં કોઇ પણ માણસ નિર્દોષ પ્રાણીનો જીવ લેઈ શકે, એ તો સહન ન થઇ શકે એવી વાત કહેવાય, હોં બાપુ ! " એમ બોલતાં શોભનાની આંખમાંથી પુનઃ આંસુ ખરી પડ્યાં.

" તું ખરૂં કહે છે; હું સામંતને ઠપકો આપીશ કે ફરીથી તે કદાપિ આવું કામ કરે નહિ. "

" નહિ, એટલું જ નહિ, બાપુ ! આપનો બાગ આપને માટે જ નથી પણ પશુ પક્ષીઓને માટે પણ છે. ભ્રમરાઓ આપના બાગનાં ફૂલોનો રસ ચૂસી લે છે તેને કેમ કોઇ અટકાવતું નથી ? તો પછી બાગમાં ભંજવાડ કરવા માટે હરિણને કે ફળવૃક્ષોનાં મ્હોર તોડી લેવા માટે પક્ષીઓને પણ શામાટે શિક્ષા થવી જોઇએ ? રોજ માળી ગોફણમાંથી પત્થર ફેંકીને બિચારાં પક્ષીઓને ઉડાડી મેલે છે, ત્રાસ આપે છે અને કોઇને તો વાગે છે પણ ખરા, તો એટલી પણ નિર્દયતા આપના બાગમાં શામાટે જોઇએ ? "

સૂર્યસિંહ શોભનાના હૃદયની પ્રશંસા કરતો એક સઘળું મૌનપણે સાંભળી રહ્યો.

શોભના આગળ બોલી: " બાપુ ! આ બાલહરિણ તો બિચારૂં જીવ ગુમાવી બેઠું, પરન્તુ તેના સ્મરણ તરીકે આપ આજ ને આજ બાગમાંના સઘળા માળીઓને એવી આજ્ઞા આપી દો કે કોઈએ પણ પક્ષીઓને ઉડાડવાં નહિ અને હરિણોને પજવવાં કે હાંકી મૂકવાં નહિ. મારા પર દયા લાવીને પણ એટલું તો કરો બાપુ ! "

" બહુ સારૂં, તું કહે છે તે પ્રમાણે જ હું સૌને હુકમ કરૂં

છું, પછી તો તું ખુશ થઈશ ને ? બચ્ચું તો બિચારૂં ગયું તે ગયું જ પછી તેની પાછળ વ્યર્થ શોક શીદ કરે છે ? ”

શોભના આંખો લૂછતી મહેલમાં ચાલી ગઇ અને સૂર્યસિંહ બાગમાં ફરતો ફરતો વિચાર કરવા લાગ્યોઃ “ સામંત અને શોભના બન્નેને પ્રભુએ વિષમ હૃદયો આપ્યાં છે ! સામંત તદ્દન નિર્દય દિલનો અને મિજાજી છે ત્યારે શોભના અત્યંત દયાળુ અને નમ્ર સ્વભાવની છે ! એ બન્ને હૃદયોનું એકીકરણ કરવાનુ પરિણામ શું થશે ? વિદ્યાના સંસ્કારથી વાણી સુધરે, રીતભાત સુધરે, બુદ્ધિકૌશલ્ય વધે, પરન્તુ મૂળ સ્વભાવપર તેની કશી જ અસર થતી નથી ! સામંત વધારે ભણશે તો તેથી કદાચ તે વધારે ચતુર થશે, પરન્તુ તેનો નિર્દય સ્વભાવ તો નહિ જ બદલાય ! ત્યારે એ ઘાતકી હૃદય તળે શોભનાનું નમ્ર હૃદય કેટલું દબાશે ? કેટલું વ્યથિત થશે ? અહો ! તેનું માપ હું કેવી રીતે કાઢી શકું ?

“ ઉભયનાં વસ્ત્રના છેડા લઇ ગ્રંથી રચ્યો તો શું ?
“ ઉભયના હાથ જોડીને યુગલ કરવા મથો તો શું ?
“ લગનના મંત્ર બોલીને પતિ–પત્ની કહો તો શું ?
“ અગનને સાક્ષી રાખીને હવિષાન્નો દહો તો શું ?
“ ક્ષણિક જો એકતા દેહો ઉભયનીએ કરો તો શું ?
“ જીગરની એકતા વિણ એકતા જોડી મરો તો શું ?”

મનમાં ઉઠતા તરંગોને અનુસરીને જેમ ફાવ્યું તેમ કવિતાની નવી નવી કડીઓ રચતો, ગણગણતો અને ગાતો સૂર્યસિંહ બાગમાં ફર્યો અને દરેક માળીને તેણે શોભનાની સૂચના પ્રમાણેની આજ્ઞા ફરમાવી દીધી.

પ્રકરણ ૪ થું.

પાપ કે પ્રેમ?

મન સુપવનકી લહર હૈ, કયોં કર પકરે તાય;
જહઁા જનેકી સુરત તહઁા, જાય, જાય, પુનિ જાય !

પ્રવીણસાગર.

એ જ રાજમહેલ હતો, એ જ બાગ હતો, એ જ રાજા હતા, એ જ માળીઓ હતા, અને પોતે પણ એ જ હતી, તોપણ હવે શોભનાને એ સઘળું વિશેષ ને વિશેષ રમણીય દેખાતું હતું. હવે પક્ષીઓને કોઇ બાગમાંથી ઉડાડતું નહિ, હરિણ તથા હરિણીને કોઇ હાંકતું નહિ અને તેથી એ શાંતિયુક્ત બાગ શોભનાના હૃદયને પહેલાં કરતાં વિશેષ પુલકિત કરતો હતો. સામંત પણ રાજમહેલમાં જ રહેતો હતો અને જોકે તેની સાથે શોભનાને વાતચીત કરવાનું ગમતું નહિ, તોપણ હવે તે તેના ઉપર ક્રોધની દૃષ્ટિથી જોતી નહિ. સામંતની આંખમાં કાંઇક અસૂયા ભરેલી હતી પરન્તુ શોભના તે અસૂયાને જોઇ શકતી નહિ, અને તેથી તે પોતાના દિવસો શાંતિપૂર્વક ગુજારતી હતી. સૂર્યસિંહને શોભનાનું ઉદાર હૃદય જોઇને સંતોષ થયો અને જણાયું કે ભવિષ્યમાં તેની એ ઉદાર પ્રકૃતિથી તે આકરા સ્વભાવના સામ-

તને વશ કરનારી નીવડશે. **શોભના** અને **સામંત**ને પુનઃ એક બીજાના વિશેષ પરિચયમાં જોડવાનો કોઇ પ્રસંગ ઉપસ્થિત કરવાનો વિચાર હવે **સૂર્યસિંહ**ના ચિત્તમાં ઉદ્‌ભવ્યો હતો, પરન્તુ એવા કોઇ પ્રસંગની યોજના રચાયા પહેલાં એક બીજો જ આકસ્મિક બનાવ અંતરાયભૂત થઇ પડ્યો.

ભદ્રપુરની મુલાકાતે આવેલા એક અંગ્રેજ અમલદારની સાથે **સૂર્યસિંહ** શિકારે ગયો હતો. **ભદ્ર**પુરની ઉત્તરે એક વન જો કે નિર્ભય ગણાતું હતું તોપણ તેમાં હરિણોની વસ્તી વિશેષ હોવાથી કોઇ કોઇ વાર આસપાસમાંથી વાઘો પણ તે દિશાએ આકર્ષાઇ આવતા હતા. શિકારમાં એકાદ બે હરિણોને માર્યા પછી એકાએક એક વાઘ એક કોતરમાં હાંફતો સૂતેલો **સૂર્યસિંહ**ની દૃષ્ટિએ પડ્યો. બહુ નજીક ગયા વિના જ **સૂર્યસિંહે** વાઘની તરફ એક ગોળી છોડી, પરન્તુ તેથી વાઘ ઘાયલ નહિ થતાં જાગ્રત થયો અને પોતાની સામે ઘોડો અને અસ્વાર જોતાં કોતરમાંથી બહાર દોડી આવ્યો. વાઘને છલગ મારતો પોતાની સામે આવેલો જોતાં જ ઘોડો ભડકયો અને ઝાડ થયો. **સૂર્યસિંહ**નો હાથ બંદૂક સંભાળવા જતાં જરા ઢીલો પડ્યો અને લગામ છૂટી ગઇ. તે જ ક્ષણે **સૂર્યસિંહ** ઘોડાપરથી ઉથલી પડ્યો અને ભડકેલો ઘોડો ચારે પગે ઉછળતો નાઠો. વાઘ ઘોડાની પાછળ ગયો પણ તે પહેલાં **સૂર્યસિંહ** સાથેના અંગ્રેજ અમલદારની ગોળીથી તે ઘવાયો અને એક બીજો ગોળીબહાર થતાંની સાથે તે મરણ પામ્યો. ઘોડો ભયથી ત્રાસ પામીને એકસરખા વેગથી દોડતો **ભદ્ર**પુરના રાજમહેલ પાસે જઇને ઊભો. **સૂર્યસિંહ** ઘોડાપરથી પડવાને લીધે તેને સખ્ત પછાડ વાગી હતી તેમ જ

તેનો હાથ ઉતરી ગયો હતો. કમરના હાડકાને સહેજ ઇજા થઇ હતી પણ તે ગંભીર પ્રકારની નહોતી. પછાડને લીધે તુરતમાં તો તે બેભાન બની ગયો અને શરીરે એવી સખ્ત કળ ચડી કે ભાનમાં આવી ગયા પછી પણ કેટલાક વખતસુધી તેનાથી બોલી શકાયું નહિ. ત્રણેક ઘોડેસ્વારો સૂર્યસિંહની સાથે હતા તેમણે તથા અંગ્રેજી અમલદારે સૂર્યસિંહની સુશ્રૂષા કરવા માંડી. એક વૃક્ષ તળે ઘોડાપરની ગાદી પાથરીને તે પર તેને સુવાડવામાં આવ્યો. તેનાથી હવે ઘોડાપર બેસી શકાય તેવું રહ્યું નહોતું તેથી નગરમાંથી મ્યાનો મંગાવી તેમાં સુવાડીને લઇ જવાનો સૌ વિચાર કરવા લાગ્યા. એક ઘોડેસ્વારને તુરત જ નગરમાં મોકલવામાં આવ્યો, પરન્તુ તે તે પહેલાં તો પંદર-વીસ ઘોડેસ્વારો અને તેની સાથે શાન્તિપ્રસાદ એક ગાડીમાં બેસીને ત્યાં આગળ જ આવી પહોચ્યા. સૂર્યસિંહના ઘોડાને અસ્વાર વિના નાસી આવેલો જોઇને જ રાજમહેલમાંનાં સૌ કોઈ ભયમાં પડ્યાં હતા અને તેથી તુરત જ શાન્તિપ્રસાદ કેટલાક ઘોડેસ્વારોની સાથે ત્યાં આવી પહોંચ્યો હતો. વધુ વિલંબ નહિ કરતાં ગાડીમાં જ સુવાડીને સૂર્યસિંહને નગરમાં લેઇ જવામાં આવ્યો અને તુરત જ વૈદ્ય ડાક્તરોને બોલાવીને ઉપચારોની શરૂઆત કરવામાં આવી. એક પખવાડીયાની કાળજીભરેલી દવા અને માવજત પછી સૂર્યસિંહમાં ચાલવાની શક્તિ આવી પરન્તુ એટલા મંદવાડથી તેનામાં અશક્તિ બહુ આવી ગઇ અને વારંવાર તાવ આવવા લાગ્યો. કોઇ વાર સ્હવારે તો કોઈ વાર રાત્રે તેને તાવ ચડી આવતો અને તે બે-ત્રણ કલાક રહીને ઉતરી જતો. તાવ ન હોય ત્યારે તે રાજમહેલના અંદરના ભાગમાં ફરતો પણ તાવ

આવતો ત્યારે તે પોતાના વાંચવાના ઓરડામાં એક પલંગ ઉપર પડ્યો રહેતો. શરીર સારૂં હોય ત્યારે તો વાંચીને વખત પસાર કરતો, પણ મહેલની બહાર જવાની પરવાનગી ડાકતર તરફથી નહિ મળવાને લીધે મહેલમાં જ પડી રહેવામાં તેને કંટાળો આવતો અને તેથી તાવ ચડ્યો હોય તે વખતના ત્રણ ચાર કલાક પસાર કરવાનું તો તેને બહુ જ આકરૂં થઇ પડતું.

માંદગીના સઘળા દિવસોમાં સૂર્યસિંહની આજ્ઞાથી શોભના અને સામંત એ બન્નેને તેના બિછાનાની પાસે ને પાસે રાખવામાં આવતાં. રાજાની માંદગી એટલે સેંકડો માણસોનાં ટોળાં ખબર અંતર જાણવાને એકઠાં થતાં પણ તેમાંનાં કોઇને ઓરડામાં આવવાની પરવાનગી નહોતી. શરૂઆતમાં કેટલાક દિવસ રમાને પોતાના સ્વામીને એકલા મૂકવાનું ગમ્યું નહિ તેમજ વૃદ્ધ રાજમાતા પણ આખો દિવસ પુત્રના બિછાના પાસે બેસી રહેતાં; પરન્તુ તબીયત સુધરવા લાગી એટલે રમા તેમ જ રાજમાતા બન્નેની ચિંતા ઘટવા પામી અને તેથી તેઓ સૂર્યસિંહની પાસે વખતોવખત આવીને બેસતાં, કાંઇ વાતચીત કરીને તેના કંટાળેલા મગજનો થાક ઉતારતાં અને તેને શાંતિ મળે તેવી વ્યવસ્થા કરતાં; પરન્તુ શોભના અને સામંત તો પડયાંપાથર્યાં ત્યાં જ રહેતાં. તેઓને માટે જમવાનું ભાણું પણ તે ઓરડામાં જ આવતું અને ક્ષણભર ઓરડાની બહાર જવાની પણ તેમને સૂર્યસિંહ તરફની પરવાનગી નહોતી. સંપસંપીને રાજાની માવજત ઉત્તમ પ્રકારે કરવાની શોભના તથા સામંતની એકરૂપ ઇચ્છાને લીધે તેઓમાં ઘણી વાર વાતચીતનો પ્રસંગ પણ ચાલતો પરન્તુ તેથી અંતરની એકરૂપતાનો યોગ તો એકાદ વખત પણ

આવ્યો નહોતો. **સૂર્યસિંહ** માંદગીના બિછાનામાં પડ્યો પડ્યો પણ આ સઘળું બારીક દૃષ્ટિથી જોતો. કોઈ વાર જ્યારે **સૂર્યસિંહ** ઉંઘમાં પડ્યો હોય ત્યારે **શોભના** અને **સામંત** વચ્ચે કાંઈ પ્રાસ્તાવિક વાર્તા ધીમે ધીમે ચાલતી અને તેવી વાતચીતમાંનો કેટલોક ભાગ નિદ્રામાંથી જાગી જતા-છતાં આંખો મીંચીને પડી રહેતા—**સૂર્યસિંહના** સાંભળવામાં પણ આવતો. પરન્તુ આ વાતચીત તેઓનાં અંતર્‌ની વચ્ચે વિશાળ અંતર રહેલું હોવાની જ પ્રતીતિ કરાવતી હતી. ઘણી વાર તેઓની વચ્ચે અનેકાનેક પ્રસંગો વિષે મતભેદ પડતો અને એ મતભેદ બહુધા તેઓના સ્વભાવભેદને અનુસરતો જ હતો. આ પ્રમાણે એક બીજાને સાથે રહેવાનો પ્રસંગ આવ્યા છતાં તે-ઓની વચ્ચે સ્વલ્પ પણ અનુરાગ જાગવા પામ્યો નહિ કે તેઓનો સ્વભાવભેદ દૂર થયો નહિ, એ જોઈ ને સૂર્યસિંહના અંતર્‌માં કાંઇક નિરાશા પણ વ્યાપવા લાગી. કોઇ વાર તેને સ્વલ્પ આશા ઉત્પન્ન થતી તો બીજી વાર તેને નિરાશાજનક સંયોગો દેખાઇ આવતા.

સામંત સૂર્યસિંહને કાંઇ પણ વસ્તુ લાવવા-લેઇ જવાના કામમાં વિશેષ ઉપયોગી થતો, ત્યારે **શોભના** વખત ગાળવામાટે વાતચીત કરવાના કામમાં અથવાતો કાંઇ પુસ્તક વાંચી સંભળાવવાના કામમાં વિશેષ ઉપયોગી થઇ પડતી. રાજ્યકાર્યભારને લગતી કાંઈ વાતચીત દીવાન **શાન્તિપ્રસાદની** સાથે કરવાની હોય તો **સૂર્યસિંહને** કંટાળો આવતો પરન્તુ આખી રાત અને દિવસ જો **શોભનાની** સાથે વાતચીત કરવાની હોય અથવા તો તેની મધુર વાણીમાં કાંઇ પુસ્તક સાંભળવાનું હોય તો **સૂર્યસિંહને** જરા પણ થાક લાગતો નહિ. અનુરાગની વસ્તુપરના સ્વાભાવિક પક્ષપાતનું એ પરિણામ હતું.

એક વાર વાતચીતનો વિષય શોધતાં સૂર્યસિંહે શોભનાને પ્રશ્ન કર્યો: " શોભના ! માણસો માંદા શાથી પડતા હશે ? "

" એ તો હું કેવી રીતે જાણું, બાપુ ? આપે એ સંબંધી પુસ્તકોમાં કશું નથી વાંચ્યું ? " શોભનાએ ઉત્તર આપ્યો.

" વાંચ્યું છે–ઘણુંએ વાંચ્યું છે. પણ એ વિષે તું શું સમજે છે, તે હું જાણવા માંગું છું. "

" માણસ પાપ કરે તો માંદો પડે." શોભનાએ ઉત્તર આપ્યો.

" પાપ કરે તો માંદો પડે ? ત્યારે કહે જોઈએ, મેં શું પાપ કર્યું'તું કે હું માંદો પડ્યો ? "

" બાપુ ! અત્યારે આપને તાવ ચડ્યો છે, માટે એવી પાપ વિષેની વાત જવા દો તો સારૂં. સામંતસિંગ હજી દવા લેઈને આવ્યા નથી, વળી આપનું માથું દુઃખે છે માટે બહુ વાતચીત ન કરવી એવું ડાકટર કહી ગયા છે. "

" મારા કહેવાની અવગણના કરીને તું ડાકટરનું કહેવું માન્ય કરીશ ? "

" એમાં હું આપની અવગણના ક્યાં કરૂં છું બાપુ ? હું તો આપના ચરણની રજ છું. આપને તાવ ઉતરી જશે એટલે આપ કહેશો તેટલી વાત હું તમારી સાથે કરીશ. આપનું માથું દુઃખે છે તો જરા દાબવા બેસું ? "

સૂર્યસિંહે હા કહી એટલે પલંગની ઇસ ઉપર બેસી શોભનાએ માથું દાબવા માંડ્યું. એના નાના સુંવાળા હાથના સ્પર્શે સૂર્યસિંહને ક્ષણભર મોહસ્વપ્નમાં રમાડ્યો. ઘણી જ કાળજીથી શોભનાના કરપલ્લવ સૂર્યસિંહના કપાળ અને મસ્તકપર ધીમે ધીમે પડતા

હતા. સૂર્યસિંહ જ્વરના આતાપમાં આંખો મીંચી દેતો ત્યારે શોભનાનાં લોચન તેના મુખકમળપર પડતાં અને સૂર્યસિંહ આંખો ઉઘાડતો તે જ ક્ષણે શોભના પોતાની દૃષ્ટિને પાછી બોલાવી લેતી. સૂર્યસિંહે કહ્યું: " શોભના ! તેં મારા સવાલનો જવાબ ન જ આપ્યો કે ? કહે મેં શું પાપ કર્યું હતું કે હું માંદો પડ્યો ? "

" બાપુ ! તાવ સખત છે અને એવી વાતમાં મગજમારી કરવાનું રહેવા દો. "

" તાવ ? તાવ તો તારા કોમળ હસ્ત મારા કપાળને અડકતાંની સાથે જ પલાયન કરી ગયો છે. મારા શરીરમાં તાવ હોય એમ મને સાંભરતું નથી. "

" આવું ગાંડું-ગાંડું શું બોલો છો બાપુ.? "

" શોભના ! શું હું ગાંડો બની ગયો છું ? ત્યારે શું તને મારા શરીરમાં તાવ છે એમ લાગે છે ? "

" હા, બાપુ ! "

" બસ, ભલે રહ્યો એ તાવ ત્યારે ! મારા કપાળપર તારો હાથ રાખ, પછી એ તાવ પણ મને મધુરો–વ્હાલો લાગે છે, શોભના ! "

શોભના મૌન રહી. અંતરથી કિંચિત્ લજ્જા પામી હોય તેવી રીતે તેનાં નેત્રો સ્વલ્પ ખંચાયાં. તે ક્ષણે તેના હસ્ત સ્થિર થઈ ગયા. પુનઃ હસ્તોએ પોતાનું કામ ચાલુ કર્યું. સૂર્યસિંહે કહ્યું: " મારો તાવ ઉડી ગયો છે; દે હવે મારા સવાલનો જવાબ. "

" બાપુ ! માણસ પાપ કરે તો માંદો પડે. આપ જંગલમાં શિકાર કરવા ગયા'તા, ત્યાં વાઘને મારવાની હામ બીડી એ તો ઠીક,

પણ બિચારાં નિર્દોષ હરણિયાંને માર્યાં એ શું પાપ નહિ ? કોઇ હરિણ પોતાની માતા સાથે રમતાં હશે, કોઇ બચ્ચાંઓ માતાઓની ગોદમાં સૂતાં હશે, તેઓને વિખૂટાં પાડીને ત્રાસ આપવો, મારવાં, પકડવાં, એ મોટું પાપ કહેવાય. આ જગતનો ધણી સૌ ઉપર સમાન દૃષ્ટિએ જુએ છે તો આપણ મનુષ્યને નિર્દોષ જીવોના પ્રાણ હરવાનો અધિકાર નથી. એ જ પાપ અને એમાંથી જ આપ માંદા પડ્યા. ”

સૂર્યસિંહ ક્ષણભર વિચારમાં પડી ગયો. એ બાળાની તર્કશક્તિ કેટલે દૂરસુધી કામ કરી શકતી હતી તે તેના જોવામાં આવ્યું અને તે આશ્ચર્ય પામ્યો. તેના હૃદયની નિઃસીમ દયાળુતા પણ તે આશ્ચર્યની જનેતા થઇ પડી. તેણે એ બાળાના હૃદયનું વિશેષ ઉંડાણ માપવાને પૂછ્યું: “ શોભના ! ઇશ્વર પાપનો બદલો એટલો વહેલો આપતો હશે શું ? ”

“ એ તો પંડિતો જાણે; હું શું જાણું ? ”

“ તું પણ ક્યાં પંડિત નથી ? તું ભલે અભ્યાસથી પંડિત ન બની હોય, પરન્તુ કુદરતે તો તને પંડિત જ બનાવી છે.* શું તું એવું કહે છે કે હવેથી મારે શિકારે ન જવું ? શિકાર તો ક્ષત્રિયનો ધર્મ છે. ”

“ પણ નિરૂપદ્રવી અને નિર્દોષ પ્રાણીને બેજાન કરવાં એ ક્ષત્રિયનો ધર્મ ન હોય બાપુ ! અને કદાચ પંડિત જનોએ ક્ષત્રિયોને માટે એવો ધર્મ ઠરાવ્યો હોય તો એ પંડિતો પોતે પણ પાપીઓ હોવા જોઇએ ! ”

---

* स्त्रियो हि नाम खल्वेता निसर्गादेव पंडिताः ॥

શોભનાના આટલા હિંમતભરેલા શબ્દો સાંભળીને સૂર્યસિંહ તેના વદન સામે ક્ષણભર એકી ટશે નિહાળી રહ્યો. શોભનાએ નેત્રોને ખસેડ્યાં પરન્તુ પુનઃ એક ક્ષણ પછી નેત્રો મળ્યાં અને શોભનાના મુખમાંથી સ્મિત સરી પડ્યું. એ સ્મિતમાં, એ વાણીમાં, એ દયાળુતામાં અને એ હૃદયમાં સૂર્યસિંહ મુગ્ધતાને અનુભવવા લાગ્યો. શોભનાપરનો અનુરાગ હૃદયમાં આવેશને જન્મ આપતો હોય તેમ સૂર્યસિંહને લાગ્યું. તેના શરીરમાં તાવ હતો પરન્તુ તે તાવ તેના હૃદય ઉપર જરાએ અસર કરી શકતો નહોતો. તેણે પોતાનો હાથ ઉંચો કરીને હાથને શોભનાના ખભાપર વિરામ આપ્યો. તેના રૂચિર વદન સામે સીધી દૃષ્ટિ કરીને અનુરાગમુગ્ધતામાં સૂર્યસિંહ બોલ્યો. "શોભના ! શોભના ! મને તું મારો રાજધર્મ શીખવ."

શોભના શરમાઇ ગઇ. પોતે મૂર્ખતાભર્યું બોલી ગઇ હોવાથી રાજાજી પોતાની મશ્કરી કરે છે એમ જ તેને લાગ્યું. તે ઓશિઆળું મ્હોં કરીને બોલીઃ "બાપુ ! હું તો બાળક છું. કાંઇ ગાંડું બોલી ગઇ હોઉં તો માફ કરજો. રોષ આણશો નહિ."

"નહિ, નહિ, શોભના ! મને રોષ નથી ચડ્યો, હું તારી મશ્કરી નથી કરતો. ભણ્યો ગણ્યો હોવા છતાં સદસદ્‌વિવેકબુદ્ધિ વિનાનો રાજા રાજ્ય કરવાને લાયક નથી. તારા જેવી બાળા પાસેથી જ, ખરેખર, મારા જેવા રાજાએ રાજધર્મ શીખવો જોઇએ, મધુરી!" ઉપકૃતતાના ભાર નીચે દબાઇ ગયો હોય તેવી રીતે સૂર્યસિંહ કાંઇક પરવશ હૃદયે બોલ્યો.

"હવે બહુ બોલશો નહિ, વળી ફરીથી આપનું માથું ચડશે. હવે તો ઉતરી ગયું છે ને ? દાબવું બંધ રાખું ?" શોભનાએ વધુ

વાર્તાલાપનો પ્રસંગ ટાળી દેવાને તથા સૂર્યસિંહની અત્યંત નિકટતામાંથી જરા ખસી જવાને કહ્યું.

"માથું તો ઉતરી ગયું છે અને તાવ પણ ચાલ્યો ગયો છે, પણ–પણ–શોભના ! મારી સાથે બોલવાની કે મારી પાસે બેસવાની પણ તું શું ના કહે છે ?"

"ના બાપુ ! હું કયાં એમ કહું છું ? આપની સેવામાં જ હાજર છું. કહો તો મારાં બાઇસાહેબને બોલાવું. અમે બન્ને આપની સેવામાં હાજર રહીશું."

"હું માત્ર તારી વાણીનો ભૂખ્યો છું. રાત દહાડો તું મારી સાથે વાતો કર્યા કર, મારી પાસે બેસીને વાંચ્યા કર અને તને આવડે છે તે ગીતો ગાયાં કર ! બસ, પછી હું દર્દની કે દુઃખની ફરિયાદ નહિ કરૂં. દવાની કે ડાક્તરની પરવાહ નહિ કરૂં ! ઓ શોભના! મારી મધુરી શોભના !" આવેશયુક્ત હૃદયે સૂર્યસિંહે શોભનાના કંઠમાં પોતાના બન્ને હાથ આરોપ્યા. તેના સસ્મિત વદનને પોતાના ઓષ્ઠસુધી ખેંચ્યું અને એક મધુરૂં ચુંબન લીધું. શોભના મુગ્ધાની પેઠે કાંઇક ગભરાઇ પણ અનુકૂલા બની રહી !

પરન્તુ સૂર્યસિંહ પાછો બિછાનામાં પડે તે પહેલાં ઓરડાની પાછળનું દ્વાર ઉઘડયું અને અર્ધઉઘાડા દ્વારમાંથી રાણી રમાકુંવરે એ દસ્ય જોયું. તે જ ક્ષણે તે બેભાન બનીને બારણામાં જ પછડાઇ અને શોભના તથા સૂર્યસિંહ ચમકી ઉઠયાં ! "હાય ! આ તે પાપ કે પ્રેમ ?" એ કારમા શબ્દો સૂર્યસિંહના મુખમાંથી નીકળી પડ્યા.

પ્રકરણ ૫ મું.

દિલ 'પ્રેમ' માને છે, જગત્ 'પાપ' કહે છે !

ન થા ન્યારી : ન થા ઘેલી : ન થા વ્હેમી : ન થા મેલી !
કરી મારૂં હૃદય તારૂં, હવે શંકા પ્રિયે ! શાની ?

*   *   *   *

હૈયું હનુમાનનું ચીર્યું, નિહાળી રામની મૂર્તિ;
હૃદય મારૂં અરીસો છે, ઉઘાડી તું ભલે જો તે !

કલાપી.

પરન્તુ તે શબ્દો રમાએ સાંભળ્યા નહોતા, કારણકે તે કેવળ અચેતન બની ગઈ હતી ! નિકટમાં બીજું કોઇ હતું નહિ તેથી તે એ અચેતન દેહની સુશ્રૂષા પણ તત્કાળ થઇ નહિ. સૂર્યસિંહના શરીરમાં તાવ ભરાયો હતો અને પોતાનો શોભનાપરનો પ્રેમ રમાના હૃદયમાં 'પાપ' રૂપ ભાસ્યો હતો તેથી તથા એ ગુપ્ત દશ્ય તરફ રમાના હૃદયમાં ઇર્ષ્યા જાગ્રત થઇ ચૂકી હતી તેથી પણ સૂર્યસિંહ જો જગતના બીજા પતિઓના જેવો જ હોત તો રમાની વ્હારે જાત નહિ, પરન્તુ તે તેવો ન હોતો ! તે સફાળો બિછાનામાંથી ઉઠ્યો અને તે સાથે જ શોભના પણ રમાની તરફ દોડી ગઇ. બન્નેએ કોઇને જણાવ્યા વિના તેને ભાનમાં લાવવાના ઉપચારો કરવા માંડ્યા, પરન્તુ બન્નેનાં દિલ તો થરથરતાં જ હતાં. સુષુપ્તિમાં પડેલી છેડાએલી સિંહણને આહ્વાન કરીને ગુફાની

બહાર બોલાવ્યા પછી તે સિંહણ પોતાને શું કરશે તેનો ભય એ ઉભય હૃદયોને કમ્પાવતો હતો, તોપણ કુદરતે સોંપેલી ફરજમાંથી ડગીને દૂર જતા રહેવાનું ઉઘાડું પાપ તો એ હૃદયો ન જ કરી શક્યાં. બન્નેએ ઉપચાર ચાલુ રાખ્યા અને એકાદ ઘટિકામાં રમા ભાનમાં આવી તથા વસ્ત્રો સંભાળીને દૂર ખસી. તેની આંખમાંથી અપ્રતિહત અશ્રુધારા વહન કરી રહી હતી. ભાનમાં આવ્યા પછી બે એક પળસુધી એકીદષ્ટે સૂર્યસિંહની સામે જોઈ રહી, કાંઇ પણ નહિ બોલતાં તે ત્યાંથી ચાલી ગઇ ! તે ક્ષણે સૂર્યસિંહનાં નેત્રોમાંથી અશ્રુ ખર્યાં. રમા મ્હોંથી કાંઇ પણ બોલી નહોતી, પરન્તુએ હૃદય અંતર્માં શું પોકારી રહ્યું હશે તે સૂર્યસિંહના લક્ષ બહાર નહોતું. હવે તેને સમજાયું કે "દિલ **પ્રેમ** માને છે, જગત્ **પાપ** કહે છે!"

એ જ વિચારમાં અર્ધા કલાક સુધી તાવથી હાંફતો અને હૃદયના સંતાપથી પીડાતો તે સ્થિર ઊભો રહ્યો. આસપાસ કોણ હતું તેનું તેને ભાન નહોતું. એક ખૂણામાં મ્હોં છુપાવીને રડતી બેઠેલી શોભના તરફ હવે તેની દૃષ્ટિ વળી અને તે જ સાથે દિગ્મૂઢ બનીને ઊભેલો સામંત તે વખતે તેના જોવામાં આવ્યો. શોભનાના સરલ સુકોમળ હૃદયને આશ્વાસનની અગત્ય હતી, પરન્તુ સામંતની હાજરીમાં તેટલું આશ્વાસન પણ આપવું તે જગતની દૃષ્ટિમાં પાપરૂપ હતું અને તેથી તે કાંઈ પણ નહિ બોલતાં પુનઃ બિછાનામાં પડ્યો. હવે તેના દિલને સમજાયું છે કે દિલની માન્યતામાં અને જગતની માન્યતામાં વિશાળ અંતર રહેલું છે ! દિલના સત્યને જગત્ જૂઠ કહે છે ! એ જૂઠના જમાનામાં જીવવા માટે દિલની નીતિનું પાલન નહિ પણ જગતની નીતિનું પાલન કરવું પડે છે ! સૂર્યસિંહનું હૃદય પોકારી ઉઠ્યું: " ઓ ઈશ્વર ! હૃદય અને જગત્ વચ્ચે આટલા

વિશાળ અંતરવાળા જમાનામાં તેં મને કેમ જન્મ આપ્યો ?"

થોડો વધુ વખત વ્યતીત થઈ ગયો પરન્તુ હજી **શોભનાનું** રોદન પૂરું નહોતું થયું, **સૂર્યસિંહ**ની વિચારમાળા પૂરી થઈ નહોતી કે **સામંત**ની વિચારદઢતાનો અંત આવ્યો નહોતો. એકસરખી શાન્તિ અને મૌનતા વ્યાપી રહી હતી તેનો ભંગ કરતાં **સામંતે** કહ્યું: " બાપુ ! વખત થયો છે માટે દવા પીશો ? "

સૂર્યસિંહે દવા પીધી. શરીરને તો કરાર મળ્યો જ નહોતો, પરંતુ હજી દિલ પણ ઉદ્વિગ્ન જ હતું. તે બિછાનામાંથી ઉઠ્યો અને ઓરડાની બહાર નીકળ્યો. 'રાજાજીને હરવા–ફરવાની ઇચ્છા થઇ છે' એવું જાણીને **સામંત સૂર્યસિંહ**ની પાછળ પાછળ ચાલ્યો. માંદા માણસને એકલા ફરવા પણ ન દેવું જોઇએ એવું તે સમજતો હતો. **સૂર્યસિંહ** ઓરડાની બહાર નીકળીને ધીમે પગલે દાદરપર ચડ્યો. બીજા જ માળ ઉપર રાણીવાસ હતો. **સૂર્યસિંહ રમાના** સૂવાના ઓરડાના દ્વારમાં પેઠો, એટલે **સામંત** બહાર અટકીને ઊભો. રાજા અને રાણીના એકાંત પ્રસંગમાં પોતે જવું એ તેને ઊચિત ન લાગ્યું અને તેથી તે ઓરડાની બહાર જ ઊભો રહ્યો.

રમાનાં નેત્રોમાં હજી પણ ક્રોધ હતો, અંતરૂમાં વિહ્વળતા હતી અને ચિત્તમાં ઉદ્વેગ હતો. તે બિછાનામાં પડી પડી આંસુ સારતી હતી. પાસે એક દાસી રાણીની એ સ્થિતિનું કારણ જાણ્યા વિના જ " બાઇસાહેબ ! આમ તે શું કરતાં હશો ? પણ જરા કહો તો ખરાં, તમને શું થયું છે ? એકાએક ગભરાઈ શું જતાં હશે ?" એમ આશ્વાસન આપતી બેઠી હતી, તે **સૂર્યસિંહ** ઓરડામાં પેસતાં જ ત્યાંથી ચાલી ગઈ. ક્રોધથી વિહ્વળ બની ગએલી

રાણીને રાજા પાસે આવ્યાની ખબર નહોતી. સૂર્યસિંહ પલંગની એક બાજુએ બેઠો. રોષ પામેલી સુંદરીને મનાવતાં જે ઉપચારોની અગત્ય હોય છે તે સૂર્યસિંહ જાણતો હતો, પરન્તુ અત્યારે તેવાં ઉપચારો કરવા જેટલું તેના શરીરમાં કે હૃદયમાં સામર્થ્ય નહોતું. આસ્તેથી રમાના મસ્તકપર હાથ મૂકીને તે બોલ્યોઃ " રમા ! "

રમા ઉંઘમાંથી જેમ બ્હેબાકળી જાગી ઉઠે તેવી રીતે ઝબકી ગઇ. બોલનારને નેત્રોથી જોયા વિના જ સ્વરે પરિચય કરાવી દીધો હતો એટલે તે જરા સ્વસ્થ બનીને સૂતી. સૂર્યસિંહે પુનઃ ઉચ્ચાર કર્યોઃ " રમા ! "

" મહારાજ ! આપને તો મેં દુઃખી કર્યા, પણ હું અભાગણીને હવે આપ શાને દુઃખી કરો છો ? અહીં આવવા જેટલી તસ્દી શા-માટે લીધી ? " રમાએ સૂતાં સૂતાં જ કહ્યું.

" રમા ! હું તને દુઃખ કરવા જ આવ્યો છું એમ તું સમ-જતી હોય તોપણ મારી ખાતર થોડું વધારે દુઃખ વેઠીને પણ જરા સ્વસ્થ થા અને બેસ; મારી સાથે થોડી વાત કરીને મને શાન્તિ આપ !"

રમા સ્વામીની આજ્ઞાને માન્ય કરીને બેઠી થઈ ખરી, પરન્તુ નેત્રોની સામે નેત્રો કરવા જેટલી સ્વસ્થતા તેના ચિત્તમાં નહોતી. તે નીચું જ જોઇ રહી. સૂર્યસિંહે પૂછ્યુંઃ " રમા ! અંતર્‌માં જરા પણ પડદો રાખ્યા વિના મને કહી દે કે અત્યારે તેં જે દૃશ્ય જોયું તેણે તારા હૃદયમાં શા ભાવો જાગ્રત કર્યા છે ?"

" કાંઈ જ નહિ." ટૂંકો ઉત્તર મળ્યો.

" નહિ, તું મારાથી કાંઈ પણ છૂપું નહિ રાખ, હું પણ તારાથી

કાંઇ છૂપું રાખવા માંગતો નથી. માટે તારા હૃદયનો સઘળો ખુલાસો કરી નાંખ."

"હું શું ખુલાસો કરૂં ? હું પોતે જ મારી મૂર્ખતાને માટે પસ્તાઉં છું. મેં પોતે જ નાગણીને પાળી પોષીને મોટી કરી તે અત્યારે મને પોતાને જ ડસવાને તૈયાર થઇ છે, મહારાજ !"

"તું શા ઉપરથી માને છે કે તે તને ડસવાને જ તૈયાર થઇ છે ? હા, શોભના મને ગમે છે, તેનો રમતિયાળ સ્વભાવ મારા હૃદયને પ્રમોદે છે, તેનું નિર્મળ ચિત્ત મને આહ્‌લાદ આપે છે, અને તેથી તેને હું ચાહું છું–હું સત્ય જ કહું છું કે તેને હું ચાહું છું–"

"બસ કરો, મહારાજ ! બસ કરો ! મને હવે વધારે નહિ સંભળાવો ! હાય હાય ! આ શબ્દો સાંભળતાં મારૂં હૃદય કેમ તૂટી પડતું નથી ? એક વાર જે જોયું હતું તે ન જોયું કર્યું હતું અને મનનો વ્હેમ તથા ભ્રમણા જણાઇ હતી, પરન્તુ આજે ખુલ્લી આંખે જોયા પછી પણ, ઓ આંખો ! હજી તમે કેમ ફૂટી ગઇ નથી ?" રમા સંતાપ દર્શાવતી બોલી.

"રમા ! તું શાને એટલી આકળી થાય છે ? મારૂં કહેવું પૂરે-પૂરૂં સાંભળ્યા વિના તું શાને આટલો સંતાપ કરે છે ? શોભના મારી પુત્રી છે–હું તેનો પિતા છું; બસ, હવે તારે જે કહેવું હોય તે મને કહી દે !"

અત્યારસુધી સ્વામીની સામે એકદૃષ્ટે ક્ષણભર પણ નજર નહિ કરનારી રમા આ શબ્દો સાંભળતાં જ શૂન્ય જેવી બનીને રાજાની સામે જોઇ રહી ! ક્ષણભર કિંકર્તવ્યવિમૂઢ જેવી બની રહીને તે બોલીઃ "મહારાજ ! પગલાં બેવડાં પાપમાં પડે છે, માટે

જરા વિચારીને બોલો !"

"મારે કાંઇ વિચાર કરવાનો જ છે નહિ. મારા હૃદયમાં જે કાંઇ હતું તે હું બોલ્યો છું. મારો અને શોભનાનો એ નિર્દોષ સંબંધ હતો, છે, અને કાયમ રહેશે. બીજાઓ અન્યથા માને, જુએ, તેઓનાં મ્હોં કે આંખોની આડે હું કેવી રીતે હાથ દઉં ? રમા ! વ્હાલી રમા! એક પિતાને પુત્રીપર વ્હાલ દર્શાવવાનો પણ અધિકાર નહિ જ કે ?"

રમા ઉત્તર નહિ આપતાં મૌન બેસી રહી.

"હા, હૃદય અને જગત્ વચ્ચે જે અંતર રહેલું છે, તે મારા જાણવામાં હવે આવ્યું છે. જે વાત્સલ્યને હૃદય 'પ્રેમ' કહે છે, તેને જ જગત્ 'પાપ' કહે છે, પરન્તુ એવા જૂઠાબોલા જગતની પરીક્ષામાં પાસ થવાની મારે શામાટે પરવાહ કરવી જોઇએ ?"

"જગતની પરવાહ ભલે નહિ કરશો, પરન્તુ મારી પરવાહ પણ તમોને નથી કે ?" રમાએ કાંઇક ધીરી પડીને પૂછ્યું.

"તારી પરવાહ મને નથી એમ જો હું કહું તો મારા જેવો બીજો પાપી કોણ કહેવાય ? પરન્તુ હા, મને તારા હૃદયની જ માત્ર પરવાહ છે, તારી મૂર્ખતાભરી ગેરસમજણની નથી !"

"મારી ગેરસમજણ થઇ એટલું સિદ્ધ કરી બતાવો !" રમાએ જણાવ્યું.

"મારા બોલપર વિશ્વાસ રાખ, અને તે વિશ્વાસ ન રહેતો હોય તો મારૂં હૃદય ચીરીને જો ! તેમાં રમા પણ છે અને શોભના પણ છે, પરન્તુ રમા કઈ પદવીમાં છે અને શોભના કઇ પદવીમાં છે તે બરાબર જોઇ લેજે !"

" મહારાજ ! હું ભૂલી હોઉં તો ક્ષમા કરજો. પણ હૃદય કાંઇ ચીરી શકાતું નથી અને તેમાં શું રહેલું છે, તે જોઇ શકાતું નથી. આચાર હોય તે ઉપરથી જણાય કે વિચારમાં શું રહેલું છે, માટે ગયા બનાવને વિસરી જઉં, પણ ભવિષ્યની શી ખાત્રી ? "

" અરેરે ! રમા ! આટલું કહેતાં છતાં પણ શું તને મારી પ્રતીતિ આવતી નથી ? પણ તેમાં તારો વાંક નથી ! જે રજકણોનું પ્રભુએ મારૂં હૃદય ઘડયું છે તે જ રજકણોનું તારૂં હૃદય નથી ઘડયું એટલે તું મારા હૃદયને ન ઓળખે તો તેમાં તારો વાંક નથી ! "

" માનો કે હું તમારા હૃદયને ઓળખું છું, પરન્તુ પ્રભુએ આપેલી આ સ્થૂલ દૃષ્ટિ કેમ માની શકે નાથ ? "

" તો હવે તારી ખાતર તું કહે તે ભોગ આપવાને હું તૈયાર છું ! 'પ્રેમ' ના બદલામાં જગત્ પ્રાયશ્ચિત્ત આપવા ઇચ્છતું હોય તો તે જગત્‌માં જીવતા રહેવાની ખાતર—તેવું જ જોઇએ, રમા ! "

" પુનઃ હૂં એવું દૃશ્ય સહન કરી શકીશ નહિ, નાથ ! "

" એટલે, શોભનાને હું હવેથી હમેશને માટે મારી દૃષ્ટિથી અલગ રાખવાને તૈયાર છું; એથી તું સંતુષ્ટ રહીશ ? "

" હા ! " રમાએ ઉત્તર આપ્યો સૂર્યસિંહને એ ઉત્તરમાં નિષ્ઠુરતા ભાસી.

"જે હૃદય અત્યારે મારા તરફ ઘાતકી થતું હોય એમ મને લાગે છે, તે હૃદય પોતે પોતાની દયાળુતા માને છે ! "

" ના, હું દયાળુ નથી થતી એમ હું સમજું છું. શોભનાને આપનાથી દૂર રાખવાથી હું તમારાપર ઘાતકી બનું છું એમ મને લાગે છે, પણ હું શું કરૂં ? મારૂં મન બીજી કોઇ રીતે સંતુષ્ટ નથી થતું, નાથ ? "

" ભલે! તને સંતોષ આપવાની હું મારી ફરજ સમજું છું અને તેટલા ખાતર તું કહે તે ભોગ આપવાને હું તૈયાર છું. અત્યારે જ એક દાસીને મોકલીને **શોભના**ને મારા સૂવાના ઓરડામાંથી મહેલના કોઈ બીજા ભાગમાં રહેવા જવાનું કહે અને થોડા જ વખતમાં હું હવે **સામંત** સાથે તેનું લગ્ન કરી નાંખીશ." એટલું બોલતાં જ **સૂર્યસિંહ**ના હૃદયપર આઘાત થયો. હૃદય નિર્બળતાને અનુભવતું હોય, ચિત્ત ભ્રમતું હોય, અને અંગોપાંગ શિથિલ બની જતાં હોય તેવી રીતે **સૂર્યસિંહ** **રમા**ના પલંગ ઉપર જ સૂઇ ગયો. **રમા** શાન્ત બની વિચારમાં લીન થઇ. થોડી વારે તે બહાર જઇને **શોભના**ને સૂર્યસિંહના ઓરડામાંથી નીકળી જવા અને ફરીથી કોઇ વાર તે ઓરડામાં કે રાજાજીની પાસે બીજી કોઇ જગ્યાએ પણ નહિ જવાનું પોતાની દાસી માર્ફતે કહેવરાવ્યું.

પ્રકરણ ૬ ઠું.

શોભના અને સામંત.

દુઃખીના દુઃખની વાતો, સુખી ના સમજી શકે,
સુખી જો સમજે પૂરું, દુઃખ ના વિશ્વમાં ટકે.

ખબરદાર.

સૂર્યસિંહ રમાની પાસે ગયો અને સામંત તેની પાછળ પાછળ ગયો, એટલે શોભના તે ઓરડામાંથી નીકળીને દાસીઓને રહેવાના ઓરડામાં જઇને એક બાજુએ ગુપચુપ બેસી રહી. તેના હૃદયમાં અત્યારે જે ગભરામણ થતી હતી તે અપરિમિત હતી. પોતાથી અપરાધ થઇ ગયો એ ભાન અપરાધ થતી વખતે નહોતું, પરન્તુ હવે એ ભાન આવ્યું અને પોતે આટલી ઉગતી વયે રાજાના સમાગમમાં વધુ વખત રહેવું એ પણ પાપ છે એવું તેને સમજાયું. હૃદયની નિર્દોષતા અત્યારસુધી આખા જગતને નિર્દોષ જ સમજતી હતી, તે હવે ભાનમાં આવી કે જગત્ નિર્દોષતામાંથી પણ દોષ શોધી કાઢે છે અને દોષ ન હોય તોપણ તેમાં કૃત્રિમ દોષનું આરોપણ કરે છે ! આમ વિચારતાં શોભનાને પોતાના ઉપર પણ ક્રોધ ચડ્યો. રાજાનું હૃદય નિર્દોષ હતું, તેનું એ ચુંબન પણ નિર્દોષ હતું, એ તે બાળા નહોતી

સમજતી એમ કંઈ નહોતું; પરન્તુ એ વ્યાપારને નિર્દોષ સમજનારાં ઉદાર સત્ત્વો આ જગતમાં બિલકુલ નથી એ તો તે આ વખતે જ સમજી ! તે મનમાં જ રડતી રડતી બોલી: "અરર ! મારી પાલક માતારૂપ રમા ! અત્યારે તારા દિલમાં શા તર્કવિતર્કો થયાં કરતા હશે ? તું એમ માનતી હોઇશ કે જેને દૂધ પાઇને ઉછેરી તે જ સર્પિણી બનીને કરડવા ધાઇ ! હાય, હાય ! હવે તું મને જોઇને શું કદાપિ આનંદ પામીશ ? "મારી શોભના" કહેતાં જેની જીભ પણ સુકાતી નહોતી તે જ હવે શું મને મરી ગએલી અગર તો આ મહેલમાંથી ટળી ગએલી જોઇને આનંદ પામશે ? ઓ માતા ! ઓ બ્હેન ! ઓ સખી ! તારી એટલી ભયંકર કોપજ્વાળા હવે મારાથી શી રીતે સહન થશે ? તારૂં સસ્મિત વદન હવે હું શું કદાપિ નહિ જ જોઉં ? હા, મને જોઇને હવે તને આનંદનો ઊમળકો ક્યાંથી આ-વવાનો હતો કે તને જરાએ સ્મિત આવે ? હવેથી હું તારી સાથે સ્ત્રીવિહારોદ્યાનમાં ફરી શકીશ નહિ, હવે હું તારા પતિનું મુખ જોવામાં પણ પાતકી અને અપરાધી લેખાઇશ ! ઓ ક્રૂરતા ! એકા-એક તેં મારા ઉપર આવડો મોટો હુમલો કેમ કર્યો !"

સૂર્યસિંહના સંબંધના વિચારો હવે તેના દિલમાં ઉભરાઇ આવ્યા: "હવે રમા મને રાજાની પાસે ક્ષણભર પણ રહેવા દેવાની નથી, તેમ જ રાજાજીને મારી સાથે વાતચીત કરવા દેવાની પણ નથી ! હાય, હાય ! એ સ્નેહજળમાં ઉછરેલી માછલી હવે તેનાથી જુદી કેવી રીતે રહી શકશે ? પુસ્તકોની વાતોના વિચારમાં અને ચર્ચામાં કલાકોના કલાકો વીતી જતા હતા અને વખતની ખબર પણ રહેતી નહિ, જેમ વખત વધારે જતો તેમ વધારે રસમયતા દ્રવતી હતી, હવે તેના વિના મને જીવવું પણ કેમ ગમશે ? બસ,

આજથી મારે માટે બંધીખાનું નક્કી થઈ ચૂક્યું! જ્યાં રાજાજી હોય ત્યાં હું નહિ, અને હું હોઉં ત્યાં રાજાજી નહિ!" આ વિચારો ચાલતા હતા, તેવામાં **રમા**ની દાસી **શોભના**ને શોધતી શોધતી ત્યાં આવી પહોંચી. તે **શોભના**ને **સૂર્યસિંહ**ના ઓરડામાંથી નીકળી જવાનું જ કહેવા આવી હતી, પરન્તુ તે તો તે પહેલાં જ ત્યાંથી નીકળી ચૂકી હોવાથી દાસીએ માત્ર તેને એટલું જ કહ્યું કે: "રાણીસાહેબે કહ્યું છે કે હવેથી કોઈ વાર તારે રાજાજીની પાસે રહેવું નહિ કે તેમની પાસે જવું નહિ;" ઉપરાંતમાં દાસીએ પોતાના તરફનો મનાઈ હુકમ વિસ્તારતાં જણાવ્યું: "અને રાજાજી સાથે વાતચીત પણ કોઈ વાર કરવી નહિ!"

આ હુકમે **શોભના**ને કાંઈ નવાઈ ઉપજાવી નહિ. તેનું સ્વાભાવિકપણું તે સમજતી હતી. દાસી તો **રમા**ની આ આજ્ઞા સંભળાવીને ઉત્તર મેળવવાની રાહ પણ જોયા વિના ત્યાંથી ચાલી ગઈ. હજી તો દાસી ઓરડાની બહાર જ નીકળી હતી, એટલામાં **સામંત** ત્યાં આગળ આવી પહોંચ્યો. તેણે રાજા અને રાણી વચ્ચેની સઘળી વાતચીત સાંભળી હતી, તે પરથી પોતાની ગેરહાજરીમાં બની ગએલા બનાવની માહિતી તેને મળી ચૂકી હતી. **શોભના** રાજા અને રાણી બન્નેની માનીતી હતી પરન્તુ અત્યારથી તેનું માન ઉતરી ગયું હતું, એ **સામંત**ના સમજવામાં આવી ગયું. વળી **શોભના** પોતાની જ પત્ની થવાની છે એ પણ તે સમજી ગયો. રાજાની તેના પરની કૃપાનું કારણ પણ તે હવે સમજ્યો. **શોભના** ઉપર **સામંત**ના હૃદયમાં બહુ જ દાઝ હતી, અને એક વાર તેને રાજાજી પાસે **શોભના**એ ઠપકો અપાવ્યો હતો ત્યારથી બહારથી જણાવા દીધા સિવાય અંતરમાં તે **શોભના** પ્રત્યે વૈર રાખતો હતો. આ વૈર વાળવાનો

હવે ખરેખરો પ્રસંગ આવી લાગ્યો હતો એમ સામંતને જણાયું. શોભનાની પાસે આવતાં જ તે ગુસ્સો દર્શાવતો બોલ્યો: ! "હત્ રાંડ પાપણી ! મળ્યું હવે તને તારા પાપનું ફળ ?"

શોભના કાંઇ પણ ઉત્તર નહિ આપતાં દિગ્મૂઢ બનીને સામંતની સામે જોઈ રહી. તેની આંખોમાં આંસુ ઝમી આવ્યાં. સામંત બોલ્યો: " રાજાની માનીતી દાસી બનીને બહુ ફુંગરાતી ફરતી હતી, તે હવે સંધી થઈ ગઇ ! તેં શું તારૂં કાળું કર્યું તે તો કહે !"

શોભના ગભરાએલી હતી પણ સામંતનાં અસત્ય વચનો સાંભળીને તેને ગુસ્સો ચડી આવ્યો. તે બોલી: " સામંતસિંહ ! હું પાપણી હોઇશ તો મને તેનાં ફળ મળશે. તેમાં તમારે શું ?"

" મારે શું કેમ ? રંડા ! થોડા દિવસ પછી તું બધુંએ જોઈશ કે તારા શા હવાલ થાય છે !"

" મારા હવાલ શા થવાના છે ? બીજાઓની અવકૃપા હોય, પણ ઈશ્વરની તો મારા પર કૃપા છે !"

" તું મારા હાથમાં આવીશ એટલે તારા ઈશ્વરની કૃપા હું તને બતાવી આપીશ, રાંડ શંખણી ! રાણીજીએ તને પોતાની કરી રાખી તથા ઉછેરીને મોટી કરી, ત્યારે તું જ તેમની શૉક્ય થવા તૈયાર થઈ ?"

શોભના નીચું જોઇને બેસી રહી. તેનાં અશ્રુ જ સામંતની ગાળોના જવાબરૂપે બસ હતાં, પરંતુ સામંતના 'તું મારા હાથમાં આવીશ' એ શબ્દોએ તેને ચમકાવી. સામંત બોલ્યો: " તું છેવટે મારા જ હાથમાં આવવાની છે. રાજાજી મારી સાથે જ તરૂં લગ્ન કરનાર છે, એ તને ખબર નહિ હોય, પણ હવે થોડા જ દિવસમાં તને તેની ખબર પડશે !"

એટલું બોલીને **સામંત** ચાલ્યો ગયો. તેના શબ્દોએ **શોભના**નું હૃદય ચીરી નાંખ્યું: "હાય, હાય! **સામંત** જેવા ધાતકી અને ઉદ્ધત જુવાનીયા સાથે મારૂં લગ્ન થશે શું? આ વાત કોણે તેને કહી હશે? મને તો કોઇએ એવી વાત કહી નથી! ત્યારે **સામંત** ઉપર રાજાજીની આકસ્મિક કૃપા થઇ તે શું મારા માટે જ? મને તેની વેરે પરણાવવા માટે જ? સંભવિત છે! ઓ પ્રભુ! હું બળતીને પૂરેપૂરી બળવા માટે જ તેં મારા માટે આ ભઠ્ઠી તૈયાર કરી છે કે શું? આ રાજમહેલમાંથી, મારી પાલક સખીની હજુરમાંથી, મારા પર કૃપા રાખતા રાજાજીથી, મને સદાને માટે વિખૂટી રાખીને આ **સામં**તની કોટે બાંધીને કેવા પ્રકારની તપશ્ચર્યા કરાવવી તેં ધારી છે ઇશ્વર? રાજાજીએ શા વિચારથી મને આ કૂવામાં નાંખવાનું વિચાર્યું હશે? શું હું એ **સામં**તને પરણું? બિચારા બાલહરિણનો જીવ લેનાર અને મારાપર વૈર તથા ઇર્ષ્યા રાખનાર એ **સામં**તની હું પત્ની થઉં? હાય, હાય! એ જીવનના દિવસો કેવી રીતે વ્યતીત થાય? પતિભક્તિ અને પ્રભુભક્તિ એ સમાન કહેવાય છે, અને આવા ધાતકી હૃદયના **સામં**તને હું પ્રભુના જેવો મહાન્ તથા પવિત્ર માની શકું જ શી રીતે? ઓ પ્રભુ! જો આપ, તો આ સંસારમાં વિસામો મળે તેવા હૃદયના પતિની ઓથ તું મને આપજે, પરન્તુ **સામંત** જેવા ધાતકી પતિની સાથે મને યુક્ત કરવા કરતાં તો સંસારના વેરાનમાં મને એકલી જ ભટકવા દેજે!"

કેટલોક વખત તે શૂન્ય હૃદયે બેસી જ રહી. તેને લાગ્યું કે હવે પોતાના સુખના દિવસો પૂરા થયા છે અને દુઃખના દિવસો શરૂ થયા છે, અને તેથી એક પછી એક દુઃખ તેના પર પડવા લાગ્યાં છે. પોતાની ઉપર મમત્વ રાખનારનો પોતાને હમેશને માટે

બળાત્કારપૂર્વક ત્યાગ કરવો પડ્યો અને પોતાના ઉપર વૈર રાખનારની સાથે આખું જીવન ગાળવાની ગોઠવણુ થવા લાગી, તે વિલક્ષણુ સંયોગો પોતાના દુર્ભાગ્યની નિશાનીઓરૂપ જ હોય એમ **શોભના** જોવા લાગી. **સામંત**ની સાથે પોતાના લગ્નની વાત તો તેને મન અસહ્ય દુ:ખરૂપ થઇ પડી. રાજાજીને મળવાની તેને મનાઇ કરવામાં આવી હતી, તોપણુ પોતાની ઉપર ગુજરેલા અને ગુજરવાના સીતમની વાત રાજાજીને કહેવાની તથા તેમનું આશ્વાસન મેળવવાની ઇચ્છા તેના હૃદયમાં સ્ફુરી આવી પોતાને **સામંત** સાથે પરણાવવામાં આવનાર છે એ વાત ખરી છે કે નાહ અને જો ખરી હોય તો તેમ નહિ કરવાની પોતાની ઇચ્છા રાજાજીને ફક્ત એક વાર અને તે છેલ્લી જ વાર મળીને જણાવવી, એવું તેના મનમાં થઇ આવ્યું. ઉત્સુક હૃદયમાં જે સ્વયંભૂ સ્ફુરણા થઈ આવે છે તે સ્ફુરણા જ્યાંસુધી ઈચ્છાની તૃપ્તિદ્વારા શાન્ત થતી નથી, ત્યાંસુધી માણસને ચેન પડતું નથી. **શોભના**ના હૃદયની પણુ તેવી જ સ્થિતિ થઈ.

સાંજ પડી પણુ હજી **શોભના** ઓરડાની બહાર નીકળી નહોતી. **રમા** સ્ત્રીવિહારોદ્યાનમાં પોતાની સાથે એક બીજી દાસીને લેઇને ફરવા ગઇ પણુ તેણે **શોભના**ને બોલાવી નહિ. **રમા**ના હૃદયને પણુ આજે ચેન નહોતું. રોજના નિયમ પ્રમાણે તે આજે ઉદ્યાનમાં ફરવા ગઇ પણુ તેને જરાએ ગમ્યું નહિ. રોજ જે ચિત્તવિનોદ થતો તે આજે નહોતો. એક નાની કુંજમાં સુખાસન નંખાવીને તે બેઠી અને આજના મહત્ત્વના પણુ દુર્દૈવી બનાવ ઉપર વિચાર કરવા લાગી. કાંઇક ક્રોધ અને કાંઇક દયાભાવ પણુ તેના હૃદયમાં સ્ફુર્યો. તેમાંનો ક્રોધ **શોભના** ઉપરનો હતો અને દયાભાવ પોતાના સ્વામી-

પરનો હતો. સૂર્યસિંહે પોતાનું હૃદય રમાની પાસે ખુલ્લું કરી બતાવ્યું હતું તેથી રમાને તેના ઉપર દયા આવી હતી પરન્તુ શોભનાના હૃદયની સ્થિતિની તેને ખબર નહોતી, તેથી જ હજી તેના ઉપર તેને દયાભાવ સ્ફુર્યો નહોતો, અને તે તેને દૂષિત હૃદયની સમજતી હતી. શોભના એક વાર કેવી નિરાધાર અને ગરીબડી બાલિકા હતી, તેના માતાપિતાં મરણ પામ્યા હતાં, પોતે તેને પોતાના સંરક્ષણ હેઠળ રાખી હતી અને ઉછેરીને મોટી કરીને પણ પોતાની સાથે જ રાખી તો તેણે જ પોતાનું અહિત કરવાનો યત્ન કર્યો: એવા એવા વિચારથી રમાના હૃદયમાં શોભનાનો મોટો દોષ વસી રહ્યો.

રાત્રિનું અંધારૂં જગત્ ઉપર ઝઝુમી રહ્યું હતું. તે અંધકારે હજી સૃષ્ટિને પોતાના પટમાં લપેટી લીધી નહોતી, તોપણ સૂર્યસિંહ અને શોભનાના હૃદયને તો તેણે પોતામાં સમાવી લીધું હતું. સૂર્યસિંહ બાપોરનો સૂતો હતો તે હજી પણ બિછાનામાંથી બેઠો થયો નહોતો અને શોભના આંસુ સારતી જે સ્થળે બેઠી હતી તે સ્થળેથી ઊભી થઇ નહોતી. પોતે સામંતને મ્હોંએ જે સાંભળ્યું હતું તેથી તેનું હૃદય વધારે ઉદ્વેગ પામ્યું હતું અને વિશેષ નહિ તો ફક્ત પાંચ મિનિટ પણ સૂર્યસિંહને મળી, તે સંબંધી પૂછી, પોતાના હૃદયની ઇચ્છા જણાવી દેવી તેટલા માટે તેનું હૃદય ઉત્સુક બની રહ્યું હતું. પરન્તુ આ કામ ચોરીછૂપીથી કરવાનું હતું. હજી થોડા વખત પહેલાં જ તેને જે મનાઇ હુકમ સંભળાવવામાં આવ્યો હતો તે હુકમનો તુરતમાં જ ભંગ કરવો એવું વિકટ કાર્ય તેને કરવાનું હતું. તેણે ચિત્તને શાંત બનાવવાનો યત્ન કરતાં વિચાર્યું કે "આજ નહિ તો બે ચાર દિવસની અંદર કોઈ એકાંતનો પ્રસંગ સાધીને એટલી વાત પૂછી લેઇશ." પરન્તુ એટલા વખતસુધી એ ઉત્સુક હૃદય ધૈર્ય ધારણ

કરી રહે તેમ નહોતું. તેનો ચિત્ત–શાંતિનો પ્રયત્ન વ્યર્થ જવા લાગ્યો અને જેમ જેમ વધારે વિચાર થવા લાગ્યા તેમ તેમ ઉત્સુકતા વધતી ગઇ. તત્ક્ષણ એક બીજો વિચાર પણ ચિત્તમાં ઉદ્ભવ્યો. એક ચિઠી લખીને તેમાં પોતાના હૃદયમાં ગુંચવાઇ રહેલો પ્રશ્ન દર્શાવવો તથા તેનો જવાબ માંગવો અને એ ચિઠી કોઇ પણ રીતે એકાદ મિનિટનો એકાંત પ્રસંગ મેળવી રાજાજીને આપી આવવી એવો વિચાર થયો. ચોરીછુપીથી એકાદ મિનિટનો એકાંત પ્રસંગ મેળવવો એ મુસ્કેલ નહોતું; પરન્તુ વળી ચિત્તની ઉત્સુકતાએ એ યોજનાનો પણ ભંગ કરી નાંખ્યો. એ ચિઠી આપતાં અને તેનો જવાબ મેળવતાં સહજ ત્રણ–ચાર દિવસ ચાલ્યા જાય અને એટલો બધો વખત તો કેમ ધીરજ ધરીને રહેવાય ? એટલામાં રમાને એક દાસીની સાથે સ્ત્રીવિહારોદ્યાન તરફ ફરવા જતી તેણે જોઇ અને તેનું ચિત્ત ચંચળ થયું. તે ઓરડાની બહાર નીકળી અને જોયું તો રમા ખરેખર બાગમાં જ ગઈ તેવી તેની ખાત્રી થઈ. મહેલમાં એક વૃદ્ધ દાસી ફરતી હતી પરન્તુ આજના કશા પ્રસંગ ઉપર તેનું લક્ષ નહોતું. સામંત સૂર્યસિંહના વાંચવાના ઓરડામાં બેઠો હશે એવી ભીતિ શોભનાના હૃદયમાં જાગ્રત થઇ. તે ત્યાં છે કે નહિ તેની ખાત્રી કરવાને તે તે ઓરડાના દ્વાર પાસે થઇને પસાર થઈ તો ઓરડામાં કોઇ જ નહોતું. સામંત ત્યાં નહોતો તેમ જ સૂર્યસિંહ પણ નહોતો. સૂર્યસિંહ હજી સુવાના ઓરડામાં જ હશે તેની તેની ખાત્રી થઈ. સામંત તો તે ઓરડામાં નહિ જ હોય એ સિદ્ધ હતું કારણકે રાજાના શય્યાભવનમાં રાજા સિવાય કોઇ પુરૂષે ન પેસવું તેવો નિયમ હતો. અત્યારનો જ એકાંતનો પ્રસંગ બરાબર અનુકૂળ હતો એમ એને જણાયું. પરન્તુ જીંદગીમાં પહેલવહેલી જ એ ચોરી કરતાં

તેનું હૃદય થરથરવા લાગ્યું. " અચાનક કોઈ આવી ચડશે અને મને રાજાજીની સાથે વાતચીત કરતું જોઇ જશે તો ? અથવાતો સામંત પોતે આવશે તો તેને મારા વિષે કેવી શંકા પડશે ? " એવી શંકા અને ભીતિમાં તેનું હૃદય શું કરવું અને શું ન કરવું તેના વિચારમાં ગડમથલ કરવા લાગ્યું. પુનઃ પુનઃ તેણે મહેલમાં ચારે દિશાએ નજર કરી તો નજીકમાં કોઇ પણ ફરકતું જણાયું નહિ. આજ ને આજ આવો એકાંતનો સમય ફરીને નહિ મળે એમ વિચારીને, હૃદયને કૃત્રિમ બળ આપીને, તેણે રાજાની પાસે જવાની હામ બીડી. સર્વત્ર અંધકાર ફેલાઈ ગયો હતો અને મહેલમાં સઘળે દીવા થઈ ગયા હતા. આસ્તેથી ઓરડાની બહાર નીકળીને ધીમે પગલે તે દાદર તરફ ચાલી. દાદરના પહેલા જ પગથિયા ઉપર પગ મેલતાં પહેલાં તેણે ફરીથી પાછું વાળીને જોયું અને કોઇ પણ આવતું દેખાયું નહિ એટલે તે દાદર ચડવા લાગી. બે ચાર પગથિયાં તે ચડી પરન્તુ તેનું હૃદય ભયથી વધારે થડકવા લાગ્યું એટલે તે ઊભી રહી. પુનઃ ચારે પાસ નજર કરી તો નિકટમાં કોઇ જણાયું નહિ. હૃદયની નિર્બળતાને ઈશ્વરનું નામ લેઇને દૂર કરી તે દાદર ચડી ગઇ. ત્યાં કોઈ જ નહોતું. નીચે દીવા કરી રહ્યા પછી ઉપર દીવા કરવાને વાળંદ આવ્યો હતો તે ચીમનીઓ સાફ કરવાના પોતાના કામમાં ગુંથાયો હતો; તેમ જ તેના તરફની ભીતિ રાખવાનું શોભનાને કાંઈ જ પ્રયોજન નહોતું. સત્વર તેણે રાજાના શય્યાભવન તરફ પગલાં ભર્યાં. આશાથી ધડકતે પરન્તુ ભયથી થરથરતે હૃદયે, પોતાની ચોરી કોઇના જોવામાં આવતી હોવાની પુનઃ પુનઃ ઉદ્ભૂત થતી શંકાના સમાધાનને અર્થે વારંવાર પાછળ જોતી અને આસપાસ આંખો ફેલાવતી ચકોર દૃષ્ટિએ શોભના શય્યાભવનના ઓર-



"શોભના! દુષ્ટ છોકરી! તું ક્યાં જાય છે?"

પૃ. ૭૩

ડાની પાસે આવી પહોંચી. ત્યાં આવતાંમાં તેને શરીરે પ્રસ્વેદ છૂટયો. ઓઢણીનો છેડો લેઇને મ્હોંપરથી પ્રસ્વેદબિંદુઓ લૂછી નાંખી, ક્ષણભર ઓરડાની બહાર ઊભી રહી હૃદયને સ્વસ્થ કરી તેણે ઓરડાની ભણી ડગલું ભર્યું. ઓરડાનાં દ્વાર ખુલ્લાં હતાં પરન્તુ તેની આડેનો પડદો બંધ કરેલો હતો. પડદાનો એક છેડો પકડીને, તેને જરા આઘો ખસેડી, શોભના ઓરડાની અંદર પગ મૂકવા જાય છે એટલામાં તેની પાછળથી કોઇએ આવી તેનો હાથ પકડ્યો ! શોભના પાછું વાળીને જુએ છે તો ક્રોધાક્રાન્ત રમાની પ્રચંડ મૂર્તિ ! ! !

"શોભના ! દુષ્ટ છોકરી ! તું કયાં જાય છે ?" ફાટી જતે ઘોર સાદે રમા ગર્જી ઊઠી. પડદાનો છેડો હાથમાં જ રહી ગયો અને શોભના સભયાશ્ચર્યથી ચમકી ગઇ. પલંગમાં સૂતેલો સૂર્યસિંહ આ ગર્જના સાંભળતાં જ બ્હેબાકળો જાગી ઉઠ્યો. તેણે જોયું કે રમાએ શોભનાનો હાથ જોરથી પકડ્યો છે અને શોભનાના ગરીબડા વદનપરથી ચોધાર આંસુ ચાલ્યાં જાય છે ! શોભનાને જોતાં જ તેનો સત્કાર કરવાને સૂર્યસિંહનું હૃદય તલપી રહ્યું છે પરન્તુ જગત્‌ની નીતિ તેને તેમ કરતાં અટકાવી રહી છે ! સૂર્યસિંહ શૂન્ય જેવો બનીને મૌનપણે તે દૃશ્ય જોઇ રહે છે પરન્તુ એ બાલિકા ઉપર દયા કરવાનું રમાને કહેવાની પણ અત્યારે તેના હૃદયમાં શક્તિ નથી ! બન્ને હૃદયો એક બીજાને જોઇને તલસી રહ્યાં છે, બન્નેનાં નેત્રોનું સંમીલન થઇ રહ્યું છે, પરન્તુ તેઓની વચ્ચે રહેલું સૂક્ષ્મ આવરણ ભેદવાનું બન્નેમાંથી એકકેમાં અત્યારે સામર્થ્ય નથી ! રાજા પણ રંક જેવો બની ગયો છે ! તેનાં નેત્રોમાંથી ખરતાં અશ્રુબિંદુ નિર્દયની નિર્દયતાને દૂર કરી શકતાં નથી ! !

પ્રકરણ ૭ મું.

સુભાગી અવસર કે દુર્ભાગી ?

Is life worth living ? Yes, so long
As there is wrong to right,
Wail of the weak against the strong,
Or tyranny to fight.

—*Austin.*

વિચક્ષણ પુરૂષો પણ ચિત્તની પરવશ અવસ્થામાં સ્વકર્ત્તવ્યનું ભાન ભૂલી જાય છે. તેઓ પોતાના જ્ઞાનરૂપી દીર્ઘબાહુઓને દરેક દિશાએ લંબાવવાની હિંમત ધારણ કરે છે ખરા, અને એ રીતે તેઓ પોતાના ડહાપણને સાર્થક કરવાને તત્પર પણ રહે છે, પરન્તુ જ્યાં ચિત્ત પરવશ થાય છે, ત્યાં તેઓના બાહુઓ એકાએક શિથિલ થઇ જાય છે, કર્ત્તવ્યનું સ્મરણ થાય છે તોપણ તે સમયે તે તેમની દૃષ્ટિને ગૌણ સ્વરૂપવાળું દેખાય છે અને એ રીતે ડાહ્યા માણસો પણ કર્ત્તવ્યથી ભ્રષ્ટ થતા જોવાય છે. સૂર્યસિંહની અત્યારે તે જ સ્થિતિ થઇ પડી હતી. નગરચર્યા જોવાની રાત્રિએ તેને પોતાની પ્રજા પ્રતિના કર્ત્તવ્યનું જે ભાન થયું હતું, શોભનાએ જે ભાન કરાવ્યું હતું, તે ભાનનું અત્યારે તેને વિસ્મરણ થઇ ગયું હતું. ચંદ્રમણિશંકરને રાજ્યમાં પુનઃ નોકરી આપવાની ભલામણ દીવાનને કરવાની વાત તથા મૃત્યુ-

શય્યામાં પડેલા બ્રાહ્મણપુત્રને માટે ઔષધોપચારની વ્યવસ્થા કરવાની બાબતનું સ્મરણ ત્યારપછી બે-ત્રણ દિવસસુધી તેને રોજ થયાં કર્યું હતું અને એક વાર તેણે તે બાબત દીવાનને ભલામણ પણ કરી હતી. ચંદ્રમણિશંકરના સબંધમાં તેણે દીવાનને પૂછ્યું હતું કે "એ ગરીબ માણસને નોકરીમાંથી દૂર કરવાનું કારણ શું હતું તે મને તમે તે સંબંધી ચાલેલા તુમારની ફાઈલ જોઇને કહેજો અને ફરીથી તેને રાજ્યમાં નોકરી મળે તેટલા માટે બંદોબસ્ત કરજો." પોતાની આ ભલામણનો અમલ થયો કે નહિ અને થયો તો કેવી રીતે થયો તથા ન થયો તો તેનું કારણ શું તે સંબંધી ફરીથી સૂર્યસિંહ દીવાનને કાંઇ પણ પૂછે તે પહેલાં તો તેને મૃગયા દરમિઆન અકસ્માત્ નડ્યો, માંદગીનું બિછાનું કેટલાક વખતસુધી ચાલ્યું અને છેવટે રાજમહેલમાં શોભનાના નિવાસથી કુટુંબકલહનો પ્રવેશ થયો. પ્રજાપ્રતિના કર્ત્તવ્ય સંબંધી સ્વલ્પ પણ વિચાર કરવાને તેનું ચિત્ત નિવૃત્ત રહેતું નહોતું. શરીરને બહુએ ફુરસદ મળતી હતી પરન્તુ તેટલી ફુરસદ ચિત્તને નહોતી. પોતાની સમક્ષ રાજકાર્યભારને લગતા જે કાગળો રજુ થાય તે ઉપર પૂરેપાધરૂં વાંચ્યા વિના જ સહી કરી આપવી, શોભના અને તેના ભવિષ્યના સંસાર સંબંધે વિચાર કર્યા કરવો, કાંઇ ઊર્મી ઉઠી આવે તો તે સંબંધે કાંઈ કવિતા ગાયા કરવી કે લખ્યાં કરવી અને કુટુંબમાં કલહનો પ્રવેશ થયા પછી શોભના નજર આગળથી દૂર થવાથી તેની જ વિહીનતા કવિતાઓમાં રડ્યાં કરવી તે તેનો રોજનો કાર્યક્રમ થઇ પડ્યો હતો. કોઇ વાર મન બળાત્કાર કરીને જાગ્રત થતું અને બોલતું કે "આવી નિર્જીવ બાબતોમાં ચિત્તને રોકી રાખવાથી રાજ્ય સંબંધી બાબતોમાંથી ભ્રષ્ટ થવાય છે તે કેવી મૂર્ખતા?" પરન્તુ એ સંજ્ઞા ક્ષણભર

ટકીને ઉડી જતી અને પુનઃ ચિત્ત પોતાના નિત્યના વ્યાપારમાં મુગ્ધ બનતું.

રાજાના ચિત્તની આ પરવશતાને લીધે ચંદ્રમણિશંકર ઉપર દુર્ભાગ્યનો ડુંગર આવી પડ્યો હતો. સૂર્યસિંહે પોતાના દીવાન શાન્તિપ્રસાદને ચંદ્રમણિશંકરને માટે જે દિવસે ભલામણ કરી તેને બીજે જ દિવસે ચંદ્રમણિશંકરને દીવાને પોતાને ઘેર બોલાવ્યો. તુરતમાં જ રાજાજીએ પોતાને માટે દીવાનને ભલામણ કરી અને દીવાને પણ સત્વર પોતાને બોલાવ્યો, એ જોઇને ચંદ્રમણિશંકરના આનંદનો પાર રહ્યો નહિ. પોતાને દીવાને બોલાવ્યો છે એ વાત લતાગૌરીને કહેતાં કહેતાં તેનું મુખ આનંદથી મલકાઇ જવા લાગ્યું. લતા પણ તે ખબર જાણીને આનંદિત થઇ અને દીવાનની પાસે જવા નીકળેલા પતિને કપાળે કુંકુમચંદ્રક કરી તે પર અક્ષત્ ચોડી મંગળ આશીર્વાદ આપ્યો. દુઃખમાં ડુબી ગએલા દમ્પતીએ માન્યું કે હવે પોતાના સુખના સૂર્યનો ઉદય થયો અને તે ઉદય કરનાર પેલી રાત્રિનો સુભાગી અવસર હતો કે જ્યારે સૂર્યસિંહની આકસ્મિક મુલાકાત થવા પામી હતી.

હિંદુસ્તાનના રાજાઓના સર્વોપરિપણાના ખ્યાલો પ્રાચીન સમયથી જેમના તેમ ચાલ્યા આવ્યા છે, જોકે રાજાઓ પોતે પ્રાચીન સમયના રાજાઓના જેવા રહ્યા નથી. તેઓ પોતાને પ્રજાના રાજા–ઇશ્વર માને છે અને પ્રજા રાજાનું દાસત્વ કરવાને સરજાએલી હોય એમ સમજે છે. તેથી ઉલટું બીજા દેશોમાં રાજાઓ પ્રજામતને આધારે રાજ્યકાર્યભાર ચલાવતા હોવાથી તેઓ પોતાને પ્રજાના ધર્મસેવક જેવા સમજે છે. હિંદુસ્તાનમાં પૂર્વે જે રાજાઓ હતા તેઓ ગુણમાં, વિદ્યામાં અને નીતિમાં અદ્વિતીય હતા તેથી પ્રજા

તેમનું અનુપમ સન્માન કરતી; આજે રાજાઓ તેવા સદ્‌ગુણશીલ હોય કિંવા ન હોય છતાં તેઓ પોતાને પ્રજાના અનુપમ સન્માનને પાત્ર સમજે છે, પોતાના ગમે તેવા મૂર્ખ હુકમને પણ પ્રજાએ ગુલામની પેઠે ઉઠાવી લેવો જોઇએ એવું માને છે અને તેથી તેવા રાજાઓને લીધે ઘણાએ પ્રજાજનો પીડાય છે. ભદ્રપુરના રાજ્યનો અધિપતિ સૂર્યસિંહ ન્યાયશીલ, નીતિનિપુણ અને સુજ્ઞ હતો, પરન્તુ દીવાન શાન્તિપ્રસાદને પોતાની જાતને માટે ઘણું માન હતું, અને તેથી તે પોતાના હુકમનો અનાદર કે માનનો ભંગ સહન કરી શકતો નહિ. ચંદ્રમણિશંકરને પોતે કોઇ પણ પ્રકારના વાજબી કારણ વિના નિશાળની નોકરીમાંથી બરતરફ કર્યો હતો, તેને જ માટે નોકરીની જોગવાઈ કરવાનું રાજાએ પોતે સૂચવ્યું એટલું જ નહિ પણ તેને કયા કારણથી બરતરફ કરવામાં આવ્યો હતો તે પણ રાજાએ જાણવા માંગ્યું, એટલે શાન્તિપ્રસાદને ચંદ્રમણિશંકર ઉપર વધારે ચીડ ચડી. ચંદ્રમણિશંકરે રાજા ઉપર પરભારી અરજ મોકલાવી હશે એવો એને સંશય આવ્યો અને તુરત જ તેને પોતાને ત્યાં બોલાવ્યો. જે સમયે ચંદ્રમણિશંકરને કુંકુમચંદ્રક કરીને લતાગૌરી મંગળ આશીર્વાદ આપતી હતી, તે જ સમયે ક્રોધના ભભુકા નાંખતો શાંતિપ્રસાદ તેની જ રાહ જોઇને પોતાના દિવાનખાનામાં બેઠો હતો.

ચંદ્રમણિશંકર દીવાનની સામે આવીને મસ્તક નમાવી ઊભો. દીવાને ભ્રકુટી ચડાવીને પ્રશ્ન કર્યો: "તમારૂં જ નામ ચંદ્રમણિશંકર કે ?"

"જી હા." ચંદ્રમણિશંકરે વિનયપૂર્વક ઉત્તર આપ્યો.

"તમે રાજાજી ઉપર શી અરજી મોકલાવી હતી ?"

"મેં ? મેં કશી અરજી રાજાજી ઉપર મોકલાવી નથી."

"ત્યારે તમે રૂબરૂ કાંઈ અરજ કરવા ગયા હતા?"

"ના, સાહેબ; રાજાજી પાસે ગયો નહોતો, પરન્તુ મારા સુભા-ગ્યે રાજાજી પોતે જ મારે ત્યાં આવી ચડ્યા હતા. સાહેબ, હું ખરી વાત કહું છું. હું દુઃખથી બહુ ઘેરાઈ ગયો હોવાથી ઝેર પીવાની તૈયારીમાં હતો, એટલામાં રાત્રે રાજાજી નગરચર્ચા જોવા નીકળેલા તે અકસ્માત્ મને મારા ઓરડામાં ઝેર પીતો જોઇને ત્યાં આવ્યા અને મને ઝેર પીતાં અટકાવી આશ્વાસન આપ્યું, તેમ જ નોકરી-માંથી નીકળી ગયા સંબંધી મારી હકીકત પૂછીને મને નોકરી આપવા વચન આપ્યું તથા તુરતને માટે આ વીંટી ભેટ આપી." ચંદ્રમણિશંકરે ખરી વાત કહી દીધી અને પોતાની પાસેની વીંટી દીવાનને બતાવી.

શાંતિપ્રસાદ તે વીંટી તરફ જોઇ રહ્યો અને થોડી વાર પછી તિરસ્કાર દર્શાવતો બોલ્યોઃ "બહુ સારૂં; પરન્તુ ઝેર પીને આત્મ-ઘાત કરવાનું કારણ શું હતું તે હું જાણવા માંગું છું."

"સાહેબ, હું દુઃખથી ઘેરાઈ ગયો હતો તે જ કારણ હતું."

"પરન્તુ આત્મઘાત કરવાની કોશેશ કરવી એ એક ગુન્હો છે તેની ખબર છે ને ?" દીવાને ધાંટો કાઢીને પોતાનું કાયદા સંબંધી જ્ઞાન બતાવવા માંડ્યું.

"હા, સાહેબ, તે ગુન્હો છે ખરો, પરન્તુ રાજાજીએ તે બદલ મને ક્ષમા આપી છે."

"એવી ક્ષમા આપવામાં નથી આવી અને તેથી તમારી સામે કાયદેસર ઇલાજ લેવામાં આવશે, તેની ખબર છે ?"

"આપ કહો છો એટલે ખબર પડી." ચંદ્રમણિશંકરે સીધો જવાબ આપ્યો.

"ત્યારે તમને અત્યારથી ખબર આપી દઉં છું કે આવતી કાલનો સૂર્ય ઉગ્યા પહેલાં તમારે આ શહેરમાંથી ચાલ્યા જવું અને જો તમે ટકી રહેશો તો સ્હવારમાં જ તમને બંદીખાને મોકલાવી દઇશ."

"પણ સાહેબ.–"

"બસ, હું તમારો કશો બચાવ સાંભળવા માંગતો નથી. તમારા જેવી પ્રજાની ભદ્રપુરના રાજ્યને જરૂર નથી."

આ આકસ્મિક આજ્ઞા સાંભળીને ચંદ્રમણિશંકર ગભરાઇ ગયો. તે સમજ્યો ખરો કે આ હુકમ દીવાનનો પોતાનો મનસ્વી હુકમ છે, પરન્તુ તેને માન્યા સિવાય તેનો છુટકો નહોતો. રાજાની મુલાકાત થયાનો અવસર સુભાગી નહોતો પરંતુ દુર્ભાગી હતો એવું અત્યારે તેને સમજાયું, કારણકે જો તે મુલાકાત ન થઇ હોત અને રાજાજીએ તેને માટે દીવાનને કશી ભલામણ ન કરી હોત, તો આજે તેને પોતાની જન્મભૂમિનો ! ત્યાગ કરવાનો વખત આવત નહિ !

"જી, સાહેબ, જેવો હુકમ" એટલો ઉત્તર આપીને ચંદ્રમણિશંકર ત્યાંથી ચાલ્યો ગયો, પરન્તુ હૃદયની ગભરામણે તેને બેજાર બનાવી મેલ્યો. પોતે કેવી ધારણાથી દીવાનની પાસે આવ્યો હતો અને કેવા ભયંકર દુઃખથી ઘેરાએલી અવસ્થામાં પોતે ઘર તરફ પાછો ફરે છે તેના વિચારે તેને અત્યંત સંતાપ ઉપજાવ્યો. "ઓ પ્રભુ ! હજી મારે માથે કઇ કઇ વિપત્તિઓ આવવાની છે તેનો પ્રોગ્રામ સંભળાવવા જેટલી કૃપા તું મારા પર કર ! હું કાંઈ શુભ સમાચાર લઇને ઘેર આવીશ એવી આશાથી રાહ જોઈ રહેલી લતા જ્યારે સાંભળશે કે મનસ્વી રાજ્યાધિકારીઓની આજ્ઞાથી અમે દેશપાર થયાં છીએ ત્યારે તેના હૃદયના બંધ કેમ તૂટી ગયા વિના રહેશે ? ઓ ઇશ્વર ! મારે હાથે તારો શો અપરાધ થયો છે

કે આટલું ભયંકર પ્રાયશ્ચિત્ત તું મારી પાસે ભોગવાવે છે ?"

સંતપ્ત હૃદયે તે ઘેર આવ્યો. માર્ગમાં ઉદ્ભૂત થએલા દુ:ખપરંપરાના વિચારોએ તેના મગજને તપાવી મેલ્યું હતું અને તેથી તપ્ત થએલું રૂધિર પીગળીને અશ્રુના રૂપમાં ખળભળી રહ્યું હતું, તે ઘેર આવતાં જ એકાએક ઢળી પડ્યું. લતા તો એ દૃશ્ય જોઇને દુ:ખભારથી મૂઢ જેવી બની ગઇ. "શું થયું છે? દીવાને તમને શું કહ્યું? તેણે તમને શામાટે બોલાવ્યા હતા?" એવા અનેક પ્રશ્નો તેણે કર્યા, પરન્તુ રૂંધાઇ ગએલા કંઠમાંથી કશો પણ ઉત્તર તુરતમાં બહાર નીકળી શકયો નહિ. કેટલીક વારે હૃદયનો ઉભરો અશ્રુરૂપે બહાર નીકળી ગયા પછી ચંદ્રમણિશંકર એક નિસાસો નાંખીને બોલ્યો:-" ઓ સૂર્યસિંહ ! આ વધુ દુ:ખ સહેવા માટે તેં મને શાને જીવવા દીધો ?"

"પણ એવું શું દુ:ખ આવી પડયું તે તો કહો ?"

"એ દુ:ખ સાંભળીને તું શું કરીશ ? મારી પેઠે તું પણ રોઇશ, વ્હાલી !"

"એવું દીવાને તમને શું કહ્યું ?"

"આપણને આપણી માતૃભૂમિમાંથી દેશવટો મળ્યો છે."

"હેં ? કોણે દેશવટો આપ્યો ? દીવાને ?"

"હા, તેણે જ. એ મનસ્વી રાજ્યાધિકારી આપણો દુશ્મન જ થઇ બેઠો છે. મારૂં હિત થાય એવી કાંઇ ભલામણ રાજાજીએ તેને કરી હશે, પરન્તુ તેથી તેણે ચ્હીડાઇને, આપઘાત કરવાના ગુન્હાના બ્હાના હેઠળ મને એવી શિક્ષા કરી છે કે કાલ સ્હવાર થયા પહેલાં મારે આ શહેર છોડીને ચાલ્યા જવું ! હાય હાય ! હું સમજતો હતો કે

રાજાજીની અને મારી મુલાકાતનો અવસર સુભાગી હશે કે ત્યારથી મારા ઉદયની શરૂઆત થઇ, પરન્તુ નહિ, તે ખરેખર કોઇ દુર્ભાગી અવસર જ હશે, કારણકે તેથી જ મને આ અન્યાયી શિક્ષા થવા પામી છે !"

દીવાને ફરમાવેલી નવી શિક્ષાની વાત સાંભળીને લતા સ્થંભી ગઈ. પોતાની ચારે દિશાઓ ઘેરાઇ ગઇ હોય એવું તેના જોવામાં આવ્યું, પરન્તુ આ સમય ધૈર્ય રાખવાનો હતો એવું તે સમજી ગઈ. પોતાનો ગભરાટ છુપાવીને જો ચંદ્રમણિશંકરને ધૈર્ય આપવામાં ન આવે તો તે દુઃખથી ઘેરાયલો સ્વામી વધારે ગભરાટમાં પડશે એવું વિચારીને તે બોલી: " હશે, એમાં ગભરાવા જેવું શું છે ? એટલું દુઃખ આપણા નસીબમાં લખ્યું હશે તે પૂરૂં થશે એટલે પીડા પતી. અહીં ધંધો કે નોકરી ન મળત તો બીજે ગામ તો જવું જ પડત અને આથી હવે જવાનું નક્કી થયું. કશી ફીકર નહિ."

" મારો વિચાર એવો છે કે આ અન્યાયી હુકમ સંબંધી હું રાજાજી પાસે ફરિયાદ કરવા જઉં."

" અત્યારે એ વખત નથી. રાજાજીનું મન પરવશ થઇને પડ્યું છે, તે વખતે આપણી ફરિયાદ કોઇ સાંભળશે નહિ અને દીવાનનો વધારે ગુસ્સો આપણા ઉપર ઉતરશે. રાજાજી તો નામનું રાજ્ય કરે છે, ખરો કારભારતો દીવાનના હાથમાં. અત્યારે નહિ પણ વખત આવ્યે ફરિયાદ કરીશું તો રાજાજી તે સાંભળશે, માટે અત્યારે તો દીવાનના હુકમને તાબે થઇને અહીંથી ચાલ્યા જવું એ જ ઠીક છે."

" અને આપણે ન જતાં રહીએ, તો આપણને કોણ કાઢી મેલનાર છે ?"

" દીવાન આપણને પોતાનાં દુશ્મન જ માને છે, અને તેથી

તે હરકોઇ રીતે આપણને સપડાવીને ખરાબ કર્યા વિના નહિ રહે. અહીં રહેવાથી વધારે હેરાન થઈશું અને જવાથી સઘળાં દુઃખો ટળી જશે. હું તો એમ જ ધારૂં છું કે આપણા ઉદયને માટે પ્રભુએ દીવાન પાસે આવો હુકમ કરાવ્યો છે અને આપણને આ સ્થળ છોડવાની યોજના કરી છે."

ચંદ્રમણિશંકર ચૂપ થઈ ને બેઠો અને લતાના કથન ઉપર વિચાર ચલાવવા લાગ્યો. રાજાની આજ્ઞા હોવા છતાં પોતાને ગેરઇન્સાફ કરવાની હિંમત દીવાન ધરતો હતો, તે તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી પોતાને વધારે દુઃખ આપ્યા વિના નહિ રહે એવો ભય તેને પણ વાજબી લાગ્યો. તેણે પૂછ્યું: "ત્યારે આપણે ક્યાં અને ક્યારે જઇશું?"

"આજ રાતની ગાડીમાં આપણે જઇશું. વૃદ્ધનગરમાં તમારો મિત્ર છે, ત્યાં આપણે પહેલાં જઈએ. ત્યાંની સ્કૂલમાં તમને નોકરી મળે એવી ગોઠવણ થઇ જાય તો ભલે, નહિતો છેવટે સૌને સંઘરનારી મુંબઈ તો છે જ."

"પણ આજે રાતોરાત આપણે નાસી જઇશું તો લોકોમાં આપણી અપકીર્તિ નહિ થાય?"

"અપકીર્તિ શાથી થશે? આપણી પાસે જેઓ કાંઈ થોડા-ઘણા રૂપિયા માંગે છે તેઓ કદાચ આપણી અપકીર્તિ કરે ખરા, પરન્તુ આજ ને આજ આપણે તેઓનું દેવું પતાવી દઇશું, પછી આપણી અપકીર્તિ કરવાનું કોઇને પણ શું કારણ છે?"

"મારી પાસે પૈસા નથી; દેવું કેવી રીતે પતાવીશું?"

"મારી એકની એક નેકલેસ–મારી માતાનું સ્મરણાવશેષ મારી પાસે છે–" એટલું બોલતાં માતાનું સ્મરણ ઉભરાઇ આવતાં

લતાનો કંઠ ભરાઇ આવ્યો, પરન્તુ પોતાનો શોક દેખાવાથી સ્વામીનો શોક પુનઃ ઉભરાઇ આવશે તેવી ભીતિથી તે હીંમત રાખીને બોલીઃ " આજ ને આજ તમે ચૌટામાં જાઓ અને નેકલેસ વેચી આવીને માદીનું તથા બીજા કોઇનું દેવું પતાવી આવો. "

ચંદ્રમણિશંકર ભોંય તરફ નજર ટેકવી રાખીને મૌન બેસી રહ્યો. લતા બોલીઃ " એમાં બીજો કશો વિચાર કરવાનો નથી. આપણે હવે આ ગામમાં નથી રહેવું. જ્યાં દુર્ભાગ્ય વધારે ને વધારે પ્રબળ થતું જતું હોય ત્યાં વધુ વખત રહેવું એ હિતાવહ નથી. "

" બસ, ત્યારે શું એ જ છેવટનો નિશ્ચય છે ? "

" હા, માટે ઉઠો, લ્યો આ નેકલેસ અને તેને લેઈ જાઓ."

નિશ્ચય થઇ ચૂકયા પછી ભાવીના ખોળામાં માથું મૂકી ચંદ્રમણિશંકર ઉઠ્યો. લતાના ધૈર્યયુક્ત શબ્દોથી તેનામાં પણ ધૈર્યનો સંચાર થયો. લતાએ પેટીમાંથી નેકલેસ કાઢી આપી અને ચંદ્રમણિશંકર તે લેઇ ગયો. ચૌટામાં જઇને તે તેણે વેચી નાંખી અને તેમાંથી ઉપજેલી રકમમાંથી તુરત ને તુરત દેવું પતાવી દીધું. બાકી પચાસેક રૂપિયા વધ્યા તે મુસાફરીના ખર્ચમાં કામ લાગશે એમ ધારીને ઘેર જઇ તે રકમ તેણે લતાના હાથમાં મૂકી.

મુસાફરીને માટે જોઇતો જરૂરનો સામાન લતાએ થોડા વખતમાં બાંધી લીધો અને બાકીનું રાચરચીલું સારી રીતે ગોઠવીને મૂકી દીધું. પોતાના ગરીબડા ઘરનો ત્યાગ કરવાનો સમય જેમ જેમ નજીક આવતો હતો, તેમ તેમ લતાના હૃદયમાં પણ દુઃખનો ઉભરો ચડી આવતો હતો. સ્વામીના ધૈર્યને ટકાવી રાખવાને તે બહારથી પોતાનું ધૈર્ય ટકી રહેલું બતાવતી, પરન્તુ જયારે તેણે બાંધેલા સામાનનાં પોટલાં બહાર કાઢી, ઘર બંધ કરી, તેને બહાર તાળું માર્યું

ત્યારે તેની હિંમત ટકી શકી નહિ. તેના વદનપર ગમગીનીનો પડદો પડી ગયો અને આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. શોકમાં ગીરફતાર થઇ જવાથી આખું શરીર જાણે કે અચેતન બની ગયું હોય, પગમાં ઊભા રહેવાનું પણ ચૈતન્ય ન રહ્યું હોય, તેવી રીતે તે એક પેટીપર બેસી ગઈ. ચંદ્રમણિશંકર એકાદ બે સ્નેહીઓ તથા પડોશીઓને પોતે કુટુંબ સાથે મુંબાઇ જતો હોવાનું કહેવા ગયો હતો, તે આવી પહોંચ્યો તો તેણે લતાને ગમગીન ચહેરે બેઠેલી જોઈ. લતાને દુઃખી જોઇને ચંદ્રમણિશંકરના હૃદયમાં પણ દુઃખનો ચીરો પડ્યો. તેણે એક નિઃશ્વાસ નાંખ્યો. પોતાના ગરીબડા ઘરને નેત્રોમાંથી અશ્રુ વરસાવીને વિયોગસૂચક વંદન કર્યા પછી તેણે લતાને કહ્યું: "ચાલો ત્યારે, હવે આપણે વિદાય થઇએ !"

લતા ઊઠી અને આંસુ લોહી નાંખી સ્વસ્થ થઇ. તુરત જ એ દમ્પતી પોતાની માતૃભૂમિનો ત્યાગ કરી ગયું. શાંતિપ્રસાદે બીજે દિવસે તપાસ કરી હતી અને પોતાની આજ્ઞાનો અમલ થએલો જોયો હતો. રાજાને તેણે કહ્યું કે " ચંદ્રમણિશંકરને નોકરી આપવાની તજવીજ મેં કરી રાખી હતી, પરંતુ તે તો ગામ મૂકીને ક્યાંય નાસી ગયો છે. તેના નાસી જવાનું કારણ કશું જાણવામાં આવ્યું નથી !" રાજાના ચિત્તની પરવશતાએ તેના સંબંધમાં વિશેષ તપાસ કરવા દીધી નહિ.



"ચાલો ત્યારે, હવે આપણે વિદાય થઈશું."

પ્રકરણ ૮ મું.

દુઃખનો ડુંગર.

छिद्रेष्वनर्था बहुलीभवन्ति ॥

વડોદરાથી નીકળતી ફાસ્ટ પેસેંજર ટ્રેન ભદ્રપુરને સ્ટેશને રાત્રે એક વાગે પહોંચી, વૃદ્ધનગર રાત્રિના ત્રણ વાગતાં પહોંચતી અને ત્યાંથી સૂર્યોદય થતાંમાં મુંબઇ પહોંચી જતી. આ ટ્રેનમાં બેસીને વૃદ્ધનગર જવાનો ચંદ્રમણિશંકરનો ઇરાદો હતો. વખતસર તેઓ સ્ટેશનપર જઇ પહોંચ્યાં અને વૃદ્ધનગરની જ ટીકેટો લેઇને ગાડીમાં બેઠાં. ઉતારૂઓની ગીરદી જરા વધારે હતી અને ચંદ્રમણિશંકરની પાસે સામાન પણ જરા વિશેષ હતો, તોપણ જેમ તેમ કરીને તેઓએ એક ડબામાં જગ્યા મેળવી. બીજું સ્ટેશન આવતાંસુધી તો ચંદ્રમણિશંકરને બેસવાની જગ્યા નહિ મળવાથી ઊભા રહેવું પડ્યું, પરન્તુ ત્યાર પછી એક ગૃહસ્થે પોતાની પાસે પોતે જરા સંકોચાઇને બેસવાની જગ્યો કરી આપી અને ચંદ્રમણિશંકર તે ગૃહસ્થની માયાળુતાને માટે તેનો આભાર માનતાં ત્યાં બેઠો.

પેલો ગૃહસ્થ બોલ્યો: " એમાં મેં શું ઉપકાર કર્યો છે ભાઇ ? આપણે સઘળાં પંખીના મેળાની પેઠે મળેલાં છીએ તે હમણાં છૂટાં પડી જઇશું. અમે જેવા માણસ છીએ તેવા તમે પણ માણસ છો. અમે સુખે બેઠાં છીએ અને તમે ઊભા રહો એ અમારી માણસાઇને લજાવનારૂં કામ કહેવાય. "

ચંદ્રમણિશંકર બોલ્યો: "આપનું કહેવું ખરૂં છે, પણ આજકાલ કેટલાક માણસો એવી સમભાવદૃષ્ટિ નહિ રાખતાં પોતાનો સ્વાર્થ જ જુએ છે અને આપે કર્યો તેવો વગર પૈસાનો પરોપકાર પણ કરી શકતા નથી."

"એ બધું આપણા દેશી લોકોની મૂર્ખતાનું પરિણામ છે. વારુ, આપ ક્યાં જવાના છો?"

"હું વૃદ્ધનગર જઉં છું. આપ ક્યાં જવાના છો?"

"વૃદ્ધનગરની આ બાજુએ એક નાનું સ્ટેશન આવે છે; ત્યાં હું ઉતરી જવાનો છું. વૃદ્ધનગર શા અર્થે જાઓ છો?"

"ત્યાં મને નોકરી મળે તેમ છે. એક મારો મિત્ર પણ ત્યાં રહે છે અને તેની ભલામણ કે લાગવગથી નોકરી મળવાનો સંભવ છે. ત્યાંની નિશાળમાં એક જગ્યા ખાલી છે."

"એ જ જગ્યાપર તમે જાઓ છો કે? મારા એક મિત્રે પણ તે જ જગ્યાને માટે અરજી કરી છે ખરી. તમે રહીશ તો ભદ્રપુરના જ કે! ભદ્રપુરની નિશાળ પણ મોટી છે, ત્યાં તમને નોકરી ન મળી."

"ભાઇ! મારા એ વીતકની કથા બહુ લાંબી છે. ત્યાંના દીવાનની અવકૃપાને પરિણામે મારે પરદેશમાં નોકરીને માટે રખડવું પડે છે."

"ભદ્રપુરનો દીવાન તો પેલો શાન્તિપ્રસાદ. એ તો નીચ છે. વેદધર્મનો મોટો ઉત્થાપક છે. તમારા સંબંધમાં તેણે શું કર્યું?"

ચંદ્રમણિશંકરે પોતાનો ઇતિહાસ પહેલેથી કહેવા માંડ્યો. પોતે ત્યાંની નિશાળમાં શિક્ષક હતો, પોતાના દુષ્ટ સસરાની અદેખાઇથી અને દીવાનની અવકૃપાથી પોતાને નોકરીમાંથી રજા મળી, પછી માંદગી આવી પડી, કરજદાર થઇ જવાયું, આત્મઘાતની તૈયારી

કરી, મોતમાંથી એકાએક રાજાએ બચાવ્યો, કૃપાળુ રાજાએ પોતાની કીંમતી વીંટી ભેટ આપી, નોકરી આપવાનું વચન આપ્યું, દીવાનને ભલામણ કરી અને દીવાને ઉલટો ગુસ્સો કરીને પોતાને મનસ્વી રીતે દેશવટો આપ્યો, કરજ પતાવવાને પોતાની સ્ત્રીનું એકનું એક ઘરાણું વેચી દીધું અને પછી પોતે મુસાફરીએ નીકળ્યો: એ સઘળો વૃત્તાંત તેણે તેને કહી સંભળાવ્યો.

પેલા ગૃહસ્થે કહ્યું: "તમારી સ્ત્રીનો એકનો એક દાગીનો તમે વેચી નાંખ્યો તે કરતાં રાજાએ આપેલી વીંટી વેચી નાંખી હોત તો તમને વધારે મોટી રકમ મળત અને વળી તમારી સ્ત્રીનું મન તેથી જળવાત "

" એ ખરૂં, પરન્તુ બની શકે ત્યાંસુધી રાજાએ આપેલી ભેટ વેચી નાંખવી નહિ એવો મારો વિચાર છે અને તેથી તે વેચી નહિ નાંખતાં અમે અમારી સાથે રાખી છે. પરદેશમાં ફરવા નીકળ્યાં છીએ અને કદાચ ભીડ પડશે તો વેચી પણ નાંખીશું પરન્તુ બની શકે ત્યાંસુધી તો નહિ જ. "

" એ પણ ઠીક છે. ત્યારે તમારે માથે તો બહુ વીત્યું જણાય છે. "

" ખરેખર, ઘણું જ વીત્યું: અને મને વધારે દુઃખ તો એથી થાય છે કે મારી સ્ત્રીનો સગો બાપ અત્યારે તેનો દુશ્મન થયો છે."

" એમાં દુઃખ લગાડવાનું કશું પણ કારણ નથી, ભાઇ ! આજકાલનાં સગાંઓ તો એવાં જ સમજવાં. તમારી સ્ત્રીને સાવકી માતા છે એટલે તેનો પિતા એવો બની ગયો છે, પરન્તુ મારો તો સગો બાપ દુશ્મન છે, પછી શું ? જગતમાં તમે એકલા જ દુઃખી છો એમ નહિ માનશો. જુઓ ભાઇ ! બીજાના સુખની સાથે આપણા

દુઃખને સરખાવીએ તો આપણને દુઃખ અને અસંતાષ થાય, પરન્તુ આપણા કરતાં વધારે દુઃખી હોય તેના દુઃખની સાથે આપણા દુઃખને સરખાવીએ તો આપણે તેમના કરતાં સુખી છીએ એમ આપણે જોઇ શકીએ અને આપણે સંતાષ ધારણ કરી શકીએ. એ પ્રમાણે સુખ અને દુઃખ એ તો માત્ર મનનાં જ કારણ છે, અને દુઃખ કાંઇ હમેશાં બેસી રહેતું નથી. સૌની ફરતી ફરતી છાંયડી છે. આજે દુઃખ તો કાલે સુખ અને આજે સુખ તો કાલે દુઃખ એમ નક્કી સમજવું. સૌના દિવસ કાંઈ સરખા જતા નથી. હું પણ કેવળ સુખી નથી; પરન્તુ દુઃખને સંભારીને આખો દિવસ રડ્યાં કરવાથી કાંઇ દુઃખ ઓછું નથી થતું, એટલે જે સ્થિતિ પ્રભુએ આપી છે તેમાં જ સુખ માનીને સંતુષ્ટ રહેવું એ આપણી ફરજ છે. માટે ધૈર્ય રાખીને અને એક ઇશ્વર ઉપર શ્રદ્ધા રાખીને રહેવું અને જીંદગીના દિવસો ટુંકા કરવા. ”

“ તમારા શબ્દોથી ખરેખર મને આશ્વાસન મળ્યું છે. તમે તો એક પરાયા માણસ છો, પરંતુ મારા સ્નેહીઓએ પણ મારા દુઃખના દિવસોમાં મને આવું આશ્વાસન આપ્યું નથી. વારૂ, આપનું નામ શું ? આપ કઇ ન્યાતના છો ? ”

“ હું ન્યાતે પાટીદાર છું અને મારૂં નામ કેશવલાલ છે. દિલાસાથી માણસમાં દુઃખ સહન કરવાનું સામર્થ્ય આવે છે, પરન્તુ તમારૂં કહેવું ખરૂં છે કે આ કલિયુગના સમયમાં એવો દિલાસો પણ દુર્લભ થઇ પડ્યો છે. વારૂ, આખી રાત ઉજાગરો કરવાથી તમારી તબીયત બગડશે, માટે જરા આડું પડખું કરો. ”

“ આટલી ભીડમાં સૂવાની જગ્યા ક્યાંથી મળે ? મુસાફરી કરવી હોય તો ઉજાગરો પણ કરવો પડે. ”

એમ શામાટે ? લ્યો, હું ઉઠીને તમને જગ્યા કરી આપું. તમે સૂઇ જાઓ અને હું નીચે પાટીયાંપર જરા સૂઉં છું. હજી બે કલાકની વાર છે તેટલામાં ઠીક આરામ મળશે." એમ કહીને કેશવલાલ ઉઠ્યો. ચંદ્રમણિશંકરને ઉજાગરાથી માથું ભારે થએલું લાગતું હતું એટલે તેણે જરા આરામ લેવાની આનાકાની કરી નહિ. કેશવલાલ બેઠકની નીચે પડેલી સામાનની પેટીઓ જરા આઘી પાછી કરી તેની વચ્ચે જગ્યા કરીને એક કામળી પાથરી સૂઇ ગયો તથા બીજી કામળી તેણે પોતાના શરીરપર ઓઢી લીધી. ચંદ્રમણિશંકર પોતાની બેઠકના પાટીયાપર જ જરા આડો પડ્યો. લતા પોતાના ભૂત—ભાવીની વિચારતંદ્રામાં ચંદ્રમણિશંકરથી જરા દૂર બેઠી હતી અને ગાડી રાત્રિના અધંકારને કાપતી પ્રવાસ કર્યે જતી હતી.

*   *   *   *

રાત્રિના ત્રણ વાગતાં ગાડી વૃદ્ધનગરના સ્ટેશનપર આવીને થોભી. ચંદ્રમણિશંકર ઉંઘમાં હતો તેને લતાએ જગાડ્યો. ચંદ્રમણિશંકર બેઠો થયો અને તુરત પોતાનો સામાન ગાડીમાંથી બહાર કાઢવાની તરખડમાં પડ્યો. કેશવલાલને તેણે ત્યાં ન જોયો. તેણે લતાને પૂછ્યું: "પેલા કેશવલાલ મારી પાસે બેઠા હતા તે ક્યાં ગયા?" લતાએ કહ્યું: "તે તો આગલા સ્ટેશને ઉતરી ગયા. તમે ઉંઘમાં હતા એટલે તેમણે તમને જગાડવાનું વાજબી માન્યું નહિ હોય." ચંદ્રમણિશંકરને સાંભર્યું કે તે વૃદ્ધનગરની પહેલાંના સ્ટેશને જ ઉતરી જવાનો હતો. ચંદ્રમણિશંકર તથા લતા પોતાનો સામાન ઉપડાવીને ગામ તરફ ચાલ્યાં. આટલી રાત્રે અચાનક મિત્રને ત્યાં જઇ ચડવાથી તેને એકાએક મોટી અડચણ પડશે એમ ધારીને ગામની બહારની એક ધર્મશાળામાંજ તેમણે ઉતારો કર્યો અને રાતની

રાત ત્યાં જઈને પછી સ્હવારે મિત્રને ત્યાં જવું એવો તેઓએ નિશ્ચય કર્યો. ધર્મશાળાનાં દ્વાર ઉઘડાવી તેઓ અંદર ગયાં. એક મોટી પરશાળમાં બીજા પણ કેટલાક ઉતારૂઓ સૂતા હતા, ત્યાં જઈને તેમણે પોતાનો સામાન મૂકયો અને પ્રભાત થવાની રાહ જોતાં તેઓ જાગતાં જ સૂતાં. એટલામાં ધર્મશાળાનો રખેવાળ હાથમાં ફાનસ લેઇને તેમની પાસે આવી પહોંચ્યો. રખેવાળને પોતાની પાસે આવતો જોઈને ચંદ્રમણિશંકર બેઠો થયો. રખેવાળ બોલ્યોઃ "ભાઇ! તમે કયાંથી આવો છો?"

"ભદ્રપુરથી આવીએ છીએ, કેમ પૂછવું પડયું?"

રખેવાળ બોલ્યોઃ "માફ કરજો ભાઈ સાહેબ! આપ તો કોઈ સારા માણસ છો, પણ ઘણી વાર આ ધર્મશાળામાં હરામખોરો ભરાઇ જાય છે અને વટેમાર્ગુઓની ચીજો ચોરીને ચાલતા થાય છે અને કેટલાક વખતથી દરેક વટેમાર્ગુની તપાસ કરવી પડે છે, એથી મેં આપને પૂછયું. માઠું લગાડશો નહિ સાહેબ!"

"કાંઇ ફીકર નહિ. તપાસ રાખવી એ તમારો ધર્મ છે; અમને કાંઈ માઠું લાગ્યું નથી."

"આપને માત્ર એટલું જ કહેવાનું છે કે આપની પાસે કાંઇ જોખમ જેવું હોય તો સાચવીને સૂજો: આટલાં બધાં માણસો સૂતાં છે તેમાં કોઇ એવો માણસ પણ હોય, શી ખબર પડે ભાઇસાહેબ?"

"બરાબર છે, તમારૂં કહેવું ખરૂં છે." ચંદ્રમણિશંકરે ઉત્તર આપ્યો અને રખેવાળ ચાલ્યો ગયો. ચંદ્રમણિશંકરે લતાને કહ્યુંઃ "આપણી પાસે બીજું તો કશું જોખમ નથી, પરન્તુ રાજાજીવાળી પેલી વીંટી છે. વીંટીની દાબડી મારી પાસે લાવ. તે હું ગજ-

વામાં રાખીને સૂઈ જઉં. આટલી મોડી રાત્રે ઉંઘ તો આવવાની નથી, પરન્તુ કદાચ ઉંઘ આવી જાય તોપણ ફીકર નહિ."

સ્વામીની આ સમયસૂચકતા લતાને પણ પસંદ પડી. તેણે પોતાની પેટી ખોલી અને વીંટી મૂકી હતી તે દાબડી તેમાં શોધવા માંડી. એકાએક તે બૂમ પાડી ઉઠી: "હાય, હાય, દાબડી તો નથી!"

"હેં! ક્યાં ગઇ? પેટી બરાબર બંધ છે ને દાબડી ક્યાં જાય? બરાબર તપાસ કર, ક્યાંક ખૂણામાં ભરાઇ રહી હશે." ચંદ્રમણિશંકર એમ બોલતો સફાળો બેઠો થયો.

લતા બોલી: "રૂમાલને છેડે મેં દાબડી બાંધી હતી અને રૂમાલ પેટીમાં મૂકયો હતો. અત્યારે જોઉં છું તો દાબડી કે રૂમાલ કશું નથી! ખરેખર દાબડી ચોરાઇ ગઇ!"

'ચોરાઇ ગઇ' શબ્દ સાંભળીને પાસે અર્ધજાગ્રત સ્થિતિમાં સૂતેલાં કેટલાક વટેમાર્ગુઓ જાગી ઉઠયાં અને રખેવાળ પણ ત્યાં આવ્યો. ચંદ્રમણિશંકર દિગ્મૂઢ બનીને બેસી રહ્યો અને લતાની આંખમાંથી આંસુ વરસવા લાગ્યાં. વટેમાર્ગુઓ પૂછવા લાગ્યાં: "શું ચોરાઇ ગયું બાઇ? કયાંસુધી હતું?

લતા બોલી: "હીરાની વીંટી અમારી પાસે હતી અને દાબડી રૂમાલમાં બાંધી હતી. ઘેરથી મેં તે રૂમાલ સાચવીને પેટીમાં મૂકયો હતો અને અહીં આવીને જોઉં છું તો ન મળે!"

રખેવાળે પૂછયું: "પેટી બરાબર બંધ છે?"

"હા, પેટી બંધ છે અને જાદૂઇ રીતે વીંટી ચાલી ગઇ હોય તેવું થયું છે!" ચંદ્રમણિશંકર ખોખરે અવાજે બોલ્યો.

લતા બોલી: "એમાં જાદૂ શું થવાનું છે? પેલો પાટીદાર તમારી સાથે ગાડીમાં વાતચીત કરતો હતો અને પાછળથી નીચે

સૂઇ ગયો હતો તેણે જ પેટીમાંથી તે કાઢી લીધેલી. તેની પાસે જ આપણી પેટી પડેલી હતી."

ચંદ્રમણિશંકર આ કલ્પના સાંભળીને સ્થંભી ગયો. તે બોલ્યો: " પણ એ તો કોઇ મોટો માણસ અને બહુ ભલો દેખાતો હતો !"

રખેવાળ બોલ્યો: " ભાઇ ! એવા દેખાવના ભલા માણસો તો જગતમાં બહુ હોય છે પણ મનમાં તેઓ બૂરા હોય છે. તે નીચે સૂઇ રહ્યો હતો તો ખરેખર તે જ ચોરી ગએલો. કયે સ્ટેશને તે ઉતરી પડેલો ?"

" અહીંના પહેલાં જે સ્ટેશન આવે છે, ત્યાં જ. "

" અહીં પહેલાંનું સ્ટેશન નગરીયા રોડ, પણ તે સ્ટેશનેથી તો આસપાસનાં દસ ગામડાંમાં જઇ શકાય છે. તે કયાંનો વતની હતો તે ખબર છે ?"

" ના, પણ તેનું નામ કેશવલાલ હતું. "

" નામ ઉપર કશો ભરોસો રહી શકે નહિ. એ તો તમારી વીંટી ગઇ સમજી લ્યો."

લતા અને ચંદ્રમણિશંકર બન્ને નિરાશ-બાહુક સરખાં બની ગયાં. તેમની આસપાસ વટેમાર્ગુઓનું ટોળું ભરાઇ ગયું અને સૌ તેમનાપર દયા દર્શાવવા લાગ્યું. તે ટોળામાંથી એક પ્રૌઢ વયની બાઈ બોલી: " હેં બ્હેન ! તમારૂં નામ લતાગૌરી તો નહિ ? "

" હા, બાઈ, મારૂં નામ તો તે જ, પણ તમે મને કયાંથી ઓળખો ? "

" તમારૂં મોસાળ શિવશંકરભાઇને ત્યાં જ કે નહિ ?"

" હા, બાઇ ! તમે મને ઓળખો છો, પણ હું તમને ઓળખતી નથી. "

"હું શિવશંકરભાઈની પડોશમાં જ રહું છું. મેં તમને એકાદ બે વાર એમને ત્યાં આવેલાં જોએલાં એટલે ઓળખ્યાં."

"કેમ, મારા દાદા ખુશીમાં છે ?"

તે બાઇએ લતાના એ પ્રશ્નનો ઉત્તર ન આપ્યો. લતાએ ફરીથી પ્રશ્ન કર્યો: "તમે બીજે ક્યાંયથી આવ્યા હશો એટલે તેમના વિષે તમને ખબર નહિ હોય."

"આવું છું તો ત્યાંથી જ, પણ–"

"કેમ અચકાયાં? મારા દાદાને શરીરે શું કાંઇ અસુખ છે ?"

"તે બિચારા કાલે સ્હવારે જ ઉધરસ ખાતાં ખાતાં સ્વર્ગવાસી થઈ ગયા !"

"હેં ! ઓ બાપરે ! આ હું શું સાંભળું છું ? શું મારો એ એકનો એક આધાર પણ તૂટી પડ્યો ? ઓ પ્રભુ ! અમને તેં કેવળ ભિખારી બનાવી મેલ્યાં તે તો ઠીક, પણ અમારી ઓથ પણ શું તે લૂંટી લીધી ?"

વિધિની અઘટિતઘટના પટીયસી નું દર્શન સંસારમાં અનેક પ્રસંગે થતું જોવામાં છે. અનીતિમાન્ પુરૂષને ત્યાં કરોડોની સંપત્તિ, સુખ તથા વૈભવની વિપુલતા જોવામાં આવે છે, ત્યારે નીતિમાન્ પુરૂષો મરતા પણ મોટી સંખ્યામાં જોવામાં આવે છે; આ અઘટિત ઘટનાનું ભાન નીતિમાન્ પુરૂષ ઉપર દુઃખોનો ડુંગર ઢળી પડતો જોવામાં આવે છે ત્યારે પણ થાય છે. જાણેકે થોડાં દુઃખો પાડવાથી વિધિ પોતાનો ચમત્કાર પૂરી રીતે બતાવી શકતો ન હોય તેવી રીતે દુઃખીને અનેક પ્રકારનાં દુઃખોના કોટથી ઘેરી લેઇને તેને અભેદ્ય તુરંગમાં પૂરવો એ જ તેનો આશય હોય તેવું મનુષ્યબુદ્ધિને સમજાય છે. કર્મનો વિચિત્ર કાયદો મનુષ્યબુદ્ધિને અગમ્ય છે તેથી કર્મની નિય-

મિત ઘટના પણ મનુષ્યબુદ્ધિને अघटितघटना पटीयसी જેવી ભાસે છે. વસ્તુતઃ તેમાં અઘટિતતા જેવું કશું નથી હોતું.

ચંદ્રમણિશંકર અને લતાને હવે પોતાનું જીવન કેવળ શૂન્ય બની ગયું હોય તેવું ભાસવા લાગ્યું. નિર્ધનતાનો અતિરેક થઇ ગયો. મોટામાં મોટી ઓથ તૂટી પડી. દુઃખ સહન કરવાનું ધૈર્ય ખૂટી ગયું. ધૈર્ય આપનાર આપ્તજન કોઇ જ ન રહ્યું. જન્મભૂમિનો ત્યાગ કરવો પડ્યો. એ સઘળાં આકસ્મિક દુઃખોએ સંસારના આ અલ્પાનુભવી પ્રવાસીઓના હૃદયપર વજ્રાઘાત કર્યો. પોતાની અમૂલ્ય દોલત–વીંટી ચોરાઇ જવાથી લતાની આંખમાં આંસુ આવી ગયાં હતાં પરન્તુ રૂદન થઈ શકયું નહોતું. એ અપૂર્ણતા પૂરી જ કરવાને વિધિએ તેના માતામહના મરણના ખબર તેને મોકલ્યા અને એ બાળાથી ધ્રુસ્કો મૂકી જવાયો ! ધર્મશાળામાંનાં સઘળાં વટેમાર્ગુઓ જાગી ગયાં અને લતા તથા ચંદ્રમણિશંકરનાં દુઃખની વાતો કરી, તેમને આશ્વાસન આપી તેમના દુઃખમાં ભાગ લેવાનો પ્રયત્ન કરવા લાગ્યાં. કોઇની સૂચનાથી રખેવાળ બે ઘડા પાણી ભરી લાવ્યો અને એ દુઃખના ડુંગર તળે દબાએલા દમ્પતીએ તેવડે સ્નાન કર્યું. न जाने जानकीनाथः प्रातःकाले किं करिष्यति ॥

પ્રકરણ ૯ મું.

વૃદ્ધનગરમાં.

વૃદ્ધનગર બીજા વર્ગનું એક દેશી રાજ્ય હતું અને તેનો રાજા **રાજસિંહ** નામનો એક સૂર્યવંશી ઠાકોર હતો. રાજ્યકાર્યભારમાં તેની કુશળતા બહુ વખણાતી નહિ પરન્તુ પોતાના તાબાના ખેડુત વર્ગને વધારે આબાદ બનાવવાની તેની કાળજી બહુ પ્રશંસાપાત્ર લેખાતી હતી અને તે વિષે સરકારમાં પણ ઠાકોર **રાજસિંહ**નાં વખાણ થઈ ચૂકયાં હતાં. રાજ્યકાર્યભાર સંબંધી ખામી રાજ્યના દીવાન **આનંદલાલ**ની દક્ષતાથી દૂર થતી હતી અને રાજ્યની આર્થિક આબાદીના કાર્યની સાધના ખુદ રાજાની કાળજીવડે થતી હતી એટલે એકંદર રીતે **વૃદ્ધનગર**નું રાજ્ય દિવસે દિવસે વધારે આબાદ થતું જતું હતું. પ્રજા પણ સુખી અને આબાદ હતી તથા કેળવણી સુખશાંતિ વગેરે બાબતોમાં રાજ્યની મદદવડે સંતોષમાં દિવસો ગાળતી હતી. રાજાની એકની એક કુંવરી જય-દેવીનાં લગ્ન થોડા જ દિવસ પહેલાં થયાં હોવાથી શહેરમાં ઠેકાણે ઠેકાણે ઉત્સવના જેવી ધામધુમ તુરતમાં કરવામાં આવેલી જોવામાં આવતી હતી. લગ્નસમયના થોડા દિવસો આનંદ અને રંગરાગમાં ગાળ્યા પછી રાજ્યના નાના મોટા અમલદારો પુનઃ પોતાના રાજ્ય-કાર્યમાં પ્રવૃત્ત થઇ ગયા હતા.

ધનથી, દેશથી અને આપ્તજનોથી પણ ભ્રષ્ટ થઇ ચૂકેલો

ચંદ્રમણિશંકર સ્હવાર થતાં જ ધર્મશાળામાંથી નીકળીને પોતાના મિત્રને ત્યાં જઇ ચડયો. તેના મિત્રનું નામ પ્રેમશંકર હતું અને બાલ્ય વયમાં સાથે અભ્યાસ કરતી વખતની મિત્રાચારી સિવાય બીજી કશી વિશેષ મૈત્રીનો તેઓની વચ્ચે સંબંધ નહોતો; તોપણ પ્રેમશંકર સુજ્ઞ અને વિવેકી હતો એટલે ચોતરફથી દુઃખમાં ઘેરાયલા પોતાના મિત્રની સ્થિતિ જોઇને તેને લાગણી થઈ આવી હતી. તેણે ચંદ્રમણિશંકરનો સારી રીતે સત્કાર કર્યો અને એકાએક કયાંથી આવ્યો તે વિષે પૂછ્યું. ચંદ્રમણિશંકરે પ્રેમશંકરને એકાન્તમાં લેઇ જઇને પોતાના વીતકની સઘળી વાત વિસ્તારથી કહી સંભળાવી. વિશેષમાં પોતાને રાજા તરફથી ભેટ મળેલી વીંટી પણ ચોરાઈ ગઇ અને પોતાના સ્રીના માતામહનું મરણ થયું તે વાત પણ કહી. પોતાની ઇચ્છા મુંબઇ જવાની હતી, પરન્તુ જો કદાચ વૃદ્ધનગરમાં નોકરી મળી જાય તો ઠીક એમ ધારીને પોતે એકાએક ત્યાં આવ્યો હતો એમ પણ કહ્યું.

પ્રેમશંકર જવાબ આપ્યોઃ "એ જગ્યા તો પુરાઇ ગઇ છે— પાંચ સાત દિવસ પહેલાં જ."

ચંદ્રમણિશંકરના હૃદયમાં નિરાશાનો વિશેષ અંધકાર ફેલાયો, પરન્તુ પૂર્વના ગાઢ અંધકારમાં તે અંધકાર કાંઇ વિશેષ અસર કરી શકયો નહિ. તે પોતાના દુર્ભાગ્ય સંબંધી ક્ષણભર વિચારમાં પડ્યો અને "હવે આજે સાંજે જ હું મુંબઇ તરફ રવાના થઇશ" એમ જણાવ્યું. પ્રેમશંકરે કહ્યું: "ભલે મુંબઇ જજો, પરંતુ તમારી વીંટી ચોરાઇ ગઈ તે સંબંધી તમે વિશેષ તપાસ કેમ ચલાવી નહિ?"

"વિશેષ તપાસ હું શું કરૂં! કેશવલાલ નામના જે પાટીદારની વાત મેં તમને હમણાં કહી તે જ મારી વીંટી ચોરી ગયો

અને નગરીયારોડ સ્ટેશને તે ઉતર્યો. ત્યાંથી તો દસ ગામડામાં જવાય છે એટલે તે કયા ગામનો રહીશ હશે તેની પણ શી ખબર પડે?"

"આપણે નગરીયા સ્ટેશને જઇએ અને રાત્રે કોણ કોણ પસેંજરો ઉતર્યા હતા તે વિષે પૂછીએ તો કદાચ પત્તો મળે. એમ એકાએક નિરાશ થવાનું કારણ નથી. લતાગૌરીને અને તમારા સામાનને તમે અહીં લેઇ આવો, પછી આપણે સાથે નગરીયે જઇશું."

"તમારે આજે નોકરીપર જવું નહિ પડે?"

"હું આજના દિવસની રજા લેઇશ. તમે ધર્મશાળામાં જઈ આવો તે દરમિયાન હું હેડમાસ્તરને આજના દિવસની રજા માટે કહી આવું છું."

પ્રેમશંકરની આ માયાળુતાને માટે ચંદ્રમણિશંકરે તેનો આભાર માન્યો અને તુરત જ તે ધર્મશાળામાં ગયો. દુઃખથી બ્હાવરી બની ગએલી લતા શૂન્ય જેવી બનીને બેઠી હતી, તેને પ્રેમશંકર સાથે થએલી વાતચીત કહી અને લતાને પ્રેમશંકરને ત્યાં લેઇ ગયો. પ્રેમશંકરે વધામણી આપી: "ભાઈ ચંદ્રમણિશંકર! જો તમારૂં ભાગ્ય હોય તો તમને એક સારી નોકરી મળે તેવો યોગ છે."

"મારૂં ભાગ્ય? મારૂં ભાગ્ય છે જ નહિ, તમે પ્રયત્ન કરશો તોપણ મારો ભાગ્યયોગ એવો છે કે મને નોકરી નહિ મળે." ચંદ્રમણિશંકર બોલી ઉઠ્યો.

"યોગ સારો છે. તમારે માટે મેં હેડમાસ્તર સાહેબને વાત કહી, તો તેમણે કહ્યું છે કે હું તે માટે દીવાનને કહીશ અને દીવાનના ખાનગી સેક્રેટરીની જગ્યા કદાચ અપાવીશ. એ જગ્યા હમણાં ખાલી પડી છે. તે જગ્યાએ એક વાણીયો હતો તેને અહીંના રાજ-

કુંવરીના ખાનગી કારભારી તરીકે રાજકુંવરીની સાથે મોકલ્યો છે, તેથી તે વાણીયાની જગ્યોએ તમારી નીમણૂકનો 'ચાન્સ' છે !"

અનેક સારા ચાન્સો ગુમાવ્યા પછી આ એક ચાન્સને માટે ચંદ્રમણિશંકરને કાંઇ આનંદ થયો નહિ. તે અને પ્રેમશંકર નગરીયે જવાને માટે સ્ટેશનપર ગયા. ગાડી તુરતમાં જ મળી ગઇ અને પાએક કલાક પછી તો બન્ને જણુ નગરીયા રોડના સ્ટેશનપર ઉતરી પડ્યા. સ્ટેશન માસ્તર એક વૃદ્ધ મુસલમાન હતો. પ્રેમશંકરે તેને પૂછ્યું: " સાહેબ ! ગઇ રાત્રે ભદ્રપુરથી આવતી ટ્રેનમાં આ સ્ટેશને કેટલા પેસેન્જરો ઉતર્યા હતા તે આપને યાદ છે ? "

" હા; તે ટ્રેનમાં ગઇ રાત્રે એક પણ પેસેન્જર આ સ્ટેશને ઉતર્યો નથી. તમે પણ જાણતા હશો કે આ એક ઘણું નાનું સ્ટેશન છે. બધી ગાડીઓમાં મળીને ચાર–છ પેસેંજર અહીંથી ચડે છે કે ચાર–છ પેસેંજર ઉતરે છે. અહીંનો પેસેંજર ટ્રાફીક બહુ થોડો છે અને આ સ્ટેશન કાઢી નાંખવાનો જ રેલ્વેવાળાઓ વિચાર કરે છે. "

આ વાત સાંભળીને ચંદ્રમણિશંકરને બહુ જ આશ્ચર્ય થયું. " તે ચોર પાટીદારને એ સ્ટેશને ઉતરતાં લતાએ પોતાની નજરે જોયો હતો અને આ સ્ટેશન માસ્તર કહે છે કે અહીં એકકે ઉતારૂ ઉતર્યો નથી એ કેવી રીતે બન્યું હશે ? " ચંદ્રમણિશંકરે સ્ટેશન માસ્તરને પ્રશ્ન કર્યો: " કોઇ ઉતારૂ અહીં ઉતરીને ટીકીટ આપ્યા વિના ચોરી–છૂપીથી ચાલ્યો જઇ શકે ખરો કે નહિ ? "

સ્ટેશન માસ્તરે જવાબ આપ્યો: " હા, પહેલાં તેમ બનતું ખરૂં, પરન્તુ કેટલાક વખતથી સ્ટેશનની બન્ને બાજુએ આ લોખંડની વાડો ભરી લીધી છે, ત્યારથી તેમ નથી બનતું. પહેલાં કેટલાક

હરામખોરો રેલ્વેમાં ચોરી કરીને આ સ્ટેશને ઉતરી જતા અને ટીકીટ આપ્યા વિના છાનામાના ચાલ્યા જતા, તેપરથી રેલ્વેખાતાએ આ વાડો ભરાવી લેવાની અગત્ય માની છે. "

પ્રેમશંકરે કહ્યું: " સાહેબ ! એવો જ કેસ ગઇ રાતની ટ્રેનમાં બન્યો છે. આ મારા મિત્રની એક કીંમતી વીંટી ચોરાઇ ગઇ છે અને ચોરનાર આ સ્ટેશને ઉતરી પડ્યો છે. "

" તે આ સ્ટેશને ઉતર્યો નથી એ ચોક્કસ માનજો; પરન્તુ આ સ્ટેશને ઉતરવાની સગવડ દૂર થવાથી હમણાં એ હરામખોરો બીજી યુક્તિ ચલાવવા લાગ્યા છે. તમે કહો છો તેમ તે કદાચ આ સ્ટેશને ઉતર્યો હશે, પરન્તુ પાછો તુરત જ બીજા કોઇ ડબામાં બેસી ગયો હશે અને એ રીતે કદાચ તે મુંબઇ સુધી ચાલ્યો ગયો હશે. મુંબઇની સોનેરી ટોળીવાળાઓ પણ કોઈ વાર આવી રીતે ચોરી કરીને તેમાં ફાવી જાય છે. "

ચંદ્રમણિશંકર ચોરી કરનારના કસબને સમજી ગયો. હવે તે ચોરનો પત્તો લગાડવાનું કામ તેને કેવળ અશક્ય લાગ્યું હતું. પોતે કોઇ પૂરેપૂરા બદમાશના હાથમાં ફસાઇ ગયો હતો અને તેની મીઠી વાણીમાં લોભાઇ જવામાં પોતે પોતાની મૂર્ખતા જ દર્શાવી હતી એવું હવે તેના સમજવામાં આવ્યું. ચોરીનું આ પ્રકારનું હાર્દ સમજવામાં આવી ગયા પછી પ્રેમશંકર પણ નિરાશ થયો હતો. વીંટીનો પત્તો લાગે એવી હવે તેને આશા નહોતી. વળતી ટ્રેનમાં તેઓ બન્ને વૃદ્ધનગર તરફ પાછા ફર્યા.

સાંજે ભોજનકાર્યથી પરવારીને પ્રેમશંકર ચંદ્રમણિશંકરને હેડમાસ્તરની પાસે લેઇ ગયો. ચંદ્રમણિશંકરનો અભ્યાસ, અનુભવ,

ઉમર વગેરે સંબંધી ઉપલક માહિતી મેળવીને હેડમાસ્તર તેને રાત્રે દીવાનને ત્યાં લેઈ ગયા. પોતાના ખાનગી સેક્રેટરીની જગ્યા ખાલી પડી ત્યારથી દીવાને હેડમાસ્તરને કહી રાખ્યું હતું કે: " કોઇ હુશીયાર માણસ મળે તો ધ્યાનમાં રાખજો, પણ ભૂલે-ચૂકે વાણીયો શોધશો નહિ. વાણીયાની પજવણીનો મને બહુ કડવો અનુભવ છે, તેથી જો કોઈ મારી ન્યાતનો જ માણસ મળી જાય તો વધારે સારૂં. " દીવાને કહ્યું હતું તેવા જ ગુણ ચંદ્રમણિશંકરમાં હતા, તેથી તેને નોકરી મળી જાય એવી હેડમાસ્તરને પૂરી આશા હતી. તેમણે દીવાનને ચંદ્રમણિશંકરની ઓળખાણ કરાવી અને પછી કહ્યું: " હું ધારૂં છું કે પેલી જગ્યાને માટે એ ઠીક પડશે. મારા આસિસ્ટંટ પ્રેમશંકરના તે મિત્ર છે. અભ્યાસ પ્રીવિયસ સુધીનો છે. વળી તે આપની જ ન્યાતના છે. "

દીવાને ચંદ્રમણિશંકરની સામે નજર કરી અને પૂછ્યું: " ભદ્રપુરની સ્કૂલમાં તમને શું પગાર મળતો ?"

" પાંત્રીસ. "

" ત્યારે આ જગ્યા તેટલા પગારની નથી, અને વળી રાજ્યની નોકરી નથી. જો કે રાજ્યને લગતા કામકાજમાં મદદગાર તરીકે જ એ જગ્યા—મારા ખાનગી સેક્રેટરીની જગ્યા પૂરવાની છે, પરન્તુ એકંદરે તે મારી ખાનગી નોકરી છે. પગાર રાજ્યમાંથી અપાતો નથી. જગ્યા પાંત્રીસની છે ખરી, પરન્તુ શરૂઆતમાં તો તમને વીસ મળશે. ધીમે ધીમે તમારી યોગ્યતાના પ્રમાણમાં તેમાં વધારો થશે. "

" એટલા ટુંકા વેતનમાં ચલાવી શકવું મુશ્કેલ છે, તોપણ

હું એ નોકરીનો સ્વીકાર કરીશ, કારણકે મારામાં જે કાંઇ તત્ત્વ છે તેવડે હું આપને પ્રસન્ન કરી શકીશ એટલો મને સ્વાત્મ-વિશ્વાસ છે."

"એમ હશે તો ભવિષ્યમાં તમને મોટો લાભ મળશે. આવતી કાલથી તમે મારી પાસે આવવા માંડો એટલે હું તમને તમારે કરવાના કામની સમજણ આપી દઇશ."

"વારૂ, સાહેબ."

"જુઓને, અત્યારે જ હું તમને કહી દઉં. તમારૂં મુખ્ય કામ તો રોજ સ્હવારે સાત વાગતાં અહીં આવવાનું છે અને કોર્ટના કામના જે કાગળોનું દફતર આવ્યું હોય તે ખોલીને તેમાંનો પ્રત્યેક કાગળ મને તમારે વાંચી સંભળાવવો અને તેની નીચે મારા કહેવા મુજબ સેરો કરીને તે પર મારી સહી લેવી. અહીંના ઠાકોર સાહેબ બહુ ચપળ છે પરન્તુ વાંચવા લખવાના કામ કરતાં ખેતીવાડીના કામમાં તેમનું ચિત્ત વધારે પરોવાએલું રહે છે, એટલે હજુર કોર્ટનું સઘળું કામ મારે સંભાળી લેવું પડે છે. તે ઉપરાંત રેવન્યુ ખાતાના ઉપરી અધિકારીના કામકાજ ઉપર દેખરેખ રાખવાનું, લોકોની હજુર ઉપરની અરજીઓ વાંચીને તેનો નીકાલ કરવાનું વગેરે સઘળું કામકાજ મારે માથે રહેલું છે અને તે સઘળા કામના મદદગાર તરીકે મને ખાનગી સેક્રેટરીની જરૂર પડે છે."

"સાહેબ, માફ કરજો; આ ઉપરથી મારા ચિત્તમાં એક સવાલ થાય છે કે આ સઘળું કામ તો રાજ્યને લગતું જ છે; અલબત્ત તે આપના ખાનગી વખતમાં થાય છે ખરૂં, પરંતુ તેથી શું ? કોર્ટના જ કોઇ કારકુન કે શીરસ્તેદારને આ કામ માટે આપ આપને ઘેર પણ રોકી શકો."

"બરાબર છે. મારી પહેલાંનો દીવાન એ જ પ્રમાણે કરતો. તે પોતાના ખાનગી સેક્રેટરી તરીકે કોર્ટના કારકુનને જ ઉપયોગમાં લેતો; પરન્તુ મને તેમ કરવું ગમ્યું નથી, કારણકે તેથી કેટલીક વાર અનર્થો થવાનો સંભવ છે. કોર્ટનો કારકુન કોર્ટના કામકાજમાં જોડાએલો હોય એટલે ખાનગી માણસોની ભલામણો કે સલાહને અનુસરીને તે કાયદાની વિરૂદ્ધ થોડું-ઘણું કરવાની સ્વાભાવિક ટેવવાળો હોય જ. તેની એ ટેવને લીધે તે કદાચ મને પણ ખોટે માર્ગે દોરી જાય, અને એ રીતે મારા ખાનગી કામમાં તેમ જ કોર્ટના કામમાં તે એક સર્વોપરિ કારકુન તરીકે પોતાનું મનધાર્યું કરાવવામાં કદાચ ફાવી જાય, પરન્તુ મારો ખાનગી સેક્રેટરી જો કોર્ટથી બલકે રાજ્યથી પણ તદ્દન સ્વતંત્ર હોય તો તેવો ભય રહેતો નથી. આ કારણથી હું તમને જે કાંઈ ખાસ સૂચના કરૂં છું તે એ છે કે તમારે અત્યંત પ્રામાણિક રહેવું અને ન્યાયના માર્ગથી હું ભ્રષ્ટ થઉં તેવો પ્રસંગ આવવા દેવો નહિ."

"હવે હું સમજી ગયો. રાજ્યથી સ્વતંત્ર માણસની જ આપને જરૂર છે એ હવે મારા ધ્યાનમાં આવી ગયું. સાહેબ! વખત જતાં આપ મારી નીતિને જોઈ શકશો અને અભિપ્રાય બાંધી શકશો." દીવાનની દીર્ઘ દૃષ્ટિને માટે ચંદ્રમણિશંકર મનમાં પ્રશંસા કરવા લાગ્યો.

"બહુ સારૂં. આવતી કાલે સ્હવારમાં સાત વાગતાં તમારે અહીં આવવું. દશ વાગે તમને રજા મળશે. બીજું તમારે જે કાંઇ કામ કરવાનું છે તે ઘરનો ખાનગી હીસાબ રાખવાનું છે. બપોરે બે વાગતાં તમે આવશો અને પાંચ વાગ્યે જતા રહેશો તો તેટલા વખતમાં ઘરનું ખાનગી કામ પતી જશે, પણ એટલું વિશેષ

કહેવાનું છે કે કોઇ વાર કામનો ભરાવો થઇ જશે, ત્યારે તમારે રાત્રે પણ એકાદ–બે કલાક આવવું જોઇશે.”

“સાહેબ ! તનમનપૂર્વક કામ કરવું એટલે પછી મારે કેટલી હાજરી આપવી અને કેટલી ન આપવી એ કાંઇ સવાલ જ નથી. આપના શબ્દોમાં મને સંપૂર્ણ વિશ્વાસ છે.”

એટલી વાતચીત થયા પછી ચંદ્રમણિશંકર અને હેડમાસ્તર ત્યાંથી ઉઠી ગયા. ચંદ્રમણિશંકરના મુખપર આનંદનું સ્મિત સ્વલ્પાંશે ચમકવા લાગ્યું. ઘણા દિવસના ભૂખ્યા વાનરને જંગલમાં ભટકતાં ભટકતાં કોઇ વાર એક પકવ આમ્રફળ મળી આવે અને તેને જેવો આનંદ થાય તેવો આનંદ અત્યારે ચંદ્રમણિશંકરને થયો હતો. પોતાનો રોટલો પાછો સંધાયો છે એ ખબર લતાને આપતાં તેને અતુલ હર્ષ થશે, એવી આશા સાથે તે પ્રેમશંકરને ત્યાં પાછો ફર્યો. પ્રેમશંકરે ખબર આપી કે “લતાગૌરી ક્યારનાંએ બેભાન થઇને પડ્યાં છે. કાંઇ બોલતાંએ નથી કે ચાલતાંએ નથી !” ચંદ્રમણિશંકરનો આનંદ ઉડી ગયો. તેના કાળજામાં એક ઉંડો ચીરો પડ્યો અને તે ઓરડામાં લતાની પાસે દોડી ગયો.

પ્રકરણ ૧૦ મું.

ચિત્તની વિકળતા.

હાય ધીરે ધબકતું ઉર ઉર સાથ,
ખીલી ગુલાબ કળી ઝાકળ બિન્દુ ધારે;
એવા કપોલપર આંસુ ધીરે સમારે.
હૃદયવીણા.

માતામહના મરણના આકસ્મિક અશુભ સમાચારે લતાના ચિત્તને મોટો ધક્કો લગાડ્યો હતો, અને જ્યારથી તેણે ધર્મશાળામાં તે ખબર સાંભળ્યા હતા ત્યારથી જ તેનું ચિત્ત વ્યગ્ર બની ગયું હતું. પ્રેમશંકરને ત્યાં આવ્યા પછી પણ તેની એ જ સ્થિતિ રહી હતી અને શોકના અસહ્ય ભારથી ખોરાક તરફ તેને જરા પણ રૂચિ રહી નહોતી. પ્રેમશંકરની પત્નીએ તેને ઘણોએ આગ્રહ કર્યો પણ તેણે જરાએ ખોરાક ન લીધો. અત્યારસુધી તો તેણે દુઃખની સામે થઇને—દુઃખ પડ્યા છતાં તેની અવગણના કરીને બહારથી હિંમત દેખાડી હતી અને હિંમત હારી જતા પતિની હિંમતને પણ ટકાવી રાખી હતી, પરન્તુ આ દુઃખના ડુંગરે તેના ગાત્રોનું સઘળું જોમ હરણ કરી લીધું હતું. તેણે ધીરજ ખોઇ દીધી હતી અને જગતમાં પોતાના કરતાં વધારે દુઃખિની સ્ત્રી બીજી કોઈ જ નહિ હોય, આ દુઃખના વિચારોમાં ને વિચારોમાં જ પોતાનો હવે અંત આવવાનો અને બિચારા પતિ એકલા બની રહેવાના, એવા

સંકલ્પ વિકલ્પો તેના ચિત્તમાં થયાં કરતા હતા. એ જ પ્રકારના વિચારમાં બ્હાવરી બની જઇને આખો દિવસ તેણે રડ્યાં કર્યું હતું અને પ્રેમશંકરની સ્ત્રીએ અનેક વાર આશ્વાસન આપ્યા છતાં તેની કશી અસર તેના ઉપર થઈ નહોતી.

સાંજે પ્રેમશંકર અને ચંદ્રમણિશંકર હેડમાસ્તરની પાસે ગયા ત્યારે પણ તે એવા જ દુઃખના વિચારમાં હતી. આંખો સૂજીને લાલ થઇ ગઇ હતી. શરીરમાં કૌવત રહ્યું નહિ હોવાથી તે ઓરડાના એક ખૂણામાં જરા આડી પડી હતી. દુઃખનાં સ્વપ્નો મગજમાં તરતાં હતાંઃ "દુઃખથી કંટાળીને બિચારા મારા પતિ ઝેર ખાવા તૈયાર થયા હતા, તે કરતાં હું જ જો ઝેર ખાઇ લઉં તો શું ખોટું ? હું જ મારા પોતાના અને તેમના દુઃખની પણ કારણીભૂત છું, અને હું જો અળગી થઈ જઉં, તો પછી તેમને કોઇની પણ ચિંતા કરવાનુ રહે નહિ ! પુરૂષને શું ? સ્ત્રી હોઇને પુરૂષનું ઘર છે, અને ઘર એ જ તેમના આત્માનું, મનનું અને દેહનું બંધન છે. તે ન હોય તો તે રમતા રામ જેવા, પછી તેમને ચિંતા શી ? આ જગતમાં મારાં સઘળાં હિતેચ્છુઓને હું ગુમાવી બેઠી છું, પતિ બિચારા મારા ઉદરનું પોષણ કરવાને ગામગામ ભટકવા નીકળ્યા છે, શરીરનું આરોગ્ય પણ ગુમાવી બેઠા છે; આ બધાં દુઃખોની વચ્ચે મારે શામાટે જીવવું જોઇએ ? લ વ ગુણસુંદરીની પેઠે હું પણ મારા 'ચતુર'ને પત્ર લખુ કે–'નાથ ! આજે મારો છેલ્લો દિવસ છે, હુ હવે મરવા પડી છું. અત્યારસુધી તો હું અંતરૂથી હિંમત હારી ગયા છતાં બહારથી હિંમત ટકાવી રહ્યાનો દેખાવ કરી શકી હતી અને આપની હિંમતને ટકાવવાના સાધનરૂપ પણ બની હતી, પરન્તુ હવે હું મારી હિંમત ખોઈ બેઠી છું. આજે મને લાગે છે કે હું જીવીશ નહિ.

મારા શરીરની નસો તૂટવા લાગી હોય, સાંધા છૂટવા લાગ્યા હોય અને ગાત્ર ઢીલા પડવા લાગ્યા હોય તેવું હું અનુભવું છું. મારા આત્માથી ચૈતન્ય પલાયન કરી જતું હોય એવું હું જોઉં છું, તોપણ દેહમાં હજી ચૈતન્ય છે અને તે હવે થોડીએક ક્ષણોમાં ઉડી જશે. ઓ નાથ! તમે નિર્ધન થયા તેથી મને કોઇ વાર દુઃખ લાગ્યું નથી અને જીવીશ તો લાગશે પણ નહિ— અરે, પણ જીવવાની તો હવે વાત જ શાને કરવી જોઇએ? આપનું તન રોગિષ્ઠ થયું હતું તે મારી ચિન્તાનો વિષય એક વાર હતો, પરન્તુ હું સંતુષ્ટ છું કે મરતી વખતે એ ચિંતા મને વ્યથિત કરતી નથી. આપનું મન તો મારાપર હમેશાં અડગ અને અચળ હતું એ મારા સૌભાગ્યસુખનો આનંદ કોઇ પણ વખતે મારાથી વિસરાયો નથી; પરન્તુ હું અભાગણી દુઃખ પામવાને અને તમોને દુઃખી કરવાને જ સરજાએલી છું એથી મને બહુ દુઃખ થાય છે. તમે મને પરણ્યા ન હોત, તો તમારી નોકરી ના તૂટત, મારા પિતાનો તિરસ્કાર વેઠવો ન પડત, ઝેર પીવાનો વખત ન આવત, રાજાની મુલાકાતનો સુભાગી અવસર દુર્ભાગી ન થઈ પડત, દીવાનનો રોષ ન ઉતરત અને દેશવટો ભોગવી ગામે ગામ રખડવું ન પડત!! હાય હાય! પ્રાણનાથ! મને પરણીને જ તમે દુઃખી થયા, અને મારી ચિંતામાં જ તમે શરીરને સોસવી નાંખ્યું! વિધિનો કોપ જાણે કે અધૂરો રહ્યો હોય એવી રીતે તેણે મારા એકના એક આપ્તજન રૂપ માતા- મહને પણ હરી લીધા!! ઓ પ્રભુ! હું દુઃખી થઉં અને મારે લીધે તમે દુઃખી થાઓ તે કરતાં સંસારમાં તમે એકલા રહો, પા શેર કમાઓ અને પા શેર ખાઇને સૂઈ રહો તો શું તમે સુખી ન બનો?'"

આ દુઃખમય વિચારમાં લતા બેભાન જેવી બની ગઇ. અંતઃ વ્યાપા-

રમાં બાહ્ય વ્યાપારનું ભાન તેને ન રહ્યું અને થોડી વાર મગજ પણ શૂન્ય–બ્હેરૂં બની ગયું. તેને કાંઇ ખવડાવવાને પ્રેમશંકરે તથા તેની પત્નીએ તેને ઉંઘી ગએલી માનીને જગાડવાનો–બોલાવવાનો યત્ન કર્યો, પરન્તુ લતાની અચેતન દશા તો ચાલુ જ રહી. એ જોઇને બન્ને જણ ગભરાયાં જ હતાં, એટલામાં ચંદ્રમણિશંકર આવી પહોંચ્યો અને તેને લતાની એ સ્થિતિની ખબર મળતાં તેની પાસે દોડ્યો. પ્રેમશંકર ડાક્તરને બોલાવવાને બહાર દોડ્યો.

લતાને જગાડવાને–તેને ભાનમાં લાવવાને ચંદ્રમણિશંકરે તેને ઉચ્ચ સ્વરે બોલાવવા માંડી–ઢંઢોળવા માંડી પણ તે જાગ્રત થઈ નહિ. માથાપર અને મ્હોંપર પાણી છાંટ્યું ત્યાં લતા ચમકી ગઇ અને હાથ ઉંચા કરતી બોલી: " હું જઉં તો તમે સુખી થાઓ ખરા ! " જાણે કે કોઈ પ્રકારની ગાઢ નિદ્રાના સ્વપ્નમાંથી જાગૃતિ આવી હોય તેવી રીતે બ્હેબાકળી જાગી અને મ્હોંપરથી પાણી લૂછતી તે બેઠી થઇ. ચંદ્રમણિશંકર બોલ્યો: " તું જાગે છે ? "

" હા, હું જાગું છું; ત્યારે શું હું ઉંઘી ગઈ છું ? "

" ત્યારે તું હમણાં શું બોલી ? "

" કાંઇ જ નહિ. હું જાગું જ છું અને કશું બોલી નથી. " લતાએ ઉત્તર આપ્યો.

હવે ચંદ્રમણિશંકરના જીવમાં જીવ આવ્યો. એટલામાં તો પ્રેમશંકર ડાક્તરને બોલાવી લાવ્યો. લતાની નાડી, હૃદય, મગજ વગેરેની તપાસ કરીને તેણે અભિપ્રાય આપ્યો કે " માત્ર વિચાર કરવાથી મગજ નબળું પડી ગયું છે અને હૃદયને ધક્કો લાગ્યો છે. રોગ બીજો કાંઈ નથી. તેમને ખુલ્લી હવામાં અને આનંદમાં રાખશો

તો બે દિવસમાં તબીયત સારી થઇ જશે. દવા આપવાની જરૂર નથી."

બન્ને મિત્રોને હવે કરાર વળ્યો. પ્રેમશંકરે પોતાની પત્નીને સૂચના આપી કે "લતાગૌરીને બહુ એકલાં રહેવા દઇશ નહિ, અને બહુ વિચાર કરવા દઇશ નહિ. તે આપણાં મેમાન ગણાય, તોપણ તેમને કશું ઘરકામ સોંપજે કે જેથી તેમાં તેમનું ચિત્ત પરોવાય." ચંદ્રમણિશંકર લતાની પાસે ને પાસે જ બેસી રહ્યો, તે લતાને કાંઇક નવાઇ જેવું લાગ્યું. તેને પૂછ્યું: "તમે કેમ મારી સામે ને સામે બેસી રહ્યા છો? પેલો ડાકતર હમણાં કેમ આવ્યો હતો?"

"તું કેટલાક વખત સુધી બોલતી બંધ થઇ ગઇ હતી અને જાગતી કે હાલતી ચાલતી નહોતી તેથી ડાકતરને બોલાવવો પડ્યો હતો."

"હેં! મને તો કશું થયું નથી. હા, શોકમાં ને શોકમાં પડી રહી હતી ખરી, પણ મને બીજી કશી ખબર નથી. જાણે કે હું મરી જતી હોઉં, મારી જીભ બંધ પડી ગઇ હોય અને હું તમને કાગળમાં લખીને કાંઇ કહેતી હોઉં એવું મને સ્વપ્નું આવેલું સાંભરે છે ખરૂં, પણ એ તો સ્વપ્નું જ હતું. તમે અત્યારસુધી કયાં ગયા હતા?"

"હું પહેલાં હેડમાસ્તર પાસે અને પછી દીવાન પાસે નોકરીની તજવીજ કરવા ગયો હતો તે શું તું નથી જાણતી?"

"મને તે સાંભરતું નથી, પણ તમે તો નોકરી પુરાઇ ગયાની વાત કરતા'તાને!"

"હા, પરન્તુ પાછળથી પ્રેમશંકરે તે વાત કહી હતી અને

તેં સાંભળી હતી. દીવાન સાહેબના ખાનગી સેક્રેટરીની નોકરી મને મળી. પગાર રૂપિયા ૭૫ નો." ચંદ્રમણિશંકર જૂઠું બોલ્યો—ડાક્તરની સૂચના લતાને આનંદમાં રાખવાની હતી, તે આનંદ ઉપજાવવાની આશાથી તે જૂઠું બોલ્યો.

"હાય રે! તમને નોકરી તો ફરીથી મળી, પણ મારા દાદા મને ફરીથી કયારે મળશે?" લતા એટલું બોલતાંમાં રડી પડી.

ચંદ્રમણિશંકર બોલ્યો: "વ્હાલી! તું આવી રીતે શોકમાં પડીને સુકાઇશ, તો મારી શી વલે થશે તે તું કેમ વિસરી જાય છે? શિવશંકરજી બિચારા વૃદ્ધ હતા. તે ગયા—આપણું વિશેષ દુઃખ જોયા વિના ગયા એટલું એમનું સદ્ભાગ્ય! હવે તેનો શોક શાને કરવો? તારી હિંમતપર મારૂં જીવન છે, અને તે તું છોડી દઇશ તો મારાથી પણ કેવી રીતે જીવાશે? દુઃખ કાંઈ હમેશાં રહેતું નહિ. આપણું દુર્ભાગ્ય હશે તો હજી પણ થોડું વધારે દુઃખ પડશે, તોપણ છેવટે તો પ્રભુ આપણને સુખ આપશે જ. આવેલા દુઃખને રડ નહિ, પણ આવનારા સુખને માટે પ્રભુ ઉપર શ્રદ્ધા રાખ."

લતા શાન્ત ચિત્તે એ સઘળું સાંભળી રહી. નિરાશ થએલા પતિને પોતે હિંમત આપી હતી અને અત્યારે પોતે હિંમત હારી જવાથી સ્વામીનું ચિત્ત વ્યગ્ર બનશે એવો વિચાર ચિત્તમાં ઉદ્ભવ્યો. દુઃખના વિચારોને ચિત્તમાંથી દૂર કરવાને તેણે પ્રયત્ન કરવા માંડ્યો. 'મારી શી વલે થશે તે તું કેમ વિસરી જાય છે?' પતિના એ કરૂણાજનક શબ્દો તેના ચિત્તમાં રમી રહ્યા. "હું મરી જઉં તો આ મારા ગરીબડા સ્વામીની શી વલે થાય? તેમનું નબળું મન કોના ટેકા ઉપર જીવે? ક્ષણભર આશ્વાસન વિના જે હતાશ બની

જાય છે, તેનું વિરામનું સ્થાન હું પોતે, અને તે જ હું જઉં તો તેમની શી વલે ? ના, મારે મરવું નથી, પ્રભુ ! મારે સ્વર્ગ જોઈતું નથી.

"વ્રજ વ્હાલું રે વૈકુંઠ નથી જાવું,
"ત્યાં મુજ નંદકુંવર ક્યાંથી લાવું ?

"મારે જીવવું જોઇએ. જેને માટે આ અવતાર ધર્યો છે,–જે હોઇને મારો આ અવતાર સફળ છે તેને માટે તો મારે જીવવું જોઇએ–તેના આત્માના આરામ માટે અનેકાનેક કષ્ટો વેઠતાં પણ મારે જીવવું જોઇએ. માતા ગઈ છે, માતામહ પણ ગયા, પિતા જીવતા છે છતાં ગયા છે, મારા સૌભાગ્યભૂષણ છે તો સર્વ કાંઇ છે, તે છે તો મારાં સર્વ આપ્તજનો જીવે છેઃ તેમને હું શાને દુઃખી કરૂં છું ? આ તેમનું ગરીબડું વદન મારા કાળજામાં કાપો પાડે છે ! હું જઇશ તેની બીજી જ ક્ષણે તેમનો દેહ પણ પડશે, એ નક્કી ! મનુષ્ય છીએ એટલે એક વાર મરવું તો પડશે જ, પરન્તુ ઓ પ્રભુ ! મને તો તું તેમની છેલ્લી ઘડીસુધી જીવતી રાખજે; તેમની છેવટસુધીની સેવાનો મને લાભ આપજે." વિચારોને અંતે ચહેરાપરથી શોકની કૃષ્ણચ્છાયા કિંચિત્ દૂર થએલી દેખાઇ. તે બોલીઃ "મને કાંઇ જ થયું નથી, તમે ચિંતા શાને કરો છો ? ચાલો, મારે જરા ખાવા ઉઠવું છે." ચંદ્રમણિશંકર શાન્ત થયો. તેને લાગ્યું કે પોતે પોતાની પ્રિયતમાની ગમગીની દૂર કરી શક્યો છે.

પ્રકરણ ૧૧ મું.

કસોટીનો પ્રસંગ.

यथा चतुर्भिः कनकं परीक्ष्यते ।
निधर्षणच्छेदनतापताडनैः ॥
तथा चतुर्भिः पुरुषः परीक्ष्यते ।
त्यागेन शीलेन गुणेन कर्मणा ॥

અર્થ—સોનાની પરીક્ષા ઘર્ષણ, છેદન, તાપ અને તાડનથી થાય છે, તેવી રીતે ત્યાગ, શીલ, ગુણ અને કર્મથી પુરૂષની પરીક્ષા થાય છે.

ચાણાક્યનીતિ.

દુઃખસ્યાનન્તરં સુખમ્ એ વાક્યના અનુભવનો સાક્ષાત્કાર ચંદ્રમણિશંકરને હવે થતો જતો હતો. દીવાનના ખાનગી સેક્રેટરીના ઓદ્ધાપર નિયત થયા પછી તુરતમાં જ તેણે પ્રેમશંકરની પડોશમાં જૂદું ઘર લેઈને રહેવા માંડ્યું. સ્વામી નોકરીપર ચડવાથી લતાને જે આનંદ થવો જોઇતો હતો તે આનંદ તેને ખરી રીતે થતો નહોતો, તોપણ પોતાના આનંદી વદનના દર્શનથી જ સ્વામીને પણ આનંદ થશે એવું સમજનારી એ પતિપ્રાણા સતી અંતરના શોકને કૃત્રિમ રીતે દબાવીને બહારથી આનંદનિમગ્ન રહેવાનો દેખાવ કરતી ! પોતાનું ધન ગયું, વતન ગયું અને અત્યંત નિકટના આપ્તજન માતામહનું મરણ થયું એ એકીસામટા દુઃખના ભારથી બ્હાવરી બની ગએલી લતા બહારથી

આનંદનિમગ્ન રહેવાનો દેખાવ કરતી હોવા છતાં તેના શોકથી વિવર્ણ થઇ ગએલા વદનપર આનંદની કૃત્રિમ ચટકી જરા પણ દીપતી નહિ ! ચંદ્રમણિશંકર ઘેર રહેતો તેટલો વખત તે લતાને આનંદમાં જ રહેતી જોતો,–દૃશ્ય–અદૃશ્ય સ્મિત ફરકતું તેના જોવામાં ઘણી વાર આવતું, છતાં એ આનંદ ને એ સ્મિત ચંદ્રમણિશંકરને આનંદ ઉપજાવવાને પૂરી રીતે સફળ નીવડતું નહિ તેથી તે કાંઇક આશ્ચર્ય પામતો. એ પ્રમાણે સુખદુઃખના તરંગોમાં એ પ્રેમી દમ્પતીનો સંસાર વહ્યો જતો હતો.

એક મહિનો પૂરો થયો એટલે ચંદ્રમણિશંકરના હાથમાં વીસ રૂપિયાની એક નાની રકમ આવી. ઘણા લાંબા વખત પછી પોતાની કમાઇનું દ્રવ્ય આજે તેના હાથમાં આવ્યું હતું તેથી તેને અપૂર્વ આનંદ થયો હતો. તે દિવસે તે ઘેર આવ્યો ત્યારે તેના હૃદયમાં તેનો હર્ષ માતો નહોતો; પરન્તુ ઘેર આવ્યા પછી લતા તરફ દૃષ્ટિ જતાં જ તેના વદનપર શોકની છાયા છવાઇ ગઇ. લતાને આનંદ આપવાને પોતે પાંત્રીસના પગારનું જે અસત્ય વચન કહ્યું હતું તે તેને સાંભરી આવ્યું અને હવે લતાને પાંત્રીસ રૂપિયાની રકમ કેવી રીતે બતાવવી તેનો તે ગરીબ પતિને મોટો વિચાર થઇ પડ્યો. તેનો હર્ષ એકાએક શમી ગયો. પોતાને પહેલા માસનો પગાર મળી ચૂકયાની વાત જ તેણે તે દિવસે લતાને કહી નહિ.

બીજે દિવસે સ્હવારે તે દીવાનની પાસે નિયમિત રીતે ગયો અને પોતાના કામમાં જોડાયો. તે દિવસે વાંચવાના કાગળોનો જથો ઘણો મોટો હતો તેથી બાર વાગ્યાસુધી તે કામ ચાલ્યું. બારના ટકોરા સાંભળતાં દીવાને કહ્યું. " હવે કેટલા કાગળ બાકી રહ્યા છે, મી. ચંદ્રમણિશંકર ! "

" એક જ, સાહેબ ! "

" ઠીક, ત્યારે તે પૂરો કરી લ્યો. આજે રોજ કરતાં બહુ મોડું થઇ ગયું. તમે જમ્યા વિના જ આવ્યા હશો."

" જી હા, પણ તેની શી ફીકર છે ? કામ અધૂરૂં રાખીને જમવામાં મારૂં ચિત્ત પરોવાતું જ નથી, સાહેબ ! "

" એમ કે ? ત્યારે તમે પણ મારા જેવા આગ્રહી જણાઓ છો. વારૂ, એ કાગળ વાંચી લ્યો પછી હું તમને કેટલીક સૂચના કરવા ઇચ્છું છું. "

ચંદ્રમણિશંકરે બાકી રહેલો તુમાર વાંચી કાઢ્યો. તે ઉપર દીવાનની સૂચના પ્રમાણે સેરો કર્યો અને બીજા તુમારોની સાથે તેને પેટીમાં મૂકયો. કામ પૂરૂં થઇ રહ્યું એટલે દીવાને કહ્યું: " ચંદ્રમણિશંકર ! તમે હાલ તો ભાડાના મકાનમાં જ રહેતા હશો."

" જી હા, તેમ જ છે. "

" ત્યારે અહીંથી થોડે જ દૂર એક દરબારી મકાન છે તેની અંદર તમે રહેવાનું પસંદ કરો તો સારૂં, કારણકે તમે નજીક હો તો તુરતમાં બોલાવવાનું ઠીક પડે. મકાન વિશાળ અને નાના બંગલા જેવું છે. તમને કશી હરકત તો નથી ને ? "

" મને કશી હરકત નથી; હું ખુશીથી ત્યાં રહેવા આવીશ. પરન્તુ તેનું ભાડું—"

" ભાડું તમને નહિ આપવું પડે, કારણકે તે દરબારી મકાન છે અને અત્યારે નકામું–ખાલી પડ્યું છે, અને હું તમને વિશેષમાં જણાવું છું કે તમારા આ એક માસના કામથી હું સંતોષ પામ્યો છું તેથી તમારો પગાર પાંત્રીસ રૂપિયાનો કર્યો છે. ગયા

માસનો પગાર તમને આપ્યા પછી મને આ વિચાર ઉદ્‌ભવ્યો તેથી એ માસના બાકીના રૂપિયા પંદર પણ તમારે ઘરખર્ચના હિસાબ-માંથી ઉપાડી લેવા. ”

“ મોટો ઉપકાર થયો સાહેબ; કૃતજ્ઞ પુરૂષની સેવાનો મને લાભ મળ્યો એ હું મારૂં અહોભાગ્ય સમજું છું. ” એ આભારના શબ્દો ઉચરતાં ચંદ્રમણિશંકર ગળગળો થઈ ગયો.

દીવાને કહ્યું: “ ઉદ્યોગી અને પ્રામાણિક માણસને તેના પુરૂ-ષાર્થના પ્રમાણમાં ઇશ્વર પોતે જ બદલો આપે છે. ”

ચંદ્રમણિશંકરના વદન ઉપર હવે ખરેખરો હર્ષ પ્રકટ્યો. તે ઘેર ગયો, લતાને સહર્ષ ચુંબન લેતાં તેના હાથમાં પાંત્રીસ રૂપીયા મૂકી તે આનંદ પામ્યો. દીવાનની પોતા ઉપર ઉતરેલી મહે-રબાનીના સમાચાર તેણે લતાને કહ્યા. લતા સ્વામીના હર્ષમાં ભાગ લેતાં મધુરૂં સ્મિત કરી રહી. તે સ્મિતનું અધરોષ્ઠ દ્વારા પાન કરતા ચંદ્રમણિશંકરને સ્વર્ગસુખનો અનુભવ તે ક્ષણે થવા લાગ્યો.

* * * *

ચંદ્રમણિશંકર દરબારી મકાનમાં રહેવા ગયાને ત્રણચાર માસ વીતી ગયા. તેટલા સમયમાં તેને પોતાના ભાગ્યોદયનો સંપૂર્ણ અનુભવ થઇ ચૂકયો હતો. દીવાનની તેના ઉપર અતુલ કૃપાદૃષ્ટિ ઉતરી હતી અને તેની પ્રામાણિકતાને માટે દીવાનના આખા કુટુંબમાં સારો અ-ભિપ્રાય બંધાયો હતો. દીવાનની સ્ત્રી તેના ઉપર પુત્રતુલ્ય વત્સલ ભાવ રાખતી હતી અને દીવાનની પોતાની પણ તેના ઉપર તેવી જ નજર હતી. લતાના હૃદયમાં પણ હવે કિંચિત્ સુખના આનંદનો સંચાર થવા લાગ્યો હતો. માતામહના મરણનું સ્મરણ ચિત્તમાંથી ભુંસાવા લાગ્યું હતું, તોપણ તુરતમાં સાંભળેલી એક બીજી વાત ઉપરથી મતામહના

સ્નેહનું સ્મરણ લતાનાં નેત્રોમાંથી અવારનવાર અશ્રુ વરસાવતું હતું. આ વાત એ હતી કે શિવશંકરજીએ પોતાની દશેક હજારની સ્થાવર જંગમ મીલકતનું વસીયતનામું લતાગૌરીના નામપર કર્યું હતું અને તે વાત થોડા વખત પહેલાં જ લતાના જાણવામાં આવી હતી, ત્યારથી તેને માતામહના અનુપમ વત્સલ ભાવનું સ્મરણ થયાં કરતું હતું. " અહો ! મારા કરતાં વિશેષ નિકટનાં પિત્રાઇઓ અને ભત્રીજાઓને છોડીને એ વત્સલ માતામહે પોતાની સઘળી મિલ્કત મને સોંપી ! હું ગરીબડી સૌની દયાને પાત્ર અવસ્થામાં આવી પડી એ પણ મારૂં પોતાનું જ ભાગ્ય ! બીજાઓ ગરીબને દાન કરીને આનંદ પામે છે, ત્યારે મારે એક ગરીબ તરીકે દાન ગ્રહણ કરીને આનંદિત થવાનું ! ઓ પ્રભુ ! માતામહની મીલકત હું કોઇ પુણ્ય-કાર્યમાં વાપરૂં એટલી મને શક્તિ આપ; ધન ન આપ તોપણ એટલો ત્યાગ કરવાનું આત્મબળ આપજે પ્રભુ ! "

દુઃખી મનુષ્યનું ભાગ્યચક્ર જયારે બદલાય છે ત્યારે તેનામાં મનોબળનો પણ ધીમે ધીમે સંચાર થતો જાય છે. લતાનું મન જે સમયે નિર્બળ થતું જતું હતું તે સમયે ચંદ્રમણિશંકરનો ઉત્સાહ અને મનોબળ વૃદ્ધિંગત થતાં હતાં. નિર્વાહ કરવામાં કશી અડચણ આવતી નહોતી અને સૂર્યસિંહે ભેટ આપેલી કીંમતી હીરાની વીંટી ચોરાઇ ગઇ તેનું દુઃખ પણ હવે ચિત્તમાંથી દૂર થતું જતું હતું. દીવા-નની પ્રીતિના સાગરમાં ફરતાં તેની પાંખોમાં વધારે બળ આવતું જતું તે અનુભવતો હતો. વૃદ્ધનગરના કેટલાક મુખ્ય મુખ્ય નાગરિકો સાથે તે વધુ ઓછા પરિચયમાં રહેતો હતો પરન્તુ દીવાનની સૂચ-નાથી રાજ્યના કર્મચારીઓ—નાના મોટા અમલદારો કે કારકુનોના પરિચયમાં તે રહેતો નહિ. કદાચ કોઈ કારકુન તેને વળગતો આવતો

તો તે પોતાના સ્વભાવની વિરૂદ્ધ જરા કઠીન હૃદયનો બનીને કહી દેતો કે "આપ હવે મારે ત્યાં આવવાની તસ્દી લેશો નહિ." આવું અપમાન કેટલાકોને બહુ આકરૂં લાગતું, પરન્તુ તેઓ સમજતા કે દીવાનની રાજનીતિનું જ એ પરિણામ હતું.

એક વાર એક વણિક ગૃહસ્થ ચંદ્રમણિશંકરને ત્યાં આવી ચડ્યો. સમય રાત્રિનો હતો. ચંદ્રમણિશંકર અને લતાગૌરી અગાશીમાં કાંઈ વિનોદ કરતાં બેઠાં હતાં. એટલામાં નીચેથી ચાકરે બૂમ મારી એટલે ચંદ્રમણિશંકર નીચે આવ્યો અને બેઠકના ઓરડામાં આવેલા વણિક ગૃહસ્થનો તેણે સત્કાર કર્યો. આવેલા ગૃહસ્થે પૂછ્યું: " ચંદ્રમણિશંકરભાઇ આપ પોતે જ ? "

" જી હા, બેસો આ ખુરશીપર. આપ ક્યાંથી આવ્યા છો ? "

" હું નાગપુરથી આવું છું. નાગપુરના ઠાકોર નાગસિંહજીનો હું કારભારી છું. મારૂં નામ નીતિચંદ. "

" એમ કે ? મેં આપનું નામ તો સાંભળેલું ખરૂં, પરન્તુ મુલાકાત તો આજે જ થઈ. કેમ, આજે અહીં આવવાની તસ્દી લેવી પડી ? "

" આપ જાણતા હશો કે નાગપુરની મૂળ જગ્યાની માલેકી સંબંધી વાંધો ઉઠ્યો છે. "

" ના, તે સંબંધે હું કશું જાણતો નથી. "

" ત્યારે સાંભળો. ઠાકોર નાગસિંહજી વૃદ્ધનગરના રાજાના ભાયાત છે. તેમના તાબામાં પહેલાં ત્રણ ગામો હતાં અને હાલમાં નાગપુર નામનું નવું ગામડું ઠાકોરે પોતાના નામપરથી બાંધ્યું છે. નાગપુર જ્યાં બાંધવામાં આવ્યું છે ત્યાં અસલ કેટલાંક ભાંગ્યાં તૂટ્યાં

ઝૂંપડાં હશે અને જ્યારે તે બાંધ્યું ત્યારે ત્યાં કાંઇ વસતી નહોતી. તે ઝુંપડાં નાગસિંહજીના તાબાની હદમાં જ આવેલાં એટલે ઠાકોરે ત્યાં નવું ગામ બાંધ્યું અને કેટલાક ખેડૂત તથા વાણીયાને વસાવ્યા. ગામ વસાવ્યાને ૬–૭ વર્ષ થઇ ગયાં અને ગામ રેલ્વે સ્ટેશનની નજીક આવેલું એટલે ધીમે ધીમે આબાદ થતું ગયું. હવે અત્યારે જુનનગરના એક બીજા ભાયાત રણમલસિંહજીએ એવો વાંધો ઉઠાવ્યો છે કે જ્યાં નાગપુર વસ્યું છે ત્યાં જે ઝુંપડાં પહેલાં હતાં તે પોતાના તાલુકાની હદમાં આવેલાં હતાં અને ત્યાં પોતાનું ભીલડું નામે ગામડું હતું. આ તકરાર ઉઠી છે તેમાં ન્યાયાધીશ સાહેબે અમારા ગેરલાભમાં ચુકાદો આપેલો, પણ અમે હજુર કચેરીમાં અપીલ કરી છે. ”

“ વારૂ, પછી. ”

“ એ કેસના કાગળ દીવાન સાહેબ પાસે આવી ગયા કે નહિ અને આવી ગયા હોય તો તે ઉપર કેવી મતલબનો સેરો કરવામાં આવ્યો છે તે હું આપની પાસેથી જાણવા ઇચ્છું છું. ”

“ એ કેસના કાગળ હજી દીવાન સાહેબ પાસે આવ્યા નથી અને આવશે તથા તે ઉપર સેરો થશે, તોપણ તે વિષે મારી તરફથી આપને કશી ખબર મળી શકશે નહિ એ ચોક્કસ માનજો. ” ચંદ્રમણિશંકરે ખુલ્લો જવાબ આપી દીધો.

“ અરે સાહેબ, હું તો માત્ર સહેજ જાણવા આવ્યો છું કે તેના સંબંધમાં કશું આપના જાણવામાં છે ? ન હોય તો કાંઈ નહિ. ઠાકોર શ્રીએ મને કહેલું કે ચંદ્રમણિશંકરભાઇ તરફથી તે વિષે કાંઇક માહીતી મળશે, એટલે હું આપની પાસે આવ્યો. ”

“આપ આવ્યા તો ભલે આવ્યા અને ઠાકોરશ્રીને સલામ કહેજો.”

" વારૂ, કાગળ દીવાન સાહેબની પાસે હજી નથી આવ્યા એ તો ઠીક; પરન્તુ ઠાકોરશ્રીએ આપને બીજી થોડીએક તસ્દી આપવાની મને ભલામણ કરી છે. "

" તે શું છે ભલા ? " ચંદ્રમણિશંકરે જાણવા માગ્યું.

" જે કાગળો એ કેસને લગતા છે તેના સંબંધમાં જ એ તસ્દી આપવાની છે, અને એ તસ્દીના બદલામાં અમે આપની મહેનતની કદર બૂજીશું. " નીતિચંદે લાલચ બતાવવા માંડી.

ચંદ્રમણિશંકર સમજી ગયો કે કાંઈ કાવતરૂં તે પોતાની પાસે કરાવવા ઇચ્છે છે અને તેના બદલામાં એ લાંચ આપવાને આવ્યો છે. નીતિચંદની આ અનીતિ સાંભળીને ચંદ્રમણિશંકરનાં રોમ થરથર્યાં. તેને તે લુચ્ચા અને મીઠાબોલા વાણીયા તરફ હદપાર તિરસ્કાર છુટચો, પરન્તુ તેના કથનનું હાર્દ સમજી લીધા વિના તેને સંપૂર્ણ નિરાશ કરવાનું કે તિરસ્કાર ખુલ્લી રીતે જણાવવાનું તેણે વાજબી માન્યું નહિ. તે ઠાવકું મ્હોં રાખીને બોલ્યો: " એવું તે શું કામ છે, વારૂ ? "

" તે કેસના કાગળોમાં જીલ્લાના એક અવલકારકુનની જુબાની છે. એ જુબાનીના કાગળો જરા અદલબદલ કરવાના છે. "

" તે કેવી રીતે બની શકે ? " ચંદ્રમણિશંકરે પ્રશ્ન કર્યો.

નીતિચંદ સમજ્યો કે લાલચની અસર કાંઇક થઇ છે. તે બોલ્યો: " અમે તે જુબાનીના કાગળ તૈયાર કર્યા છે, તે કાગળ મૂકીને અસલ કાગળ ઉઠાવી લેવા એટલું જ. "

" નહિ, નહિ, એવું તો બને જ નહિ. તેમાં કોર્ટનો સીકકો હશે, ન્યાયાધીશની સહી હશે, કોઇ ચોક્કસ કારકુનના હાથ દસ્કત હશે; તે તો અદલબદલ ન જ થાય. "

"અરે સાહેબ! તેની સઘળી પેરવી અમે કરી રાખી છે. કોર્ટનો સીક્કો એ બનાવટી જુબાનીમાં છપાવ્યો છે, હાથ દસ્કત પણ તે જ કારકુનના છે અને ન્યાયાધીશ પાસે સહી પણ કરાવી લીધી છે. કોઇને કહેશો નહિ હો! પૈસાથી બધું કામ સર્યું છે અને હવે આપના ઉપર જ બધો આધાર છે. આપ એટલું કરવાનું કબૂલ કરો તો આપનું ગજવું પણ ભરાશે."

"એ એક જુબાનીના કાગળ બદલાવ્યાથી તમારો હેતુ સરી જશે?"

"હા. બીજા કાગળ બદલાવવાના હતા, તે તો આપની પહેલાંના દીવાન સાહેબના સેક્રેટરી માર્ફત બદલાઇ ચૂકયા છે; માત્ર આટલું કામ બાકી રહ્યું હતું તે પૂરૂં થતાં પહેલાં તેની બદલી થઇ અને આપની નીમણુક થઇ."

"નહિ, નહિ, એવું ભયંકર અનીતિનું કામ મારાથી નહિ થાય."

"અરે સાહેબ! રૂપિયા પાંચ હજાર મળશે, પછી કેમ નહિ થાય? પાંત્રીસના પગારમાં કાંઈ પાંચ હજારની મૂડી થવાની નથી, અને ડરવાની કશી જરૂર નથી! કાગળોની પેટી દીવાન સાહેબને ઘેર આવે એટલે જરા સફાઇથી અદલાબદલી કરવાની છે!"

"નહિ, નહિ! મારે પાંચ હજાર જોઇતા નથી અને મારે એ પાપ કરવું નથી."

"અરે સાહેબ! નહિ કેમ થાય? આપની પહેલાંના માણસે જે કામ રમતમાં કર્યું તે કામ આપનાથી નહિ થાય, એ શું બોલો છો? એમાં શું વાઘ મારવાનો છે?"

"નહિ ભાઇ નહિ! મારૂં એ ગજું નથી!"

"ત્યારે એક થોડું કામ કરશો? જ્યારે એ કાગળો દીવાન સાહેબને વાંચી સંભળાવવાનું કામ આપના હાથમાં આવે ત્યારે એ અવલ કારકુનની જુબાનીમાં થોડા અક્ષરો હેરફેર વાંચી જવાના છે. તેમાં એક સ્થળે એવા શબ્દો છે કે "એ ઝુંપડાં નાગસિંહજીના તાબાનાં હતાં એમ કોઇ જાણતું નથી" તેને બદલે એમ વાંચવું કે "એ ઝુંપડાં નાગસિંહજીના તાબાનાં હતાં એમ હું પણ જાણું છું અને બીજા ઘણા જાણે છે." આ એક વાકય જરા ફેરવીને દીવાનને વાંચી સંભળાવશો તો અમારૂં કામ પતી જશે."

ચંદ્રમણિશંકર કાવતરાની સઘળી રચના જાણી ગયો. તેના ક્રોધનો હવે પાર રહ્યો નહિ. તે બોલ્યોઃ "અનીતિચંદ ભાઈ! કૃપા કરીને આ મકાન તમે જલદી છોડી જાઓ! શું સિંહને તમે ઘાસ ખવરાવવા આવ્યા છો? તમારી લાંચ કરતાં મારી પ્રામાણિકતા વધારે કીંમતી છે. નીતિચંદ નામ ધરાવીને અનીતિનાં કામો કરવાં એ તો તમને જ શોભે!"

"અરે, ભાઈ! નીતિ તો ઠીક, પૈસા મળે એટલે–"

"બસ, તમારૂં વધારે ભાષણ હું સાંભળવા ઇચ્છતો નથી. તમે અહીંથી સત્વર ચાલ્યા જાઓ!" ચંદ્રમણિશંકરે નીતિચંદ તરફ ખુલ્લો તિરસ્કાર દર્શાવ્યો. નીતિચંદને હવે વધુ બોલવામાં કશો સાર જણાયો નહિ. ચંદ્રમણિશંકર લલચાય એવી આશા હવે તેને રહી નહિ. તે ત્યાંથી જલ્દી ચાલ્યો ગયો. ચંદ્રમણિશંકર મોટા વિચારમાં પડ્યો. એક થોડી અનીતિના બદલામાં પોતાને નાણાંની કેવળી મોટી રકમ મળતી હતી, પોતાની નાની પદવી પણ કેવી

અમૂલ્ય છે અને પોતાની પ્રામાણિકતા ઉપર કેટલો મોટો આધાર રહેલો છે તેનું હવે તેને ભાન થયું. પોતે થોડું પાપ કરવાને તૈયાર થાય તો તેની પાછળ કેટલા નિર્દોષ માણસોને અન્યાય મળવા પામે તેનો હવે તેને ખ્યાલ આવ્યો. પરન્તુ છેવટે પોતે પોતાની પ્રામાણિકતામાં અડગ રહી શકયો તેટલા માટે તેને સંતોષ થયો. પોતાની પહેલાંનો સેક્રેટરી કેવાં કાવતરાં કરતો હતો, તેમ જ કચેરીના કારકુનો અને ખુદ ન્યાયાધીશ પોતે પણ પૈસાની લાલચને વશ થઇને કેવી અનીતિ કરે છે એ પણ નીતિચંદના ખુલાસા ઉપરથી તેના ધ્યાનમાં આવી ગયું. આ બનાવની વાત હવે દીવાનને જાહેર કરવી કે નહિ તેના ઉંડા વિચારમાં તે પડ્યો.

લતાગૌરી અગાશીમાંથી નીચે ઉતરીને સ્વામીની સામે આવીને ઊભી, પરન્તુ ખુરશીમાં નીચું માથું ઘાલીને વિચારમાં પડેલા ચંદ્રમણિશંકરનું ધ્યાન તેના તરફ ગયું નહિ. લતાએ પ્રશ્ન કર્યો: “ હમણાં કોણ આવ્યું હતું ?” ત્યારે જ લતા પોતાની સામે ઊભી હોવાનું તેના ધ્યાનમાં આવ્યું. લતા મેજને અઢીંગીને ઊભી રહી અને ચંદ્રમણિશંકરે નીતિચંદ સાથે થએલી સઘળી વાતચીત કહી સંભળાવી. લતા પણ એ વાતચીત સાંભળીને દિગ્મૂઢ બની ગઈ; તે બોલી: “ મને તો લાગે છે કે દીવાન સિવાય વૃદ્ધનગરના સઘળા રાજ્યકર્મચારીઓ સડેલા હોવા જોઇએ. જુઓ તો, એક માણસની જબાનીના કાગળો ન્યાયાધીશની સહી સાથે અદલબદલ કરવાની હામ પણ આ રાજ્યમાં ભીડાય છે ! એ તો બહુ નવાઈ જેવું.”

“ ન્યાયાધીશ એક વાર જબાની લખીને, તેની હેરફેરવાળી નકલ ઉપર પોતાની સહી આપે એ મને અસંભવિત લાગે છે. ”

" તેમાં અસંભવિત કશું નથી. તમે પૈસાની લાલચમાં પડ્યા નથી એટલે તમને એ લાલચને પરિણામે માણસ કેવું અસંભવિત કાર્ય પણ કરવાને તૈયાર થાય છે, તેની ખબર નથી. પૈસા મળ્યા હોય તો ન્યાયાધીશ ફરીથી સહી પણ કરી આપે છે એટલે અંદરખાનેથી પોલ ખૂબ ચાલતી હોવી જોઇએ, નાથ !"

" ત્યારે આવી નોકરી કરવી એ આપણે માટે પણ જોખમભર્યું તો ખરૂં જ. "

" ખરૂં, પણ બહુ નહિ. નીતિને આંચ નથી જ આવતી; હું તો કહું છું કે આપણે ગરીબ છીએ એટલે ભાગ્યશાળી છીએ, ધનવાન હોત અથવા ધન મેળવવાના લોભી હોત તો લાલચુ પણ બન્યાં હોત અને અનીતિથી ધન મેળવવાને માર્ગે ચડી ચૂકયાં હોત. ઓ સચરાચર પ્રભુ ! અમને ધનનાં ગરીબ રાખજે પણ નીતિનાં ગરીબ રાખીશ નહિ ! "

લતા એ શબ્દો પૂરેપૂરા બોલી રહી પણ નહોતી એટલામાં બહારથી બેઠકના ઓરડાનું બારણું હડસેલાયું અને એક કાળો હબસી જેવો પુરૂષ અંદર આવ્યો. ચંદ્રમણિશંકર અને લતાગૌરીનાં નેત્રો તેની તરફ આકર્ષાયાં. તે એક ઉંચો અને કદાવર બાંધાનો પ્રૌઢ વયનો પુરૂષ હતો. ટુંકી સફેદ બંડી, તેની નીચે બાંધેલી ભેઠ અને અને રેશમી પટીનું સેલું, માથે સફેદ ફાળીઉં બાંધેલું અને પગે પાયજામો પહેરેલો, તે ઉપરથી તેને હરકોઈ એક રજપૂત તરીકે ઓળખી શકે તેમ હતું. તેનાં લાંબાં થોભીયાં અને ભરાવાદાર મૂછો તથા મોટી આંખોપરથી ચહેરો કરડો લાગતો હતો. ચહેરાનો કાળો રંગ તે કરડાપણામાં વધારો કરતો હતો. હાથમાં મ્યાન કરેલી

તલવાર હતી અને ભેટમાં એકાદ બે નાજુક હથિયારો ખોસેલાં હતાં, તેનાં ઝુમતાં સેલા ઉપર લટકતાં હતાં. તેને આવેલો જોતાં જ લતા ત્યાંથી બહાર ચાલી ગઇ.

ચંદ્રમણિશંકર તેનો સત્કાર પણ કરે તે પહેલાં તો તે રજપૂત એક ખુરશીપર બેઠો અને મુખપર સ્મિત પ્રસારીને બોલ્યોઃ " મને ઓળખ્યો કે સાહેબ ? "

" નહિ જી, આપ કોણ છો ? "

" મારૂં નામ નાગસિંહ. "

" ઓહો ! આપ તો નાગપુરના ઠાકોર ! આજે આ સેવકને ત્યાં આપનાં પગલાં થયાં, એ તો ધન્ય ભાગ્ય !"

" હોય ભાઇ ! તમારી કાંઇ ગરજ પડી ત્યારે આવવું પડયું ! મારો કારભારી તમને હમણાં જ મળી ગયો, ખરૂં ? "

" જી હા. " ચંદ્રમણિશંકરે જવાબ આપ્યો. તે નાગસિંહના આગમનનું કારણ સમજી ગયો. તેને પણ નકારમાં જવાબ આપવો પડશે એટલું વિચારતાં ચંદ્રમણિશંકરનું કાળજું થડકયું.

" ચંદ્રમણિશંકર ! નીતિચંદે તમને કહ્યું છે તે કામ કર્યા સિવાય છૂટકો નથી ! નાણાંને ગમે તેટલે ભોગે પણ મારૂં નાગપુર હું છોડવાનો નથી. "

" કાયદેસર તમારાથી જેટલું લડાય તેટલું લડો. માફ કરજો, મારાથી એ કામમાં આપને કશી મદદ કરી શકાય તેમ નથી ! "

" તે નહિ ચાલે. ચાહે તો દસ હજાર લ્યો, વીસ હજાર લ્યો, પણ જુબાનીના કાગળ અદલબદલ કરી આપવાનું બીડું તમારે જ ઝડપવું પડશે ! આ કામમાં તમારા સિવાય અમારે

બીજા કોઇનો આધાર નથી !"

"જે કામ હું કરવા ઇચ્છતો જ નથી તેમ જ કરવાની મારી શક્તિ પણ નથી, તે કામ કરવા માટે આપ મને ગમે તેટલો આગ્રહ કરો, ગમે તેવી લાલચ આપો, પણ તે શા કામનું ? આપ મને લાખ રૂપિયા આપશો તોપણ મારાથી એ અનીતિ નહિ થાય."

"હું સમજી ગયો કે તમારામાં હિંમત નથી. તમને બીક છે કે કદાચ તમે નોકરીપરથી બરતરફ થાઓ; પણ જાઓ, હું વચન આપું છું કે તમે નોકરીમાંથી દૂર થાઓ તો હું તમને ઘેર બેઠે માસિક સો રૂપિયાનું પેન્શન આપીશ, અને પચીશ હજાર રૂપિયાની રકમ તો આવતી કાલે તમારે ત્યાં પહોંચતી કરવા તૈયાર છું: બોલો, હવે એ કામ કરવાની તમારામાં શક્તિ આવી કે નહિ ?"

"ના સાહેબ, ના ! કોઇ પણ રીતે મારામાં શક્તિ આવે તેમ જ નથી."

નાગસિંહે આંખો ફાડીને કહ્યું: "ચંદ્રમણિશંકર ! તમે કોના બોલનું અપમાન કરો છો તે જાણો છો કે ? આ નાગસિંહ કાળો નાગ છે હોં ?" ચીડાએલા રજપૂતે મૂછે હાથ નાંખ્યો અને કમરપર લટકતી તલવાર તરફ નજર કરી.

ચંદ્રમણિશંકરનું કાળજું ચુંથાવા લાગ્યું ! તે ડરી ગયો. આ ચીડાએલો રજપૂત હવે શું કરશે તે માટે તેને મોટી ચિન્તા થવા લાગી; પરન્તુ મારું કામ કરવાની હામ બીડાઇ નહિ. તેણે કહ્યું: "નાગસિંહજી ! મને માફ કરો ! હું આપનું અપમાન કરતો

નથી. હું સત્ય જ કહું છું કે મારામાં એ કાર્ય કરવાની હિંમત નથી !”

તુરત જ નાગસિંહે ઉઠીને ચંદ્રમણિશંકરની છાતીમાં જોરથી મુક્કી મારી. ચંદ્રમણિશંકર ખુરશીપરથી નીચે ગબડી પડ્યો ! લાગલો જ નાગસિંહ પેટમાંથી જમૈયો કાઢતો ચંદ્રમણિશંકરની છાતીપર ચડી બેઠો: “ બોલ ! હવે હિંમત આવી કે નહિ ? આ જ ક્ષણે હું તારો જાન લઉં છું ! મારા કાવતરાની સઘળી વાત તને જણાવ્યા પછી શું હું તને છટકવા દઇશ ? બોલ શું જવાબ આપે છે ?”

ચંદ્રમણિશંકર એટલો બધો ગભરાઇ ગયો હતો કે તેનાથી એક શબ્દ પણ બોલાયો નહિ. પોતાની જીંદગી હવે માત્ર એક તસુ જેટલી જ રહી છે એમ તેને જણાઈ આવ્યું. ગભરાટને લીધે મ્હોં વીલું થઇ ગયું. બ્હીકને લીધે આંખમાં આંસુ આવી ગયાં. નાગસિંહે કહ્યું: “ શું જવાબ આપે છે ? બોલ, આ જમૈયો બ્રહ્મહત્યા કરવા આતુર થઇ રહ્યો છે ! ”

ચંદ્રમણિશંકર ધીમે અવાજે બોલ્યો: “ ઠાકોર ! હું સોગનપૂર્વક કહું છું કે હું તમારા કાવતરાની વાત કોઇને નહિ કહું, પણ મને હવે માફ કરો; ખુશીથી તમે બીજી કોઇ રીતે તમારૂં કાર્ય કરો, હું વચ્ચે નહિ આવું !”

“ નહિ, હું તારે હાથે જ એ કામ કરાવવા ઇચ્છું છું. ” નાગસિંહે કરડે અવાજે કહ્યું. તે જ ક્ષણે લતા અંદર ધસી આવી. નાગસિંહ અને ચંદ્રમણિશંકરની સઘળી વાતચીત તેણે સાંભળી હતી. તે આવતાં જ બોલી ઉઠી: “ હં, હં, આવું બધું તોફાન શું ? ”

નાગસિંહ તેના તરફ જમૈયો ઉગામતો બોલ્યોઃ " તું દૂર રહેજે, નહિ તો બ્રહ્મહત્યાની સાથે સ્રીહત્યા પણ મારે કરવી પડશે !"

" અરે ઠાકોર ! તમે એટલા આકળા કેમ થાઓ છો ? " તે ચંદ્રમણિશંકરની પાસે બેસતી બોલીઃ "અને તમે પણ ગાંડાઇ જ કરો છો તો ! લક્ષ્મી ચાંદલો કરવા આવે છે ત્યારે મ્હોં ધોવા જાઓ છો ! એક જરા કામના બદલામાં પચીસ હજાર રૂપિયા મળે છે અને મ્હોં શેનું મરડો છો ?"

ચંદ્રમણિશંકર લતાનો ઠપકો સાંભળીને આભો બન્યો. ફક્ત પાંચ મિનિટ પહેલાં પોતાને નીતિથી વર્તવા માટે ધન્યવાદ આપનાર લતા અત્યારે પચીસ હજાર રૂપિયાની લાલચ સાંભળીને લલચાઇ ગઇ અને તે નીતિમાંથી અનીતિમાં સરી પડી એમ જ ચંદ્રમણિશંકરને સમજાઇ આવ્યું. 'સ્રીની મતિ પાનિયે ' એ કહેવત પણ તેને સાંભરી આવ્યું. લતાની દુર્બુદ્ધિ અને હલકા નીતિબળને માટે તેનાપર ગુસ્સો ચડ્યો. તુરતમાં તો તે લતાના ઠપકાનો જવાબ જ ન આપી શક્યો. લતા સ્વામી તરફ ગુસ્સો દર્શાવતી અને ભ્રકુટી ચડાવતી બોલીઃ " થોડા કાગળીયા અદલબદલ કરવા એમા તે શું મોટું કામ હતું કે તમારાથી નહિ થાય ? અને આખા જન્મારાનું દારિદ્રય ફીટી જાય છે તેનો તો વિચાર કરો ! પાંત્રીસ રૂપિયાના પગારમાંથી કાંઈ પચાસ હજારની મૂડી નહિ થાય ! ઠાકોર ! તમે આ ખુરશીપર બેસો; હું તેમને સમજાવું છું. "

નાગસિંહનું મ્હોં આનંદથી ચળકી ઉઠ્યું. બ્રાહ્મણ ગાંડો પણ બ્રાહ્મણી ડાહી એમ તેને જણાઈ આવ્યું. લતાએ સ્વામીને ઠપકો આપીને સમજાવવા માંડયું તેથી તે અવશ્ય સમજશે એમ નાગ-

સિંહને જણાયું. તે ચંદ્રમણિશંકરની છાતીપરથી ઉઠીને ખુરશીપર બેઠો. ચંદ્રમણિશંકર બેઠો થયો. હજી ગભરાટ તેના ચિત્તમાંથી દૂર થયો નહોતો. લતાએ તેને પાણી પાયું અને પછી કહેવા માંડયું. "જુઓ, ઘરબાર અને મીલકત ગુમાવીને પરદેશમાં નોકરી કરવા આવ્યાં છીએ તે કાંઈ પેટ ભરીને બેસી રહેવા માટે આવ્યા નથી. પેટ તો કાગડા-કૂતરાએ ભરે છે ! બે પૈસા ગાંઠે કર્યા હશે તો કામ લાગશે અને વેરીએ વશ થઇને રહેશે, માટે ઠાકોરનું કામ કરી આપો !"

"લતા ! તું પોતે મને આવો ઉપદેશ આપે છે ?"

"હું કાંઈ ખોટું કહું છું ? હું તો તમારા માટે કહું છું ! જવાનીમાં બે પૈસા કર્યા હશે તો ઘડપણમાં કામ લાગશે અને સુખે ખાશો. અને એમાં અનીતિ શું છે ? તમારી પહેલાંનો સેક્રેટરી તો ઘણુંએ કરતો અને તમે તો એક તણખલું તોડવામાં એ બ્હી જાઓ છો ? બળ્યું ? હું ભાઇડો હોત તો બે લાખ રૂપિયાની મૂડી કરત !"

ચંદ્રમણિશંકર આશ્ચર્ય પામતો ગુપચુપ ઊભો રહ્યો.

"ઠાકોરને હા કહો અને આવતી લક્ષ્મીને હડસેલી મૂકો નહિ ! દીવાન એમાં કશું જાણવાના નથી અને જ્યારે ન્યાયાધીશ પોતે તેમાં શામેલ છે ત્યારે તમને શું બ્હીવાનું છે ?"

"અને કાવતરૂં ઉઘાડું પડે તો મારા શા હાલ ?" ચંદ્રમણિશંકરે પ્રશ્ન કર્યો.

નાગસિંહ બોલી ઉઠયોઃ "કાવતરૂં ઉઘાડું પડે તેમ જ નથી અને પડશે તો મારા પૈસા પાણીમાં જશે, મારી મીલકત જશે, ત્યારે તમારી માત્ર નોકરી જશે. અને હું તમને નોકરી આપનારો કયાં બેઠો નથી ?"

"બસ!" લતા બોલી: "ઠાકોર આટલી બધી હિંમત આપે છે પછી બાયડીની પેઠે બીહો છો શાને? ઠાકોર! જાઓ, એમની વતી હું વચન આપું છું કે તમારૂં કામ થશે. તમારે જે કાગળ આપવાના હો તે આપી જાઓ."

"આ રહ્યા તે કાગળ; પણ હું એમ તો ન માનું!"

"ત્યારે કેમ?"

"ચંદ્રમણિશંકર ચીઠ્ઠી લખી આપે કે હું તમારૂં કામ કરવા તૈયાર છું."

"ઓહો! એમાં શું?" લતા બોલી. તુરત જ ખડીયામાં કલમ બોળીને ચંદ્રમણિશંકરના હાથમાં આપી અને એક કાગળ પોતાના હાથમાં પકડી રાખીને ચંદ્રમણિશંકર પાસે લખાવવા માંડ્યું: "ઠાકોર! તમે બોલતા જાઓ એટલે એ લખે છે."

"લખો:—

વૃદ્ધનગર તા. ૫ મી જુન.

ઠાકોર શ્રી નાગસિંહજી જોગ—

આપનો પત્ર મળ્યો છે. આપે લખેલી બીના હું સમજી ગયો. આપ નિશ્ચિંત રહેજો. આપનું કામ હું અવશ્ય કરીશ અને મને સંપૂર્ણ આશા છે, કે આપના જેવા એક કૃતજ્ઞ ઠાકોર તરફથી મારી યોગ્ય કદર થયા વિના રહેશે નહિ.

લી૦ સેવક

"ચંદ્રમણિશંકર."

નાગસિંહ બોલતો ગયો તેમ તેમ ચંદ્રમણિશંકર એક સૂત્રધારની દોરીઓ પ્રમાણે નાચતા એક પૂતળાની માફક લખતો ગયો. તે અત્યારે પોતાનું ધૈર્ય તેમ જ શુદ્ધિબુદ્ધિ ખોઇ બેઠો હોય, તેના

જેવો બની ગયો હતો. લતાગૌરીની આજ્ઞાનું વાજબીપણું–ગેરવાજબીપણું વિચારવાનો અવકાશ મળ્યો નહોતો. લતા ઉપરની અડગ શ્રદ્ધાએ તેને જડ યંત્રના જેવો બનાવી મૂકયો હતો. તે ચીઠ્ઠી લખી રહ્યો કે તુરત જ લતાએ તે ચીઠ્ઠી નાગસિંહના હાથમાં મૂકી, અને બોલી: "લ્યો, ઠાકોર! હવે તમારૂં કામ અવશ્ય થઇ ચૂકયું સમજો. તમારૂં કામ કરી આપવાનું વચન આપ્યા પછી કદાચ તે કરવામાં ન આવે અથવાતો તે વાત કોઇની સમક્ષ ખુલ્લી કરી દેવામાં આવે એવો તમારા હૃદયનો સંદેહ હું સમજી ગઇ, અને તેથી તમે આ ચીઠ્ઠી લખાવી લીધી છે, પરંતુ તમે એ ચીઠ્ઠી લખાવી ન હોત, તોપણ તમારૂં કામ તો થાત જ."

નાગસિંહ બોલ્યો: "મારૂં કામ થશે તો હું તમારૂં હિત કરવા પાછાત પડું એવો નથી; પરંતુ ચંદ્રમણિશંકર! યાદ રાખજો કે જે વખતે હું ફસાઇશ તે વખતે આ ચીઠ્ઠીવડે હું તમને પણ ફસાવીને ખરાબખસ્ત કરી મૂકયા વિના રહીશ નહિ."

"અરે, એ તમે શું બોલો છો? પચીસ હજારની લાલચે તો આ કામ માથે લીધું છે અને હવે તમને ફસાવવા શામાટે? તમે નિશ્ચિંત રહો અને જે કાગળ બદલાવવાના છે તે આપી જાઓ." લતાએ કહ્યું.

નાગસિંહે પોતાની બંડીના અંદરના ગજવામાંથી કાગળો કાઢી આપ્યા અને લતાએ તે લેઇને મેજના ખાનામાં મૂકયા. નાગસિંહ ઉઠયો અને ઉઠતાં ઉઠતાં બોલ્યો:

"ચંદ્રમણિશંકર! અત્યારથી તમે અમારા મિત્ર થયા. એક વચને રહેજો."

લતા બોલી: "પણ તમે કહેલી રકમ અમને ક્યારે મળશે ?"

"જ્યારે કાગળ બદલાઈને અસલ જબાનીના કાગળ મને મળશે, ત્યારે પચીસ હજાર રૂપિયાની થેલીઓ તમારા મકાનમાં પહોંચશે."

"બહુ સારૂં, પધારો. હવે આપને આપના કામને માટે જરા પણ ચિન્તા રાખવાની નથી." લતાએ જણાવ્યું. નાગસિંહ ચાલ્યો ગયો. તે ગયો એટલે મકાનનું મુખ્ય દ્વાર બંધ કરીને લતા ચંદ્રમણિશંકર પાસે આવી અને ખડખડાટ હસી પડી !

પ્રકરણ ૧૨ મું.

લતાનું ચાતુર્ય અને નીતિસંરક્ષણ.

कार्येषु मंत्री—પુરૂષના કાર્યમાં સ્ત્રી મંત્રી સમાન સલાહ આપનારી છે.

"શું હસે છે ? પૈસાના લોભને ખાતર આવું અનીતિનું કામ કરવાનું માથે લીધું એ કરતાં મને મરવા દેવો એ શું ખોટું હતું ? તારામાં બધી જાતનું ડહાપણ હોવા છતાં પૈસાનો આટલો મોટો લોભ હશે એ તો મેં આજે જ જાણ્યું ! તારા લોભે મને પણ ભ્રષ્ટ કર્યો-પતિત કર્યો !" ચંદ્રમણિશંકરે લતા તરફ તિરસ્કારસૂચક દૃષ્ટિ કરીને જણાવ્યું.

લતા સ્વામીના આ શબ્દો સાંભળીને વધુ હસી અને ચંદ્રમણિશંકર વધારે ગુસ્સે થયો. તે બોલ્યો: "તારૂં મ્હોં મને ન

બતાવીશ ! મેં તને આટલા હલકા હૃદયની નહોતી ધારી ! નાગસિંહે મને બરાબર સપડાવ્યો છે ! જો હું તેનું કામ નહિ કરૂં તો તે પેલી ચીઠ્ઠી ખુલ્લી પાડીને પોતે તો ખરાબ થશે જ પણ મને પણ ખરાબ કરશે ! મારાથી એમ કેમ કહેવાશે કે તે ચીઠ્ઠી મેં નથી લખી ? હું આજના બનાવની વાત કહીશ તો તે કોણ માનશે ? "

" હાશ ! હાશ ! અત્યારસુધી તો હું એમ ધારતી હતી કે મેં એક પુરૂષને છેતર્યો છે; પણ ના ! મેં તો બે પુરૂષને છેતર્યા છે ! નાગસિંહ તો છેતરાયો પણ તમે એ છેતરાયા ! " છેવટે લતા હસતી હસતી બોલી ઉઠી.

" શું હું છેતરાયો ? તારૂં કહેવું મારા સમજવામાં ન આવ્યું "

" અરે નાથ ! મેં ડહાપણ કરીને જ તમને બચાવ્યા છે, નહિતો નીતિને પોકારવામાં કાંઇનું કાંઇ થઇ ગયું હોત ! હવે તમે અત્યારે ને અત્યારે જ દીવાનને ત્યાં જાઓ અને અત્યારની ખરી વાત કહીને નાગસિંહ આ બનાવટી જબાનીના કાગળો સોંપી ગયો છે તે તેમને આપી આવો અને તે સાથે જ કહેજો કે આ ક્ષણેથી મારૂં પૂરી રીતે રક્ષણ કરો, નહિતો કાવતરાખોરો મને હેરાન કરશે. જુઓ, એ રૂઠેલા રજપૂતને યુક્તિ કરીને કાઢ્યો ન હોત તો તે જરૂર અવળું કરત, એટલે મેં તમને સમજાવ્યા અને આ કામ માથે લેવરાવ્યું; પણ નીતિ તમને જેટલી વ્હાલી છે તેટલી જ મને પણ વ્હાલી છે, નાથ ! માટે નીતિ નહિ ખોતાં અનીતિમાનોની અનીતિને ઉઘાડી કરીને નીતિનું સંરક્ષણ કરો. "

આ સાંભળીને ચંદ્રમણિશંકર તો આભો બની ગયો. લતાની યુક્તિનાં તે મનમાં વખાણ કરવા લાગ્યો પણ જરા સંશય આવતાં

બોલ્યો: "પણ પેલી ચીઠ્ઠી લખાવી આપી તે મને ખુહાર કરશે."

"નહિ કરે. જો એ ચીઠ્ઠી લખી આપવામાં આનાકાની કરી હોત તો નાગસિંહને વહેમ આવત કે આપણે તેને ફસાવીએ છીએ એટલે ચીઠ્ઠી લખી આપવાનું મેં તુરત કબૂલ કરી વાળ્યું. પણ ચીઠ્ઠીની તારીખ આજની છે અને આજે જ તમે દીવાનને કહી આવશો અને તે સાથે આ બનાવટી જબાની સોંપી આવશો એટલે તેને તમારી નીતિને માટે જરા પણ સંશય આવશે નહિ. વળી રાજ્યના અનીતિમાન અમલદારો આ જબાનીથી ઉઘાડા પડશે એવું ધારીને મેં એ કાગળો હાથ કરવાનું જ વાજબી માન્યું ! કહો, હવે તમને કશી પણ અનીતિનો સંશય રહે છે ?"

"પણ આપણે મોટું વૈર કરીએ છીએ ખરા !"

"દુષ્ટોને દુષ્ટ તરીકે ઉઘાડા પાડતાં વૈર કરવું પડે તેથી શું થયું ? એવા કામમાં હમેશાં પ્રભુ રાજી હોય છે, માટે જરા પણ સંકોચાશો નહિ. ઉઠો, અત્યારે જ દીવાનને ત્યાં જાઓ."

ચંદ્રમણિશંકરે આનંદપૂર્વક લતાના કપોલપર ચુંબન લીધું. લતાની યુક્તિને ધન્યવાદ આપતાં તેણે કહ્યું: "લતા ! લતા ! તેં તો હદ કરી ! ખરેખરૂં સ્ત્રીચરિત્ર કરી બતાવીને નાગસિંહને ઠગ્યો અને મને પણ ઠગ્યો ! તું મને સમજાવતી હતી તે વખતે ખરેખર મને તારાપર ગુસ્સો ચડ્યો હતો, પરન્તુ તેવો ગુસ્સો કરવામાં હું ઠગાતો હતો એમ હવે મને સમજાયું ! તારી ચતુરાઇના બદલામાં હું તને શું આપું વ્હાલી ?"

"ઓહો ! તેના બદલામાં પ્રભુએ આપનો આખો દેહ જ મને આપ્યો છે, પછી મને શું જોઇએ ? જાઓ, સત્વર કરો, રાત વધતી

જાય છે." લતાએ સ્વામીની બાથમાંથી છૂટતાં કહ્યું.

* * * * *

ચંદ્રમણિશંકર તુરત જ ઉઠ્યો અને કપડાં પહેરીને તૈયાર થયો. દીવાનનું મકાન નજીકમાં જ હતું એટલે પાંચ મિનિટમાં તો તે ત્યાં પહોંચ્યો. ડહેલી બંધ કરી દેવામાં આવી હતી તે ચાકર પાસે ઉઘડાવીને તે અંદર ગયો. મધરાત થવા આવી હતી, તોપણ આજે દીવાન આનંદલાલ જાગતો હતો. દીવાનખાનામાં તે અને તેની સ્ત્રી કાંઈ ગૃહસંસારનાં ગુંચવાએલાં કોકડાં ઉકેલતાં બેઠાં હતાં. મધરાતે ચંદ્રમણિશંકરને આવેલો જોતાં જ બન્ને ઝબક્યાં. દીવાને પૂછ્યું: "ચંદ્રમણિશંકર! અત્યારે અહીં તમે ક્યાંથી? હું ધારૂં છું કે મેં તમને બોલાવ્યા તો નથી."

"હું મારી મેળે જ આવ્યો છું. એક ઘણું જ અગત્યનું કામ હોવાથી આવ્યો છું, સાહેબ!" ચંદ્રમણિશંકરે કહ્યું.

"શું કાંઇ ખાનગી કામ છે? એકાન્તની જરૂર છે?"

"ના સાહેબ, આ એકાંત જ છે; માજીથી ગુપ્ત કશું નથી."

"એવું શું છે વારૂ?"

ચંદ્રમણિશંકરે પોતાના વીતકની સઘળી વાત કહી સંભળાવી અને પછી નાગસિંહે સોંપેલી બનાવટી જબાનીના કાગળો દીવાનના હાથમાં આપ્યા. દીવાન તે સાંભળીને ચકિત થઇ ગયો. પોતાની સખ્ત દેખરેખ અને તાકીદ છતાં રાજ્યના અમલદારો અને કારકૂનો કેવાં તરકટ ચલાવે છે તેનું એકાએક ભાન થઇ આવતાં તે દિશાશૂન્ય જેવો બનીને બેસી રહ્યો. ચંદ્રમણિશંકરે કહ્યું: "સાહેબ! આ સઘળી વાત મેં આપને ખરેખરી જ કહી છે, તોપણ મારી

વાત ઉપર આપને વહેમ આવે એવું એક કાર્ય મારે બળાત્કારે કરવું પડ્યું છે. ”

“ એવું શું કર્યું છે, વારૂ ? ”

“ નાગસિંહે મારી પાસે એક એવી ચીઠ્ઠી લખાવી લીધી છે કે જે ચીઠ્ઠી જો અત્યારે આપના હાથમાં હોય તો આપ કદાચ એમ માનો કે પહેલાં હું એમના કાવતરામાં શામેલ થયો હોઇશ અને પાછળથી કોઇ કારણને લીધે તેમાંથી ફૂટીને આપની પાસે આ સઘળી વાત ખુલ્લી કરવા તૈયાર થયો હોઇશ. એ ચીઠ્ઠી જો મેં તેને લખી આપી ન હોત તો તેને મારા પર સંદેહ આવત અને મારૂં ખૂન તે કર્યા વિના ન રહેત, એટલું જ નહિ પણ હું તેનું કામ કરવાનું વચન આપું છું તે તેને ઠગું છું, એવું તે સમજી જાત. તેને પરિણામે ખરી વાત આપના જાણવામાં ન આવત અને હું તો કયારનો યમધામ પહોંચી ચૂકયો હોત. ”

દીવાન આ સાંભળીને વિચારમાં પડી ગયો. ચંદ્રમણિશંકરે ચીઠ્ઠી લખી આપી તે બળાત્કારે લખી આપી હશે કે તે પહેલાં ખરેખર તેમાં શામેલ હશે તે વિષે દીવાનને સંશય પેદા થયો. ચંદ્રમણિશંકર બોલ્યોઃ “ સાહેબ, નાગસિંહની પાસે તે ચીઠ્ઠી છે, તેનું કાવતરૂં ધૂળ મળશે ત્યારે તે મારી ચીઠ્ઠી દ્વારા મને ખુહાર કરવાનો પ્રયત્ન કરશે એમ હું ધારૂં છું. પરન્તુ એ ચીઠ્ઠીમાં એટલું સારૂં થયું છે કે તેમાં હું અગાઉ શામેલ નહોતો તે દર્શાવનારો પુરાવો છે. તેમાં આજની જ તારીખ લખી છે અને આજે મારાપર આ વીતક વીત્યું છે, અને આજે જ હું એ વાત આપને જણાવું છું. ”

દીવાનનો સંશય ઉડી ગયો. તે બોલ્યોઃ “ ચંદ્રમણિશંકર !

તમારી નીતિને માટે મને સંપૂર્ણ વિશ્વાસ છે. જીવને જોખમે નીતિને વળગી રહેનારને ન કળી જઉં એવો મૂર્ખ હું નથી. માત્ર જીવ બચાવવાને તેમજ આ કાગળોનો અગત્યનો મુદ્દો હાથ કરવા માટે તમે યુક્તિપુરઃસર **નાગસિંહ**ને ઠગ્યો છે એ હું સમજું છું અને તમારી તે ચતુરાઇને વખાણું છું."

"સાહેબ !" **ચંદ્રમણિશંકર** બોલતાં શરમાયોઃ "હું ખરૂં કહી દઉં છું કે તે ચતુરાઇ મારી નથી, પણ મારી સ્ત્રીની છે !"

દીવાનની પ્રૌઢ વયની પત્ની આ સાંભળીને ચમકી. તે બોલીઃ "એમ કે ! તમારી સ્ત્રીની તે ચતુરાઇ છે ?"

"હા, માજી ! **નાગસિંહ** મારી છાતીપર જમૈયો ઉગામીને ચડી બેઠો, ત્યાંસુધી મેં તો તેનું કામ કરવાની ના જ કહી હતી, પરન્તુ મારી સ્ત્રીએ જ પૈસાની લાલચથી મને સમજાવ્યો, **નાગસિંહ**ને સંતોષ પમાડ્યો, મારી પાસે ચીઠ્ઠી લખાવી અને **નાગસિંહ**ને કાઢ્યો, પછી તેણે મને કહ્યું કે એ રજપૂતને ઠગ્યો ન હોત તો તે અવળું કરત માટે આ યુક્તિ ચલાવી છે એટલે હવે તે બરાબર ફસાયો !"

"ધન્ય છે એવી નીતિમતી અને ચતુર સ્ત્રીને ! **ચંદ્રમણિશંકર** ! આટલો વખત થયો પરન્તુ તમારી સ્ત્રી તો કોઇ વાર મળવા પણ ન આવ્યાં ! કહેજો કે કાલે જરૂર આવે !"

"માફ કરજો, માજી ! હમણાં તે નહિ જ આવે."

"કેમ ? કશી હરકત છે ?"

"જે હરકત છે તે હું અત્યારે કહી શકીશ પણ નહિ."

"વારૂ, તેમનું નામ શું ?"

" તે પણ કહીશ નહિ. અત્યારે તે કહેવાથી કદાચ હું આફતમાં આવીશ. માટે માફ કરો ! "

" ઓહો ! નામ કહેવામાં પણ આફત ?"

" બરાબર વખતે જ્યારે હું તે આપને કહીશ ત્યારે આપ જાણશો કે અત્યારે તે બધું કહેવામાં તેમ જ તેને અહીં મોકલવામાં આફત રહેલી છે કે નહિ. "

દીવાન અત્યારસુધી વિચારમાં મૂઢ બનીને બેઠો હતો, તે બોલ્યો: " ચંદ્રમણિશંકર ! આ વાત અમે બે જાણીએ છીએ : હવે બીજા કોઈને જણાવશો નહિ. રાજ્યયંત્રમાં પેઠેલા સડાને હું અધવચથી જ કાપી નાંખવાના નિશ્ચય ઉપર આવ્યો છું અને તે હેતુ સાધવા માટે આ વાત ગુપ્ત રાખવાની જરૂર છે. "

" જી હા, તે હું ગુપ્ત જ રાખીશ. પરંતુ મારી એક વિનતિ છે. આપ જ્યારે એ સડેલો ભાગ કાપી નાંખશો ત્યારે હું અને આ વાત બન્ને ખુલ્લાં પડીશું. તે સમયે તુરત જ મને સંરક્ષણ હેઠળ મૂકવામાં નહિ આવે તો મારો જીવ જોખમમાં આવી પડશે, સાહેબ ! "

" હું તમને જરા પણ આંચ નહિ આવવા દઉં. ઘેર જાઓ અને સો મણની તળાઇમાં સૂઇ રહો. નીતિનો વિજય છે એટલું વિસરશો નહિ. "

ચંદ્રમણિશંકર તુરત ઘેર ગયો.

પ્રકરણ ૧૩ મું.

મનોવિહાર.

સાંજના પાંચ વાગ્યાનો સમય છે. હજી કાંઇક તડકો છે, પરન્તુ શરદ્ ઋતુના પ્રારંભનો સમય હોવાથી સૂર્યનો આતાપ તીવ્ર લાગતો નથી. વગડામાં ચરીને ગામ તરફ પાછી ફરતી ગાયોનાં ટોળાં માર્ગપરની ધૂળ ઉડાડતાં ચાલ્યાં જાય છે અને તેમની પાછળ ખુશમિજાજ દેખાતા ભરવાડોના છોકરા રમતગમત કરતા, માંહોમાંહે વાર્તાલાપ કરતા અને તે સાથે ટોળામાંથી આડી ફંટાતી ગાયોને એક હોકારાની સાથે પાછી ટોળા તરફ દોરતા ચાલ્યા આવે છે. અત્યારે લલિતા વૃદ્ધનગરના જાહેર બાગમાં એક પત્થરની બેઠકપર બેઠી બેઠી કાંઈ કાંઇ વિચારોમાં મનને વિહાર કરાવી રહી છે. સૂર્યનો મધુરો આતાપ પણ તેના સુકોમળ દેહથી સહન નહિ થવાને લીધે માથાપર છત્રી રાખી છે. રાજ્યના લગ્નપ્રસંગની પૂર્ણાહુતિ થયાને બહુ દિવસો વ્યતીત થઇ ગયા હતા અને લગ્ન પ્રસંગપર આવેલા કોઇ પણ મેમાનો હવે રહ્યા નહોતા, છતાં લલિતા હજી ટકી રહી હતી અને મુંબઇની મોજમજાહમાં ઉછરેલી એ સુકોમળ બાળાને વૃદ્ધનગર જેવા ગામડામાં રહેવાનું કેમ ગમતું હશે એ વિચારે ઘણાઓને આશ્ચર્યચકિત કરી મેલ્યા હતા. ખરેખર, ઘણી વાર લલિતાને પણ વૃદ્ધનગરમાં રહેવા ઉપર કંટાળો આવતો, અને તે મુંબઇ ઉપડી જવાને ઉતાવળી બની જતી, પરન્તુ ફરી એકાએક કોઈ બીજા વિચારને લીધે

તેની અધીરાઈ શમી જતી અને વૃદ્ધનગરની બહાર નીકળવાનું તેને મન થતું નહિ !

એ વિચાર કર્યો ? લલિતા પોતાના પ્રિયતમ કુંદનથી વિયુક્ત થવાના વિચારને સહન કરી શકતી નહોતી, એ જ બાબતનું સ્મરણ થતાં તેનો મુંબઇ જવાનો વિચાર શમન પામી જતો હતો ! કુંદન-લાલની હેતભરી વાતો, તેની વાણીની મીઠાશ, તેના ચહેરાની રૂચી-રતા, તેનો વિનોદી સ્વભાવ, અને છેલ્લે 'થોડા જ વખતમાં હવે હું પિતાજીને કહીને આપણા લગ્નનું ચોકઠું ગોઠવું છું' એવું વચન એ સઘળું લલિતાના તનના અને મનના બંધનરૂપ થઇ પડ્યું હતું ! જે અભિમાની વૃત્તિનો લલિતામાં કુદરતે બીજાંકુર વાવ્યો હતો તેને કુંદનની વાણીના અભિસિંચનથી પોષણ મળ્યું હતું અને એ જ અભિસિંચને કુંદન પ્રતિની લલિતાની સ્નેહવૃત્તિને પણ પોષણ આપ્યું હતું. પોતાની યોગ્યતા અને ડહાપણની બીજાઓ પ્રશંસા કરે એ લલિતાને બહુ ગમતું અને કુંદન અને લલિતાને જ્યારે જ્યારે એકાન્તમાં વાતચીતનો પ્રસંગ મળતો, ત્યારે ત્યારે કુંદન લલિતાના સૌંદર્યનાં, તેની ઉચ્ચ મનોવૃત્તિનાં, રૂચિની રસિકતાનાં અને એવી જ બીજી તેની યોગ્યતાનાં વખાણ કરતો અને ખરેખર, કુંદન લલિતામાં એટલે દરજ્જે મુગ્ધ પણ થયો હતો. કુંદન !! એ મુગ્ધતા લલિતાની માની વૃત્તિને પોષક થઇ પડતી અને એ રીતે દિવસે દિવસે ખેંચાણ વધતું જતું હતું.

વૃદ્ધનગરના આખા બગીચામાં મુંબઇના બગીચાના એક ખુ-ણાના ભાગ જેટલી પણ યોગ્યતા નહોતી, તથાપિ એ નાના ગામની પ્રજાને એટલો બગીચો પણ મોટા આરામ સ્થાનરૂપ થઇ પડતો અને તેથી સાંજને વખતે દરબારી અમલદારો અને ગામના કોઇ

કોઇ પ્રજાજનો એ બાગમાં આરામ નિમિત્તે ઉતરી પડતાં. ઘરમાં બેસી રહેવાથી જ્યારે જ્યારે લલિતાને કંટાળો ઉપજતો, ત્યારે ત્યારે તે ઘણી વાર અહીં આવીને જ બેસતી. મુંબઇમાં છૂટથી હરવા ફરવાની ટેવ હોવાને લીધે અહીં તેને ઘરમાં બેસી રહેવાનું ગમતું નહિ. ઘણી વાર લલિતાને એકલાં જ ફરવા આવવું પડતું, ત્યારે કોઇ વાર કુંદન પણ પિતાજીની નજરમાંથી છટકીને લલિતાની સાથે બાગમાં આવતો. લલિતા સાથેનો કુંદનનો અતિ પરિચય કુંદનનાં માતાપિતાથી તો ગુપ્ત જ હતો અને એ વર્તન જો પિતાજીના જાણવામાં આવે તો કુંદનને તેમના તરફથી ઠપકો મળવાનો પણ સંભવ હતો, એટલે બાહ્યતઃ તે લલિતાની સાથે બહુ છૂટથી વર્તતો દેખાતો નહિ. લલિતા અત્યારે બાગમાં એકલી આવી હતી ખરી, પરન્તુ થોડી વારમાં કુંદન પણ આવી પહોંચશે એવી તેની ખાત્રી હતી, કારણકે જે વાતચીતનો લાભ તેઓને ઘરમાં મળતો નહિ તે લાભ બાગ જેવા જાહેર સ્થળે મળી શકતો હતો!

નાનાં ગામોમાં સ્ત્રી બાગમાં ફરવા આવે એ પ્રજાજનોની દષ્ટિએ એક કુતૂહલ લેખાય છે. પહેલાં તો બાગમાં ફરવા આવનારા સૌ કોઇ લલિતા તરફ ટીકી ટીકીને જોતા, પરન્તુ પછી તો સૌની દૃષ્ટિને એ દૃશ્ય નવીન જણાતું નહિ. લલિતા અત્યારે અવનવા વિચારોમાં મનને વિહાર કરાવતી હતી. કુંદનનો પોતાપરનો અભિનવ પ્રેમ તેને બહુ આનંદજનક લાગતો અને એ પ્રેમ ક્યારે કાયમનો બને તેનો વિચાર અત્યારે તેના ચિત્તમાં ઉભરાતો હતોઃ "કુંદનલાલનું મોટું માન જોતાં વૃદ્ધનગરના ભવિષ્યના દીવાન તરીકે તેજ કાયમ થશે એ વિષે સંશય નથી અને વૃદ્ધનગરના દીવાનની પત્ની તરીકે હું પણ આખા રાજ્યમાં યોગ્ય માન પામું એ વિષે જરા પણ

સંશય રાખવા જેવું નથી. દીવાનનાં પત્નીનો રૂઆબ તો ખરેખર કોઇ રાજાની રાણી જેટલો છે ! આખા રાજ્યના નોકરો અને અમલદારો દીવાનના ગુલામ અને દીવાનની પત્નીનો બોલ પણ તેઓના કોઈનાથી ઉથાપાય નહિ, કારણકે ઉથાપે તો દીવાનની અવકૃપા થવાનો ભય સૌના ચિત્તમાં ખરો જ ! ધન કરતાં અધિકારની કીંમત હમેશાં વધારે મોટી ખરી ! શામાટે નહિ ? ધન તો મારા પિતાજી પાસે ક્યાં થોડું છે ? પણ તેમના કરતાં વૃદ્ધનગરના દીવાનનો રૂઆબ અને અધિકાર ઘણો ચડીયાતો. ”

આ વિચારપ્રવાહ રેલાતો હતો એટલામાં કુંદન ઉતાવળે પગલે આવી પહોંચ્યો અને સસ્મિત વદને લલિતાની સાથે હસ્તધૂનન કરતાં બોલ્યોઃ “ ઓહો ! આજે તો અહીં જ બેસી ગયાં છો કે શું ? ”

“ હા ! આજે કાંઇક તમે મોડા આવ્યા ખરા ! મને અહીં આવ્યાને અર્ધો કલાક વીતી ગયો. ”

“ હા, જરા મોડો થયો છું ખરો, પણ તેનું કારણ છે. રાજાજીનું થોડું કામ હતું તે પૂરૂં કરવામાં વિલંબ થયો અને વધારે વિલંબ તો એક બીજા જ કામ માટે થયો ! ”

“ એ બીજું કામ શું હતું ? ”

કુંદન લલિતાની બાજુએ બેસતાં બોલ્યોઃ “ બીજું કામ કહું છું; પણ લલિતાગૌરી ! મને એક વાર પૂછી લેવા દો કે તમે જ્યોતિષ્ પર કાંઇ ફેઇથ (શ્રદ્ધા) ધરાવો છો કે નહિ ? ”

“ વેરી લિટલ્ (બહુ જ થોડી). ”

“ હું પણ તમારા જેવો જ હતો, પરન્તુ આજે એક દક્ષિણી જ્યોતિષી રાજાજી પાસે આવ્યો હતો તેણે રાજાજીને જે કાંઇ કહ્યું તે ઉપરથી મને તો જ્યોતિષ્ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા બેસી ગઇ છે.



"ઓહો! આજે તો અહીં જ [illegible]"

રાજાજીના જન્મથી માંડીને અત્યારસુધીની હકીકત તેણે માત્ર રાજાજીનો હાથ જોઈને જ કહી દીધી, જાણે કે તે ઈતિહાસનાં પાનાં કડકડાટ વાંચી જતો હોયની ! ”

“ એમ ? એ તો નવાઇ જેવું. ”

“ એટલું જ નહિ પણ તેણે રાણી સાહેબ અને કુંવરી વિષે પણ એવી વાતો કહી કે જે સાંભળીને રાજાજીએ તેને પાંચસો રૂપિયાનું ઈનામ આપ્યું. હું રાજાજીનો ખાનગી સેક્રેટરી, એટલે રૂપિયાની ચીઠ્ઠી મારી પાસે કરાવવા માટે તેને આવવું પડ્યું. મારી પાસે એ બ્રાહ્મણ ચીઠ્ઠી કરાવવા આવ્યો પણ આવતા વાંત જ મારા કપાળની સામે જ તે જોઇ રહ્યો અને બોલ્યોઃ “ સફળ થશો, સાહેબ ! ” હું તો તેના આવા ઓચિંતા શબ્દો સાંભળીને નવાઈ પામ્યો અને બોલ્યોઃ “ શેમાં સફળ થવાનું તમે કહો છો ? મેં તમને કશો પ્રશ્ન તો કર્યો નથી ! ” તે બોલ્યોઃ “ તમારૂં કપાળ કહે છે કે તમે તમારા મનોરથમાં સફળ થશો, અને તે મનોરથ તમે મારે મ્હોંએ કહેવરાવવા ઇચ્છતા હો તો તમારો જમણો હાથ બતાવો. ” મેં હાથ બતાવ્યો એટલે તે ખડખડ હસી પડ્યો અને બોલ્યોઃ “ સાહેબ ! તમે બહુ ડહાપણથી વર્ત્યા છો; અત્યારસુધી ચોરી છુપી રાખી છે તે જ લાભકારક છે, અને વડીલને જાહેર કરવાની તક હજી હવે આવશે, માટે ઉતાવળા થશો નહિ; છેવટે તો એ લગ્નમાં તમારી ફત્તેહ જ છે. ” હું તો આ સાંભળીને ચમકી ગયો અને આ વાત બીજું કોઇ સાંભળી જશે એમ ધારીને તુરત જ તેને ચીઠ્ઠી કરી આપી અને કહ્યુંઃ “ અત્યારે કશું બોલશો નહિ મહારાજ ! આવતી કાલે હું તમારી પાસે આવીશ; તમે ક્યાં ઉતર્યા છો ? ” તેણે પોતાનું ઉતરવાનું ઠેકાણું મહાકાળેશ્વરના મંદિરનું કહ્યું. શું આ ભવિષ્યકથન આશ્ચર્ય પમાડે એવું નથી ? ”

" ખરેખર, મનની વાત જાણી જાય એ તો નવાઈની વાત. જ્યોતિષ્ વિદ્યા શું એટલી બધી આગળ વધી હશે ખરી ? " લલિતાએ ઉત્સુક ભાવથી પૂછ્યું.

" અલબત્ત. આજસુધી હું નહોતો માનતો, પણ હવે તે માનું છું. કાલે હું તે જ્યોતિષીની પાસે જવા ઇચ્છું છું.

" ત્યારે તમે તમારી 'બીલવેડ' નું નામ કેમ ન પૂછ્યું ? "

" હું એ બધું આવતી કાલે તેને પૂછવાનો છું; ત્યાં પૂછું અને કોઇ સાંભળે તો ખરાબ દેખાય. તમારે પણ તમારો હાથ બતાવવો હોય તો ચાલશો મારી સાથે ? "

" ઓફ્ કોર્સ (અલબત્ત), હું પણ આવવાની. આજસુધી જ્યોતિષ વિષે હું આટલું બધું જાણતી નહોતી. પણ, હું સમજતી નથી કે આપણે હજી આટલી ગુપ્તતા કેમ રાખવી પડે છે ? "

" જુઓ, પિતાજીનું મન હમણાં કાંઇક ઉંચું છે એટલે આ વાત હાલમાં હું કાઢી શકતો નથી. પણ આ જ્યોતિષીની મુલાકાત લીધા પછી હું જ્યોતિષીને જ આપણા લગ્નના સાધનભૂત બનાવવા ઇચ્છું છું. તેની દ્વારા જ આપણું યુગ્મ કુદરતે જોડી રાખેલું છે, એવું પિતાજીને હું જાહેર કરાવીશ અને પછી હું એ વાતનો ઉચ્ચાર કરીશ. "

" ત્યારે હવે મને મુંબઇ જવા દો. મારા ગયા પછી તમે એ વાત પિતાજીને કહેજો ! "

" હેં ! એ શું બોલ્યાં ? એક ક્ષણ પણ તમારાથી જૂદા થવાને આ દિલ કેમ કબૂલ કરે ? શું તમને અહીં નથી ગમતું ? "

" ગમતું હોય પણ તેથી શું ? મેમાન કેટલાક દિવસ ટકી શકે ? " લલિતાએ મન્દ સ્મિત કરીને આડું જોતાં કહ્યું.

" હા તમે મેમાન છો ખરાં-પણ-પણ હું તમને મારા હૃદયની હમેશનાં અધિષ્ઠાત્રી બનાવવાનો છું-તો પછી—"

" તો પછી-હું રહીશ, પણ તે પહેલાં તો કેવી રીતે રહેવાય ? વારૂ, તમે તમારા પિતાથી સ્વતંત્ર રહીને લગ્ન ન કરી શકો ? "

" કરી શકું, પણ તો પિતાની સાથે વિરોધ કરવા જેવું થાય અને તેમ થાય તો ભવિષ્યની દીવાનગીરીનો સંભવ દૂર હડસેલાય. "

" એ વાત ખરી. "

" લલિતાગૌરી ! હું મારૂં ધન્ય ભાગ્ય સમજું છું કે તમારો પ્રેમ મારાપર ઉતર્યો છે ! પ્રેમના આવેગમાં ભવિષ્યનું સ્મરણ પણ તમને રહેતું નથી ! "

" વારૂ, પણ સાંભળો; આવતી કાલે અષ્ટમી છે અને તમારા પિતાજીને ધર્મવૃત્તિ બહુ પસંદ છે, તેટલા માટે હું એવી વાત કહીશ કે અષ્ટમીને દિવસે બની શકે ત્યાંસુધી શિવપૂજન કરવાનો મારે નિયમ છે અને એ બ્હાને હું મહાકાળેશ્વર જવાનું મારે માટે ઠરાવીશ, અને તમે પણ મારી સાથે સાથે આવવાની ગોઠવણ કરજો."

" વાહ ! ઠીક યુક્તિ શોધી કાઢી ! ખરેખર, હું તો આવી આબાદ યુક્તિ શોધી શકું નહિ ! હું તો જાણું છું કે તમે શિવજીના કંકરને ગજવામાં લેઇને ફરો તેવાં છો, પણ આપણો હેતુ સાધવાને તો આ બ્હાનું સો ટચના સોના જેવું છે ! "

લલિતા હસી પડી અને કુંદનની મશ્કરી કરતી બોલી: " અને તમે તો શિવજીને માથે લેઇને ફરતા હશો કેમ ? એટલે જ તમે પણ દર્શનાર્થ આવવાના હશો નહિ વારૂ ? "

બન્ને ખડખડ હસી પડ્યાં અને લલિતા તો હસતાં હસતાં કુંદનના શરીરપર ઉથલાઈ પડી. રાત્રિ પડવાને હવે બહુ વાર નહોતી, એટલે બન્નેએ ઉઠીને ઘર તરફ પ્રસ્થાન કર્યું.

પ્રકરણ ૧૪ મું.

મહાકાળેશ્વર તરફ.

न स्थातव्यं न गंतव्यं क्षणमप्यधमैः सह ॥

અર્થાત્—ક્ષણ માત્ર પણ નીચ સાથે ઊભા રહેવું કે જવું નહિ.

સુભાષિત

વૃદ્ધનગરની દક્ષિણ દિશાએ આઠેક માઇલના અંતર પર મહાકાળેશ્વરનું પ્રાચીન મંદિર આવેલું હતું. અત્યારે તો એ મંદિરનો દેખાવ ઘણો નાનો જણાતો હતો, પરન્તુ તેની આસપાસમાં ઇંટો અને પત્થરની પરશાળો, ઇંટ માટીના ઢગ અને પત્થરનાં કોતરેલાં પૂતળાંના નાના મોટા ટુકડાઓ જોવામાં આવતા હતા, તે પરથી પૂર્વે મહાકાળેશ્વરના મંદિરનો વિસ્તાર ઘણો મોટો હશે એમ જણાયા વિના રહેતું નહિ. મંદિરનો જે અવશેષ ભાગ અત્યારે રહેલો જોવામાં આવતો હતો, તેનો મોટો ગભારાવાળો ઘુમ્મટ જોતાં તેની આસપાસ બીજા નાના મોટા અનેક ઘુમ્મટો હશે એમ સહજ કળી શકાતું હતું. મહાકાળેશ્વરનું મંદિર વેરાનમાં આવેલું હતું અને તેની આસપાસ ૬-૭ માઇલ સુધીમાં કોઇ ગામ આવેલું હતું નહિ. મંદિરથી એકાદ માઇલ પશ્ચિમ દિશાએ જઇએ તો દરિયાનો ઉજ્જડ કિનારો આવતો અને નિર્જનતાને લીધે એ સઘળો ભાગ અગાઉ ઘણો ભયભરેલો મનાતો. લો-

કોમાં એમ કહેવાતું કે મહાકાળેશ્વરની હદમાં થઇને જનાર વટેમાર્ગુનું મહાકાળેશ્વર રક્ષણ કરે છે અને આસપાસ વગડો હોવા છતાં કોઇને ઉની આંચ પણ આવતી નથી; પરન્તુ થોડાંએક વર્ષથી કોઈ કોઇ વાર લૂંટના બનાવો બનેલા હોવાથી મહાકાળેશ્વરપરથી લોકોની શ્રદ્ધા ઉઠી ગઈ હતી. પહેલાં મહાકાળેશ્વરના દર્શને રોજ પાંચ સાત ભાવિક માણુસો જતા, પરન્તુ હાલમાં તો પાંચ સાત દિવસે એકાદ માણુસ પણ ભાગ્યે જ ત્યાં જતો. છતાં વૃદ્ધનગર અને ભદ્રપુરના રાજ્યના સીમાડાપર એ મંદિર આવેલું હોવાથી બન્ને રાજ્યો તરફથી મંદિરના પૂજારીને જીવાઈ મળ્યે જતી હતી.

મહાકાળેશ્વરના મંદિરનો પૂજારી એ વૃદ્ધ બ્રાહ્મણ હતો અને તે એકલો જ મંદિરમાં રહેતો હતો. તેની લાંબી કાબરચીત્રી દાઢી અને વાળનો મોટો ચોટલો તેની વયનું ભાન કરાવતાં હતાં. તેની વૃદ્ધ પણ ચપળ આંખો તેમાંની તરલતા સાથે પૈશુન્યનો પુરાવો આપતી હતી. તેની વિશાળ છાતી મજબૂતાઈનું દર્શન કરાવતી હતી તોપણ તે છાતીની અંદર કેવા વિચારો ભરેલા છે તે ઉકેલી શકવાને કોઇ સમર્થ નહિ હોવાથી કાંઈક ગર્વિષ્ટ પણ દેખાતી હતી. જેવી રીતે મહાકાળેશ્વરના મંદિર ઉપર અનેક જમાના વહી ગયા હતા, તેવી રીતે એ પૂજારીનું જીવન પણ અનેક ચિત્ર વિચિત્ર અનુભવોના તથા સારાં માઠાં કૃત્યોના પરિણામરૂપ હતું. ધન મેળવવાને પૂજારી બાવાએ ઘણુંએ કાળાં ધોળાં કર્યાં હતાં પરન્તુ તે ધન તેમની પાસે ટકી શક્યું નહોતું અને જેવે માર્ગે આવ્યું હતું તેવે જ માર્ગે ગયું હતું, તથાપિ હજી ધન મેળવવાની લોલુપતા અને તે માટે હરકોઇ માઠા કામમાં પડવાની હામ તેમનામાંથી ગઇ નહોતી. નિર્જન વનમાં તેમનો નિવાસ હોવા છતાં તેવા કેટલાક

શિકાર તેમના હાથમાં આવી પડતા અને તેવા શિકારો શોધતા ફરવા માટે તેમણે કેટલાક અનુસંગીઓ પણ સાધી રાખેલા હતા.

કુંદન અને લલિતાએ મહાકાળેશ્વરમાં તે જ્યોતિષી બ્રાહ્મણને મળવાનું નક્કી કર્યું હતું અને બીજે દિવસે લલિતાએ દીવાનને કહીને મહાકાળેશ્વર તરફ જવાનું ઠરાવ્યું. રસ્તો જરા વિકટ હોવાથી આનંદલાલે સાથે એક અસ્વાર મોકલવાની ગોઠવણ કરવા ધારી, અને એક સિપાઇને આજ્ઞા આપી દીધી. લલિતાની સાથે પોતે જવાનું પિતાજીને કહેવાની હિંમત કુંદનલાલમાં નહોતી, તેથી તેણે પોતાની ભોળી માને સમજાવીને લલિતાની સાથે સાથે મહાકાળેશ્વર તરફ જવાનું ઠરાવ્યું. સિપાઇને પોતે પરભાર્યો જ કહી આવ્યો કે ' લલિતાની સાથે હું પોતે જવાનો છું, એટલે તેની સાથે અસ્વારની કશી જરૂર નથી. '

એ નવી ગોઠવણ પ્રમાણે કુંદનલાલ અને લલિતા બપોરે જમ્યા પછી એક સીગરામમાં બેસીને મહાકાળેશ્વર તરફ જવાને નીકળ્યાં. સીગરામ ગામની બહાર નીકળ્યા પછી કુંદનલાલનો એક મિત્ર પણ સીગરામમાં ચડી બેઠો. કુંદનલાલે લલિતાને તેની ઓળખાણ પાડતાં કહ્યું: " લલિતા ! આ મારા મિત્ર કૃષ્ણદાસ છે અને તે આપણી ન્યાતના છે. " કૃષ્ણદાસના દેખાવપરથી તે પણ એક શ્રીમંત ગૃહસ્થના જેવો દેખાતો હતો. હાથમાં કિંમતી હીરાની વીંટી અને ગજવામાં સોનાના ઘડીયાળને સોનાનો છેડો લટકાવ્યો હતો. વસ્ત્રો પણ ઘણાં સુંદર પહેર્યાં હતાં. થોડી વાર સુધી તો મૌન્ય ચાલ્યું. ત્રીજા માણસની સમક્ષ લલિતાને પણ કુંદનલાલ સાથે વાતચીત કરતાં જરા ક્ષોભ ઉત્પન્ન થવા લાગ્યો; પરન્તુ કૃષ્ણદાસ

પોતાના બહુબોલા અને મળતાવડા સ્વભાવને બહુ વખત છૂપો રાખી શકયો નહિ. તેણે જ વાતચીતનો પ્રસંગ ઊભો કર્યો અને લલિતા સાથે અણધારી છૂટ લેવા માંડીઃ "લલિતાગૌરી! હવે મારા મિત્ર કુંદનલાલના શય્યાભવનને ક્યારે શોભાવશો?"

શરૂઆતથી જ આ અણઘટતી વાતચીત સાંભળીને લલિતા જરા ચ્હીડાયા જેવી દેખાઈ અને તેણે કુંદનલાલ તરફ નજર કરી. કુંદનલાલ બોલ્યોઃ "હં, હં, લલિતા! કૃષ્ણદાસ તો મારા અંતરના મિત્ર છે અને મેં કશી વાત તેમનાથી ગુપ્ત રાખી નથી, માટે તેમના શબ્દોપર કશો ગુસ્સો ન કરવો, હોં કે!"

કુંદનલાલની આ વાત તો લલિતાને ન ગમી. તે ભ્રકુટી ચડાવતી બોલીઃ "તમારી સાથે તે ગમે તેવી વાતચીત કરે પણ હું એવી વાતમાં ભાગ નહિ લઉં!"

કૃષ્ણદાસ બોલ્યોઃ "બારૂ, ચાલો, તમને ખોટું લાગે તેવું નહિ બોલું; પણ હવે તમે એટલું તો કહેશોને કે વૃદ્ધનગરના કાયમના નિવાસી ક્યારે બનશો?"

"તે તમારા મિત્રને પૂછો." લલિતાએ કાંઇક ધીમાશથી જવાબ આપ્યો.

"મારા મિત્ર તો એવું ઇચ્છે છે કે અત્યારથી જ તમે વૃદ્ધ-નગરમાં રહી જાઓ, પણ તેમનું ધાર્યું ક્યાં પાર ઉતરે છે? કેમ ખરૂં કે કુંદનલાલ?"

"હા ભાઇ! આપણે તો મ્હોં વિકાસીને બેઠા છીએઃ મ્હોંમાં કોળીયો આવે કે તુરત જ ગળી જવા તૈયાર છીએ!" એમ બો-લતાં કુંદનલાલે ગાદીપર જરા અઠીંગીને પગ લાંબા કરી ગાવા માંડયુંઃ

" Your eyes so tender, blue and true
" Let me whisper, ' I love you.'
" When all the clouds have blown away,
" I beg you then to name the day ! "

કુંદનલાલનાં આ પ્રેમગીતડાં લલિતાને શરમાવનારાં લાગ્યાં—ખાસ કરીને કૃષ્ણદાસની હાજરીમાં તો તેને બહુ જ શરમ લાગી. એણે પડદાની બહાર રસ્તાપર આડી નજર કરી, એટલામાં કુંદનલાલ બોલ્યોઃ " વેલ, લલિતા ! Please name the day (મહેરબાની કરીને દિવસનું નામ પાડો)." એમ કહેતાં તેણે લલિતાનો હાથ પકડ્યો.

લલિતાએ ચમકીને કુંદનલાલની સામે જોયું. કોણ જાણે શાથીએ કુંદનલાલની આંખો લાલ થઇ ગઇ હતી અને તેનો ચહેરો ફરી ગયો હોય તેવો જણાતો હતો ! તે વખતનો દેખાવ તેને ભયંકર લાગવા માંડ્યો અને એકાએક ઘેલાની પેઠે કુંદનલાલે હાથ પકડ્યો હોવાથી તે બ્હી ગઇ. કુંદનના હાથમાંથી હાથ છટકાવતી તે બોલીઃ " કુંદનલાલ ! એવું તોફાન શાને કરો છો ? દિવસનું નામ પાડવાનું મારા હાથમાં નથી, પણ તમારા હાથમાં છે એ તો હું તમને કહી ચૂકી છું."

" ડૅમ યુ ! મારે મ્હોંએ દિવસનું નામ પડાવવું હોય તો ચાલ; આજનો દિવસ, અત્યારનો વખત અને આ જ ઠેકાણું; આમ આવ મારી સોડમાં ! " કુંદને ઘેલાની પેઠે હાથ લંબાવ્યા અને લલિતા ગભરાઇને દૂર ખસી. દૂર ખસીને પણ તે સીગરામની બહાર તો જઈ શકે તેમ નહોતું. કુંદનલાલ સીગરામમાં જ ઊભો થતો લલિતાના

શરીરપર પડ્યો ! લલિતાના હોશકોશ ઉડી ગયા. તેણે તેના હાથ-માંથી છટકવાને કુંદનને જરા ધીમો ધક્કો માર્યો એટલામાં તો તે લથડી પડ્યો ! પડ્યાં પડ્યાં તેણે પોતાની લાલ આંખો ફાડીને લલિતાને ડર દાખવ્યો. હવે લલિતા સમજી કે કુંદનલાલની આ બેલજા મદ્યપાનની છે ! તેનામાં એ દુર્ગુણ હશે તે અત્યારે તેણે પહેલી વાર જ જાણ્યું, અને જાણતાંની સાથે જ તેના અંતરૂમાં કાંઇ કાંઇ નવા વિચારો જન્મ પામ્યા. તેણે કૃષ્ણદાસની સામે જોયું અને કૃષ્ણદાસ લલિતાની સામે જોઈ તિરસ્કારથી હસવા લાગ્યો. કુંદન-લાલ તો લથડી પડ્યો તે પાછો બેઠો ન જ થવા પામ્યો. એક બાજુએ પોતે જેના સંરક્ષણ હેઠળ આવી હતી તેની જ આવી અસાવધ સ્થિતિ અને બીજી બાજુએ અજાણ્યા પુરૂષનું તિરસ્કાર-સૂચક હાસ્ય ! લલિતા ગભરાટની મારી વિહ્‌વળ બની અને ચોમેર જોવા લાગી. પોતે મહાકષ્ટમાં સપડાઈ ગઇ હોય એમ ભાસ્યું. કુંદનલાલને તેણે બોલાવવા માંડ્યો, પણ તે તો પોતાની લાલચોળ આંખોને ઉઘાડીને બોલ્યા ચાલ્યા વિના પાછી મીંચી જતો હતો ! સીગરામ કોઇ અજાણ્યા માર્ગપર દોડ્યો જતો હતો અને કોઇ વટે-માર્ગુ પણ જોવામાં આવતો નહોતો. લલિતાએ સીગરામ હાંકનારને આજ્ઞા કરી: "ભાઇ ગાડીવાન ! મારે મહાકાળેશ્વર જવું નથી; સી-ગરામને વૃદ્ધનગર તરફ પાછો હાંક !"

પણ સીગરામ હાંકનારે લલિતાના શબ્દો સાંભળ્યા જણાયા નહિ ! લલિતાએ ફરીથી હાક મારીને તેને પોતાનો હુકમ જણાવ્યો, ત્યારે તેણે જવાબ આપ્યો: "કુંદનલાલભાઇના કહ્યા વિના મારાથી સીગરામને કેમ પાછો વળાય ?"

" અરે, એ તો દારૂ પીને બેહોશ પડ્યા છે ! "

" એ ક્યાં આજ નવાઇનો દારૂ પીએ છે ? ઘણીએ વાર પીએ છે ! એ તો હમણાં કેફ ઉતરી જશે. હવે મહાકાળેશ્વર બહુ દૂર નથી ! "

" પણ હું તને સાફ કહું છું કે મારે ત્યાં નથી જવું; છતાં તું સીગરામ ચલાવનાર કોણ ?

" એ કશું મને સંભળાવશો નહિ ! કુંદનલાલભાઇને જે કહેવું હોય તે કહો ! "

લલિતા દિગ્મૂઢ બનીને એક ખૂણામાં ગુપચુપ બેસી રહી ! તેની આ સ્થિતિ જોઇને કૃષ્ણદાસ ખડખડાટ હસી પડ્યો અને બોલ્યો: " કેમ લલિતાબાઇ ! હવે પાછાં વૃદ્ધનગર જવું છે કે ? તો પછી મહાકાળેશ્વર જવાનો સંકેત શામાટે કર્યો ! "

લલિતા કશો ઉત્તર આપી શકી નહિ. તેની આંખો સજળ બની ! તેને પટાવતા કૃષ્ણદાસે પોતાનો રૂમાલ તેની આંખોને અડકાડ્યો અને લલિતાએ તિરસ્કારથી તેના હાથને તરછોડી નાખ્યો. કૃષ્ણદાસ સ્મિત કરતો બોલ્યો: " તમે આટલાં અરસિક હશો તે હું જાણતો નહોતો. મેં ધાર્યું હતું કે તમારી સંગતિથી મુસાફરીમાં આનંદ પડશે, પણ તમે તો કેવળ લુખ્ખાં છો ! "

" મારી સાથે કશું વધારે સંભાષણ ન કરશો; હું કાંઇ તમને બોલાવતી નથી ! "

કૃષ્ણદાસ હસતો બોલ્યો: " સંભાષણ વિના હવે કાંઇ ચાલવાનું છે ? તમે પાછાં વૃદ્ધનગર કે મુંબઇ પહોંચવાનાં નથી એ નક્કી માનજો ! "

" એટલે ? શું તમે મને કેદ કરવાનું કાવતરૂં કર્યું છે ! "

" તે તમે હવે પછી જોશો !"

" તમારો તે દુષ્ટ ઇરાદો નિષ્ફળ જશે! કુંદનલાલનો કેફ ઉતરી જવા દો, પછી તમારી વાત છે ! "

કૃષ્ણદાસ હસતો હસતો બોલ્યોઃ " હું શું એ દારૂડીયાથી ડરી જઇશ ? અરે, તે જ મારી મદદમાં છે, પછી તારાથી શું થવાનું છે ?"

" હાય, હાય ! ત્યારે તમે બન્ને ઠગારાઓએ શું મને ફસાવી ? " લલિતાની આંખોમાંથી આંસુ ખરી પડ્યાં. આવો ગભરાટ તેની ઉમરમાં તેણે આજે પહેલવહેલો જ અનુભવ્યો હતો. મુંબઇમાં માતાપિતાએ તેનું લગ્ન ક્રાન્તિલાલની સાથે કરવાનો નિશ્ચય કર્યો, ત્યારે પણ તેને જે ચિંતા થઇ નહોતી તે ચિંતા આ વખતે તેને થઇ આવી. કોઇ વાર તેને માથે આકસ્મિક દુઃખ આવી પડ્યું નહોતું, તેથી તેવા દુઃખમાંથી બચવાને શું કરવું જોઇએ તેની તાત્કાળિક યુક્તિ પણ તેને સૂઝી નહિ ! આ કેદખાનામાંથી કેવી રીતે નાસી છૂટવું, આ હરામખોરને કેવી રીતે સમજાવવો, બૂમ પાડવાથી કશું વળે કે નહિ, ગાડીવાન પોતાની મદદમાં ઊભો રહે કે નહિ એવા એવા વિચારો તેના ચિત્તમાં આવવા લાગ્યા; પરન્તુ દુઃખના કશા પણ અનુભવ વિનાના ચિત્તથી કશો નિર્ણય કરી શકાયો નહિ. તેના નાજુક શરીરમાં એવું કશું બળ પણ નહોતું કે જેથી તે બળ કરીને કશો હેતુ સાધી શકે. બહુ વૈભવમાં ઉછરવાને લીધે સીગરામની બેઠકથી તેનાં હાડકાં દુખવા આવ્યાં હતાં, અને માર્ગપર ઉડતી રજને લીધે તેને વારંવાર ખાંસી આવતી હતી. તેને સાંભરતું હતું કે પોતે જો અત્યારે મુંબઇમાં હોત તો તુરત જ દાક્તર પાસે જઇને શરીરે કાંઈ ચોળવાની અને ખાંસીને માટે પીવાની દવા લેઈ આવત !

લલિતાની નિરાધાર અવસ્થાનો લાભ લેઇને કૃષ્ણદાસે સીગરામમાં જ વધુ છૂટ લેવા માંડી. તેણે લલિતાને સમજાવવા માંડી, અટકચાળાં કરવા માંડ્યાં, પરન્તુ લલિતા તેને વારંવાર ગાળો ભાંડતી તેનો તિરસ્કાર કરતી હતી ! છેવટે આ સ્થિતિ અસહ્ય થઇ પડવાને લીધે તે સીગરામનું બારણું ઉઘાડીને બહાર નીકળવાનો યત્ન કરવા લાગી. કૃષ્ણદાસે તેને બહાર નહિ નીકળવા દેવાને બળાત્કાર કરવા માંડ્યો, પરન્તુ બારણું ઉઘડી ગયું હતું એટલે લલિતાનું શરીર અર્ધું બહાર નીકળ્યું હતું ! કૃષ્ણદાસે તેનો પગ પકડી રાખ્યો અને ગાડીવાને સીગરામ જોરથી દોડાવ્યો. લલિતાએ જોરથી આંચકો મારીને કૃષ્ણદાસના હાથમાંથી પગ છોડાવ્યો પરન્તુ તે સાથે તેણે જોરથી પછાડ ખાધી ! કપડાં ધૂળવાળાં થયાં, હાથ પગ અને મ્હોં છોલાઈ ગયાં અને કોઇ કોઈ ઠેકાણે લોહીયાળ ઉઝરડા પણ પડ્યા ! પછાડ વાગવાથી લલિતાને સખ્ત કળ ચડી. માતાપિતાએ પણ જેનાપર કોઇ દિવસ આંગળી સરખી ઉગામી નહોતી તે તન્વંગી બાળા કુસંગતિમાં સપડાવાથી આવી સ્થિતિમાં આવી પડી. માર્ગપરથી માંડમાંડ તે ઊભી થઇ અને તેનાથી બની શકાયું તેટલા જોરથી તે પાછી નાસવા લાગી.

થોડે દૂર જઇને ગાડીવાને સીગરામ ઊભો રાખ્યો. કૃષ્ણદાસ નીચે ઉતરી પડ્યો અને તે લલિતા તરફ ધાયો. લલિતાના ઉંચી એડીવાળા બૂટ તે ધૂળવાળા ચીલાપર ઉતાવળે દોડી શકે તેમ નહોતું ! થોડેક જતાં જ તેને ઠેસ વાગી અને પછાડ ખાધી ! કૃષ્ણદાસ તેની પાસે હસતો હસતો જઈ પહોંચ્યો અને બોલ્યોઃ "સિંહના પંજામાંથી એક હરિણી નાસી છૂટવાને ફાંફાં મારે તે અફળ

છે! શું તું આમ દોડીને પાછી વૃદ્ધનગર પહોંચી શકવાનું ધારે છે?"

આ નિર્જન અરણ્યમાં લલિતા ગુસ્સો કરે, ડર બતાવે કે પોતાની પૂર્વની ટેવોને વશ રહીને હુકમ કરે તે સઘળું નિરર્થક હતું. નમ્રતા એટલે શું તેની તેને અત્યારસુધી ખબર નહોતી, પરન્તુ આ વખતે અકસ્માત્ તેનામાં નમ્રતા આવી ગઇ. તે કૃષ્ણદાસ તરફ હાથ જોડીને રડતી રડતી બોલી: "કૃષ્ણદાસ! હું નિરપરાધીને તમે શાને સતાવો છો? મને ફસાવીને તમે શો સાર કાઢશો? મેં તમારો શો વાંક કર્યો છે?"

"તારૂં રૂપ એ જ તારો વાંક છે, લલિતા! તે રૂપ કુંદન જેવા દારૂડીયાને માટે નિરર્થક છે, અને તેથી તે સાર્થક કરવાનો મેં ઇરાદો રાખ્યો છે!"

લલિતા ચોધાર આંસુએ રડી પડી! ઉંચે આકાશ અને નીચે ધરતી એ બે જો તેને આ સંકટમાંથી મુક્ત કરી શકે તો જ તે મુક્ત થઇ શકે તેમ હતું!

અહીં કૃષ્ણદાસની થોડીએક ઓળખાણ આપવાની જરૂર છે. કૃષ્ણદાસ કુંદનલાલની જ્ઞાતિનો જ યુવક હતો અને તેનો બાળમિત્ર હતો. તેની જ સંગતિથી કુંદનલાલ અનેક પ્રકારની કુટેવોને અધીન થયો હતો. કુંદનલાલના પિતાએ કૃષ્ણદાસની સંગતિમાંથી તેને મુક્ત કરવાને કૃષ્ણદાસને વૃદ્ધનગરના એક નાના ગામના વહીવટદારની નોકરી આપીને બહારગામ કાઢયો હતો અને ધાર્યું હતું કે એ બહારગામ જવાથી કુંદન પોતાની કુટેવોને વિસરી જશે. પરન્તુ દીવાનની એ ધારણા સફળ થઇ નહિ. કૃષ્ણદાસ બે ચાર દિવસને આંતરે વૃદ્ધનગરમાં આવીને કુંદનને છાનો છાનો મળ્યા વિના

રહેતો જ નહિ અને તેથી કુંદનને સુધારવાનો એ પ્રયત્ન અફળ ગયો હતો. કુંદનના હાથમાં પડેલું લલિતા જેવું રત્ન મેળવી લેવાની ઇચ્છા કૃષ્ણદાસને થઈ હતી અને તેથી તેણે કુંદનને સમજાવીને લલિતાને મહાકાળેશ્વર તરફ ઘસડી જવાની યુક્તિ રચી હતી. ભવિષ્યવાદી બ્રાહ્મણની વાર્તા કુંદનલાલે કૃષ્ણદાસની શીખવણીથી કેવળ જૂઠી જ ઉપજાવી કાઢી હતી અને તે સાથે તે મૂર્ખ પોતાના દ્રોહી મિત્રના દુષ્ટ ઇરાદાથી પણ અજાણ્યો હતો! મહાકાળેશ્વરના પૂજારીની સાથે મળીને કૃષ્ણદાસે સઘળી સગવડ કરી હતી અને લલિતાને ત્યાં જ કેદ કરી રાખવાનો બેત રચ્યો હતો. કુંદનલાલની સંમતિ આમ કરવા માટે કૃષ્ણદાસે તેને અષ્ટમપષ્ટમ સમજાવીને મેળવી હતી.

લલિતાએ સીગરામની બહાર પછાડ ખાધી અને સીગરામ ઊભો રહ્યો તે જ ક્ષણે કુંદનલાલ ઝબકીને જાગ્યો. આંખોની લાલાશ તેવી ને તેવી જ હતી અને કેફથી મગજ ભ્રમતું હતું, તોપણ પોતાની બેભાન અવસ્થામાં શો બનાવ બની ગયો તે તેના સમજવામાં આવી ગયું. તેણે સીગરામનો પડદો ઉંચો કરીને બહાર જોયું તો લલિતા આગળ અને કૃષ્ણદાસ પાછળ દોડતો હતો! એટલામાં લલિતાને ઠેસ વાગી અને તે પડી તે પણ તેણે જોયું. તે તરત જ સીગરામમાંથી હેઠળ ઉતર્યો અને ઉતાવળે દોડવાની આય શરીરમાં રહી નહોતી એથી ધીમે પગલે તે તેમની તરફ ચાલ્યો. તેનો ઇરાદો લલિતાને છટકી જવા નહિ દેતાં તેને પાછી સીગરામમાં લાવીને બેસાડવાના કાર્યમાં કૃષ્ણદાસને મદદ કરવાનો હતો. આ ઇરાદો તેની પાસે જઇ પહોંચતાં દરમિયાન બદલાઇ ગયો! તેણે જોયું કે કૃષ્ણદાસ લલિતાને પજવતો હતો અને તેને પોતાની બાથમાં

પકડીને જૂદાં જૂદાં અડપલાં કરતો હતો ! પાપી અને દુષ્ટ પુરૂષોનો એ સ્વભાવ હોય છે કે તેઓ જે ચીજને પોતાની માને છે તે ચીજ જો કે વસ્તુતઃ તેમની હોતી નથી તોપણ તેપર બીજાનો હાથ પડતાં જ તેઓ હદપાર ઉશ્કેરાઇ જાય છે. કુંદનલાલ લલિતા સાથેનો કૃષ્ણદાસનો અનિષ્ટ વ્યાપાર જોઇને ઉશ્કેરાઇ ગયો અને તેની પાસે પહોંચતાં જ તેણે કૃષ્ણદાસને એક તમાચો લગાવી દીધો ! "સાળા લુચ્ચા ! મારી પ્રિયતમાને તું આવી રીતે પજવે છે ?"

કૃષ્ણદાસ કુંદનલાલનો મિત્ર હતો, પણ તેને મન એ દારૂડીયો કશા હિસાબમાં નહોતો. તેનું ગજવું ખાલી કરાવવાને કૃષ્ણદાસે તેની મૈત્રી કરી હતી અને તે લાંબા વખતસુધી નિભાવી હતી, પરન્તુ અંતરૂથી તે તેનો મિત્ર નહોતો. કુંદનલાલનો તમાચો વાગતાં જ તે લલિતાને દૂર હડસેલી મૂકીને કુંદનલાલની સામે થયો અને તેની પાંસળીમાં એવા તો જોરથી મુક્કી મારી કે તે નીચે ગબડી પડ્યો ! "સાલા દારૂડીયા ! તું વળી વચ્ચે શેનો આવે છે ? મને સાથે રાખતી વખતે તું નહોતો સમજ્યો કે એ હવે તારી પ્રિયતમા નથી રહી !"

કુંદનલાલ તુરત ઊભો થયો. ઉપસ્થિત થએલા પ્રસંગે તેનો કેફ ઉતારી દીધો. તે બોલ્યોઃ "કૃષ્ણદાસ ! જોઈ વિચારીને ચાલજે હોં, નહિતો તારા ભુક્કા ઉડાડી દઇશ !"

"ચાલ, ચાલ, તારૂં મ્હોં તો જો ! તું દીવાનનો છોકરો થયો તેથી શું હું તારાથી બ્હી જાઇશ ? દીવાન રહ્યો વૃદ્ધનગરમાં અને અહીં અરણ્યમાં તો હું પોતે રાજા છું !"

કુંદનલાલથી આ અપમાન સહાયું નહિ. તે પોતાની પાસે પડેલા બે પત્થર લેઈને સામે થયો અને કૃષ્ણદાસની છાતીપર જો-

રથી ફેંકયો. કૃષ્ણુદાસ જરા ખસી ગયો, તોપણુ તે તેના ખભા સાથે અથડાયો અને વાગ્યો. બળમાં કુંદનલાલ કૃષ્ણુદાસને પહોંચે તેવું નહોતું, એટલે કૃષ્ણુદાસ તેના શરીર સામે ધાયો અને બાથંબાથા ચાલી. ગાડીવાન સીગરામ પાછો વાળીને ત્યાં દોડી આવ્યો અને પાસે સીગરામ ઊભો રાખીને નીચે ઉતરી બન્નેને છૂટા પાડવા લાગ્યો. એ બાથંબાથામાં ગાડીવાનને પણુ બે ચાર લાતો પડી. થોડી જ પળોમાં કુંદનલાલ નીચે અફળાઇ પડયો અને કૃષ્ણુદાસ તેની છાતીપર ચડી બેઠો. કુંદન નીચે પડયો પડયો તેને ગાળો દેવા લાગ્યો. આટલી મારામારી થયા પછી વૃદ્ધનગરમાં પાછા જવાથી પોતે મુશ્કેલીમાં આવી પડયા વિના રહેશે નહિ, એવું કૃષ્ણુદાસના સમજવામાં આવી ગયું. કુંદનનું કાસળ ત્યાં ને ત્યાં જ કાઢી નાંખવાના ઇરાદાથી તેણે તેની છાતીપર બેઠાં બેઠાં એવા તો જોરથી તેનું ગળું દાબ્યું કે તે જ ક્ષણે તેની જીભ બહાર નીકળી પડી અને હાથપગ તરફડવા લાગી ગયા ! કુંદનલાલ કુસંગતિના દોષને લીધે જાનથી ગયો !

આ બધો વખત લલિતા એક બાજુએ ઊભી ઊભી થરથર ધ્રૂજતી હતી. નિર્જન અરણ્યમાં પોતાની પવિત્રતા ઉપર હલ્લો થવાનો બનાવ, બે મિત્રો વચ્ચે મારામારીનો પ્રસંગ અને છેલ્લે પોતાના પ્રિયતમનું આકસ્મિક ખૂન : એ સઘળું જોઇને તે ગભરાટની મારી બૂમ પાડી ઉઠી. ગાડીવાન પણુ આ જોઇને ગભરાઇ ગયો અને નીસો પાડવા લાગ્યો. કૃષ્ણુદાસ તેની પાસે જઇને બોલ્યોઃ “ ચૂપ રહે, નહિતો જેવી તેની દશા થઇ, તેવી જ તારી દશા પણુ સમજી લેજે ! ”

જીવ જવાના ભયે ગાડીવાનને મુંગો બનાવ્યો. તે ભયથી ધ્રૂજતો બોલ્યોઃ “ કૃષ્ણુદાસભાઈ ! તમે આ કાળું કામ કર્યું, હવે

મારી અને તમારી શી વલે થશે ? હાય, હાય, દીવાન સાહેબ મારી તો જીવતાં ચામડી ઉતરડી લેશે."

" ડર નહિ બચ્ચા ! ડર નહિ. જો તું મારા કહ્યા પ્રમાણે ચાલીશ, તો હું તને બચાવીશ અને હું પણ બચીશ. અને જો આડો ચાલીશ તો અહીંથી તું પણ જીવતો નહિ જાય, એટલું યાદ રાખજે. બોલ, શી મરજી છે ?"

" પણ ભૈસાબ ! આ પાપ છૂપું તો રહેવાનું નથી જ !"

" છૂપું રહેશે અને આપણો વાળ પણ વાંકો નહિ થાય ! જો સાંભળ. આ મુડદાને આપણે બન્ને ઉપાડી જઇને દરિયામાં ફેંકી દઇએ. દાટી દેતાં વાર લાગશે અને દરિયો તો બહુ દૂર નથી; જો અહીંથી રેતી દેખાય છે અને પા કલાકમાં આપણે પહોંચી જઈશું; બોલ શું વિચાર છે !"

" પણ હું શહેરમાં જઇને શો જવાબ આપું ?"

" અહીંથી મને અને લલિતાને મહાકાળેશ્વર પહોંચાડીને તારે શહેરમાં પાછા જવું અને દરબારી ઉતારે સીગરામ છોડીને ઘેર જતા રહેવું. તું ઘેર રાત્રે પહોંચીશ અને કુંદન તથા લલિતાની તપાસ બીજે દિવસે થશે; તે વખતે તારે જરા પણ ડર્યા વિના પૂરતી હિંમતથી જવાબ આપવો કે અમે સઘળાં રાત્રે આઠ વાગતાં તો પાછાં આવી ગયાં હતાં અને પછી કુંદન તથા લલિતા ક્યાં ગયાં તેની મને ખબર નથી એવો જવાબ આપવો. જોજે, ભૂલે ચૂકે હું સીગરામમાં સાથે હતો એવું ન કહેવું."

" પણ મહાકાળેશ્વરવાળો બાવો—"

" તેની તારે કશી ફીકર ન કરવી. એ પૂજારી મારા હાથમાં છે, એટલે તે તો બરાબર કહેશે કે અહીં કુંદન અને લલિતા આવ્યાં

હતાં તે સાંજે પાછાં ગયાં હતાં."

ગાડીવાન મુંગો રહીને વિચાર કરવા લાગ્યો. થોડી વારે તેણે જવાબ આપ્યોઃ " પણ ભૈસાબ ! આ જીવ જવાનો ચોદો છે ! મારા તો ટાંટીયા જ નરમ બની ગયા છે !"

" જરા હિંમત રાખીને રહીશ તો તારાપર કોઇને પણ શંકા નહિ આવે; માટે ચાલ, આ મુડદું ઉપાડી જવાના કામમાં મને મદદ કર."

કૃષ્ણદાસ અને ગાડીવાને મળીને કુંદનનું મુડદું ઉપાડયું. એ ભયાનક દશ્ય જોઇને લલિતાથી એક કારમી ચીસ પડાઇ ગઇ; પરન્તુ તે ચીસ આસપાસમાં કોઇ પણ સાંભળે તેમ નહોતું ! કૃષ્ણદાસ અને ગાડીવાન કુંદનના મુડદાને ખાંધે ઉંચકીને દરિયાની રેતી તરફ ચાલવા લાગ્યા. એક બાજુએ ઊભેલા સીગરામના અવાક્ બળદો પણ તે દુષ્ટ કૃત્ય કરનાર તરફ ધૃણાયુક્ત દષ્ટિ કરી રહ્યા. લલિતાને તો રોમે રોમે ચુંથારો થતો હતો. અંધારી રાત્રિમાં કાળાં અને ભયંકર સ્વરૂપનાં પિશાચો નરમાંસ ભક્ષણ કરવાને અર્ધું બળેલું માણુસનું મુડદું સ્મશાનભૂમિમાંથી ઉપાડી જતાં હોય અને તે જેવું ભયાનક દશ્ય લાગે, તેવું જ ભયાનક દશ્ય લલિતાને ધોળે દિવસે દેખાવા લાગ્યું ! પોતાનાપર પ્રેમ ધરાવતો તેમજ પોતાના પ્રેમનું પાત્ર બનેલો, પરન્તુ પાછળથી તેની કુટેવો ખુલ્લી થતાં તિરસ્કારનું પાત્ર થઇ પડેલો પોતાનો પ્રિયતમ હવે વધુ વાર જગતમાં જીવતો નહોતો. એ જ વિચારમાં દિગ્મૂઢ બનતી અને દૂર દૂર જતા મુડદાનું એક બાજુએ લટકતું અચેતન મસ્તક જોતી તે સ્થિર ઊભી ઊભી આંખોમાંથી આંસુ વર્ષાવવા લાગી !

પ્રકરણ ૧૫ મું.

पलायति स जीवति.

દરિયા સુધી એ ભાર ઉચકી જતાં કૃષ્ણદાસ તથા ગાડીવાનને પાએક કલાક લાગ્યો, પણ મુડદાને દરિયામાં ફેંકી દઇને પાછા આવતાં તેમને બહુ વાર લાગી નહિ. ગાડીવાનના અંતરમાં જેટલો ભય હતો તેટલો કૃષ્ણદાસના અંતરમાં નહોતો, તોપણ રખેને બ્હીકણ ગાડીવાન કોઇ રીતે વાત ખુલ્લી કરી નાંખે તેની જ કૃષ્ણદાસને ચિંતા થયાં કરતી હતી. મુડદું ફેંકી દઇને પાછા ફરતાં કૃષ્ણદાસે ગાડીવાનને કહ્યું: " જો અલ્યા ! સીગરામને જરા ધીમો હાંકીને બરાબર રાત પડતાં જ વૃદ્ધનગર પહોંચજે; એટલે રાતની રાત કશી તપાસ ચાલ્યા વિના જ પસાર થઇ જાય અને બીજે દિવસે ખોળાખોળ ચાલશે તે વખતે તને પૂછવામાં આવશે: પણ તારે તો જરા પણ બીધા વિના પૂરી હિંમતથી જવાબ આપી દેવો કે રાત્રે બન્નેને મેં સીગરામમાં પાછાં આણ્યાં છે."

" કદાચ તેઓ પૂછે કે તેં તેમને ક્યાં ઉતાર્યાં હતાં, તો મારે શો જવાબ આપવો ? "

" એમ કહેવું કે ગામ બહારના બગીચા આગળ તેઓ ઉતરી ગયાં હતાં અને મારે સીગરામ દરબારી ઉતારામાં લાવવાનો હતો એટલે તેઓ પગે ચાલતાં ઘર તરફ આવતાં હતાં. તું આ પ્રમાણે જવાબ આપીશ, એટલે તેઓને એવો વ્હેમ પડશે કે તેઓ બન્ને માંહોમાંહિ સંકેત કરીને રેલ્વે રસ્તે ક્યાંય નાસી ગયાં હશે. વળી

તને પૂછે કે સીગરામમાં તેઓ વચ્ચે કાંઇ વાતચીત થઇ હતી ? તો તારે એવો જવાબ આપવો કે તેઓ અંગ્રેજીમાં કાંઇ વાતચીત મારાથી છુપાવવા માટે કરતાં હતાં એટલે હું સમજી શકયો નથી. તું આવો જવાબ આપીશ એટલે તેઓનો વ્હેમ વધારે દૃઢ થશે અને તેઓ જુદે જુદે ગામ તપાસ ચલાવશે એટલે ખરો બનાવ તેઓના જાણવામાં આવી શકશે નહિ. મેં આ બધું કહ્યું તે તારા ધ્યાનમાં રહ્યું કે ? ”

“ હા. અને લલિતાને તમે કયાં લેઈ જશો ?

“ તેની તારે કશી ચિન્તા કરવી નહિ. હું એને એવે સ્થળે ઉતારી દઇશ કે સો વર્ષે પણ કોઇ તેનો પત્તા મેળવી શકે નહિ. ટુંકામાં એટલું જ તને કહેવાનું છે કે જો તું હિંમત રાખીને મારા કહેવા પ્રમાણે ચાલીશ, તો તને ઉની આંચ પણ આવશે નહિ. ”

“ બહુ સારૂં, સાબ, ! પણ તમે બહુ ખોટું કર્યું હોં ! દીવાનનો એકનો એક દીકરો અને તમે તેને બેજાન કર્યો; બિચારા દિવાનને વૃદ્ધાવસ્થામાં ભારે દુઃખ પડયું. ”

“ એ ડહાપણ કરવાનો અત્યારે વખત નથી; જરા ઉતાવળે પગલે ચાલ ! જો પેલો સીગરામ દેખાય છે; પણ વારૂ, લલિતા કેમ એટલામાં જોવામાં આવતી નથી ! ”

ક્ષણ વારમાં બન્ને જણ સીગરામ પાસે પહોંચી ગયા, અને આસપાસ નજર કરી પણ લલિતા કયાંય જોવામાં આવી નહિ. ખુલ્લું નિર્જન મેદાન હતું અને ઝાડ કે ટેકરા જેવું કશું હતું નહિ એટલે લલિતા એટલામાં કયાંય સંતાઇ ગઇ હોય તેમ તો માની શકાતું નહોતું. સીગરામની અંદર જોયું, નીચે જોયું, પરંતુ ત્યાં તે

નહોતી ! બન્ને જણે આસપાસ દૂર દૃષ્ટિ ફેંકવા માંડી તો પૂર્વ દિશાએ તેની ગુલાબી સાડી ઉડતી જોવામાં આવી ! કૃષ્ણદાસને દૂર ગએલો જોઇને લલિતાએ કોઇ પણ દિશાએ મૂઠીઓ વાળીને નાસવા માંડ્યું હતું. કયે માર્ગે જવાથી પોતાને કોઇ ગામ મળી આવશે અથવા પોતાનો બચાવ થશે તેનો વિચાર પણ એ ઉદ્વિગ્ન ચિત્તમાં થવા પામ્યો નહોતો. માત્ર એક રાક્ષસના પંજામાંથી છટકી જવાના ઇરાદાથી જ તે નાસતી હતી. તેનું શરીર છોલાયું હતું, હાથ પગ ઉઝરડાયા હતા અને લોહી તરી આવ્યું હતું, તોપણ તે થાક કે વેદનાની દરકાર કર્યા વિના દોડતી હતી. તેને દૂર દોડી જતી જોતાં જ કૃષ્ણદાસ તેની પાછળ દોડ્યો. કૃષ્ણદાસની દોડ આગળ લલિતાની દોડ કોઇ પણ રીતે પહોંચી શકે તેમ નહોતું. થોડી જ વારમાં તે દોડતો દોડતો લલિતાની લગભગ પહોંચી ગયો. લલિતા પાછું વાળીને જોતી જોતી દોડવા લાગી, પરન્તુ એ નાજુક અબળાનું શું ગજું ? તે થાકથી હાંફતી હતી અને ભયથી બ્હાવરી બની ગઇ હતી. આટલું કષ્ટ એ શરીરે જન્મ ધર્યા પછી કોઇ પણ વખત વેઠ્યું નહોતું તેથી કષ્ટના પ્રથમ અનુભવે જ તેને નાહિંમત કરી મેલી હતી. હૃદય ભયનું માર્યું જોરથી ધડકતું હતું. મ્હોંપર પરસેવાના રેલા ઉતરી રહ્યા હતા અને ચ્હેરો રજથી ખરડાઇને ગંદો બની ગયો હતો. તેણે પાછળ વાળીને જોયું તો કૃષ્ણદાસને પોતાની તદ્દન નજીકમાં આવી પહોંચેલો જોયો ! ભયથી તે કારમી ચીસ પાડી ઉઠી !

"ઊભી રહે, ઓ મૂર્ખી ! તું છટકીને હવે ક્યાં જવાની છે ? નકામાં ફાંફાં શાને મારે છે ? " કૃષ્ણદાસે પાછળથી બૂમ મારી

પરન્તુ તે જ ક્ષણે તે સ્થંભી ગયો, કારણકે તેણે પોતાની બાજુએથી જોરથી પસાર થઇ જતું એક તીર જોયું. તે ઊભો રહ્યો અને કોણ તીર ફેંકે છે તે જોવા લાગ્યો, એટલામાં તો બીજું તીર જમણી બાજુએથી ચાલ્યું ગયું ! કૃષ્ણદાસે આશ્ચર્યની સાથે જોયું કે કેટલેક દૂરથી કોઇ બે વ્યક્તિઓ તે તરફ દોડી આવતી હતી અને તે જ પોતા તરફ તીર ફેંકતી હતી ! એટલામાં એક તીર આવીને તેના બૂટમાં પેસી ગયું અને કૃષ્ણદાસ ચમકીને જોવા લાગ્યો. પોતે પોતાની સાથે તલ્વાર લેતો આવ્યો હોત તો ઠીક હતું એવું તેને હવે સાંભર્યું, કારણકે એ બે માણસોની સાથે લડીને લલિતાને મેળવવા માટે હથિયારની જરૂર પડે તેમ હતું. ઉપરા ઉપરી તીરો આવતાં જોઇને તે બીધો અને લલિતા પોતાના હાથમાંથી ગઇ–છટકી ગઇ એવું તેને જણાવા લાગ્યું. લલિતાને મેળવવાને માટે આટલો યત્ન કર્યો અને હવે તે હાથમાંથી ચાલી જાય એ આશાભંગનો વિચાર કૃષ્ણદાસને દુઃખ ઉપજાવવા લાગ્યો. ફરીથી તેણે લલિતાની પૂંઠે દોડવા માંડયું, અને તુરત જ એકીસામટાં બે તીરો તેની તરફ આવ્યાં, જેમાંનું એક ચાલ્યું ગયું અને બીજું તેના હાથમાં ભોંકાયું ! પોતાનો જીવ બચાવવાને હાથમાંનો શિકાર છોડી દેવામાં જ તેને સલામતી જણાઈ અને તત્ક્ષણ તે પાછો ફર્યો. પહેલાં જેવા વેગથી તે લલિતાની પાછળ દોડતો હતો, તેવા વેગથી હવે તેણે પાછા દોડવા માંડયું ! હવે તેના તરફ તીર છૂટ્યાં નહિ, પણ પાછું વાળીને જોતાં તેને જણાયું હતું કે પેલી બે વ્યક્તિઓ લલિતાની તરફ દોડી આવતી હતી ! એ પ્રદેશમાં લુંટારાનો ભય વિશેષ હતો અને વળી પેલી બે વ્યક્તિઓ તરફથી પોતા ભણી

તીર ફેંકાતાં હતાં, એટલે સામાન્ય રીતે જ કૃષ્ણદાસે માન્યું કે એ આગન્તુક વ્યક્તિઓ કોઇ લુંટારાઓ જ હોવા જોઇએ અને વટેમાર્ગુઓને લુંટવાને જ તેઓ એટલામાં ભરાઈ બેઠા હોવા જોઇએ. પોતાના હાથમાંથી બચીને લલિતા લુંટારાઓના હાથમાં જઇ પડી એ તો તેને માટે ચૂલામાંથી નીકળીને હોલામાં પડવા જેવું થયું હતું, એટલે સ્વાભાવિક રીતે જ કૃષ્ણદાસે આશા રાખી કે હવે લલિતાને વધારે વિમાસવું પડશે. તે મનમાં બોલ્યોઃ " લેતી જા હવે, રાંડ ! મારે હાથ રહી હોત તો કાંઇક સુખી થાત, પણ એ લુંટારાઓ તો તને સેકીને ખાઈ જશે ! "

કૃષ્ણદાસ સીગરામ તરફ પાછો આવ્યો. હાથમાં લાગેલું તીર જાળવીને ખેંચી કાઢ્યું અને પછી સીગરામમાં બેસીને મહાકાળેશ્વર તરફ ચાલ્યો. ત્યાં જઇને પૂજારી બાવાને સારી પેઠે લાલચ બતાવીને સઘળો પાઠ ભણાવી દીધો અને ખરી બનેલી વાત કહી સંભળાવી. પૂજારીએ ઘણાં કાળાં ધોળાં જોયાં હતાં અને પોતાને હાથે કર્યાં પણ હતાં, તોપણ કુંદનના ખૂનની વાત સાંભળીને તે હીબકી ગયો ! કૃષ્ણદાસના હિંમતવાળા શબ્દોએ અને લાલચે તેની છાતીને મજબૂત બનાવી અને કુંદન તથા લલિતાનો પત્તો ન લાગવા દેવામાં કૃષ્ણદાસને પૂરતી મદદ કરવાનું વચન આપ્યું. સાંજે ગાડીવાન ખાલી સીગરામ પાછો વૃદ્ધનગર ભણી લેઇ ગયો અને કૃષ્ણદાસ પોતાને ગામડે જઈ પહોંચ્યો. બીજા દિવસના પ્રભાતના પેટમાં અવનવાં કુતૂહળો ભર્યાં હતાં, પણ તે જાણવાને હજી વાર છે.

પ્રકરણ ૧૬ મું.

દુર્ભાગી પિતા.

જે સત્ય જાણ્યા વિણ આચરે છે,
વિચાર વિના સહસા કરે છે,
તે મૂર્ખ શીર્ષે દુખ ઓઘ જાણ્યો,
નકુલથી બ્રાહ્મણ દુઃખ પામ્યો.

સુભાષિત.

પણ મુંબઈમાં કેમ ચાલે છે?

મંગળદાસ શેઠ મોટી દુર્દશામાં આવી પડ્યા છે. કાન્તિલાલ મુંબઈ છોડી ગયો ત્યારથી તેમને જરા પણ ચેન પડ્યું નથી. લલિતા વેરે કાન્તિલાલનું લગ્ન કરવાને તેમણે પુત્રનો તિરસ્કાર કર્યો હતો, પરંતુ લલિતા પોતે જ કાન્તિલાલને ઇચ્છતી નહિ હોવાથી ગોપાળરાય શેઠે મંગળદાસને પોતાની પાસે બોલાવીને કહી વાળ્યું હતું કે લલિતાની ઇચ્છા નહિ હોવાથી વેવીશાળ કરવાનો વિચાર માંડી વાળ્યો છે, જેને પરિણામે મંગળદાસને અત્યંત પશ્ચાત્તાપ અને અરણ્યરૂદન કરવાનો સમય આવ્યો હતો તે આપણે જાણીએ છીએ. પુત્ર ગુમાવ્યો, વેવીશાળ પણ ગુમાવ્યું અને લોકોની નજરમાં હલકા પડવાનું હજી તેમને માટે બાકી રહ્યું હતું. ગોપાળરાયે પોતાનો ફેરવેલો વિચાર પહેલાં તો

મંગળદાસે પોતાના ઘરમાં જાહેર કર્યો નહિ, પરન્તુ પોતાના મનો-દુ:ખને ઓછું કરવાને તે વાત બીજા કોઇને કહ્યા વિના હૃદયનો ભાર ઓછો થઇ શકે તેમ નહોતું. થોડા દિવસ રહીને તે વાત તેમણે પોતાની સ્ત્રીને કહી. બિચારાં હરકોરબાઇ એટલાં પ્રભુભક્તિપરાયણ હતાં કે એ વાતથી તેમને કશો હર્ષશોક થયો નહિ. જ્યારે જ્યારે કાંઇ વાતચીતનો પ્રસંગ ઊભો થતો, ત્યારે ત્યારે તે પોતાના પતિને કાન્તિની શોધ કરવાનું કહેતા. હરકોરબાઇનું ઉભય પુત્રો પ્રત્યે એકસરખું વાત્સલ્ય હતું ખરૂં, પરન્તુ પુત્ર જેવો પુત્ર ચાલ્યો જ-વાથી બીજી પુત્રવત્સલ માતા કલ્પાંત કરી મેલે અને પુત્રવિયોગે મરવા પડે એવું કશું હરકોરબાઇને થયું નહોતું. તેમનું મન કઠણ હતું અને તેથી તે ઉપર પુત્રવિયોગની અસર નહોતી થતી એમ કાંઈ નહોતું, પરન્તુ સામાન્ય રીતે સંસાર ઉપર તેમનો એટલો અભાવ હતો કે પુત્રના સંયોગ–વિયોગનો હર્ષશોક કે તેમને પરણાવવા–મ્હ-લાવવાનો આનંદ એવી કશી લાગણીઓ તેમના વિરક્ત હૃદયને થતી નહિ.

જેમ જેમ દિવસો જતા હતા તેમ મંગળદાસ શેઠના હૃદયનો ગભરાટ વધતો જતો હતો. સ્ત્રીની પાસે પોતાનું દુ:ખ રડવાથી તે-મના ગભરાટનું શમન થયું નહિ, કારણકે બિચારાં હરકોરબાઈ પો-તાના પતિને કશી વ્યવહારૂ સલાહ આપી શક્યાં નહોતાં. કાન્તિલાલ ક્યાં ગયો હશે તેની કશી કલ્પના શેઠ કરી શકયા નહિ. કેટલેક સ્થળે ખાનગી રીતે તપાસ કરાવી પરંતુ તેનું કશું પરિણામ આવ્યું નહિ. કીર્તિકરની ચાણાક્ષતામાં શેઠને કિંચિત્ વિશ્વાસ ઉત્પન્ન થયો અને એક વાર રાત્રે તેને શેઠે પોતાની પાસે બોલાવ્યો. કાન્તિ અદૃશ્ય થયા પછી કીર્તિકરની સ્થિતિ બહુ દયાજનક થઈ પડી હતી. અ-

ભ્યાસમાં તે પછાત પડતો જતો હતો અને તેથી ઘેર અભ્યાસ કરાવવા માટે ખાનગી શિક્ષકને રોકવામાં આવ્યો હતો, પરન્તુ તેને પોતાના પરિશ્રમમાં સફળતા મળે તેમ લાગતું નહોતું, કારણકે ચિત્તની વ્યગ્રતાને લીધે ગમે તેટલો વખત વાંચતાં છતાં તેને પોતાનો પાઠ યાદ રહી શકતો નહિ. કોઇ કોઇ વાર શિક્ષક બહુ માથું ફોડતો છતાં કીર્તિકરને આવડતું નહિ ત્યારે તો તેના પર તે ચ્હીડાતો અને તે વખતે કીર્તિકરની આંખમાંથી ડબડબ આંસુ ખરી પડતાં હતાં ! શિક્ષકને તેનાપર દયા આવતી પરન્તુ એ આંસુનું કારણ તે જે સમજતો હતો તે ખરૂં નહોતું. શિક્ષક સમજતો કે પોતાના ગુસ્સાથી કીર્તિકર ગભરાઇ જતો હતો, પરન્તુ વસ્તુતઃ તે વખતે કીર્તિકરને ભાઇના વિયોગથી થઇ પડેલી ચિત્તવ્યગ્રતાનું સ્મરણ થતું અને એ વખતે પોતાનો ભાઇ તેને સાંભરી આવતો હતો. જ્યારે જ્યારે એકાંતમાં અભ્યાસનાં પુસ્તકો વાંચતાં અથવા ગમગીન બેસી રહેતાં તેને કાન્તિનું સ્મરણ થતું, ત્યારે ત્યારે તેનાં હૃદયમાં ડુમો ભરાઈ આવતો અને તે રડી પડતો ! આવી રીતે તેને રડતો જોવાનો પ્રસંગ શેઠને પણ કોઇ વાર મળેલો, પરન્તુ શેઠે તે જોયું–ન જોયું કરી નાંખેલું અને છોકરાને આશ્વાસન આપવાથી પોતાને ખુલ્લી રીતે કિંચિત્ પશ્ચાત્તાપ પણ કરવો પડે એ સમય નહિ આવવા દેવાના હેતુથી તથા સ્વલ્પ પણ માનભંગ નહિ થવા દેવાના હેતુથી બહારથી પોતાના સ્વભાવનું મક્કમપણું દર્શાવવાને એ રીતે યત્ન કરતા. હરકોરબાઇને પોતાના પતિનો એ સ્વભાવ મક્કમ લાગતો, ચાકરોને કરડો લાગતો અને કીર્તિકરને જીદ્દી લાગતો; પરન્તુ અંદરથી શેઠના મનની સ્થિતિ તો તે પોતે જ જાણતા ભલા હતા !

જગતમાં કોઇનું પણ નિર્બળમાં નિર્બળ હૃદય હોય તો તે અત્યારે મંગળદાસ શેઠનું જ હતું; પરન્તુ તે બહારથી જરાએ તેવું જણાતું નહોતું. બહારથી પોતે કહ્યા પ્રમાણે પોતાનો વીંછીના જેવો સ્વભાવ બતાવવાને જ તે યત્ન કરતા હતા. કીર્તિકરના મનની નબળાઇને માટે એક બે વાર શિક્ષકે શેઠને સહજ કહેલું પરન્તુ શેઠે તે તરફ લક્ષ આપેલું નહિ. થોડા વખત પછી મનની નબળાઈનું પરિણામ શરીરપર પણ થતું હોય તેવું શિક્ષકને જણાયું, કારણકે કોઇ વાર જ્યારે શિક્ષક આવતો ત્યારે કીર્તિકરનું માથું દુઃખતું હોય અથવા પગમાં કળતર થતું હોય તેવું તે જોતો. શરીરમાં ફીક્કાશ આવવા લાગી તે પણ શિક્ષકની દૃષ્ટિએ પડી. ખોરાકમાં તે ઉતરતો જતો હતો પરન્તુ તે શિક્ષકના જાણવામાં નહોતું. એક વાર શેઠની પાસે પગારની ચિઠ્ઠી કરાવવા જતાં શિક્ષકે કીર્તિકરની શારીરિક નબળાઈની વાત પણ શેઠને કહી. શેઠે જવાબ આપ્યોઃ " તેને ડાકતરને ત્યાં જવાનું કહેજો. " ડાકતર સોલોમન મંગળદાસ શેઠના 'ફેમીલી ડૉકટર' હતા. કીર્તિકરે દવા ખાવા માંડી અને બે મહીના સુધી ચાલુ રાખી, પરન્તુ તેની શારીરિક અને માનસિક સ્થિતિમાં ફેર પડ્યો નહિ. મેટ્રિકની પરીક્ષા આવી અને તેમાં કીર્તિકર બેઠો તથા રાત દિવસ વાંચવાનું ચાલુ રાખ્યું, તેને પરિણામે તેની નબળાઇ વધી અને શરીરમાં અજીર્ણ વિકાર ઉત્પન્ન થયો, છતાં પરીક્ષાના પરિણામમાં તો નિષ્ફળતા જ મળી ! એ નિષ્ફળતાની ખરાબ અસર પણ કીર્તિકર ઉપર થઇ અને ડાકતર પણ હવે વધારે ચપળ થયો. આજસુધી તે સાધારણ નબળાઇને માટે બહુ કાળજી કર્યા વિના દવા આપતો હતો, પરન્તુ હવેથી તેણે કીર્તિકરના શરીર ઉપર

લક્ષ આપવા માંડ્યું અને તે સાથે શેઠની પાસે આવીને કહ્યું કે "હવે તેને અભ્યાસ છોડાવી દો, નહિતો શરીર વધારે બગડશે." શેઠે અભ્યાસ છોડાવી દીધો, શિક્ષકને ઘેર આવતો બંધ કર્યો અને ડાકતરની સારવાર ચાલુ રાખી.

જ્યારે કીર્તિકરને શેઠે પોતાની પાસે બોલાવ્યો, ત્યારે જ કીર્તિકરના શરીરના હાલ-હવાલ શેઠના જોવામાં બરાબર આવ્યા! આજસુધીમાં શેઠે કીર્તિકર ભણી પૂરી રીતે નજર કરી નહોતી, પરન્તુ આજે તે સામે આવીને ઊભો રહેતાં તેનો ફિક્કો ચહેરો, પાતળા હાથ પગ અને શરીરપર ઢીલું પડતું વેસ્ટકોટ એ સઘળું શેઠની નજરમાં આવ્યું. એક વાર તિરસ્કારી કાઢેલા પુત્રપર લાંબે વખતે તેની આ સ્થિતિ જોઇને દયાભાવ ઉપજ્યો. કાન્તિ ગયો અને આ એક પુત્રની પણ આવી અવસ્થા જોઈને શેઠના અંતરમાં લાગણી થઈ આવી. હૃદય ગળગળું થઇ ગયું અને પોતે કરેલા સઘળા અપરાધો આ બાળક પુત્ર પાસે કહી જઇ તેની ક્ષમા આપવાની આકાંક્ષા સ્ફુરી આવી. પરંતુ બીજી જ ક્ષણે વિચાર આવ્યો કે એમ કરવાથી પોતાના મનની નિર્બળતા જાહેર થઈ જશે અને તે સાથે પોતાની મૂર્ખાઈ જાહેર થતાં કરપમાં ખામી આવી જશે, માટે એકદમ પોકળશ્રાદ્ધ કરી નાંખવું નહિ! શેઠ બોલ્યાઃ "કીર્તિકર! તારા ચ્હેરાની ફીક્કાશ તો હજી તેવી ને તેવી જ છે; શું દવાની કશી જ અસર નથી થતી?"

પોતાના મોટા ભાઇને અન્યાય આપનાર અને તિરસ્કાર કરનાર પિતાના મુખમાંથી આજે ઘણે લાંબે વખતે કીર્તિકર નામનું સંબોધન તેણે સાંભળ્યું. પિતાની તરફ કાંઇક દ્વેષસૂચક દૃષ્ટિ કરીને

કીર્તિકર બોલ્યોઃ " જે કાંઇ અસર થાય છે તેનું પરિણામ તો તમે જુઓ છો તે જ છે."

"તારૂં શરીર દિવસે દિવસે વધારે ફિક્કું પડતું જાય છે, તો પછી બીજા કોઈ સારા ડાકતરને શરીર બતાવીએ." શેઠે પોતાના અંતરની ચિંતાનું પુત્રને કિંચિત્ દર્શન કરાવ્યું.

"ભલે, તેમ કરીશું." એટલો ટુકો ઉત્તર આપીને કીર્તિકર મુંગો બેઠો. બે ત્રણ મિનિટ એ જ મૌન્યમાં ચાલી ગઈ. જ્યારે પિતાની સાથે લાંબે વખતે વાતચીતનો પ્રસંગ આવ્યો છે, ત્યારે મોટા ભાઇના કાંઇ ખબર પૂછી લઉં, એવી ઇચ્છા તેને થઇ આવી. તે બોલ્યોઃ " પિતાજી ! મોટા ભાઇના કશા ખબર છે ?"

" ના." શેઠે ટૂંકો ઉત્તર વાળ્યો. તેમની ઇચ્છા હતી કે આ વિષે કીર્તિકર વધારે પૂછે અને પોતાને આશ્વાસન મળે તેવી કશી સલાહને આપે તો સારૂં, પરન્તુ પોતાના મનની નિર્બળતા જણાઈ જાય એવી રીતે પોતે તો આ વાત લંબાવવાની ઇચ્છા ન જ કરી.

પિતાનો ટૂંકો અને નીરસ જવાબ સાંભળીને એ વિષે કશી વાત કરવાની કીર્તિકરને ઈચ્છા થઇ નહિ. તેને એમ લાગ્યું કે હજી પિતાનો દ્વેષ અને ગુસ્સો દૂર થયો નથી. "ત્યારે હું જઉં છું" એમ કહીને તે ઉઠ્યો અને પિતાના કશા ઉત્તરની રાહ જોયા વિના ચાલતો થયો.

શેઠના પેટમાં ગુંચળાં વળવા માંડ્યાં. કીર્તિકર તો કશું પૂછ્યા ગાછ્યા વિના ચાલતો થયો અને શેઠના પેટમાં ચડેલો આફરો બહાર નીકળ્યા વિના એમનો એમ જ રહી ગયો ! કીર્તિકર બારણાની બહાર નીકળ્યો અને શેઠે તેને પાછો બોલાવ્યો, તથા પોતાની પાસેની ખુર-

શીપર બેસવા કહ્યું. કીર્તિકરે અનુમાન કર્યું કે કશું ગંભીર પ્રકરણ છે. થોડી વાર મૌન બેસી રહીને શેઠ બોલ્યાઃ "કીર્તિકર ! ત્યારે હવે આપણે કાન્તિને શોધવાને ક્યાં તપાસ કરાવીશું ?"

"ગોપાળરાય શેઠ લગ્નની ઉતાવળ કરતા હશે !"

પુત્રના આ ઉત્તરે પિતાના પેટમાં ઉંડો ચીરો પાડ્યો ! હૃદય ભરાઇ ગયું ! પોતાના અવિચારે પુત્રને આપેલો અન્યાય સાંભરી આવ્યો. પુત્રના પ્રશ્નનો ઉત્તર આપવાના વિચારમાં જ ચિત્ત ભ્રમવા લાગ્યું. શું ઉત્તર આપવો તે સૂઝ્યું નહિ. કશો ઉત્તર અપાયો પણ નહિ.

"ભાઇની તપાસ તમે કયાંય કરાવી છે કે બિલકુલ કરાવી જ નથી ?" કીર્તિકરે બીજો પ્રશ્ન પૂછ્યો.

"અજમેર, કરાંચી, લાહોર, દિલ્હી, કાનપુર, કલકત્તા, કાશી, રંગુન, અમદાવાદ, પૂના, મદ્રાસ, એવાં મોટાં મોટાં ગામોમાં તો હું તપાસ કરાવી ચૂક્યો, પણ કશો પત્તો મળતો નથી."

"અંહ !" પોતાના ફિક્કા ઓષ્ઠ ઉપર સ્મિત લાવતો કીર્તિકર બોલ્યોઃ "ભાઈ એવાં મોટાં ગામોમાં હોય જ નહિ, તે તો મોટાં શહેરોના ઘોંઘાટથી કંટાળીને કોઇ નાના ગામડામાં જઇને બેઠા હશે. બીજી કશી તપાસ કરી છે ?"

"તેના કેટલાક સાથે ભણતા મિત્રોને પૂછ્યું કે કદાચ તેમનાપર પત્ર હોય, પણ તેઓ કશી માહિતી આપી શકતા નથી."

"પિતાજી ! જ્યારે મોટા ભાઇને પાછા બોલાવો છો તો પછી જવા શામાટે દીધા અને હવે પાછા શામાટે બોલાવો છો ?"

શેઠ પાછા મૌન બની ગયા. બાળક પુત્રનો આ ટોણો શેઠને બહુ આકરો લાગ્યો, પરન્તુ તેમની બુદ્ધિ એટલી પરાસ્ત થઈ ગઈ

હતી કે તેમનાથી કશું બોલાયું નહિ. કીર્તિકર આગળ બોલ્યો:

"ભાઇને પાછો બોલાવવાનો વિચાર તો હવે જવા દો; કારણ-કે તેમને પાછા બોલાવીને પણ જો પહેલાંના જ લગ્નનો ફાંસો તેમના ગળામાં ઘાલવો હોય તો તેમને ન બોલાવવા એ જ ઠીક છે."

" પણ એ લગ્ન હવે થાય તેવું નથી."

શેઠનો એ કારમો ઉત્તર સાંભળીને કીર્તિકર હીબકી ગયો! પિતાના મ્હોંની સામે તે દિગ્મૂઢ બનતો નજર કરી રહ્યો. " એ લગ્ન હવે થાય તેવું નથી! તેનું કારણ શું ? "

શેઠથી કારણ દર્શાવી શકાયું નહિ. કીર્તિકરનું હૃદય બળવા લાગ્યું. તે બોલ્યો: " હાય, હાય, જો એ લગ્ન થાય તેવું નહોતું, તો પછી તેટલા જ માટે ભાઈ જતા રહ્યા, તેમને શાને જવા દીધા ? "

" તે ગયા પછી મને જણાયું કે તે લગ્ન નહિ થાય; પછી હું શું કરૂં ?"

" કેવી રીતે જણાયું ?"

" ગોપાળરાય શેઠે પોતે લલિતાની અનિચ્છાના કારણથી ના કહી!"

ફિક્કા પડી ગએલા વદનપર ગુસ્સાનું લોહી ફેલાવતો કીર્તિકર પિતાની સામે તાકી રહ્યો ! એ બાળકના ગુસ્સામાં શેઠ ગભરાતા હોય તેમ આડું જોઇ ગયા. પિતાપુત્ર મૌન બેસી રહ્યા. પુત્રના ઓષ્ઠપર અનેક કટુ શબ્દો આવી રહ્યા હતા, પરન્તુ તે હજી ઉચ્ચરાયા નહોતા. શેઠનું વિમાસણ કરતું હૃદય વધારે ગુંચાવા લાગ્યું અને બાળક પુત્ર પાસે પણ સહસા ગભરાટ દર્શાવી જવાયો: " કીર્તિકર ! કાન્તિને

કહેલા કડવા શબ્દો સાંભરી આવતાં હવે મને પસ્તાવો થાય છે ! લલિતાની પરીક્ષા કરવામાં તે ખરો હતો અને હું ખોટો હતો એમ હવે મને સમજાય છે. લલિતા કાન્તિને પસંદ કરતી નથી, તેથી શેઠે પોતાનો વિચાર ફેરવીને મને ઘણા દિવસ અગાઉ ના કહાવી હતી–મારા અવિચારને માટે હવે મને બહુ વિમાસણ થાય છે !"

કીર્તિકરનો ગુસ્સો હવે દાબ્યો રહ્યો નહિ ! તે બોલ્યો: "વિમાસો હવે ! બારણાં બંધ કરીને પોકળ શ્રાદ્ધ કરો, પિતાજી ! એ શાણી, ડાહી અને ભણેલી લલિતાને ઘરમાં લાવીને બેસાડો એટલે પસ્તાવો દૂર થશે ! आज्ञा गुरूणामविचारणीया નો મોટો શ્લોક સામેની દિવાલપર લખાવો અને રોજ એ મંત્રનો પાઠ કરો ! મારા શાણા મોટા ભાઇને તમે જ ઘરમાંથી નસાડ્યા અને અત્યારે તે ક્યાં રખડતા હશે ? શી ખબર તે સાજા હશે કે—"

એટલું બોલતાંમાં કીર્તિકરની છાતી ભરાઈ ગઈ ! તે ચોધાર આંસુએ રડી પડ્યો ! તે ડુસકાં બહાર હરતા ફરતા ચાકરોએ પણ સાંભળ્યાં અને તેઓ ગંભીર બનીને એ પ્રકરણ જાણવાને આતુર બન્યા. શેઠની આંખો પણ આંસુથી ભરાઈ ગઇ ! સામેની દિવાલપર જ કાન્તિલાલની છબી ટાંગેલી હતી તે તરફ કીર્તિકરની દૃષ્ટિ ગઇ અને તે હીબકી હીબકીને રડવા લાગ્યો. શેઠે રડતી આંખોએ પુત્રના વાંસાપર હાથ ફેરવ્યો અને કહ્યું: " કીર્તિકર ! બાપુ ! તારા અવિચારી પિતાની એ મૂર્ખાઇને હવે તું ભૂલી જા અને મારા ગભરાઇ ગએલા હૃદયને સલાહ આપ કે હવે હું શું કરૂં ! આ વાત હું બીજા કોઇને કહી શકતો નથી અને તેથી મનમાં ને મનમાં ગુંચાયા કરૂં છું !"

કીર્તિકરનું હૃદય અત્યારે શાંત રીતે વિચાર કરીને ઉત્તર આપવાની સ્થિતિમાં નહોતું. જેમ જેમ તેને મોટા ભાઇના હૃદયની સરલતાનું, તેના શબ્દોનું અને તેની મૂર્તિનું સ્મરણ થયાં કરતું હતું, તેમ તેમ તે વધારે ગભરાતો હતો અને તેને વધારે ને વધારે રડવું આવતું હતું. પિતાના કથનની ઉપેક્ષા કરીને તે ડુસકાં ભરતો ત્યાંથી ચાલ્યો ગયો અને પોતાના સૂવાના ઓરડામાં જઇને બારણાં બંધ કરીને સૂતો.

મંગળદાસના દુઃખનો વેગ વધી પડ્યો. પોતાની અવિચારિતા પુત્રની પાસે ખુલ્લી કરવાથી હૃદયનો ભાર ઓછો થઇ ગયો, પરન્તુ કીર્તિકરના મનની થઇ પડેલી દુઃસ્થિતિએ મંગળદાસને વધારે દુઃખ ઉપજાવ્યું. આખી રાત વિચારમાં, પશ્ચાત્તાપમાં અને ભવિષ્યનો માર્ગ શોધવામાં ગાળી પણ કશી સૂજ પડી નહિ. સ્હવાર થતાં શેઠ પુત્રની ખબર લેવાને તેના ઓરડા તરફ ચાલ્યા. કીર્તિકરને તેમણે હજી બિછાનામાં પડેલો જોયો. તે જાગતો પડ્યો હતો અને તેની સુજી ગએલી લાલ આંખો કહેતી હતી કે આખી રાત્રિ તેણે ઉજાગરામાં અને રડવામાં જ ગાળી હતી. શેઠે કીર્તિકરને બોલાવ્યો. કીર્તિકરે કશો જવાબ નહિ આપતાં પિતાની તરફ આંખો દોરી અને ટગર ટગર જોયાં કર્યું ! છેલ્લે આંખમાં પાણી આવી ગયું અને તેણે આંખો મીંચી દીધી. શેઠે જોયું કે પોતે ગઇ રાત્રે જોએલા કીર્તિકરમાં અને અત્યારે બિછાનામાં પડેલા કીર્તિકરમાં ઘણો ફેર પડી ગયો હતો ! એક જ રાત્રિમાં તેના શરીરનું લોહી તદ્દન ઉડી ગયું હોય એટલો ફીકો અને વિશીર્ણ ચહેરો શેઠ પોતાની સામે જોતા હતા. તે જ ક્ષણે શેઠના ચિત્તમાં કીર્તિકરના શરીરની મોટી અને કારમી ચિંતા પેઠી. શેઠ બોલ્યાઃ " કીર્તિકર ! હજી કેમ સુઇ રહ્યો છે ? ઉઠ, દિવસ બહુ ચડી ગયો છે !"

કીર્તિકરે પુનઃ આંખો ઉઘાડી અને પિતાના વદન તરફ જોયું પણ કશો ઉત્તર આપ્યો નહિ. પુનઃ તે આંખો મીંચી ગયો અને પાસું બદલાવીને સૂતો. શેઠની ચિન્તા વધી પડી અને કીર્તિકર નહિ બોલતો હોવાથી અનેક અમંગળ શંકાઓ આવવા લાગી. શેઠ પલંગની ઇસપર બેઠા અને પુત્રને માથે હાથ ફેરવતાં બોલ્યાઃ "કેમ તું બોલતો નથી ભાઇ? તને શરીરમાં કાંઇ થાય છે?"

"ના, મને સારૂં છે." કીર્તિકરે જવાબ આપ્યો અને આંખો ઉઘાડી. શેઠને એથી કાંઇક આશ્વાસન મળ્યું.

શેઠે પુનઃ પ્રશ્ન કર્યોઃ "ત્યારે કેમ તું હજીસુધી ઉઠ્યો નથી ભાઇ?"

"મારી મરજીમાં આવશે ત્યારે ઉઠીશ." કીર્તિકરે જવાબ આપ્યો. જવાબનો પ્રકાર શેઠને કાંઇક વિલક્ષણ જણાયો. ગઈ રાત્રિનો પ્રકાર કાંઇક મોટો ફેરફાર કરનારો થઇ પડ્યો છે એમ શેઠને સમજાયું. તે ક્ષણે તો શેઠ ઉઠીને બહાર જતા રહ્યા. કીર્તિકર એમ ને એમ પડ્યો રહ્યો. ચાકરે ચાહનો પ્યાલો આણીને ટેબલપર મેલ્યો અને કહ્યુંઃ "ભાઇ! ચાહ ટેબલપર મેલ્યો છે." ચાકર એમ કહીને ચાલ્યો ગયો અને થોડી વારે ચાહ પડ્યો પડ્યો ઠરી ગયો પણ કીર્તિકરનું ધ્યાન તે તરફ દોરાયું નહિ! જમવાની વેળા થઇ તોપણ હજી કીર્તિકર બિછાનામાં પડ્યો હતો. ચાકર તેને જમવાનું કહેવા ગયો. તેને આશ્ચર્ય લાગ્યું! "ભાઈ હજી કેમ ઉઠ્યા નહિ હોય?" એવો પોતાના મનને જ પ્રશ્ન પૂછીને તેણે કીર્તિકરને જગાડ્યો તથા જમવાની વેળા થઇ હોવાની ખબર આપી. કીર્તિકરે ઉત્તર વાળ્યોઃ "ઠીક."

શેઠ જમવા બેસવાની તૈયારી કરતા હતા એટલા ચાકરે જઇને કીર્તિકરના ખબર કહ્યા. હજી પણ તે બિછાનામાં જાગતો પડ્યો હતો એ ખબરે શેઠને બહુ જ નવાઈ ઉપજાવી. શેઠ પોતે કીર્તિકરની પાસે આવ્યા: "ભાઈ! હજી તું કેમ પડ્યો રહ્યો છે? શરીર કાંઇ અસુસ્થ છે? ડાકતરને અહીં બોલાવું."

"ડાકતરને તો જાણી જોઇને ઘરમાંથી કાઢી મેલ્યા પછી તમે અહીં કેવી રીતે બોલાવવાના હતા?"

આ જવાબ સાંભળીને શેઠને નવાઈ ઉપજી. "ભાઇ! તું કોની વાત કહે છે?"

"મારા રોગના ડાકતરની જ તો!"

કથનનું તાત્પર્ય હવે શેઠના જાણવામાં આવ્યું. શેઠ બિચારા ગળગળા થઇ ગયા. પુત્ર પાસે ક્ષમા યાચવા જેવું વદન કરીને તે રોઇ પડ્યા. કીર્તિકરને કશી દયા ઉપજી જણાઇ નહિ. "મારા ભાઇને અન્યાય આપનાર અને તેને ઘરમાંથી કાઢી મેલનાર આ જ વીંછી જેવા પિતા છે" એ વિચાર તેના ચિત્તમાંથી ગયો નહિ. પિતાના આંસુ તરફ નજર પણ કર્યા વિના તેણે પાસું બદલાવ્યું.

શેઠ બોખરે અવાજે બોલ્યા: "ભાઇ! કાન્તિને બોલાવવાને હું સઘળા ઉપાયો કરી ચૂકયો છું. તારી ઇચ્છા હોય તો તું પોતે તેને શોધવા જા, અને નહિતો હું તો બે દિવસ પછી નીકળવાનો જ છું."

"ભાઇ હવે નહિ આવે."

"કેમ નહિ આવે?"

"તે તમારા હૃદયને પૂછો." એમ બોલીને કીર્તિકરે આંખો મીંચી દીધી.

" ભાઈ ! કાન્તિ ગયો અને તું તેના શોકમાં આમ શરીરને સુકાવી નાંખીશ, તો પછી મારી શી વલે થશે !" શેઠે ગરીબડું વદન કરીને કહ્યું.

" વીંછી બચ્ચાંઓને ખાઇને જાડો થતો જાય છે ! "

" બાપુ ! એવા શબ્દોથી તું હવે મને શાને બાળે છે ! ઉઠ, મારા કામમાં મને મદદ કર, દુઃખને વિસરી જા અને મને મારા વાંકની માફી આપ."

" તે ભાઇ પાસે માંગજો–તમે મારો વાંક ક્યાં કર્યો છે ? હું કાંઇ રીસાયો નથી તો, પિતાજી !" કીર્તિકર બોલ્યો.

" ત્યારે તું કેમ ઉઠતો નથી ? " શેઠે પ્રશ્ન કર્યો.

" સૂઈ રહું છું તો ભાઇ મારી સામે આવીને ઊભા રહે છે, અને ઉઠું છું તો જતા રહે છે."

" ભાઈ ! એ તો તારા મગજની ભ્રમણા છે ! આમ પડી રહેવાથી તારૂં શરીર બગડશે. "

" હોયે ભાઇ સાથે વાત કરવાનો લાભ તો મળે છે ને ! "

" ભાઇ સાથે તેં શી વાત કરી ? "

" ઘણી ઘણી વાતો કરી. "

" મને તેમાંનું થોડું કહીશ ? "

" ના. " કીર્તિકરે ચોખ્ખો ઉત્તર આપ્યો.

" હશે, તું જમવા ઉઠ. "

" ભાઇ કહેશે ત્યારે ઉઠીશ. " કીર્તિકરે સૂતાં સૂતાં જ જવાબ આપ્યો.

" પણ ભાઇ અહીં ક્યાં છે ? તું આવું ઘેલું કેમ બોલે છે !"

"હું ભાઇને જોઉં છું ! જુઓ, આ સામે તે ઊભા છે ! જુઓ તો, એમણે બાવાના જેવાં કપડાં પહેર્યાં છે ! પણ મ્હોં સુકાઇ ગયું છે હોં !"

શેઠે નિઃશ્વાસ નાંખ્યો ! પુત્રનું ચિત્ત ભ્રમિત થયું હોય તેવી શંકા આવી. પોતે લાગલા રસોડામાં આવ્યા અને ડાકતર સોલોમનને ટેલીફોનથી ખબર આપી કે તેમણે તુરત ઘેર આવવું કારણકે કીર્તિકરનું શરીર વધારે બગડ્યું છે. ઉતાવળે ઉતાવળે શેઠે જમી લીધું અને હરકોરબાઇને કીર્તિકરના મગજની સ્થિતિની વાત કહી. દુર્ભાગી પિતા અર્ધો ભૂખ્યો ભાણાપરથી ઉઠ્યો એટલામાં તો ડાકતરની ગાડી આવી પહોંચી. શેઠ ડાકતરને કીર્તિકરના ઓરડામાં તેડી ગયા.

પ્રકરણ ૧૭ મું.

બંધુપ્રેમની અશ્રુધારા.

કીર્તિકર બિછાનામાં હજી સૂતેલો જ હતો. શેઠે તેને બોલાવ્યો એટલે તેણે આંખ ઉઘાડી. ડાકતરે તેના ચહેરા સામે થોડી વાર જોઇ રહીને કહ્યું: "મને લાગે છે કે પહેલાં કરતાં તેનામાં વધારે અશક્તિ આવી છે: ચહેરાની ફિક્કાશ ઉપરથી હું કહું છું."

શેઠ બોલ્યા: "મને પણ તેવું જ લાગે છે, ડાકતર સાહેબ !

પરન્તુ આટલો લાંબો વખત દવા ચાલ્યા છતાં તેની તબીયતમાં કશો સુધારો કેમ જણાતો નથી ?"

"મને પણ તે જ નવાઇ લાગે છે. તેનું શરીર મેં ઘણી વાર તપાસ્યું છે. ફેફસાંની થોડી નબળાઇ અને વિશેષમાં તો શરીરની સાધારણ અશક્તિ વિના તેના શરીરમાં બીજું કશું દરદ નથી; અને આ બે દર્દો એવાં છે કે જે થોડા દિવસની દવાથી સુધરવાં જ જોઇએ, છતાં તેની કશી અસર નહિ થતી જોઇને હું નવાઈ પામું છું !"

"આપને સમજણ ન પડતી હોય તો આપ કહો તે બીજા મોટા ડાકતરને બોલાવીએ."

"નહિ, સમજણ પડવામાં કશો વાંધો નથી; પરન્તુ હું પૂછું છું કે કીર્તિકરને તમે પરણાવ્યો છે ખરો ?"

"નહિ, સાહેબ !"

"એને શરીરમાં અશક્તિ લાવનારી કોઇ કુટેવ હોય તેનો તમને વહેમ છે ?" ડાકતરે અનુભવેલા બીજા એવા જ દર્દીઓની વિગતોને અનુમાને જણાવ્યું.

"હું ખાત્રીથી કહું છું કે તેને કશી કુટેવ નથી–તેના મોટા ભાઇ વિના તેનો બીજો કોઇ સોબતી પણ નથી !"

"વારૂ, કાન્તિલાલ હમણાં કેમ બિલકુલ દેખાતા નથી ?" કુટુંબના સારી પેઠે પરિચયવાળા ડાકતરે સહસા પ્રશ્ન કર્યો.

શેઠથી તુરતમાં જવાબ આપી શકાયો નહિ. ક્ષણભર રહીને કહ્યું: "તમે કીર્તિકરનું શરીર તપાસી લો, એટલે પછી હું આપને સઘળી વાત કહીશ."

ડાકતરે કીર્તિકરના સઘળા અવયવોની તપાસ કરી. રોગનાં લક્ષણ પહેલાં પોતે તપાસેલાં તેથી કશું વધારે માલૂમ પડ્યું નહિ.

તેણે અજબ થઇને કહ્યું: "શેઠજી! કીર્તિકરના શરીરમાં કશું દર્દ નથી, એવું હું ખાત્રીથી કહું છું, છતાં શરીરની સાધારણ નબળાઇને લીધે તેનું મગજ નબળું પડયું હોય તેવું મને કશું લાગે છે. વારૂ, રાત્રે તેની પાસે કોઇ સુએ છે?"

"ના; તે એકલો જ સુઇ રહે છે."

"ત્યારે એ એક ભૂલ છે. તેનું મગજ નબળું પડે છે, તો તેને તમારે બહુ વાર એકલો રહેવા દેવો ન જોઈએ. કોઇએ તેની પાસે સુવું અને રાત્રે તે ઉંઘમાં કાંઇ બોલે–બકે તે સાંભળીને મને કહેવું એવી આજથી નવી ગોઠવણ કરો. શરીરની પુષ્ટિ માટે તો જે દવા ચાલે છે તે જ સારી છે, પણ મને લાગે કે કદાચ તેને કશો Mental Desease (માનસિક રોગ) થયો હોય: કદાચ એમાંથી "મેલેનકોલીયા" પણ થઇ જાય."

"વારૂ, અત્યારથી તે માટે હું ગોઠવણ કરૂં છું."

"હવે પેલી જે વાત આપ મને કહેવા માંગતા હતા તે કહો જોઈએ!" ડાકતરે જણાવ્યું.

શેઠ ડાકતરને પોતાના દીવાનખાનામાં તેડી ગયા. શેઠ અને ડાકતર બન્ને એક 'સોફા' ઉપર સામસામા બેઠા અને શેઠે કાન્તિ સંબંધી સઘળી વાત ડાકતરને કહી સંભળાવી. કાન્તિ જતો રહ્યો ત્યારથી કીર્તિકરના શરીરની આ સ્થિતિ થઇ પડી છે એમ કહીને છેલ્લે શેઠે ડાકતરને આ સઘળી વાત બીજા કોઇને નહિ કહેવાની સુચના પણ કરી. સઘળી વાત સાંભળીને ડાકતરને બહુ આશ્ચર્ય લાગ્યું. મોટો ભાઇ જતો રહેવાથી નાના ભાઈના અંતરને આટલું બધું દુઃખ થાય એ ડાકતરના આશ્ચર્યનું મુખ્ય કારણ હતું. ડાકતર પોતે પોતાના એક નાના ભાઈના મરણથી વડીલોપાર્જિત સઘળી

મિલકતના એકલા વારસ બની બેઠા હતા, એટલે તેમને મન એમ જ વસી ગયું હતું કે બે મિત્રો વચ્ચે ગાઢ પ્રેમ હોઇ શકે, પરન્તુ સગા ભાઈઓ વચ્ચે તો કદાપિ હોઈ શકે જ નહિ ! તેમણે શેઠને કહ્યું: " શેઠજી ! મોટો ભાઇ જતો રહેવાથી નાના ભાઇના મનને આટલી બધી હદ સુધી દુઃખ ઉત્પન્ન થાય એ મને નવાઈ લાગે છે. પણ કીર્તિકરનું શરીર માનસિક દુઃખથી જ આટલું તવાઇ ગયું છે એ નક્કી છે એટલે મને તમારૂં કહેવું ખરૂં હોય એમ લાગે છે. જગત્‌માં બે ભાઇઓ વચ્ચે પણ આટલો પ્રેમ હોઇ શકતો હશે શું ?"

" કીર્તિકરમાં તો તેના મોટા ભાઈ પ્રત્યે બેહદ લાગણી છે એ નક્કી છેઃ કાન્તિના હૃદયમાં કીર્તિકર પ્રત્યે એટલી લાગણી હશે કે કેમ એ હું નથી સમજી શકતો, પરન્તુ અનુમાનથી હું એટલું કહી શકું ખરો કે જેવો આઘાત હોય છે એવો જ પ્રત્યાઘાત હોય છે એટલે બન્નેનો અન્યોન્ય સરખો પ્રેમ હોવો જોઇએ. "

" ત્યારે કીર્તિકરનો એ માનસિક રોગ ટાળવાને પણ સાથે સાથે ઉપાયો લેવા જોઇએ. કાન્તિલાલને હરકોઇ રીતે અહીં બોલાવો અને તેને જણાવો કે લલિતા સાથેનું તારૂં વેવીશાળ ફોક કર્યું છે માટે તું તુરત પાછો આવ. "

" અરે સાહેબ !" શેઠ ઓશિયાળું મ્હોં કરતા બોલ્યાઃ " પણ હું તેને ક્યાંથી બોલાવું ? તે કયાં ગયો છે તેની મને બિલકુલ ખબર નથી; જરા પણ અનુમાન હાથ લાગે તો હું તુરત તેને બોલાવવાને જાતે જઉં, અથવા તો માણસ દોડાવું ! "

ડાકતર પણ વિચારમાં પડી ગયો. થોડી વાર રહીને તેણે સલાહ આપી. " છાપામાં જાહેર ખબર છપાવો ! " શેઠને એ સલાહ પસંદ પડી નહિ, કારણકે એ તો વગર જોઇતી પોતાની ફજેતી

કરાવવા જેવું બને ! ક્ષણભર શેઠ મૌન રહ્યા અને પછી ડાકતર પાસે રોઇ પડતા બોલ્યાઃ "ડાકતર સાહેબ ! કાન્તિ ગયો અને કીર્તિને પણ હું ગુમાવી બેસીશ એવા અમંગળ ભણકારા મને વાગે છે ! મારી મતિ મુંઝાઈ જાય છે ! મારા અવિચારને લીધે હું બબ્બે પુત્રો પુત્ર વિનાનો થઈ પડીશ !"

ડાકતરે શેઠને ધીરજ આપી. કીર્તિકરને બહુ વખત એકલો નહિ રહેવા દેવાનું અને એનુ ચિત્ત આનંદમાં રાખવાના યત્નો કરવાનુ કહીને તે જતો રહ્યો. શેઠની મુંઝાઇ ગએલી મતિને કીર્તિકરને આનંદમાં રાખવાના કશા ઉપાયો સૂઝ્યા નહિ. તે પાછા કીર્તિકરની પાસે તેના ઓરડામાં ગયા અને તેમનું અંતર્ બળવા લાગ્યું. કીર્તિકરને ધીરા મીઠા શબ્દોથી સમજાવવાનો યત્ન કરવા માંડ્યો પરન્તુ મનોદુઃખના બોજાથી દબાઇ ગએલા કીર્તિકરના ચિત્તને કશું આશ્વાસન મળ્યું નહિ—કશો ઉલ્લાસ સ્ફૂર્યો નહિ ! તે આખો દિવસ બિછાનામાં પડ્યો રહ્યો. ડાકતરે દવા મોકલી હતી પરન્તુ તે પણ તેણે પીધી નહિ.

*   *   *   *

કીર્તિકરની આવી જ અવસ્થામાં એક અઠવાડીઉં વીતી ગયું. કોઇ કોઇ વાર તે ખાવા ઉઠતો. ડાકટરના ધાકથી દૂધમાં મેળવેલી દવા તે પીતો અને ઘરની અંદર ને અંદર હરતો ફરતો; પરન્તુ તેને થએલો ચિત્તભ્રમ-વિચારવાયુ દૂર થયો નહિ. શરીરની સ્થિતિ તો જેવી ને તેવી જ ચાલુ રહી. ડાકટર રોજ ઘેર આવતો, વધારે કાળજીપૂર્વક કીર્તિકરની તબીયત તપાસતો અને કીર્તિકરનું માનસિક દર્દ ઓછું કરવાને પણ કેટલોક પ્રયત્ન કરતો; પરન્તુ તે સઘળાનું ઇષ્ટ પરિણામ આવી શકયું નહિ. એટલામાં હરકોરબાઈની માંદગી વધી પડી. વૃદ્ધાવસ્થાને લીધે અને કાયાને કષ્ટ આપવાથી વધુ પુણ્ય

ઉપાર્જન થાય છે એવી માન્યતાને લીધે તેમનું શરીર કૃશ બની ગયું હતું અને દમના રોગે શરીરમાં ઘર ઘાલ્યું હતું. એકાએક કોઈ કારણથી શરદી લાગતાંની સાથે તેમનો દમનો રોગ ઉપડ્યો અને ત્રણ ચાર દિવસ સુધી ધમણની પેઠે હાંફણ ચાલુ રહી. માતાની માંદગીમાં કીર્તિકર પોતાનો એક મનોરોગ વિસરી ગયો, પરન્તુ બીજો મનોરોગ પેઠો. ચાર દિવસ સુધી હરકોરબાઈથી કશું ખવાયું નહિ. ડાક્તર દવા લેવાને માટે બહુ બહુ કહેતો પરન્તુ औषधं जाह्नवीतोयं वैद्यो नारायणो हरिः એ જ વાકયમાં હરકોરબાઈ જવાબ આપતાં હતાં અને મરતાં મરતાં મ્હોંમાં દારૂ રેડીને કાયાને વટલાવવાની ચોખ્ખી ના કહેતાં હતાં. બીજાઓની સાથે કીર્તિકરે પણ રોગના આ ઉથલામાં માતાના જીવનની આશા મૂકી દીધી હતી અને એ સ્નેહાળ બાળ હૃદયને તેથી નવું દુઃખ થયું હતું. બે ત્રણ દિવસ વધારે ગયા અને હરકોરબાઈ ચાલ્યાં ગયાં! કેવું નિઃસ્પૃહી હૃદય? કશી હાય નહિ, કશી બૂમ નહિ, "મારૂં ફલાણું ફલાણાને આપજો, અને પેલું બ્રાહ્મણને દાનમાં આપજો" એવું મમત્વ નહિ, પુત્રને કોઈની ભલામણ નહિ, કે 'મારો કાન્તિ, મારો કાન્તિ' ની રડારોળ નહિ! આંખોમાંથી આંસુ વર્ષાવતાં, કીર્તિકરને માથે હાથ મૂકીને વાત્સલ્ય દર્શાવતાં અને 'પ્રભુ તારૂં કલ્યાણ કરશે' એવો આશીર્વાદ આપતાં તેમણે છેવટની આંખ મીંચી દીધી. 'મારી પાછળ કોઈ રડશો નહિ' 'ગરૂડપુરાણ બેસારજો' એવી સૂચના તેમણે પોતાના પતિને કરી હતી, તોપણ એક દિવસ તો થોડી રોકકળ ચાલી અને બીજે દિવસેથી ગરૂડપુરાણ બેઠું એટલે પુનઃ હતી તેવી શાન્તિ ફેલાઈ. તેમ છતાં ઘરના જૂના નોકરો માયાળુ શેઠાણીને સંભારી સંભારીને આંખોમાં આંસુ આણ્યા વિના રહેતા નહિ.

કીર્તિકર માતાને પણ ગુમાવી બેસીને વધારે શૂન્ય જેવો બની ગયો. હરકોરબાઇની પાછળના ન્યાતવરા વગેરેમાંથી પરવારીને શેઠનું ધ્યાન પાછું કીર્તિકરના શરીર તરફ ખેંચાયું અને અંતર્ બળવા લાગ્યું. આખા કુટુંબમાં માત્ર પોતે જ અવશેષ રહેશે કે શું એવી ભયંકર કલ્પનામાં શેઠનું શરીર સુકાવા લાગ્યું અને ધંધાનું વિસ્મરણ થયું. મીલમાં જતા તોપણ શેઠ એકાદ કલાકથી વધારે વખત હવે ત્યાં રોકાતા નહોતા. જ્યાં બેસી રહેતા ત્યાં ને ત્યાં તે મૌન રહીને વિચાર કર્યા કરતા અને બહુ જ થોડી વાતચીત કરતા. શેઠની પ્રકૃતિમાં થએલો આ ફેરફાર ઘણાઓને નવાઈ ઉપજાવનારો પણ થઈ પડ્યો હતો.

કીર્તિકરને માટે હવે નિશ્ચિંત બેસી રહેવાનો સમય નહોતો. બીજા એકાદ બે ડાકતરોને શેઠે કીર્તિકરનું શરીર બતાવ્યું તો તેમાંના એકે જણાવ્યું કે " તેને મેલેનકોલીયા થઈ ગયો છે, માટે એકલો નહિ રહેવા દેતાં આનંદજનક સહવાસમાં રાખો. " બીજાએ કહ્યું કે " તેને હવાફેર માટે માઉન્ટ આબુ ઉપર લેઈ જાઓ. " શેઠને આ બીજી સૂચના ગમી, કારણકે આબુ ઉપર જવાથી બે હેતુઓ સરી શકે તેમ હતું. હવાફેરનો હેતુ પણ ત્યાં જવાથી સરી શકે અને તે સાથે આબુ ઉપર જોવાયોગ્ય રમણીય સ્થળોની વિપુલતા હોવાથી કીર્તિકરની ચિત્તવૃત્તિને બીજો વ્યાપાર મળતાં તેનો ચિત્તભ્રમ દૂર થાય એ સંભવિત હતું. શેઠ પોતે કીર્તિકરને સાથે લેઇને એક મહિનો આબુ ઉપર ગાળી આવ્યા, અને કીર્તિકરને આનંદ પમાડવાને સેંકડો રૂપિયાનું ખર્ચ પણ કરી આવ્યા પરન્તુ તે સઘળું નિરર્થક ગયું. પિતાને જોવાથી કીર્તિકરના ઉંડા અંતરૂમાં એમ થઇ આવતું હતું કે " મારા મોટા ભાઇને હાંકી કાઢનાર આ જ

પિતા છે અને અત્યારે હવે તે પોતાની મૂર્ખતાને રડે છે ! " પિતાને જોવાથી ઉપજતો અસંતોષ કીર્તિકરના ચિત્તમાંથી દૂર થયો નહિ અને તેથી તેની મનોવ્યગ્રતા એકસરખી ચાલુ રહી. કીર્તિકરના ચિત્તમાંની આ ઘૃણા શેઠના સમજવામાં આવી નહોતી, નહિતો પુત્રને સારૂં થવાની ખાતર એ પિતા પોતે જ પુત્રની દૃષ્ટિથી અળગા થઇને થોડા વખતનો દેશવટો વેઠવાને પણ તૈયાર થાત !

ભાઈને પુનઃ નહિ જોઈ શકવાની નિરાશામાં ને નિરાશામાં જ કીર્તિકરનું શરીર સુકાવા લાગ્યું. શેઠે પોતાના પાંચ સાત ગુમાસ્તાઓને જૂદે જૂદે ઠેકાણે મોકલી કાન્તિની તપાસ કરાવવા માંડી કારણકે હવે શેઠનો નિશ્ચય થઈ ગયો હતો કે કાન્તિ અથવા તો તેના તરફના કશા સુખરૂપ સમાચાર જો તુરતમાં નહિ આવે તો કીર્તિકરનો દેહ વધુ વાર ટકવાનો નથી ! હાડપિંજર બની ગએલા એ કોમળ શરીરને શેઠ જોતા કે તુરત જ તેમના અંતરૂમાં પશ્ચાત્તાપનો ભડકો સળગી ઉઠતો અને કીર્તિકર પિતાને જોતો કે તે ક્ષણે તેના અંતરૂમાં એક પાપી–અન્યાયી પુરૂષને જોતા જેટલું દુઃખ થાય તેટલું દુઃખ થતું. તેના શરીરમાંથી ઉઠવા–બેસવાનું ચૈતન્ય પણ ધીમે ધીમે દૂર થતું જતું હતું. હરકોરબાઇ ગુજરી ગયાં એટલે કીર્તિકરની સંભાળને માટે શેઠને પોતાને જ હવે ઘણો વખત ઘેર ગાળવો પડતો હતો. જે કોઇ નવો ડાકટર હુશિયાર હોવાની ખબર શેઠના સાંભળવામાં આવતી તે ડાકટરને તે તુરત જ તેડી લાવતા અને કીર્તિકરનું શરીર બતાવતા, પરન્તુ એ સઘળો પ્રયત્ન જૂદી જૂદી તરેહના અપ્તરારૂપ જ થઈ પડ્યો અને કીર્તિકરના શરીરને કશી અસર થઇ નહિ.

આજે મંગળદાસ શેઠે એક ડા. ગુપ્તેના સંબંધમાં સાંભ

કે એ ડાકતર અમેરિકામાં જઇને રોગ મટાડવાનો માનસિક વિધિ શીખી આવ્યો છે અને તે દર્દીની સઘળી હકીકત સાંભળીને મન અને શરીરની દવા કરે છે. શેઠે તુરત જ ડા. ગુપ્તેને બોલાવ્યા અને પહેલેથી છેલ્લે સુધીની સઘળી હકીકત પોતાના દિવાનખાનામાં બેસાડીને કહી. વચમાં વચમાં ડૉ. ગુપ્તે કેટલાક સવાલો પણ કરતા હતા અને તેના જવાબો શેઠ આપતા હતા. ડાકટરે પૂછયું: " દર્દીની પાસે રાત્રે કોઈ સૂઇ રહે છે ? "

"હા, હું પોતે જ સૂઉં છું. આખી રાત તે સૂઇ રહે છે, રાતમાં એક્કે વાર જાગતો નથી કે કશું બોલતો નથી ! " શેઠે જણાવ્યું.

" કોઇએ એક્કે વાર આખી રાતનો ઉજાગરો કરીને તે બાબત તપાસ કરી છે ? " ડાકટરે પ્રશ્ન કર્યો.

" ના, હું પણ તેની બાજુમાં પલંગ પર સૂઇ રહું છું, અને રાત્રે જ્યારે જાગું છું, ત્યારે તેની સંભાળ લઉં છું." શેઠે ખરી હકીકત કહી.

" ત્યારે આજે રાત્રે હું સૂવા આવીશ, મારૂં બિછાનું કરાવજો, અને પાસે તમારૂં બિછાનું પણ રહેવા દેજો. " એમ કહી ડાકટરે કીર્તિકરનું શરીર તપાસ્યું. તેના ચહેરાપરથી જ એનો ગમગીનીનો રોગ ડાકટરના જાણવામાં આવી ગયો. તેણે કીર્તિકરની નાડી હાથમાં પકડીને શેઠને કહ્યું: " વારૂ, શેઠજી ! વાંદરાની ચંચળતાનો એક બહુ મજાનો દાખલો મેં મારી નજરે જોયો છે. ચીકાગોના એક બાગમાં ચીમ્પાન્ઝી વાંદરાનું એક જોડું છે. હું જ્યારે તેમને જોવા ગયો ત્યારે મેં એક કેળું વાંદરાના હાથમાં આપ્યું. મેં ધાર્યું કે એ નર માદા બન્ને એ કેળું ખાશે, અને વાંદરી તે ખાવા માટે તેની પાસે પણ ગઇ, પણ હરામખોર વાંદરો તે કેળું પોતાના રહેવાના સ્થળના એક ઉંડા ખાડામાં સંતાડી આવ્યો ! મેં બીજું કેળું વાંદ-

રીના હાથમાં આપ્યું, તે પણ પેલો વાંદરો તેને થપ્પડ મારી ઝુંટવી ગયો અને વાંદરી ઓશિયાળું મ્હોં કરીને બેસી રહી ! એ કેળું પણ વાંદરો તે જ સ્થળે છુપાવી આવ્યો. હું બીજું કેળું વાંદરીને આપવા જઉં છું, ત્યાં તો મારા હાથમાંનાં સઘળાં કેળાં તે ઝુંટવીને નાસી ગયો અને છુપાવી દીધાં ! વાંદરી તરફના મારા પક્ષપાતને લીધે વાંદરાને ઇર્ષ્યા થઇ અને તે તેની સાથે લડવા લાગ્યો. લડીને નવરો પડ્યા પછી તે પેલાં કેળાં સંતાડેલાં તે તરફ ગયો, પરન્તુ જુએ છે તો ત્યાં કેળાંની છાલનો ઢગલો પડેલો અને કેળાં તો તેમનું બચ્ચું ખાઇને ક્યારનું એ રમવા નાસી ગયું હતું ! વાંદરાભાઇ ડાચું વિકાસીને મારા ભણી જોઇ રહ્યા ! ”

ડાકતરની આ વાત સાંભળીને શેઠને હસવું આવ્યું અને ડાકતરે કીર્તિકર સામે જોયું, પણ તે વાતની કશી અસર તેના ચહેરા ઉપર જણાઇ નહિ ! આ વાત કહેવાનો ડાકતરનો હેતુ એ હતો કે કીર્તિકરનું ધ્યાન કોઇ બીજી વાત તરફ આકર્ષાય છે ખરૂં કે નહિ, પણ ડાકતરને તેમાં નિરાશા મળી. રાત્રે સૂવા માટે આવવાનું કહીને ડાકતર જતો રહ્યો.

રાત્રિ પડી. દશ વાગતાં ડાકટર આવ્યો. શેઠે બે બિછાનાં તૈયાર રખાવ્યાં હતાં. એકાદ કલાક તો ડાકટરે શેઠની સાથે વાતચીતમાં ગાળ્યો અને પછી શેઠને સૂઇ જવાનું કહી ડાકટર કીર્તિકરના બિછાના પાસે એક આરામ ખુરશી નાંખીને જાગતો બેઠો. રાત્રે કીર્તિકર કાંઇ બોલે છે, બબડે છે—ભય પામે છે—કાંઇ સ્વપ્નાં અનુભવે છે એ તપાસવાની ડાકટરની ઇચ્છા હતી. એક કલાક વધારે શાન્તિમાં પસાર થઇ ગયો, એટલામાં કીર્તિકર ઝબકીને બિછાનામાં બેઠો થયો. ડાકટર આંખો મીંચીને ખુરશીમાં જાગતો જ પડ્યો હતો તે પણ ચમક્યો અને તેણે આંખો ઉઘાડી, પરન્તુ કશું નહિ બોલતાં તે સ્વસ્થ બેસીને જોઇ રહ્યો.

કીર્તિકર બ્હાવરાની પેઠે આંખો ઉઘાડીને બિછાનામાં બેસી રહ્યો. દૂરથી દોડી આવ્યો હોય તેવી રીતે તે બહુ જ હાંફતો હતો અને તેનો અવાજ ડાકટરના સાંભળવામાં આવતો હતો. કીર્તિકર મંગળદાસ શેઠના પલંગભણી એકી દષ્ટે તાકી રહ્યો હતો. શેઠ શાલ ઓઢીને કીર્તિકરની ભણી જ પાસું ફેરવીને ધસધસાટ ઉંઘતા હતા. "હત્ ! આવો અન્યાય ! આવું ઘાતકીપણું ! " કીર્તિકરના મુખમાંથી નીકળેલા એ શબ્દો ડાકટરે સાંભળ્યા. ડાકટર હજી પણ મૌન બેસી રહ્યો.

" ભાઇ ! આ પાપી ઘરમાંથી મને પણ તમારી સાથે લઇ જાઓ —ચાલો ! " કીર્તિકર બિછાનામાંથી નીચે ઉતરીને બારણા ભણી ચાલ્યો. ડાકટર સચેત થયો. કીર્તિકરે ઓરડાનું બારણું ઉઘાડ્યું અને તે બહાર નીકળ્યો. ડાકતર પણ તેની પાછળ પાછળ ચાલ્યો. શેઠના દિવાનખાનાનું બારણું ઉઘાડીને કીર્તિકર અંદર પેઠો અને કાન્તિની છબી તરફ ચાલ્યો—દોડ્યો ! એક કુદકો મારીને તે છબીને વળગી પડ્યો—છબીને બાંધેલી દોરી તૂટી ગઈ અને એ મોટો તખતો તથા કીર્તિકર નીચે પડ્યા ! છબીનો કાચ ફૂટી ગયો—તેની દરકાર વિના કીર્તિકર એ છબીની સાથે જ લોટપોટ થઈને પડ્યો ! ડાકટરે દોડીને તેને ઝાલી રાખવાનો પ્રયત્ન કર્યો હતો, પરન્તુ તે પહેલાં જ છબીની દોરી તૂટી, તખતો ભોંયે પડ્યો અને કાચ ફૂટી ગયો ! ડાકટરે કીર્તિકરના હાથમાંથી તખતાની ફ્રેમો છોડાવવાનો યત્ન કર્યો પણ કોણ જાણે એ અચેતન હાથમાં અત્યારે ડાકટરને એટલું બધું બળ જણાયું કે તે આશ્ચર્ય પામ્યો. કીર્તિકરના હાથમાંથી એ છબીને તે છોડાવી ન જ શકયો, અને તે પણ મુંઝવણમાં આવી પડ્યો.

આ બાજુએ શેઠ પોતાની મેળે જ અર્ધ નિદ્રામાંથી જાગી ઉઠ્યા અને જુએ છે તો ઓરડામાં કીર્તિકર કે ડાકતર બેમાંથી કોઇ મળે

નહિ ! શેઠને ગભરામણ થવા લાગી અને ઓરડાની બહાર આવી હાકાહાક કરી ચાકરોને જગાડયા. દિવાનખાનાનું બારણું ઉઘાડું જોઇને સહસા જ તેમાં પેઠા તો તેમાંનું દૃશ્ય જોઇને ગભરાયા. લાગલા કીર્તિકર ભણી દોડી જઇને " શું થયું છે, તેને શું થયું છે, ડાકતર ?" એવા પ્રશ્નો પૂછવા લાગી ગયા.

ડાકતર બોલ્યો: " શેઠજી ! તમે અહીં ન આવ્યા હોત તો જ સારૂં હતું. "

" એમ કેમ ? તેને શું થયું છે ? તમે બન્ને અહીં કયાંથી ?"

ડાકતરે ટૂંકમાં સઘળી વાત કહી અને છેલ્લે જણાવ્યું કે " જયાંસુધી તમે તેની દૃષ્ટિની સામે ને સામે જ રહ્યાં કરશો, ત્યાંસુધી તેનો રોગ મટવાનો નથી, કારણકે તેની વૃત્તિઓ ખાસ કરીને તમારા ભણી વધારે તીવ્ર બની ગઇ છે ! "

શેઠે નિઃશ્વાસ નાંખતાં કહ્યું: " હશે ભાઇ, તેને જો સારૂં થતું હોય તો હું તેનાથી દૂર થઇશ; પણ તેને જરા બોલાવો તો ખરા, અને તેના હાથમાંથી તખ્તો છોડાવો. "

" તે હજી ઉંઘમાં છે અને તખતા સાથે મજબૂત બાથ ભીડી છે. તમો જરા સંભાળીને આસપાસમાંથી કાચના ટુકડા એકઠા કરી દૂર મૂકો, કદાચ આળોટતાં તેને વાગશે. "

શેઠે તેમ કર્યું. ડાકતરે તેની બાથમાંથી તખતો છોડાવવાને ફરીથી યત્ન કરવા માંડયો, પણ બાથ છૂટી શકી નહિ. તેને જગાડવાનો યત્ન કરવા માંડયો પણ તે જાગી શકયો નહિ ! શેઠ અને ડાકતરે મળીને તેને ઉંચકીને પાસેના 'સોફા' ઉપર સુવાડયો અને પછી બન્ને તેની બાજુમાં જાગતા બેઠા. ડાકતરે શેઠને ત્યાંથી જતા રહેવાનું કહ્યું, પણ શેઠનું હૈયું પુત્રથી અળગા થવાને કબૂલ

કરતું નહોતું. બન્ને જણુ આરામ ખુરશીપર ત્યાં ને ત્યાં જ બેસી રહ્યા અને જાગરણમાં જ રાત્રિ વીતાડવા લાગ્યા.

પરોઢ થતાંમાં કીર્તિકર જાગ્યો. શેઠ તેની પાસે ગયા અને બોલ્યાઃ "ભાઇ! તું જાગે છે કે?"

"હા." કીર્તિકરે જવાબ આપ્યો.

"આ છબી કેમ પકડી રાખી છે? છોડી દે, તને વાગશે!"

"છબીપર પણુ હવે તમને ઇર્ષ્યા આવે છે?"

શેઠ ચૂપ બની ગયા. ડાકતરે કહ્યુંઃ "ભાઈ! તું આમ ગાંડાઇ કેમ કરે છે? તારો પિતા શું તારાપર ઇર્ષ્યા રાખે છે?"

"તેની મને ખબર નથી–ભાઇને પૂછીને તેનો જવાબ આપીશ."

"ભાઇ ક્યાં છે, તેને કેવી રીતે પૂછીશ?"

"જ્યારે મળાશે ત્યારે મળીશ અને જ્યાં હોઇશ ત્યાંથી સંદેશો મોકલાવીશ."

"વારૂ, આ છબી છોડી દે; તને ઇજા થશે, જો તેનો કાચ ફૂટી ગયો છે!" ડાકતરે કહ્યું.

"જાઓ, તમારા જેવા દુષ્ટ માણુસનું અહીં કામ નથી! તમે નિષ્ઠુર છો, તમે પાપી છો, મને મારી નાંખવા આવ્યા છો, અહીં તમને કોણે બોલાવ્યા છે?"

"તારા પિતાએ."

"તો તેમની દવા કરો, મારી પાસે આવશો નહિ." એટલું બોલતાંમાં કીર્તિકરે ડાકટરને લાત મારી! ડાકટર હસ્યો, અને જરા આઘો ગયો.

શેઠ આગળ આવ્યા અને પુત્રને સમજાવવા લાગ્યાઃ "જો બાપુ! તું આવી રીતે ગાંડું ગાંડું બોલે છે, તેથી મારા કાળજામાં

કોઇ કોઇ થઇ જાય છે. ભાઇને બોલાવવા માટે માણસો મોકલ્યાં છે, પત્રો લખાય છે અને તે હવે થોડા દિવસમાં આવશે, પછી તને આવી સ્થિતિમાં જોઇને તેને કેટલું દુઃખ થશે ? ”

“ ભાઇ નહિ આવે, અને આવશે તો તમારા ઘરમાં નહિ પેસે.”

“ કેમ નહિ પેસે ? ”

“ આ ભાઇ આવ્યા, લ્યો જુઓ ! પણ તે કહે છે કે હું અંદર નહિ આવું. ”

“ ક્યાં ભાઇ આવ્યો છે ? આવું ગાંડું કેમ બોલે છે ? ”

“ આ રહ્યા ભાઇ ! જુઓ, તેમનાં કપડાં ઉપર એવા અક્ષરો લખ્યા છે કે उल्लंघनीया आज्ञा गुरूणाम् ! ”

શેઠની આંખમાંથી આંસુ ખર્યાં. પૂર્વ પ્રસંગનું સ્મરણ થયું. એટલામાં કીર્તિકર ઝબકીને ઊભો થયો અને બારણા ભણી દોડ્યો. “ ભાઈ ! ભાઈ ! ” કરતો તે બારણામાં જ પડ્યો અને બેભાન બની ગયો ! પોતાની બાથમાંથી હજી તેણે છબી છોડી નહોતી !

ડાકતરે જોયું કે કીર્તિકરમાં સન્નિપાતનાં લક્ષણો દેખાતાં જતાં હતાં. તેને ચિંતા થવા લાગી. બારણામાંથી તેને ઉંચકીને પાછો પલંગપર સુવાડ્યો. તે કશા ભાનમાં હોય તેમ જણાતું નહોતું. એક બે વાર ડાકતરે નાડી અને હૃદય તપાસ્યાં તો તેની ગતિ વધારે તીવ્ર જણાવા લાગી. શેઠનાં હાંજાં નરમ પડી ગયાં. કીર્તિકરની આંખો મીંચેલી હતી અને બન્ને આંખોમાંથી અશ્રુધારા અસ્ખલિત રીતે વહી જતી હતી ! જોતજોતાંમાં પ્રભાત થયું, પરન્તુ કીર્તિકરે ફરીથી આંખો ઉઘાડી નહિ અને તેની આંખોમાંથી આંસુ વહેતાં બંધ થયાં નહિ. નોકર–ચાકરો બીજા સંબંધીઓ સૌ ઘરમાં એકઠાં થઇ ગયાં. ડા. સોલોમન અને બીજો એક યુરોપીયન ડાકતર પણ આવ્યો. એ બન્ને ડાકતરોએ તેના શરીરની, મગજની, હૃદયની અને નાડીની

તપાસ કરીને નિરાશાજનક જવાબ આપ્યો. શેઠ તો હિંમત હારીને રડવા લાગ્યા.

ડા. ગુપ્તેએ કહ્યું: "શેઠજી! દર્દનો વેગ ઘણો મોટો છે, પણ હવે એક ઉપાય મને સૂજી આવ્યો છે અને તે અજમાવવા જેવો છે."

"કહોને ભાઇ! તે પણ અજમાવવાને હું તૈયાર છું."

"હજી તો તેને મૂર્ચ્છા માત્ર છે. જો તે થોડો ભાનમાં આવે અને આંખો ઉઘાડે તો એ ઉપાય અજમાવી શકાય તેમ છે. તમે અહીં બેઠા હો એટલામાં ટપાલનો સિપાઈ આવીને તમારા હાથમાં થોડા કાગળ મૂકે. તેમાંનો એક પત્ર કાન્તિલાલ તરફનો હોય અને તેમાં કાન્તિલાલે એવું લખ્યું હોય કે "હું દિલ્હીમાં સુખરૂપ છું, અને મારી તબીયત સારી છે. જો કીર્તિકરને નિશાળમાં રજા પડી હોય તો તેને અહીં મોકલજો કારણકે અહીં ઘણું ઘણું સારૂં જોવા જેવું છે. પછી હું અને કીર્તિકર બન્ને સાથે મુંબઇ તરફ પાછા ફરીશું. આટલા દિવસ મેં પત્ર ન લખ્યો, માટે હું માફી માંગું છું. આવો પત્ર કાન્તિલાલના જેવા જ અક્ષરોમાં લખાવો જોઇએ કે જેથી કીર્તિકરને તે ખરો હોવાવિષે કશો વહેમ રહે નહિ. જો એમ થશે તો તેનું દુ:ખ ભુલાશે અને તે સારો થતો જશે."

"હા, ચાલો, એવો પત્ર તૈયાર કરૂં છું અને ટપાલવાળા સાથે પણ તેવી ગોઠવણ કરૂં છું. પણ, તે આંખો ઉઘાડે અને ભાનમાં આવે તે પહેલાં તે સઘળું શું કામનું?" પુનઃ શેઠના અંતરૂમાં નિરાશા વધવા લાગી.

શેઠ થોડી વાર બહાર ગયા અને કાન્તિલાલના અક્ષરોનો નમૂનો શોધી કાઢીને તે પ્રમાણે અક્ષરોવાળો પત્ર પોતાની મીલના એક કારકુનને બોલાવીને તૈયાર કરાવવા માંડ્યો. થોડી વારે તે પાછા આવ્યા. જેમ જેમ દિવસ ચડતો જતો હતો તેમ સંબધીઓ, સગાં-

ઓ અને ઓળખાણવાળાઓ ઘરમાં એકઠાં થતાં જતાં હતાં. ડાક્તરે તે સૌને કીર્તિના બિછાનાથી દૂર રાખ્યાં હતાં અને માત્ર પોતે, એક ચાકર અને શેઠ એ ત્રણ જણને જ અંદર રાખ્યાં હતાં. વખત જવા લાગ્યો તેમ શેઠની અધીરાઇ વધવા લાગી. ડાકતર વારંવાર તેના મગજપર હાથ મૂકીને તેની તપાસ કરતો હતો. શેઠ પૂછતા તો તેનો અધીર્ં-પધીર્ં ઉત્તર આપીને મનમાં જ સમજી રહેતો હતો. કીર્તિકરની આંખોપરની અશ્રુધારા લૂછી લૂછીને અર્ધા ડઝન રૂમાલ ભીના થઇ ગયા હતા, પરન્તુ હજી તે અપ્રતિહત રીતે વહી જતી હતી !

મધ્યાહ્ન થયો. સૌ કોઇ હજી ભૂખ્યાં હતાં. રસોઇઆએ પોતાની ફરજને અંગે રસોઇ તયાર કરી હતી, પરન્તુ તેને આજે કોઈ ઇન્સાફ આપે તેમ જણાતું નહોતું. મૂર્ચ્છા દૂર કરવાને કીર્તિકરના મ્હોં તથા મસ્તક ઉપર શીતળ ઉપચારોની શરૂઆત કરી. સ્વાભાવિક રીતે મૂર્ચ્છા દૂર થવાની આશા નહિ રહેતાં એ કૃત્રિમ ઉપાયોનો આશ્રય લેવામાં આવ્યો, પણ નિરાશ ! એ સ્થિતિમાં કશો આશાજનક સુધારો ન જ થયો ! નાડીની એ જ ગતિ, હૃદયની એ જ સ્થિતિ અને અશ્રુની એકસરખી જ ધારા ! અમંગલ ભાવીની કલ્પના અનેક મસ્તિકોમાં ઉપસ્થિત થઈ હતી !

અહો ! બંધુપ્રેમ ! તું વીરલ હૃદયોમાં જ નિવાસ કરી રહે છે ! ભરતનો બંધુપ્રેમ જગતમાં અદ્વિતીય મનાયો છે અને તેનાં ઝાંખાં સ્વપ્નો આજે જોવાનાં તો દૂર રહ્યાં, પણ તેને બદલે **नास्ति बंधुसमो रिपुः** એવાં વાક્યો સત્ય નીવડવા લાગ્યાં છે ! એવા સમયમાં કીર્તિકરના બંધુપ્રેમની અશ્રુધારા વિલોકીને, પ્રિય વાચક ! તું પણ એવા વિરલ દૃષ્ટાંતોના સ્મરણમાં, લેખકની સાથે સાથે, બે અશ્રુબિંદુ ટપકાવી વિરામ લે !

ત્રીજો ભાગ સમાપ્ત.